# જીવનના સાત સૂર

શ્રી હિંમતલાલ કપાસી - સ્મૃતિગ્રંથ



શ્રી વિધાનગર એજ્યુકેશન ટ્રસ્ટ

# જીવનના સાત સૂર

## શ્રી હિંમતલાલ કપાસી - સ્મૃતિગ્રંથ

શ્રી વિદ્યાનગર એજ્યુકેશન ટ્રસ્ટ

**જીવનના સાત સૂર**
**શ્રી હિંમતલાલ કપાસી - સ્મૃતિગ્રંથ**
સર્વ હક્ક પ્રકાશક સ્વાધીન
પ્રકાશન વર્ષ : માર્ચ ૨૦૧૯
પ્રત : ૧૦૦૦

સંકલન :
શ્રી કિશનભાઈ ત્રિવેદી
શ્રી ઘનશ્યામ ગઢવી
શ્રી ભાર્ગવ જાની

ફોટોગ્રાફી :
ભાવેશ શુક્લ

ડીઝાઇન :
ન્યુક્લિઅસ

મુદ્રક :
સીપી પ્રિન્ટપેક્સ, અમદાવાદ

મૂલ્ય : અમૂલ્ય

પ્રકાશક :
**શ્રી વિદ્યાનગર એજ્યુકેશન ટ્રસ્ટ**
ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩

# પ્રસ્તાવના



## વાલી વિનાનું ઘર

**મધુ રાય**

"સંજુ" ફિલ્મમાં એક પાત્ર છે, કમલેશ કનૈયાલાલ કપાસી. મારા મનમાં લેશપણ શંકા નથી કે ફિલ્મના કથાલેખક અભિજાત જોશીએ "કપાસી" અટક વિદ્યાનગર હાઈસ્કૂલના આચાર્ય સ્વ. હિંમત કપાસીને અંજલિ રૂપે વાપરી છે.

અમદાવાદની ઉત્કૃષ્ટ હાઈસ્કૂલના વડા તરીકે તેમના અમલનાં ચાલીસ—પચાસ વર્ષો દરમિયાન કપાસીના હાથ નીચેથી અભિજાત, પાર્થિવ આદિ જેવા ગુજરાતના હજારો હોનહાર જુવાનો તૈયાર થયા હશે. અને કપાસી સાહેબની ડોલનશૈલીયુક્ત બોલનશૈલી અને રાજરત્ન કિમામના પાશવાળી જીવનશૈલીથી પ્રભાવિત મારા જેવા અગણિત પરિચિતો જગતભરમાં વિચરતા હશે. હું અનેક વાર વિસ્મયથી જોતો હોઉં છું મારા જીવનનો ગ્રાફ—અને કલ્પના કરતો હોઉં છું કે મારા જીવનમાં કપાસીનો પ્રવેશ ના થયો હોત તો મારું જીવન કેવું હોત!

તે પ્રવેશ થયેલો સન ૧૯૬૭ની એક સવારે જનસત્તા દૈનિકના કાર્યાલયમાં. જનસત્તામાં નોકરીનો એ મારો પહેલો દિવસ હતો. હું તાજો જ કલકત્તાથી અમદાવાદ આવ્યો હતો અને ભાઈ આદિલ મન્સૂરી મને કામ ઉપર મૂકવા આવેલા. હજી મારે અમદાવાદમાં રહેવાની પાકી વ્યવસ્થા થઈ નહોતી. ભાઈ આદિલે જનસત્તાના મકાનની બારીમાંથી એક મસ્જિદ ચીંધી બતાવેલી ને જણાવેલું કે મારે તેમાં રાતે સૂવાનો બંદોબસ્ત એમણે કરી આપ્યો છે. મસ્જિદની સામે એક ઘાંચજાની દુકાનમાં એક પે એન્ડ યૂઝ પ્રકારનું ગુસલખાનું હતું તેમાં નાહવાનું, અને નજીકમાં એક હિંદુ હોટલ હતી તેમાં જમવાનું. આદિલે મારા ખભે હાથ મૂકીને ખાતરી આપી કે "ચિંતા ના કરતો. આ ટેમ્પરરી વ્યવસ્થા છે, તારા કલકત્તાના આખા ફેમિલીને બોલાવી રહી શકાય એવું પ્રોપર પરમેનન્ટ મકાન શોધીએ ત્યાં સુધી."

કલકત્તાથી અમદાવાદ આવ્યાનો આનંદ, કલકત્તાની મશીનરીની દુકાનનું અળખામણું કામ આખરે છોડીને અચાનક ગુજરાતમાં છાપાં, લખાણ, લેખકો ને પત્રકારોના મનગમતા મેળામાં દાખલ થવાનો હરખ એવો જબરદસ્ત હતો કે રહેવા—બહેવાની દુન્યવી વાતોથી મનને મલિન કરવાનો સવાલ જ નહોતો. તે સમયે મારો પહેલો વાર્તાસંગ્રહ "બાંશી નામની એક છોકરી" પ્રગટ થઈ ચૂકેલો અને અમદાવાદમાં "લેખક" તરીકે લોકો મને ઓળખતા થયેલા તે "કીર્તિ"નો કેફ હતો મગજમાં. ત્યારે ખબર નહોતી કે તે દિવસે મારી મુલાકાત મારી જિંદગીની સૌથી વધુ રોમાંચક વ્યક્તિ સાથે થવાની હતી.

ચિત્રકાર કાર્ટૂનિસ્ટ શિવ પંડયાની કેબિનમાં લોમા હેર ઓઈલથી દમકતા કાળા વાળવાળા અને કાળા ચશ્માંથી લૈસ એક સજ્જન મને તાકી તાકીને જોઈ રહ્યા હતા. શિવ પંડયાએ પોતાની ઓળખાણ આપી, અને લોમાયુક્ત સજ્જન તરફ હાથ લાંબો કરીને ઉમેર્યું, અને આ છે એચ. સી. કપાસી, વિદ્યાનગર હાઈસ્કૂલના પ્રિન્સિપાલ.

પછીથી જાણવા મળ્યું કે કપાસી જનસત્તામાં એકાદ કોલમ પણ લખતા હતા. વાતમાંથી મારે રાત રહેવાની વાત નીકળી તો કપાસીએ હરિગીત ગાતા હોય એવા ગુનગુન લહેકાથી કહ્યું કે "અરે, આપણે ત્યાં વાલીવિનાનું ઘર છે. ઝોરી લઈને આયી જ જાઓ ને!"

અરે? હું તાજ્જુબીથી જોઈ રહ્યો. કપાસી સાથે પહેલી મુલાકાત થાય ત્યારે દરેકને થતું હશે તેમ, મને તે શું બોલે તેના કરતા તેમની ગાતા ગાતા બોલવાની શૈલી વધુ આકર્ષી ગઈ. અમદાવાદના સ્વાર્થી માણસોની ચાલાકીની વાતો ઘણી

સાંભળેલી પણ અમદાવાદના આ સજ્જન મળ્યાને હજી પંદરમી મિનિટે ગાતા ગાતા કહે છે કે આપણે ત્યાં આવી જાઓ?

મેં સહેજ વિવેક કરેલો કે તમને ક્યાં તસ્દી આપવી વગેરે પરંતુ શિવ પંડ્યાએ પણ આગ્રહ કર્યો, જાઓ, જાઓ, ગમશે તમને, સરસ મોટું મકાન છે. અને કપાસીએ ફરીથી ઉમેર્યું, "ને મકાનમાં વાલી કોઈ છે જ નહી ને! વાલી વિનાનું ઘર છે ને!" વાલી વિનાનું મતલબ કે કપાસીનાં માતાપિતા કે બીજું કોઈ વડીલ કે વાલી ઘરમાં રહેતું નથી.

મને એક ક્ષણ મસ્જિદમાં સૂવાની વ્યવસ્થા યાદ આવી ને મેં તરત જ કહ્યું ભલે. સાંજે "ઝોરી" લઈને કપાસીના સ્કૂટર ઉપર બેસીને અમે વાલી વિનાના ઘરમાં આયા. ત્યારે દીવાનખાનામાં ઊભેલા કપાસીના નાના બાબા ચેતનને જોઈને મને હેત આવ્યું અને એને ઉપાડીને મેં મારા ખભે ઊભો કરી દીધો. પછી આસ્તે આસ્તે સર્કસમાં કરતા હોય છે તેમ અમે બંનેએ હાથ લાંબા કરેલા.

અને તરત જ સુરતમાં પારસીઓ ભળી ગયેલા તેમ હું વાલી વિનાના ઘરમાં ફિટમફિટ થઈ ગયો. તે સમયે કપાસીના બંગલાની બહાર લાલ માટીના રસ્તા હતા, તેની ઉપર ખાસ ગામઠી પોશાક પહેરેલા ભરવાડો, ને વણજારા ને ઊંટવાળા પસાર થતા દેખાતા. ગાયો, કૂતરાં ગધેડાં, બિલાડાં સ્વચ્છંદે વિચરતાં. કલકત્તાના ખીચોખીચ શહેરી વાતાવરણમાંથી અચાનક આવું રળિયામણું જોણું રોજ સવારે જોવા મળતું તેથી મન તરબતર થઈ હતું. અમારા કલકત્તાના ઘરમાં ફક્ત બે સ્વીચો હતીઃ એક લાઈટની અને બીજી પંખાની. કપાસીના ઘરમાં ભીતે ભીતે લાઇટની ને પંખાની, ને હીટરની ને સ્ટીરિયોની ને અમુકની ને તમુકની સ્વીચો હતી.

કલકત્તાના અમારા માળામાં એક કોમન બાથરૂમમાં ફક્ત વીસ મિનિટ પાણી આવતું, કપાસીના બંગલે દરેક માળ ઉપર આઠ આઠ દસ દસ નળ હતા જેમાં ચોવીસ કલાક પાણી આવતું.

અને અલબત્ત સવારે કલાભાભી ગરમ ચા—નાસ્તો આપતાં, બપોરે જમીને કપાસી સ્કૂટર ઉપર જનસત્તાની ઓફિસે મૂકી જતા અને સાંજે છૂટતી વખતે સ્કૂટર ઉપર બેસીને ઘરે આવી ભોજન અને રાતે ફરી સ્કૂટર સવારી ને નગરચર્યા! રસ્તે ચાલતાં, કે સ્કૂટર ઉપર કે મોટરમાં કે પાનની કે ગાંઠિયાની કે ચાની કે સોડાની દુકાને કપાસીના વિદ્યાર્થીઓ મળી જતા અને તે ઉપરાંત કપાસી મને અલકમલકનાં લોક સાથે મુલાકાતે લઈ જતા. કપાસીના મિત્રો, રેડિયોની ઓફિસેના કલાકારો, પત્રકારો, લેખકો, કવિઓ, નાટકવાળાઓ, સંગીતવાળાઓ, ડાન્સવાળાઓ.

નિત્ય રાત્રે દસેક વાગ્યે કાલુપુર સ્ટેશન ઉપર ચા પીને, વીએસ પાસેના એક ખાસ પાનવાલા પાસે પાન ખાઈને સ્કૂટર સવારી ઘરે પાછી ફરતી.

કપાસીને મારામાં રસ એટલા માટે પડી ગયેલો કે હું "સાહિત્ય"ની વાતો બિલકુલ કરતો નહી, કે ન તો સામે ચડીને મારાં લખાણ એમને વંચાવતો. જે જે માણસને અમે મળતા તે તે વ્યક્તિ ક્યારે ક્યારે થોથવાય છે, તેની જિજ્ઞાસા કપાસીને રમૂજપૂર્વક રહેતી. અને મને જાણ હતી કે હું ક્યાં થોથવાઉં છું તે જાણ્યા પછી એમને મારામાં એટલું કૌતુક નહી રહે. સંયોગથી તે સમયની જિંદગી એટલી ઉત્કટતાથી જિવાતી હતી કે થોથવાવાનો બી ટાઈમ નહોતો.

અમારી નગરચર્યાઓના દૌરમાં થયેલી અઢળક વાતોમાં આ વાત પણ મેં કપાસીને કરેલી કે અમદાવાદ આવેલો હું વડોદરા થઈને, વડોદરાથી ચિત્રકાર જેરામ પટેલની સાથે ટેકસીમાં. રાતઉતારો કરેલો જેરામભાઈના ગ્રાફિક આર્ટિસ્ટ મિત્ર ઈન્દુભાઈ પટેલને ત્યાં. ઈન્દુભાઈ એ સમયે "એવરેસ્ટ" પંખાની જાહેર ખબરની કેમ્પેન તૈયાર કરતા હતા અને મેં કલકત્તામાં ફ્રીલાન્સ કોપીરાઈટિંગનું કામ કરેલું તે વાત નીકળતાં મેં એમને એની કેમ્પેન માટે "કોપી" લખી આપેલીઃ "એવરેસ્ટ મીન્સ ધ ટોપ મોસ્ટ!"

મારી "જનસત્તા"ની નોકરી ચાલતી હતી તે દરમિયાન રઘુવીર ચૌધરી કપાસીના ઘરે મલવા આયેલા અને ઈશ્વર પેટલીકરનો સંદેશો લાયેલા કે "સંદેશ"ના પ્રકાશન "સ્ત્રી"માં જગ્યા છે, મારે કામ કરવું હોય તો. અને બીજા દિવસે કપાસી ઈશ્વર પેટલીકરને મલવા લઈ ગયા અને પેટલીકરે જનસત્તા કરતાં સારા પગારે સ્ત્રીમાં નોકરી પાકી કરી આપી.

પરંતુ એટલા પગારમાં મારું છ જણનું ફેમિલી નભે તેમ નહોતું, અને મારે વધારાની આવકની જરૂર હતી. ઉપરાંત અમારા માટે મકાન ભાડે રાખવાની પણ તડાતડી હતી.

એક રાત્રે પાનની દુકાને કપાસીના વિદ્યાર્થી વિનોદ ગાંધી મળી ગયા. તે અમદાવાદની સૌથી મોટી એડવર્ટાઈઝિંગ એજેન્સી "નવનીતલાલ એન્ડ કંપની" ચલાવતા હતા. વિનોદભાઈએ કેમ છો સારું છે—ના જવાબમાં જણાવ્યું કે તેમની કંપનીમાં કોપીરાઈટરની જરૂર છે. "તમે એવરેસ્ટનું કોપીરાઇટિંગ કરેલું એટલી ખબર, બાકી આપણને તો ખબર જ નહોતી ને કે કોપીરાઇટર એટલે શું!" કપાસીએ મારા તરફ આંગળી ચીધી વિનોદભાઈને કહ્યું, "આવડો આ લાલ શર્ટમાં છે ને, તે માણસ કલકત્તાનો ટોપ કોપીરાઈટર છે."

"તો કાલે એને હોફિસે લઈ આવો ને." અને બીજા દિવસે નવનીતલાલ એન્ડ કંપનીમાં પાર્ટટાઈમ નોકરી પાકી થઈ ગઈ. જતે દિવસે તે જ કંપનીમાં ફુલટાઈમ નોકરી નક્કી થઈ.

પણ તે પહેલાં બીજી બે ત્રણ વાત કરવાની છે. કપાસીના જ શિષ્યો ને મિત્રો થકી બેત્રણ મકાનો જોવાયાં ને આખરે એક મકાન ભાડે રખાયું. જનસત્તા, સંદેશ, સ્ત્રી, નિરીક્ષકની નોકરીઓમાંથી છૂટકારો મેળવી નવનીતલાલની કંપનીમાં ફુલટાઇમ થવાયું. તે ભલામાણસોની કંપનીમાં મળેલી આલિશાન ફુરસદમાં ત્રણ નવલકથાઓ લખાઈ જેણે મને વાર્તાકાર અને નાટકકાર ઉપરાંત નવલકથાકાર તરીકે પણ સનદ આપી. યસ, નાટકકાર તરીકે પણ, તેની 'દાસ્તાન' બાકી છે.

"આજે એક વાલી મલવા આયોતો!" કપાસીએ એક દિવસ મને જણાવ્યું. વાલી એટલે સ્કૂલના વિદ્યાર્થીના વાલી, આ કિસ્સામાં વાલી હતા દર્પણ સંસ્થાના સંચાલક અભિનેતા કૈલાશ પંડ્યા. "કહે કે નાટક જોઈએ છે." કપાસીએ કહ્યું. "આપણી પાસે ખરો કે? નાટકનો કોઈ ખેલ?"

યસ! હું કલકત્તાથી એક અધૂરું ફારસ લખી લાવેલો. કપાસીએ કૈલાશભાઈને ફોનથી માહિતી આપી, "ભઈ, આપણી પાસે એક ઝેરી માણસ છે, ને નાટક લખી લાયો છે." બીજા દિવસે કૈલાશભાઈએ નાટક વાચ્યું અને કહે કે આ નાટક આપણે કરીશું. તમે પૂરું કરી નાખો.

"કપાસી સાહેબ, નાટકનો અનુભવ ખરો કે?" કૈલાશભાઈએ પૂછેલું. "હા, હા. કોલેજમાં 'પુશકર' નાટક કરેલાં આપણે." કપાસીએ જવાબ આપેલો. કૈલાશભાઈએ રિહર્સલ પણ શરૂ કરી દીધાં, અને નાટકમાં મને ને કપાસી સાહેબને બંનેને રોલ આપ્યા, જેથી નાટક ઝડપથી લખાતું જાય ને ઝડપથી પૂરું થાય. અને રોજ રોજ થોડું થોડું કરતાં નાટક લખાયું ને પૂરું થયું. તે જ ક્રમમાં દર્પણનાં સર્વેસર્વા મૃણાલિની સારાભાઈનાં દર્શન થયાં; એમણે સામેથી નાટક ડાયરેક્ટ કરવાન નિર્ણય કર્યો. સેટ જેરામ પટેલે બનાવ્યા. સંગીત કપાસીએ આપ્યું. મૃણાલિની સારાભાઈએ નાટકની કળ આબાદ પારખી અને મન તરબતર થાય તેમ "કોઈપણ એક ફૂલનું નામ બોલો તો" નાટક તૈયાર થયું.

નાટક તખતા ઉપર ભજવાયું, અને આઠેક શોમાં "સરિયામ 'નિશફરતા'ને વર્યું", કપાસી સાંભળનારના હાથમાં તાળી આપતાં કહેતા. "ગુજરાતી નાટકમાં પાટીદાર કેરેક્ટર હોય એવાં નાટક તો કદી ભજવાયાં જ નથી ને!" કપાસી સાંભળનારના હાથને પકડી રાખતા. "આજ દિન સુધી આપણને તો ખબર જ નથી ને કે નાટકમાં સૂં આવે છે? આપણે પહેલાં નાટકમાં ઊતરેલા નહી પણ કહી દીધું કે એકટિંગ કરેલી છે, આપણને તો ખબર જ ક્યાં હતી કે આમાં તો કેસરિયાં કરવાનાં છે."

અચાનક મૃણાલિનીના પ્રયત્ને મારે નાટ્યલેખનની વધુ તાલીમ માટે અમેરિકા આવવાનું ગોઠવાયું. અમેરિકા જવા ટિકિટના પૈસા માટે કપાસીએ બાલભાઈ થ્રૂ ચીમનભાઈ પટેલ પાસેથી અમુક શિષ્યવૃત્તિ અપાવી. રેડિયોમાં પોતાના સંપર્કો થ્રૂ પ્રચાર નાટકો લેવાની વરદી અપાવી. ઈધર સે ઉધર સે ઉધારી કરીને ટિકિટના પૈસા ઊભા કરી આખરે ટિકિટ કપાવી ત્યાં સુધી અમેરિકા જવાની વાત કોઈને કરી નહોતી. પાકા પાયે ખાતરીપૂર્વક જવાનું થાય તો જ કહેવાનો અર્થ હતો, નહીંતર નાહક ભોંઠા પડાય. ટિકિટ થઈ ગયા પછી અમે લારીવાળા પાસે ચા પીતા હતા ત્યારે મેં કહ્યું કે હવે બધાને વાત કરી શકાય.

તો કપાસીએ કહ્યું કે હવે બી કહેવાની જરૂર શી છે? ટાઇમ થાય ત્યારે ઝોરી લઈને મણિનગર જતા હોઈએ તેમ ગાડીમાં બેસી જવાનું.

આહ! તે બેએક વર્ષના સંક્ષિપ્ત ગાળામાં કપાસીથકી મને અનેક મિત્રો લાધ્યા, અને મારા ભાવિજીવનનો જાણે શિલાન્યાસ ત્યાં થયો.

કપાસી કદી સરદારજીના કે સેક્સના 'જોક્સ' કરતા નહી, એમની ઝુમ્મનશૈલી જ એવી આહ્લાદક હતી કે વાક્યે વાક્યે આપણા દિલમાં વિનોદની કોઠીઓ ફૂટે. કપાસીના પાનની જેમ કપાસીની આંખમાં પણ જાણે સતત મજાકિયા કિમામનું આંજણ દેખાતું.

કપાસીનારાયણની કથાનો આ તો ફક્ત પહેલો ભાગ છે, હું અમેરિકા ગયો, ત્યાંથી ઈમ્પ્રોવાઈઝેશન થકી નાટકલેખનની વિદ્યા શીખીને આવ્યો અને અમદાવાદમાં નાટ્યલેખનની કાર્યશાળા "આકંઠ" શરૂ કરી તેનો અધ્યાય વળી ઔર રોમાંચક છે. આમ તો કપાસીબત્રીસી કે કદાચ બૃહદ કપાસીનામા લખી શકાય. પરંતુ કપાસી કહેતા કે આપણે બે ચોપડીઓ લખેલી છે અને હવે ત્રીજી નહી લખીએ એની ગેરન્ટી આલીએ છીએ. વાંચનારનો કાંઈ વાંક છે?

આ સ્મૃતિગ્રંથની પ્રસ્તાવના લખતાં જાણે અર્ધા સૈકા પહેલાંનું જવાન રુધિર ફરીથી રગોમાં ફરવા લાગ્યું. કપાસીની કમાલ તો તે છે કે મને કપાસી સાહેબ જેટલા મારા પોતાના લાગે છે તેટલા જ અંગત તે બીજા સેંકડો કે હજારો વ્યક્તિઓને લાગતા હશે. આ પુસ્તક વાંચી લેશો ત્યારે સંભવતઃ તમને પણ લાગશે. દે તાલી!

# લેખ અનુક્રમ

## સ્વલેખન


| | | |
|---|---|---|
| અલપ ઝલપ | હિંમતલાલ કપાસી | ૦૩ |
| સંગીત-શ્રવણ | હિંમતલાલ કપાસી | ૧૮ |
| હમાર તો ઠાકુર સા'બ | હિંમતલાલ કપાસી | ૨૧ |
| હિંમતલાલ કપાસી : એક વાર્તાલાપ | આરાધના ભટ્ટ (નવનીત - સમર્પણમાંથી) | ૨૩ |
| શ્રી હિંમતલાલ કપાસી : એમના ઘરને દીવાલો નહોતી. | પ્રવીણસિંહ ચાવડા | ૨૯ |


## સાહિત્યકાર


| | | |
|---|---|---|
| એક અનોખા ગુજરાતી.... | સ્વ. ઉમાશંકર જોશી | ૩૧ |
| સ્વ. શ્રી હિમ્મતભાઈ કપાસી : શ્રદ્ધાંજલિ | સ્વ. શ્રી નિરંજન ભગત | ૩૨ |
| 'સ્મરણોની સુવાસ' | ડૉ. જયંતિ પટેલ 'રંગલો' | ૩૩ |
| હિમ્મત કપાસી : એક કથાનક | સિતાંશુ યશશ્ચન્દ્ર | ૩૫ |
| લીલાછમ કપાસી | લાભશંકર ઠાકર | ૩૭ |
| મારી દૃષ્ટિએ કપાસી... | રઘુવીર ચૌધરી | ૩૮ |
| એક વિનોદયાત્રીની યાદમાં... | વિનોદ ભટ્ટ | ૪૦ |
| "સ્વામી સંગીતાનંદજી" | ગુણવંત શાહ | ૪૩ |
| એક એવી વિરલ શોધ..... | ચીનુ મોદી | ૪૪ |
| નીલે ગગન કે તલે | મધુ રાય | ૪૫ |
| સ્મરણભીની આંખોમાં.... | માધવ રામાનુજ | ૪૭ |
| મધુર સ્મરણ ! | બકુલ બક્ષી | ૪૯ |
| નદીના વહેણ જેવો માણસ - હિંમત કપાસી | સુભાષ શાહ | ૫૦ |
| સિનેમાની "જે" | મનહર મોદી | ૫૨ |
| હિમ્મત કપાસી : જીવન એક જલસો | જય વસાવડા | ૫૩ |
| કપાસી, માણસ નામે મોજ | ચંદ્રકાન્ત શેઠ | ૫૫ |
| કપાસીસાહેબને સ્મરણાંજલિ | બંસીલાલ દલાલ | ૫૬ |


## કુટુંબીજન


| | | |
|---|---|---|
| શ્રી હિમ્મતભાઈ કપાસી સાથેના મારા સંસ્મરણો | કનુભાઈ દેસાઈ | ૫૭ |
| "એક સંભારણું" | કુસુમ અરુણ (રસકપૂરવાલા) | ૬૨ |
| શ્રી હિમ્મતભાઈની વિદાય | પ્રિ. હંસા મહાદેવિયા (મહાદેવિયા પરિવાર) | ૬૩ |
| ૧૯૬૮ થી મિત્રત, સગાં-સ્નેહીથી વિદાય સુધી | પ્રવીણ વ્રજલાલ પટેલ | ૬૭ |
| સદાય સ્મરણમાં પૂજ્ય પિતાશ્રી : હિમ્મત કપાસી | જગત કપાસી | ૬૯ |
| "વહી ગયો વરતારો અતિતમાં.." | ચેતન કપાસી | ૭૧ |
| **I miss you a lot DADA** | **Vivek Kapasi** | ૭૨ |

# લેખ અનુક્રમ

## સપ્તક


| | | |
|---|---|---|
| વિદુષી મંજુબહેન મહેતા | પંડિતજીને કેમ વિસરી શકીએ ? | ૭૫ |
| Shri Prafullbhai Anubhai | Real Connoisseur | ૭૮ |
| Ustad Zakir Hussain | | ૭૯ |
| पं. शिवकुमार शर्मा | | ૮૦ |
| पं. उल्हास कशालकर | | ૮૧ |
| पं. साजन मिश्रा | | ૮૨ |
| पं. राजन मिश्रा | | ૮૨ |
| गुंडेचा ब्रदर्स | | ૮૩ |
| पं. विश्वमोहन भट्ट | | ૮૪ |
| पं. कृष्णमोहन भट्ट | | ૮૫ |
| उस्ताद शाहिद परवेज़ | | ૮૬ |
| पं. कुमार बोस | | ૮૭ |
| पं. पूरण महाराज | " सदैव हमारी यादों में " | ૮૮ |
| Ustad Faizal Quereshi | | ૮૯ |
| सु. श्री. कौशिकी चक्रवर्ती | | ૯૦ |
| श्री रीतेश मिश्रा एवं श्री रजनीश मिश्रा | | ૯૧ |
| સુ.શ્રી.હેતલ મહેતા | | ૯૨ |


## મિત્રવર્તુળ


| | | |
|---|---|---|
| શ્રી બી. વી. દોશી | | ૯૩ |
| We miss him | Shri P.K. Ghosh | ૯૪ |
| A small note as a tribute to Kapasiji | Shri Vijay Ranchan | ૯૫ |
| Shri Himmatbhai Kapasi – A Unique Teacher | Shri Atul Desai | ૯૬ |
| શ્રી કિરીટ દૂધાત અને શીતલ લાખિયા : એક વાર્તાલાપ | | ૯૭ |
| શીતલ લાખિયા | | ૯૯ |
| અમારા હિંમતલાલ અમારી હિંમત | સંધ્યા અતુલ દેસાઈ | ૧૦૦ |
| The magic called Kapasi | Shri Vivek Khadpekar | ૧૦૧ |
| શ્રી કપાસી સાહેબ | સોહન નીલકંઠ | ૧૦૨ |
| Kapasi Saheb | Neelkanth Chhaya | ૧૦૪ |
| Indirect learning, a Mantra by Kapasi Saheb | Miklbhai Desai | ૧૦૫ |
| ભૂલી વિસરી યાદો | જયદેવ પટેલ | ૧૦૭ |
| "સુનો ભાઈ સાધો".... | ભાર્ગવ જાની | ૧૦૯ |

# લેખ અનુક્રમ

## કેળવણીકાર


| | | |
|---|---|---|
| "એ ક્ષણ આંખ સામે..." | ઈલાબહેન ભટ્ટ | ૧૧૧ |
| નિવૃત્તિની ક્ષણે | યશવંત શુક્લ | ૧૧૨ |
| **My Rememberances** | **K. M. Patel** | ૧૧૩ |
| **Mr. Kapasi "The Teacher"** | **Dolatbhai M. Desai** | ૧૧૪ |
| મેઘધનુષી સદાબહાર વ્યક્તિત્વ | ડૉ. પ્રભુદાસ પટેલ | ૧૧૫ |
| શ્રી કપાસી સાહેબ - એક શિલ્પી | બાબુભાઈ જી. પટેલ | ૧૧૭ |
| **Motivation from Kapasi Saheb** | **Sudarshan Behl** | ૧૧૮ |
| "ઔર, જીને કો ક્યા ચાહિયે ? અને કપાસી ગુરુજી" | કિશન ત્રિવેદી | ૧૧૯ |
| વ્યક્તિએ.... વ્યક્તિએ.... વિશિષ્ટ વ્યક્તિત્વ.... | કે. એમ. પટેલ | ૧૨૩ |
| ન વિસરી શકાય તેવું વ્યક્તિત્વ - કપાસી સાહેબ | ડૉ. અક્ષય મેહતા | ૧૨૬ |
| શ્રી કપાસીસાહેબના નેતૃત્વની આગવી શૈલી | ડૉ. અશોક પટેલ | ૧૨૭ |
| શ્રી હિમ્મત કપાસીને ભૂલી શકું તેમ નથી... | પ્રિ. ઘનશ્યામ ગઢવી | ૧૩૦ |
| ખેલદિલ-નર્મ-મર્મના જ્ઞાતા | | |
| ॥ કથમ્ અપિ ભુવને અસ્મિન્ તાદૃશાઃ સંભવન્તિ ॥ | વિજય પંડ્યા | ૧૩૨ |
| ॥ આ જગતમાં તેમના જેવા ભાગ્યે જ જન્મતા હોય છે. ॥ | | |
| 'પ્રોજેક્ટર પ્રાપ્તિ પ્રસાદી સ્વરૂપે' | વિનોદ પટેલ | ૧૩૩ |


## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ


| | | |
|---|---|---|
| મારા ગુરુજી કપાસી સાહેબ | ડૉ. રેખા યાગેન્દ્ર ત્રિવેદી | ૧૩૫ |
| સ્વ. શ્રી કપાસીસાહેબની સ્મૃતિઓ.... | ડૉ. કીર્તિ એમ. પટેલ | ૧૩૬ |
| સમયના વહેણમાં વહેતું આપણું પૂર્વ વિદ્યાર્થીમંડળ | આર. સી. પટેલ | ૧૩૮ |
| શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ | | |
| અભિજાત જોશી | | ૧૪૦ |
| સૌમ્ય જોશી | | ૧૪૦ |
| સ્મૃતિ ....... સંભારણા ....... રહી ગયાં ....... | નિર્ઝરી વસાવડા | ૧૪૧ |
| પાર્થિવ પટેલ - ક્રિકેટર | | ૧૪૨ |
| અનીલ પટેલ - ક્રિકેટર | | ૧૪૨ |
| **Source of Inspiration** | **Kiran Chudgar** | ૧૪૩ |
| 'શ્રી ઈડિયટસ' ફિલ્મના રોન્ચોના પાત્રની પાછળ | સંજય શ્રીપાદ ભાવે | ૧૪૪ |
| આનંદયાત્રી કપાસી સાહેબનું શિક્ષણદર્શન છે. | | |
| ડૉ. મહેન્દ્રભાઈ ભાવસાર | | ૧૪૬ |
| ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ | | ૧૪૬ |
| ડૉ. કૌસ્તુભ પટેલ | | ૧૪૬ |
| **Dr.Hetan C.Shah** | | ૧૪૭ |



સમગ્ર કપાસી પરિવાર
૧. ચીમનલાલ છગનલાલ કપાસી, ૨. જયંતીલાલ ચીમનલાલ કપાસી,
૩. ઉત્તમલાલ ચીમનલાલ કપાસી, ૪. હિંમતલાલ ચીમનલાલ કપાસી,
૫. ચંદુભાઈ ચીમનલાલ કપાસી. ૬. જોઈતારામ પટેલ



શ્રી ચીમનલાલ છગનલાલ કપાસી



શ્રીમતી ચંચળબેન ચીમનલાલ કપાસી



સને ૧૯૬૨માં શ્રી ચંદુભાઈ કપાસીના પરદેશગમન (અમેરિકા)
શ્રીમતી ચંચળબેનના વડપણ હેઠળ પરિવારજનો

લાલપોળમાં કપાસી કુટુંબનું
મોટું સુંદર ઘર











# અલપ ઝલપ

- હિમ્મત કપાસી
(શાળાની રજત જયંતી પ્રસંગે લખેલો લેખ)



હાં, સા'બ તો એ દિવસો હતા અંદાજે ૧૯૫૩ના માર્ચની આસપાસના, શાહપુર પુલના છેડે ગાંધીજીના આશ્રમ તરફ વળી જતો નિર્જન રસ્તો, વચ્ચે ઉસ્માનપુરા ગામ. તેની સામે સરદાર પટેલ કૉલોની તરફ જતા રસ્તા પર ઉસ્માનપુરા ગામથી અંદાજે પાંચેક મિનિટ ચાલીએ એટલે આવે વિદ્યાનગર હાઈસ્કૂલની અડીખમ ઈમારતે સંગીની. તે દિવસોમાં દોડી જતા કાચી માટીના રસ્તાઓ વચ્ચે, સંધ્યાટાણે રંગબેરંગી રૂપ લેતા આકાશ નીચે, ઊડીઊડી જતી લહેરાતી વનરાજિ વચ્ચે શાળા ધરતીની સુગંધમાંથી ફૂટતી હતી. શ્રી ઉત્તમભાઈ કપાસી, શ્રી રમણલાલ શાહ, શ્રી હીરાભાઈ - આ હતી તે સમયે મિત્રત્રિપુટી. તેમના મનમાં ઉભરાય વિચારો વિદ્યાનગરના. તે સમયે મારી આવૃત્તિ ૨૬ વર્ષની. અલબત્ત, આ સમસ્ત વિચારધારા મારી આસાપાસ.

વાસ્તુની રાત્રિએ રાત પસાર કરી વિદ્યાનગરના આછા આછા મકાનમાં. મને અરણ્ય-રાત્રિનો સંસ્પર્શ થયો. તે દિવસે અનેક વખત ભગવાનજીકાકાને જોયેલા એટલે નીંદરમાં તેઓ સતત ચમક્યા કરે. આ ચમકની દમક છેક સુધી એવી તે એવી રહી. ત્યાં તો દિવસો આવી રહ્યા મંગળ ઉદ્‌ઘાટનના. મેદાનમાં મંડપો બંધાયા. આસોપાલવ લહેરાયા. પાથરણાં પથરાયાં, માઈક્રોફૉન ગોઠવાયાં. પોળોથી, ગામડાંમાંથી માણસો ઠલવાયાં. શ્રી ભાઈલાલભાઈ, ચંદુભાઈ અને કાશીભાઈ પારેખ સાહેબની સાથે જઈ આબુથી શ્રી બી. પી. પટેલને લઈ આવ્યા. તેઓ અમારા મુખ્ય મહેમાન. તે દિવસે સફેદ કોટપાટલૂન-ટાઈ ધારણ કરી, દિવસ દરમિયાન સતત ગોખી નાખેલું પ્રવચન મને અને લોકોને ખાસ ન સમજાય તે શૈલીમાં પ્રકટ થયું. છતાં પ્રવચન સારું હતું તેવો અભિપ્રાય સાંભળ્યો. દિલને તસલ્લી થઈ. સમસ્ત પ્રસંગ બની ગયો સામાજિક. ત્યાર પછી જે લોકોના ઘરમાંથી ખાસ કોઈ વિદ્યાર્થી સ્વરૂપે પધારવાનું નહોતું તે લોકોને હસતાં હસતાં વિદાય આપી. શુભેચ્છાઓ લીધી. ત્યાર પછીના આવનારા દિવસોનું જંગલ મનમાં ઊગવા માંડ્યું.

પહેલાં તો નીચેનો ફ્લોર તૈયાર થયો. શરૂઆતમાં નવનવ ધોરણ તેમ બધાંનાં મનમાં થયું. ત્યાં તો સાહસિક શ્રી આર. સી. શાહ સાહેબે નવ નહિ પણ બધાં જ ધોરણની વાત કરી. એટલે થોડાથોડા વધુ ઓરડા ફ્લોર પર આકાર લેવા માંડ્યા. પતરાંની બે-ત્રણ ખુરશી-ટેબલ સાથે અત્યારે છે, તેની બરાબર સામેના વર્ગમાં ઑફિસ શરૂ થઈ. કોઈ કોઈ જગાએથી મઝાકી જાસૂસી થાય. કોઈને રસ્તા વચ્ચે આંતરી ચેતવણીઓ અપાય. નિર્જન રસ્તા પર લીલા રંગના ડબલા પર ચાકથી 'ડબલુંડબલું' લખાઈ જાય. લંડન રિટર્ન બચુકાકા બી. એસ. સી. કે મિત્ર બબુજી હેડમાસ્તર કે હેડક્લાર્કની સંભાવનાઓમાં નજરે પડે. બધા રંગદર્શી માણસો. શાળાનું પ્રથમ બૉર્ડ રચી દીધું મિત્ર બબુજીએ. મોટું, મોટું એટલે મોટું મસ એવું કે ઉસ્માનપુરા પાસેથી વહી જતા રસ્તા પરથી દેખાય. તે સમયે વચમાં કોઈ સૃષ્ટિ જ નહોતી. છાપાંઓમાં જાહેરાતો શરૂ થઈ. છતાં ધીરજ ખૂટી એટલે મ્યુ. બસ પર ચૉકલેટ રંગમાં જાહેરાતોને દોડાવી, પરંતુ આ બસો મહદ્ અંશે ગોમતીપુર વિસ્તારમાં દોડતી ! પરિણામે મનમાં અજંપો જાગ્યો. હરક્યુલસ સાઈકલ પલાણી, દોડાદોડ કરી ગામેગામમાં. કોઈ દિવસ ચાંદલોડિયા કે પછી ઘાટલોડિયા કે પછી ગોતા કે પછી નવરંગપુરા કે

પછી જૂના વાડજ-નવા વાડજ. ખિસ્સામાંથી ભોળુડા છોકરડાઓની વચ્ચે હેન્ડબિલોને ઉડાડ્યાં. ''ઊઘડે છે, ઊઘડે છે''ની રિવાજ મુજબ બૂમો પાડી. ગામના મુખીઓ, ગામના આગેવાનોની વચ્ચે ફરવા માંડ્યું. શ્રી ગોવિંદભાઈ, શ્રી પોપટભાઈ કે પછી નરસિંહભાઈ કે પછી શ્રી ચંદુભાઈ, શ્રી હરિભાઈ, શ્રી જમનાશંકર પંડ્યા સાહેબની વાતો સમજવા માંડી. ઑફિસની ઉઘાડી બારીમાંથી સવારસાંજ ઝીણી નજરે તાકઝાંક કરી, છતાંયે ન દેખાય કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની, છતાં શાળા વિશ્વશ્રેષ્ઠ શાળા થશે તેવી મનમાં ખાતરી ત્યાં તો હળુહળુ પ્રભાતે પધાર્યા સ્વ. ડૉ. દુર્ગાપ્રસાદ, અલબત્ત, સ્વ. લખતાં દુઃખ થાય છે. પણ તે છે એક હકીકત. અમારા જી. આર. પત્રકમાં સૌથી પ્રથમ નામ પ્રગટ્યું રેખા દુર્ગાપ્રસાદ પટેલનું. અમને ગર્વ અને હર્ષ એવો કે રેખા બની ડૉક્ટર. છે ને પોરસ ચઢે તેવી વાત ? અને એ રુકાવટ વિનાની ગતિ એ બની ગઈ વિદ્યાનગરની તાસીર.

પહેલા વર્ષે શાળા તો ચાલી પણ જણાય બારે મહિના વૅકેશન. સો-સવાસો વિદ્યાર્થીઓ હરેફરે. ઑફિસ, ક્લાર્ક, શિક્ષકમિત્રો બધા જ 'ઑલ ઈન વન' શૈલીમાં એક જ ખંડમાં ખડકાયેલા. ૧૧મા ધોરણનો વર્ગ, તેને જરૂરી વિદ્યાર્થીઓ કોઈ પણ હિસાબે એકત્રિત કરી વર્ગને પ્રારંભ આપ્યો. શેખસાહેબને બોલાવી પર્શિયનની સગવડ કરી. મોટા વિદ્યાર્થીઓને રાત્રે શાહપુરી સડકો પર દોડીદોડીને પકડી લાવ્યા. શાળાના પ્રારંભે થઈ ગયો મોટો જશન. રાત્રે જાગી જાગીને રંગી નાંખી કુલડીઓને. ફુમતીઓને બાંધી તે કુલડીઓને ટીંગાવી દીધી, વર્ગોના બારણાં પર. નાનકડા સચાણિયા સાહેબે મહેનત કરી કરીને રંગ લાવી દીધો. ભગવાનજીએ બેલ વગાડ્યો ને આળસ મરડીને વિદ્યાનગરી સૃષ્ટિ સળવળી, લીલા, કમુ, કુંજબાળા...સાડી એ જ વિદ્યાર્થિનીઓ ગણવેશ હોય તે રીતે શાળામાં પ્રવેશતી. પ્રથમ વર્ષે અંદાજ એવો કે શાળા કોઈ પણ સમયે મુક્ત થઈ જાય, ને કર્મચારીઓ દોડી જાય ઉસ્માનપુરા ગામમાં ને શરીરને ઝબોળે સાબરમતીમાં. હિલોળે ચઢે ને શીખી જાય તરતાં. હર્ષદ દવે જેવા કુશળ તરવૈયા શાળાના શિક્ષક. તેમની સંગે બધાંને રંગ ચઢી ગયો નદીનો. કાન્તિભાઈ, હર્ષદભાઈ, મેરીબહેન, સુરેશભાઈ જેવાં શિક્ષકો બની ગયા મિત્રો. આમ, શિક્ષકોને મિત્રો બનાવવાની પડી ગઈ આદત પ્રથમ વર્ષથી જ, જે હજુ પણ જતી નથી, જવાની નથી. આદતમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવાનો પણ નથી.



દિવસરાત્રિઓ પસાર થતાં પૂરા થવા આવ્યા છ મહિના ને અમારી શાળામાં પ્રવેશ થયો શ્રી ધ્રુવ સાહેબનો. શ્રી મિત્રવદન દિનકરરાય ધ્રુવ. નાગર સદ્ગૃહસ્થ ને અચ્છા ક્રિકેટર. પ્રથમ દર્શનથી જ વ્યક્તિમાં રસ પડી ગયો. હર અદા ખુશગવાર તે એમની ખાસ વાત. તે બની ગયા અમારી શાળામાં હેડમાસ્ટર. હેડમાસ્ટર બન્યા તેની આગળની રાત્રિએ અમે બે જણ ગયા રીગલ ટૉકિઝમાં સિનેમા જોવા. સાથે સાથે પાછળથી સરદાર પટેલ કૉલોનીમાં અમે

બની ગયા એકબીજાના પાડોશીઓ. શ્રી ધ્રુવસાહેબ એટલે બિલકુલ જલસા. તેઓ એકએક ક્ષણને જીવતી કરે. પછી તે વર્ગમાં અંગ્રેજી શિક્ષક હોય કે શાળાના મેદાન પર પી. ટી. શિક્ષક. અંગ્રેજી ટાઈપ રાઈટર પર એવી તો ગતિ કે મનને થાય કે હમણાં જ શબ્દોનો કચ્ચરઘાણ નીકળી જશે. તે જ સ્પીડથી અંગ્રેજી પત્રલેખન. પોશાક પણ અંગ્રેજી. ૧૧૨ ડિગ્રી ગરમીમાં સિંગલનોટેડ ટાઈ તો ખરી જ. ભોજનપ્રેમ, વાચનપ્રેમ, રમતપ્રેમ બધામાં આત્યંતિક. એક ક્ષણમાં પકડી ના શકાય તેવા ગુસ્સાના વેગમાં ને બીજી ક્ષણે ખડખડાટ હાસ્યની પળોમાં. જિંદગીમાં રસ ઘણો ને વિદ્યાર્થીઓમાં ખૂબ લાડીલા. પહેલા વર્ષે પરિચય થયો શ્રી યશવંતભાઈ શુક્લનો. તે અમારા વાલી. શાળામાં ઘણો રસ લે. સાથે વાસુદેવ મહેતા પણ ખરા. આ બધાના સંગે શિક્ષણની જાણ્યે-અજાણ્યે સમજણ પ્રકટી.

યાદગાર શિક્ષકમિત્રોમાં ઉદ્યોગશિક્ષક થી ગોરધનભાઈ, જેમણે પટ્ટાવાળા લેંઘા સાથે શાળામાં પ્રવેશી બધાંને ચોંકાવી દીધેલાં. તે જ રીતે ઈતિહાસ શિક્ષક થી આત્મારામભાઈ. તેમની શિક્ષણશૈલીની ભારે અસર નીચે એ સમયના વિદ્યાર્થીઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડેલાં. વર્ગમાંથી અસરમુક્તિ અર્થે બહાર નીકળી પડેલાં, પણ નિષ્ફળ. બસ રુદન, રુદન ને રુદન. આ જાતના ચમત્કારો પણ તે દિવસોમાં બનતા.

પ્રથમ ઈન્સ્પેક્શનની રાત્રિ એટલે કતલની રાત. એ જ ફૂમતડી રતુમડી ફૂલડીઓ તો ખરી જ. સચાણિયાભાઈ ને ચિત્રપ્રવીણ વિદ્યાર્થીઓ સાથિયા પૂરે. વર્ગોને શણગારે. આમ કટોકટીની ક્ષણોમાં રાત્રિજાગરણ એ શાળાની વિશેષતા તે દિવસોથી શણગાર સવાર સુધી ચાલ્યો. બીજે દિવસે રાયચુરા સાહેબ પધાર્યા. બે દિવસ તપાસકાર્ય ચાલ્યું. વાતચીતની જવાબદારી મહદ્ અંશે શાહ સાહેબે લીધેલી. તપાસકાર્યના મુક્તિ આનંદાર્થે રિલીફમાં છેલ્લા શોમાં સિનેમા જોઈ નાંખી. તે દિવસોમાં શહેરમાં વાસ. ક્વૉલિટીના નાકા પર અડ્ડો. કંપની મસ્તાન એટલે વિચાર-વિમર્શનાં વર્તુળો લગભગ સ્વીમિંગ શૈલીમાં. ત્યાં તો આવે છે પ્રથમ વર્ષનો યાદગાર બનાવ. તે બનાવ પણ કેવો બિલકુલ જોરદાર બનાવ. દિવસ હતો ૨૬મી જાન્યુઆરીનો. સાંજના સમયે શાળાનું મેદાન છોકરાંઓથી ઉભરાવા માંડ્યું. એક-બે નહિ, સો-બસો નહિ, પણ ખાસ્સાં દોઢ હજાર. તે દિવસોમાં શાહ સાહેબ નૂતન હાઈસ્કૂલનું સંચાલન કરતા હતા. એટલે તે છોકરા અને અમારા એમ કરીને મેદાન પર ભીડ ભીડ થઈ ગઈ. પંગતો મંડાણી ને ચકાચક લાડુનું ભોજન થયું. ત્યારથી કોઈ પણ સમયે ભોજન એ અમારી વિશેષતા બની ગઈ જે નિરંતર ચાલુ છે. ભોજન પહેલાં સાંસ્કૃતિક તેમજ રમતગમતનો કાર્યક્રમ થયેલો. નૂતન હાઈસ્કૂલના શ્રી વ્યાસ સાહેબની લાડકી શૈલીમાં ઉદ્ઘોષણાઓ અને રમતમાં દોરડા ખેંચના ગજગ્રાહમાં અનેક મહાનુભાવોનું પત્તાંના મહેલની માફક ગબડી જવું ખાસ યાદ રહી ગયાં છે. તે



સમયે વિદ્યાર્થીઓની કિકિયારીઓ અને ગોકીરો હજુયે તમ્મર લાવી દે. આવી જ રમતો. મહાદેવનગર સુધી પહોંચી જાય તેવા અવાજો હજુ પણ ૨૬મી જાન્યુઆરીની આસપાસ મેદાનમાંથી ઊઠે છે. શાળાની શરૂઆતના દિવસોમાં 'ઓગણજ કૅમ્પ' એ એક ચક્રવર્તી બનાવ. તે વડલા, લીમડા, મંદિર, શાળાનું મકાન. માણેકલાલ ને ગામના વડીલોનો અદ્‌ભુત સાથ. ગ્રામસફાઈ, શ્રમનાં કાર્યોની વચ્ચે સદાય હસતો માણેકલાલનો મુગ્ધ ચહેરો.

મસ્તી તો એવી કે પ્રચંડકાય શિક્ષકમિત્ર શ્રી નંદુભાઈની સંગે આખો દિવસ ગરમીના દિવસોમાં ચંડોળા તળાવે પસાર કરવાનો. રબરની બોટ, કમળ-પત્રોની રૂમઝૂમ રૂમઝૂમ કરતી ભીની શેવાળનો સતત સંસ્પર્શ કરાવે. તે જ રીતે પૂરના પાણીમાં ઉસ્માનપુરામાં ધસી જવાનું. સાથે હર્ષદભાઈ, રબરબોટ ને ક્રોસ સ્વિમિંગ કરી શાહપુર પુલની બાજુએ સેઈફઝોન તરફ ચાલ્યા જવાનું. સાહસ તે દિવસોની વિશિષ્ટ રંગબેરંગી ભાત હતી. સાઈકલ પર બે-ત્રણ શિક્ષકમિત્રો, દસથી પંદર વિદ્યાર્થીમિત્રોની સાથે દોટ મૂકી સરખેજ રોડ પર અને પહોંચી ગયા છેક ધોળકા સુધી. રાત્રિના સમયે થકાન પછી હિલોળા લેતાં ઝાડપાનની વચ્ચે પતરાં પર આડા પડીને વીરેન્દ્રની મઝાકી વાતોને સતત વાગોળવાની. આવી જ રીતે ઘેલાશા બરવાળા ગામે ધ્રુવસાહેબની સાથે દોડી જઈ કોઈ એક ગ્રામ્ય શાળાનો કાર્યક્રમ નિહાળવાનો. સ્વચ્છ ને ગેરુરંગી મકાનો ઝળહળે, ધજા તેમજ તોરણો ફરફરે. બાળાઓ નો મુગ્ધ ગરબો. ખાલી પણ ચોમાસામાં અચાનક જવાન બની જતી નદી. પ્રેમાભાઈના ઉતારાની પછીતેથી સવારે સંભળાતો મધુર કલરવ તેને વિદાય સમયે ભીમનાથ પાસે નજરે પડેલી ઊંટોની વણઝાર ને ધરતીનાં માણસો. આ કવિતાનો સંસ્પર્શ થયો શાળા સાથેના સંબંધોથી. તેવો જ ડભાણનો એન.સી.સી. કૅમ્પ. જિંદગીને ગુલાબી બનાવે તેવા વિદ્યાર્થીઓમાં વિજય, જે આજે સાચેસાચ મિત્ર બની ગયો છે. પ્રતીતિ-પૂર્વની મૉડર્નિટી. આ બધી હતી જીવતી વિદ્યાનગરી ક્ષણો.



દાસ્તાને વિદ્યાનગરને આગળ વધારીએ તે પહેલાં યાદ આવે છે એક ગમખ્વાર બનાવ. તમને યાદ હશે જ કે શાહપુરી સડકો પરથી અમે જૂના મેટ્રિકના વર્ગ માટે વિદ્યાર્થીઓને પકડી લાવેલા. શાળાના સૌથી પ્રથમ વર્ષે જેમાં ૧૭ જણાએ પાસ થવામાં રાજીનામું આપેલું, જ્યારે એકે નાપાસ થવામાં. પરિણામે ઉસ્માનપુરાથી શાહપુર પુલ સુધીના રસ્તે સામસામે લીલાં ડબલાં પર લખાયેલું લખાણ સાચું પડ્યું. "વિદ્યાનગર ડબલું, વિદ્યાનગર ડબલું." જિગરના ટુકડે ટુકડા થઈ ગયા. વિશ્વશ્રેષ્ઠ શાળાનું સ્વપ્ન છિન્ન-ભિન્ન થઈ ગયું. આકાશ પરથી ધરતી પર આવી ગયા. ધીરે ધીરે આશા-ધીરજની ઢગલીઓ એકત્રિત કરી નવેસરથી શરૂઆત કરી. બીજા વર્ષે બૅચ સારી હતી. પરિણામ માટે સખત પરિશ્રમ કર્યો. વિદાયસમારંભે બન્ને પક્ષને આંખોમાંથી આંસુ ટપકી પડે ત્યાં સુધી વાતો કરી. તે દિવસે વિદાય સમારંભો રુદન, લાગણીના પૂરવેગ, ભોજન સમયે વિદ્યાર્થિનીઓનું શરૂઆતમાં ના જમવું - આ બધી વિશેષ વાતો હતી. અંતે પરિણામ યોગ્ય આવ્યું.

પછી વધઘટ થતાં એકદમ સ્થિર થઈ ગયું.

ધીમે ધીમે શાળા અને હું એક હકીકત બની ગયા. તરત જ નિર્ણય લીધો કે જાતને વ્યવસાયની દૃષ્ટિએ તાલીમથી સજ્જ કરીએ. વડોદરામાં તાલીમ લીધી. આ વર્ષની ઉત્તમ ભેટ નૂતન શિક્ષણના તંત્રીઓ શ્રી દોલત દેસાઈ અને તેમના દ્વારા શ્રી ગુણવંત દેસાઈનો પરિચય. આ મૈત્રીમાં કદીયે રુકાવટ ઉપસ્થિત થઈ નથી. નૂતન શિક્ષણના



નિયમિત વાંચને વિદ્યાનગરને ઓપ આપ્યો છે. મેનન મુખરજીનાં પ્રવચનોએ નવી ક્ષિતિજ ઉઘાડી. વડોદરાનું વૅકેશનવર્ષ, હૉસ્ટેલજીવન, અતુલની કંપની, અનેકવિધ અનુભવોએ દિમાગને વિશેષ ઓપ આપ્યો. આ વર્ષના અંત ભાગમાં સ્ટેશન પર લટાર મારતો હતો ત્યાં તો ખભા પર કોઈ પરિચિતનો હાથ : 'બાપુ, તમારી સ્કૂલનો કાર્યક્રમ કહેવું પડે !' મનોમન વાતને મારે સ્વીકારી લેવી પડે.

મારી અનુપસ્થિતિમાં 'મયૂરપંખ', 'ભાઈબીજ' 'સાથે સુંદર કાર્યક્રમ થયેલા'. નૃત્ય-નાટિકા મયૂરપંખના દર્શનથી શ્રી ચુડગર સાહેબે ભેટ આપેલી. પછીના વર્ષમાં મારી હાજરીમાં તે સમયના પ્રેમાભાઈ હૉલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ થવાનો હતો. તે યુગની અસર નીચે ધરતીનાં ફૂલ નૃત્યનાટિકાની ભજવણી થઈ. આ નૃત્યનાટિકામાં બાલસ્વરૂપ સ્મિતા શાસ્ત્રીએ કરેલું વસંતનૃત્ય બરાબર યાદ છે. પ્રેમાભાઈ હૉલમાં નૃત્યનાટિકાની જ્યારે ભજવણી થતી હતી, ત્યારે હું સ્ટેજ પર અંધારામાં ગાયકવૃંદ સાથે બેઠેલો. તે દિવસોમાં આ પ્રકારની બિનજરૂરી ચિંતાઓ થતી હતી. 'હોહોલિકા' અને 'માફ કરજો, આ નાટક નહિ થાય' ને તૈયાર કરવા માટે અલગારી સ્વ. ઘનશ્યામ પરીખને તેડાવ્યા. ઘનશ્યામે ચીવટથી, સૂઝથી બન્ને નાટકો સરસ રીતે તૈયાર કર્યા. રજૂઆત પછી સામાન્ય રીતે શાળાઓમાં રજૂ થતી સામગ્રીઓના પ્રમાણમાં લોકોને ધોરણ ખૂબ ઊંચું લાગ્યું. નૃત્ય-સંગીતમાં શિવમ્ અને કુંદન નાયક હતા. નાટકમાં તેમજ સમસ્ત કાર્યક્રમમાં નીલા શુક્લ, કોકિલા પટેલ, પ્રીતિ દૂરકાળ, બાલકૃષ્ણ પટેલે ગજબની શક્તિ બતાવી. શ્રી અનંતરાય રાવળ, શ્રી દીક્ષિત સાહેબ અને સ્વ. પ્રેમશંકર ભટ્ટે ભારે ખુશી વ્યક્ત કરી. આ કાર્યક્રમ પછી સામાન્ય રીતે ઉચ્ચ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ એ વિદ્યાનગર માટે ડાબા હાથનો ખેલ બની ગયો. થોડાક વિશ્રામ પછી એચ. કે. ઑડિટેરિયમમાં ફરી અમે ત્રાટક્યા.

આ સમયે આઈટમો ચુનંદી. પ્રાઈઝ વિનર રૂબી સાથે 'ચિરંતન માતૃત્વ' અને અત્યારે મુંબઈની રંગભૂમિને ગજવતા સનત વ્યાસ સાથે 'રેલ્વે પ્લેટફૉર્મ'. સમસ્ત કાર્યક્રમની સફળતા માટે અમારી શાળામાં તાજેતરમાં પ્રવેશેલા શ્રી વિનુભાઈ (વિનોદ જાની) અને મયૂર શાસ્ત્રીની કલાત્મક સૂઝ અને આવડત જવાબદાર 'ચિરંતન માતૃત્વ'ની અંતિમ ક્ષણોમાં હીબકાં લેતા પ્રેક્ષકો, 'રેલવે પ્લેટફૉર્મ'માં રજૂ થયેલો બાબો. 'અધમણ સોનું, અધમણ રૂપું'માં સરાબોર તરલ ઝંકૃત બનતી સ્વરલિપિ, રામભાઈના શિષ્ટ નિર્દેશનમાં વળાંક લેતી વિદ્યાર્થિનીઓ : એક આ આસ્વાદ્ય દૃશ્ય બની જતું. અત્યારના સિદ્ધ કલાકાર મિત્રો શ્રી અતુલ દેસાઈ અને શ્રી નંદન મહેતા મિત્રભાવે આ કાર્યક્રમમાં સાથે હતા. આ વાત ક્યાંથી વિસરાય?

નાટ્યક્ષમ ઘડીઓની વચ્ચે કદી ના ભુલાય તેવી એક-બે ઘટનાઓ. તે દિવસોમાં અમારી વચ્ચે વિહરતા હતા કવિ શિક્ષકમિત્ર શ્રી રમણ જાની. તંગ સ્કંધ અને વિશાળ નેત્રોમાંથી સતત ટપકતી હતી મસ્તી. મસ્તી તો એવી કે બેંગલોરની સડકો પર વેરાયેલાં કેનાં પુષ્પોની આસપાસ માત્ર બનિયન, ધોતી ને તેમાંયે પાછા બૂટમોજાં સાથે ચક્કરડીભમરડી લે. એક દિવસે બપોરની ટપાલમાંથી એક પરબીડિયું નજર સામે ધસમસતું દોડતું આવ્યું. ટપાલ હતી આકાશવાણીની. આંતરશાળા નાટ્યસ્પર્ધાએ ઉશ્કેરણી કરી શહેરની સડકો પર આછાપાતળા પ્રકાશમાં રાતોની રાતો ફર્યા. ઑફિસની ખુરશીઓ પર પછડાઈને રચનાની માંડણી કરી. સાથે જ્યોત્સ્ના, મહેશ અને અનુના અવાજો; પરિણામે ગુજરાતભરમાં પ્રથમ. આ જ ઉસૂલ મહેશ દવે સાથે. તે જ વાત વિનોદ જાની સાથે, તે જ શિરસ્તો ઈન્દુ પુવાર સાથે. પરિણામે આકાશવાણી આંતરશાળા નાટ્યસ્પર્ધામાં ગુજરાતમાં વિદ્યાનગર પ્રથમ, અનેક વર્ષો સુધી લગભગ નોટઆઉટ જેવી પરિસ્થિતિ.

બીજી ઘટના તે આઈ. ઍન. ટી. આયોજિત ગરબા સ્પર્ધામાં સ્વર-રચના, ગરબા-પસંદગીમાં જીત. પણ ગરબો સખત માર ખાઈ ગયો. વિચારમાં પડી ગયો. સાચો ગરબો ક્યાં તેને માટે દોડધામ શરૂ કરી. ધીમે ધીમે ધુમ્મસનું આવરણ ઓગળી ગયું. ગરબો એટલે આદ્ય-શક્તિનું પ્રતીક. તેમાં વિવેક એ પ્રથમ શરત. જેટલો નીચે ને નીચે વર્તુળ સાચવીને ફરે તેમ વધુ-ને વધુ મનને કેફ ચઢાવે. ટટ્ટાર ઊભા રહીને દોડધામ, ધમાચકડી મચાવી. છાજિયાં પ્રકારની ઊલટસૂલટ પડતી તાળીઓ ગ્રસી લે ગરબાનો પ્રાણ. ગરબામાં ઢોલ, નાદ નહિ, પણ જોઈએ શુદ્ધ તબલાંનો અવાજ અને તે પણ જયશંકરનાં જ તબલાં. તેમનાં તબલાં એટલે માતાજીનો પ્રસાદ. આ સૂઝ અને પવિત્રા રાવળની સરદારી નીચે બીજે વર્ષે રજૂઆત થઈ. ઈન્ટરમિશનમાં શ્રી ગૌરાંગ વ્યાસે દાદ આપી. પરિણામ સાંભળવાની શક્તિ નહિ. મધ્યરાત્રિએ સોસાયટીમાં અવાજો દોડ્યા : ''આપણી જીત, આપણી જીત.'' તે જ ક્ષણે સલામ મારી પ્રફુલ્લા દેસાઈને, હંસા મહાદેવીયાને, સુદેવીબહેન ધ્રુવ, તેમજ ભાર્ગવીબહેનને, આ છે નવાનગરની નવરંગી. આમ સાંસ્કૃતિક ચક્રની ગતિ બની ગઈ વેગવંતી. મારા હાથની આસપાસ જોડાયા અનેક હાથો. આ હાથો હતા શ્રી વિનુભાઈ, શ્રી





ઈન્દુભાઈ, શ્રી કિશનભાઈ, શ્રી માનવેન્દ્ર, શ્રી ઘનશ્યામ ગઢવી અને નેહા ત્રિવેદીના. ધીમે ધીમે ઓગળતો હતો મારો હાથ. સાંસ્કૃતિક વનમાં પ્રવેશ માટે મોકળા બન્યા અનેક રસ્તા. નક્કર અસ્તિત્વનું ટપકું પડ્યું રસોત્સવનું. વિવાઝપાટા બન્યાં કુસુમબહેન, દૈવજ્ઞભાઈ તેમજ અનેક સાથીદારો.

આ માયાલોકમાં દૂરથી નજરે પડે છે, એક કાળું પૂઠું, જેમાં નાનકડી બારીના નકશીકામની પછીતેથી દોડતા આવે છે શબ્દો 'અર્ચના'. ઉપર તગતગે છે હીરાની આકૃતિ. પાછળ છે માસૂમ બાળાનો ચહેરો. પ્રથમ પાના પર દોડી જાય છે એક વિદ્યાર્થી અને વિદ્યાર્થિની, જે બની જાય છે અમારી શાળાનાં કાયમી પ્રતીક. સ્વ. ડૉ. મોતીચંદ્રથી કુમાર સંગ્રામસિંહ સુધીનાં માણસો બની ગયાં મુગ્ધ આ કૃતિદર્શનથી. જાનેજિગર શ્રી રશ્મિભાઈ ખત્રી તેમજ શિક્ષકમિત્ર શ્રી બાલુભાઈ રાણા સાથે કલાકોના કલાકો પસાર કર્યા સ્ટેશન પાસેના એક પ્રેસમાં. વાત બને ના બને કરતાં જે કંઈ બન્યું તે પહેલાં કદીયે બન્યું નહોતું. એ એક નક્કર હકીકત અમારા ડ્રોઈંગરૂમમાં. શ્રી સચાણિયા સાહેબ, શ્રી કામલેની સાથે નજરે પડતા રશ્મિ ખત્રી અને હિંમત શાહનાં સાન્નિધ્યમાં વિકસી કલાસૂઝ, વિદ્યાર્થીઓની. આ માહોલથી રંગાઈ પહોંચી ગયો પંકજ કંસારા સોવિયેટ લૅન્ડની ધરતી પર. આ વાત પર અમને સૌને હકદાર ગર્વ. ત્યારપછી ચિત્રકારીમાં અમારી જીત એ કાયમી પરંપરા બની ગઈ.

## વિદ્યાનગર એટલે ક્રિકેટ અને ક્રિકેટ એટલે વિદ્યાનગર

હવે મને સૌથી વધુ ગમતી વાત તે ક્રિકેટની. ક્રિકેટ એટલે વિદ્યાનગર અને વિદ્યાનગર એટલે ક્રિકેટ. અમે ગમ્મતમાં ક્રિકેટ એ અમારો ધર્મ છે તેમ કહીએ છીએ. કોણ જાણે કેમ ક્રિકેટ અમારે ત્યાં પહેલા વર્ષથી જ પ્રવેશી ગયું. તેનો સરદાર કલોલવી હસમુખ વખારિયા. તેના આગ્રહથી જ શરૂઆત થઈ એટલે તેને આસાનીથી 'ગોડ ફાધર ઑફ વિદ્યાનગર ક્રિકેટ' કહી શકાય. તેની સાથે ત્યાર પછીનાં તત્કાળ વર્ષમાં જાલીમ ક્રિકેટરોમાં ગણતરી થાય વિજય પટેલની, દશરથ તેમજ રસિક ઉસ્માનપુરીની. અમારો રસ ઘણો. ઉત્સાહ માય નહિ છતાં પરિણામમાં શરૂઆતમાં બરકત ના આવે. જો કે શાહીબાગમાં હૉસ્ટેલના મેદાન પર ન્યૂ હાઈસ્કૂલ સામે રસિક ઉસ્માનપુરીએ ફ્રુજારો કરી બૉલિંગમાં તરખાટ મચાવેલો. કુદરતી સ્વિંગ બૉલિંગનો કોપ. ૭૫ પહેલાં ઉડાડી દીધા પણ પાછા આવવામાં આપણી ઝડપ પણ એવી જ ને ખાસ વાત ના બની. બાકી, કવર પર દશરથ ઉસ્માનપુરીને દોડતો જોવા, થ્રો કરતાં જોવો ને તેમાં વીજળીક ઝડપ અને ત્વરા એટલે કહેવું પડે કે ''ક્યા બાત હૈ''. આ છોકરાએ બુનિયાદ ડાલી. પછી પ્રવેશ થયો ઉમાકાન્તનો. ઉમાકાન્ત એટલે ૨૫ વર્ષમાં 'મિસ્ટર વિદ્યાનગર'નું બિરુદ જીતી જાય તેવો. દિનાર આથલેની માફક જ. લંડન રહેવાસી દિનાર એટલે બીજો 'મિસ્ટર વિદ્યાનગર'. તેની વાત બીજા



કોઈ પાને. આઠમા ધોરણથી જ ઉમાકાન્તે ક્રિકેટ ટીમમાં પ્રવેશ કરેલો સ્પિન બૉલર સ્વરૂપે. ધીમે ધીમે સ્લિપમાં ફિલ્ડિંગ એ-વન થવા માંડી. તેની સાથે ઉત્તમ પ્રકારની બેટિંગ. જેમાં લેગના પુલમાં તો કર્નલ અધિકારીની છાંટ. ભૂપેન્દ્ર પટેલે, ન્યૂ એજ્યુકેશનની ટીમને ફરી તે જ હૉસ્ટેલના મેદાન પર ઉતારી. લેગના પુલ પેરલલ દિશામાં મેદાનમાં અંતે અસ્તિત્વ ધરાવતા કોટને સખત ધડાક ધડાક અથડાય. અંતે ગર્વિલી જીત થઈ. આમ તે સમયની સારી સારી ટીમો શિકસ્ત ખાવા માંડી. અમારી ટીમમાં મહેન્દ્ર પઠાણ, રમેશ દશરથનો નાનો ભાઈ રજની, બર્મીઝ વગેરેનો પ્રવેશ થયો. છતાં પાછા ઝેવિયર્સ સામે હાર્યા. ઉમાકાન્ત કૅપ્ટન. તે કહે કે, છેક સુધી ક્લીયર થવાનું નથી, એટલે માથું શરમથી ઝૂકી જાય છે.

આ શાળા માટે મારી બે જ ઈચ્છાઓ : એક તો શાળાને ક્રિકેટમાં ચૅમ્પિયન બનાવવી છે, અને બૉર્ડમાં નંબર લાવવો છે. તે ભણવામાં પણ હોનહાર હતો. માટે તો ઉમાકાન્તને 'મિસ્ટર વિદ્યાનગર' કહેવાનું મન થાય છે. ત્યાં તો આવે છે વિદ્યાનગરી ક્રિકેટનું જાલીમ વર્ષ. આની પહેલાંનાં વર્ષોથી આ વર્ષ સુધી સનક એવી કે કાચીપાકી તમામ મૅચોમાં છોકરા આવે તેની પહેલાં હાજર. અરે કલોલ પણ જઈએ. વિદ્યાનગર ખેતીવાડી કૉલેજમાં જઈએ. અને સાબરમતી પાવર હાઉસની ટીમ સામેની મૅચ એટલે અમારે ડ્રેસિંગ રિહર્સલ. ઉમાકાન્તની સાથે વાઈસ કૅપ્ટન દશરથ પટેલ. ઑફસ્પિનર અને પૉલિશ્ડ બૅટિંગ. ત્યાર પછી મહેન્દ્ર પઠાણ 'ટોમ' કહેવાય. ફાસ્ટ બૉલિંગમાં અચ્છા અચ્છાને ધ્રુજાવે. વિકેટકીપિંગમાં રમેશ ઉસ્માનપુરી ચાલાક. મુકેશ પટેલનો પણ પ્રવેશ થઈ ગયેલો. છેલ્લો આવે પણ મસ્ત ખેલાડી સોબર્સ. સોબર્સ એટલે ભૂપેન્દ્ર વિદ્યાનગરી. ઉસ્માનપુરા બાજુથી કવર પરના ખતરનાક ફિલ્ડરો. મિલિટરી બ્રાન્ડ પ્રકાશ. આમ, કોઈના છક્કા છોડાવે તેવી ટીમ જેની સઘળી તાલીમ આપી દીધી જાનેજિગર શરીફ કાદરીએ. ક્રિકેટની એક પણ એવી ખૂબી નહિ કે, જે શરીફ સા'બના ધ્યાન પર ના હોય. પહેલો રાઉન્ડ આવ્યો આર. સી. સામે. હારતા બચી ગયા. શરીફજી કહે કે ''સાહેબ, આ લોકો ટેન્શન તો લાવે જ છે'' પછી જમાવટ થઈ ઠાકર્સ હાઈસ્કૂલ સામે. આપણી બૅટિંગ સખત થઈ એકદમ ફાસ્ટ. સામેથી એની પહેલાંની મૅચમાં સદી નોંધાવનાર સાયગલ હતો. વિવાઝપાટા બૉલર મહેન્દ્રના તોફાની બંપરમાં તે ઘાયલ થઈ ગયો. માથામાંથી સખત લોહી વહી ગયું. સામેની બાજુએથી મેદાન પર કોઈ ચકલુંયે ફરકતું નહોતું. હૉસ્પિટલમાં લઈ જવાની, પાટાપિંડી કરવાની બધી જ વ્યવસ્થા અમારી તરફથી જ થઈ ગઈ. મૅચ તિત્તર બિત્તર થઈ ગઈ; અલબત્ત, અમારી જીત ગણાઈ.



બલ્લુભાઈ કપ ક્રિકેટટીમમાં કદીએ નહિ હારેલી તેવી ટીમ દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા સામે અમારો



ત્રીજો રાઉન્ડ. દીવાન બલ્લુભાઈ એટલે ક્રિકેટ ગ્રેડ ટ્રેડિશન. શ્રી મણિભાઈની સખત અને સંગીન તાલીમ, અરુણ નાયક, કાલુ શેખ, દિનેશ પટેલ, પ્રવીણ શેઠ આ બધા તેમના શિષ્યો. આ મૅચ રમાઈ તેની પહેલાં તેમના મેદાન પર અમારી સામે ફ્રેન્ડલી મૅચ રમાયેલી. તેમાં અમારા દેખાવમાં થોડીક છૂપી આગાહી તો થઈ જ ગયેલી.

શહેરમાં હવા પ્રસરી ગયેલી કે આ મૅચ ખતરનાક થવાની છે. પરિણામે રાયપુર, ખાડિયા, મણિનગરથી ઘણા લોકો ઉમટેલા. જ્યારે અમારી બાજુથી ઓછા. તે સમયે અમારી બાજુએ વસ્તી ઓછી. જમાવટ હતી ગુજરાત કૉલેજના મુખ્ય મેદાન પર. મુખ્ય મૂંઢા પર સમસ્ત બ્રેઈન પાવર યુનિટ. જેમાં શરીફભાઈ, જશવંતરાય હોલ્ડર, અતુલ દેસાઈ, નંદન મહેતા ને સાથે અનેક યુનિટ એટલું સ્માર્ટ કે હાથમાં મિલિટરી નાનકડી દંડિકાની ભ્રમણાં થાય. રંગબેરંગી શમિયાણામાં ટેંટૂ જોવાને ના આવ્યા હોય તેવો રુઆબ. સામેથી દીપક જે હજુયે મહેતા રેસ્ટોરન્ટમાં રાત્રે દેખાય છે તે, અને ઉમાકાન્ત ટોસ માટે મેદાન પર ગયા. ત્યાંથી 'વી' આકારની નિશાની ફરી બૅટિંગનું સિગ્નલ આપ્યું. શરૂઆતમાં વિનોદ વિદ્યાનગરી અને ચાલાક મુકેશે મહાશાંતિથી મગજ પર બરફ રાખીને મૅચનો પ્રારંભ કર્યો. ચાલાક મુકેશની ખૂબીઓથી રન સતત, આવ્યા કરતા. પછી મહેન્દ્ર પઠાણની તોફાની બૅટિંગ, રમેશની કલાસિક બૅટિંગ ઉમાકાન્ત દશરથના માસ્ટર નોક તેમ જ અંતે બન્ને ઈનિંગ્સમાં ભોપાની રમૂજની છાંટ સાથેની અડધી સદી સુધી પહોંચી જતી. સખત બૅટિંગને પ્રતાપે સરસ મજાનો સ્કોર થયો. સામેથી કસાયેલી ટીમનો જવાબ પણ એવોજ જોરદાર. પ્રત્યેક સંધ્યાએ મૅચમંત્રણા થાય. પેપર લર્નિંગ થાય. બીજે દિવસે બરાબર તે જ રીતે અમલ થાય ને આવે ધાર્યું પરિણામ.

ત્યાં તો આવી ગયો મૅચનો આખરી ને અતિરોમાંચક દિવસ. બધાને દિલમાં ધક્ ધક્ થાય. ઉમાકાન્તનો બ્રેઈન પાવર સ્વસ્થ રીતે ચાલે. મૅચ પૂરી થવાને ૪૫ મિનિટ બાકી. હજુ ૩૫-૪૦ રન કરવાના. ઉમાકાન્તે બૉલ સુપ્રત



કર્યો નાનકડા ભૂપેન્દ્રના હાથમાં. ઝનૂની બૉલિંગ કરી, પાછળની વિકેટો ટપોટપ પાડવા માંડી. આખો દિવસ હોબાળો, શોરબકોર ચાલેલો. જાનદાર હીટરે ભૂપેન્દ્રના બૉલને સખત ખેંચી કાઢ્યો. સિક્સરની નજીક. ત્યાં તો દૂરથી પ્રકાશ દોડતો દેખાયો. એક પગને બાઉન્ડરી લાઈનની અંદર રાખી એક હાથ ઊંચો કર્યો ને તે બૉલ હાથમાં ચપોચપ બેસી ગયો. વૉટ એ કૅચ ! દૈવી કૅચ ! મેદાન પરના પાંચેપાંચ હજાર માણસોએ સાચી ખેલદિલીથી પ્રકાશને ક્લેપ આપી, ત્યાં તો આવી પહોંચી અંતિમ ઘડી. ક્લીન બોલ્ડ, વિદ્યાનગરની જીત. શરૂઆતમાં મેદાન પર સોપો પડી ગયો. ટપોટપ માણસો ખરી પડ્યા. જ્યારે અમારી બાજુએ હર્ષનાં આંસુ આવી ગયાં. અમારા અત્યંત લાડીલા ને પ્રિય બહેલ સાહેબે ''વિદ્યાનગર ઝિંદાબાદ, વિદ્યાનગર ઝિંદાબાદ''ના અવાજો સાથે વાસ્તવિકતાનું ભાન કરાવ્યું ને વિદ્યાર્થીઓ અને જોશી સાહેબ, ઓઝા સાહેબને લઈ મેદાન પર દોડી પડ્યા. ભારે ઉલ્લાસનું વાતાવરણ સર્જી દીધું. ઉમાકાન્તને ઊંચકી લીધો. ને ત્યાંથી 'બલેબલે..... બલેબલે'ની ધૂન સાથે મશહૂર ભાંગડા શરૂ કર્યો. એકેએક વ્યક્તિ તેમાં જોડાઈ. હજુ પણ જોશી સાહેબ ને સદાબહાર, ઓઝા સાહેબનો ભાંગડા ભૂલી શકાતો નથી. ધીમે ધીમે બધા વિખરાયા.



શ્રી ઠાકોરભાઈ ઠાકોર સાહેબ અને સ્વ. શ્રી મણિભાઈએ જિગરથી અભિનંદન આપ્યા. બધાંના ગયા પછી હું અને શરીફભાઈ ઢળતી સંધ્યાએ મેદાન પરથી ખસતા હતા. કશું જ બોલી શકાતું નહોતું. ડૂમો બાઝી ગયો. હર્ષનાં આંસુ આવી ગયાં ને 'સુભાન અલ્લા' કહીને છૂટા પડ્યા. આનંદની અવધિ પછી થોડોક સમય પછી અંધકારની ગર્તામાં અમે ફેંકાઈ ગયા. આ જબરજસ્ત મૅચમાં અમારી સામે રમી ગયેલો લાડીલો અને સૌથી નાની ઉંમરનો ખેલાડી વિજય, જો હું નામ ભૂલતો ના હોઉં તેનું ખટારા નીચે અકસ્માતે મૃત્યુ થયું. તેનો મોટો ભાઈ મારો પરિચિત. બધા ખાડિયાના ખાનદાનો. વિજયની ઑલ ગુજરાતની ટીમમાં પસંદગી થયેલી. ને તે ખુશાલીમાં ઘર તરફ જતો હતો ત્યારે આ ગમખ્વાર અકસ્માત બન્યો. આ સમાચારથી અમારી ટીમના સંવેદનશીલ બધા જ ખેલાડીઓની આંખમાં આંસુ આવી ગયાં. પછી શરૂ થયો. જીતેન્દ્ર યુગ. મુકેશ, ભરત, વાસુદેવ, યોગેન્દ્ર, અશોક 'સોલવા સાલે' આ પરંપરા સાચવી લીધી. મા શારદા સામેની મૅચ રજની યાદગાર બની ગઈ. એજ આનંદ છે કે સનતની નિગરાની નીચે હજુ પણ મૅચો રમાય છે. વિદ્યાનગર સ્ટાઈલમાં જ, એટલે કે હારજીત ઠીક – આનંદ પ્રથમ.

હા સા'બ, તો હવે થોડીક નુકતેચીનીએ બહેલ સાહેબ, અખબારમાં સમાચાર પ્રદર્શિત થયા. શ્રી નહેરુજી તેમજ કર્નલ ભોંસલેજીની પ્રેરણાથી રાષ્ટ્રીય શિસ્ત યોજના ભારતભરની શાળાઓમાં પ્રવેશશે. મારી શાળામાં કેમ નહિ તેવો ચમકારો થયો. પરિણામે સાંજના ચારની આસપાસ પંજાબ, મહારાષ્ટ્રના અર્ધલશ્કરી સ્વરૂપમાં જુવાનો આવ્યા. પરિણામે બહેલ સાહેબ અમારે ત્યાં તેમની સાથે શ્રી પાટીલ અને નાદાફ બૅન્ડ ટીચર. આ જૂથ અમારા વ્યાયામ શિક્ષકમિત્રો શ્રી વ્યાસ સાહેબ, શ્રી કે.વી. શાહ સાહેબ, તેમજ શ્રી નગીનભાઈ સાથે મિશ્ર થઈ ગયાં.

સૌથી પ્રથમ તો અમારી શાળામાં પાછળ હાથ બાંધીને ચાલવાની ટેવ અદશ્ય થઈ ગઈ. પ્રાર્થનામાં 'નત મસ્તક' એ ભૂતકાળની વાત બની ગઈ. ચાલમાં ખુમારી પ્રવેશી. રસ્તા પર, મેદાન પર, શાળામાં કોઈ પણ ટાણે 'જય



હિંદ'ના નારાઓ સંભળાય. ડ્રોઈંગરૂમમાં જતાં, લેબોરેટરીમાં જતાં, શાળામાં પ્રવેશતા કે વર્ગોમાંથી છૂટતા વિદ્યાર્થીઓની મૂવમેન્ટ એકદમ સ્લીક બની ગઈ. ટોળાવર્તન જે ભારતનો પ્રાણપ્રશ્ન તે અમારે ત્યાં અદશ્ય થઈ ગયો. ગણવેશ વિના શાળામાં જવાય જ નહિ એ માન્યતા દૃઢ બની ગઈ. ચાલમાં ચપળતા માટે ચંપલો ચાલે જ નહિ. આ વાત વિદ્યાર્થિનીઓને સમજાવી. આ ચપળ વિદ્યાર્થીઓમાંથી પરેડની બે-ચાર ટુકડીઓ બની ગઈ. તેમની પરેડ અને જવાનોની પરેડમાં તફાવત તો જણાય તે હકીકત. ઉસ્માનપુરાના મેદાન પર ભવ્ય શો થયો મિલિટરી ટેટૂ કક્ષાનો. એક બાજુ રંગબેરંગી તંબુમાં વાલીમિત્રો તેમજ બીજા મિત્રો, કર્નલ રાજેન્દ્રસિંહજી મુખ્ય મહેમાન. સમૂહ કવાયત, ઘાટી લેજીમ, ભાંગડા તેમ જ મછેરણ-નૃત્યો. પરેડ તમામમાં ધોરણ ઊંચી કક્ષાનું. કર્નલ સાહેબે જણાવ્યું કે શાળામાં આ વાત મારી કલ્પના બહાર. આ બહેલ સાહેબ અમારી શાળામાંથી વિદાય થયા ત્યારે પ્રિન્સિપાલથી પ્યૂન સુધીની તમામ વ્યક્તિઓ સ્ટેશન પર, તેમની છેલ્લી પ્રાર્થનામાં ગાયેલું ગીત 'હમ બાલિકો....'ના સ્વરો હજુ પણ સાદ દે છે. શાળામાં અત્યારે નજરે પડતી ઉચ્ચ શિસ્ત પાછળ તેમની સૂઝને કાયમી કહી શકાય. તેમનો શિક્ષણમાં લગાવ સોમાંથી એકસોને દસ ટકા. જો ભારતભરની શાળામાં એક બહેલ સાહેબ હોય તો રાષ્ટ્રનો કે કેળવણીનો કોઈ પ્રશ્ન ના રહે તે વાત નિર્વિવાદ. વિદ્યાનગર બહેલ સાહેબનું હંમેશાં ઋણી. દાદા સુતરિયા સાહેબની વાત વિશિષ્ટ. હાફપેન્ટમાં પણ શાળામાં આવે. તે અને ઓમપ્રકાશ મિશ્રાની જુગલબંદીએ ભારે યશ અપાવ્યો. તેમની સાથે આથલેબ્રધર (દિનાર-કાંત) જોડાયા. વિજ્ઞાનક્ષેત્રે હેરતભર્યા કાર્યો થયાં. નંદન અને રૂબિન ડેવિડ સાહેબની મદદથી ગીનીપિગ હાંસલ કર્યું. તેને એરટાઈટ કેબિનેટમાં પૂરી દીધું. ભાતભાતની નળીઓમાંથી તેમજ અલગીની મદદથી હવા ખોરાકનો પ્રશ્ન ઉકેલાયો. સ્પેસ બોયોલોજીનો ઉત્કૃષ્ટ પ્રયોગ, ડૉ. રામનાથન આ પ્રયોગ જોઈને 'વાહ વાહ' પુકારી ઊઠેલા. આ પ્રયોગ ફ્લોરિડા સાયન્સ ટીચર્સ એસોસિયેશન તરફથી પ્રગટ થતા સામયિક 'ફાસ્ટ'માં છપાયેલો, એવી જમાવટ. વર્ષાઋતુમાં કાંકરિયા ઝૂમાં પ્રવેશ કર્યો. ભીની માટી પર વાઘ, સિંહને રાઉન્ડ લેવડાવી ફરી પિંજરામાં લાવી દીધા. પડેલાં પગલાંની આસપાસ પેપરડેમ બાંધી દીધા. પ્લાસ્ટર ઓફ પેરિસનું દ્રાવણ નાંખીને કાસ્ટિંગ મોલ્ડ લીધું. આબેહૂબ પ્રતિકૃતિઓ આવી. મૌલિક સંગ્રહ વિભાગમાં પ્રથમ. બીજે વર્ષે દાંત પરનું સંશોધન કરી શહેરમાં ખળભળાટ મચાવી દીધો. ખસતા ખંડોનો ભવ્ય પ્રયોગ તો કદીયે ના વિસરાય. તેજ રીતે બનેલો વિશાળકાય પૃથ્વીનો ગોળો, આ તો મિશ્રા સાહેબ જ બનાવી શકે. રોજબરોજ કાળા પાટિયા પર મૉડર્ન આર્ટની રજૂઆત. એ પણ મિશ્રાજીની જ ખૂબી. પરદેશથી ડૉ. બિંગમ અમારી શાળામાં પધારેલા. દાદા સુતરિયા અને મિશ્રાનું કામ તેમને આંતરરાષ્ટ્રીય કક્ષાનું જણાયેલું. આ કાર્યો પર સમસ્ત હૈદ્રાબાદ મુગ્ધ થઈ ગયેલું 'અખિલ ભારત વિજ્ઞાન' મેળામાં.



આ બધી વિજ્ઞાન કથામાં ઈંડાની કથા વળી જુદી જ ભાત પાડે. ૧ થી ૨૧ દિવસ સુધી સરખેજ પર જવાનું. ત્યાંથી ઈંડાં લાવવાનાં. ડિસેક્શન કરી ફૉર્મેલીનની મદદથી જારમાં ગોઠવી દેવાનાં. આ પ્રમાણે ૨૧ બરણીઓ તૈયાર. ગર્ભાધાન થયા પછી એકથી એકવીસ દિવસનો ગર્ભનો ક્રમિક વિકાસ જોઈ શકાય. આ પ્રયોગ અમે શ્રી મંગળભાઈ, શ્રી બાબુભાઈ, સિદ્ધાર્થ, અપૂર્વની મદદથી નાગપુર લઈ ગયેલાં ને ત્યાં પારિતોષિકક્ષેત્રે મેદાન મારી લાવેલા. અલબત્ત,  આ પ્રયોગ પાછળ દૃષ્ટિ હતી ડૉ. સુતરિયા સાહેબની. આ યશ માટે ''શ્રી ચીઅર્સ ફોર ડૉ.

સુતરિયા" અને મિશ્રાજી માટે. આ લહેરાતી સૂર્ય પાંખડીઓમાં વચમાં ઝગમગે છે માનવસેવા. પ્રેરણામૂર્તિ વિવેકાનંદ. હૃદયો ઝંકૃત થયાં. શ્રી નગીનભાઈ, સનતભાઈ, જટુભા, ઈંદિરાબહેન ને તેમનું વાઈબ્રેશન ઝીલ્યું સર્વેએ. યાદગાર સાબરમતી જેલની મુલાકાત. રેકર્ડ પ્લેયરને રેકર્ડ ભેટ આપવાની હતી. જનમટીપની સજા પામેલા કેદીઓનું વાદ્યવૃંદ સાંભળ્યું. હેરત પામી ગયો. સરસ સંવાદમાં વિસંવાદ કેવી રીતે થયો હશે ? તેમના પોશાક, તેમનું ભોજન, તેમની સહકારી પ્રવૃત્તિ, તેમજ આ કેદીઓમાં કાફકાસૃષ્ટિ રચાય. જેલની દીવાલોમાં કેસલની ઝાંખી થાય. તેમાંયે ફાંસીસ્થાન તે તેની આસપાસના માહોલે મનમાં ભુંસાય નહિ તેવી પ્રિન્ટ મૂકી. ભૂતો ફાંસીપ્રસંગમાં આ સ્મરણ વિશેષ કરુણા જન્માવે. પુસ્તકવિતરણ સમયે કે ધાબળા-વહેંચણી વખતે દરિદ્રનારાયણોને જોઈ ભારે અનુકંપા ઊઠે ને સાથે સમાજ વ્યવસ્થા પર ક્રોધ જન્મે. આવી જ યાદગીરી સાબરના ભારે પૂર સમયની. નદી કાંઠાનો અનેક વિસ્તાર પૂરતાં પાણીએ ગ્રસી લીધેલો. તે સમયે ઝૂંપડાંવાસીઓએ શાળાનો કબજો લીધો. ત્યારે તેમનો ખૂબ જ નજીકથી જોવાની, સાંભળવાની વાત બની. સમાજની આ અસમાનતા દિમાગને ફેરવી નાંખે તેવી છે. નજીકમાં ડોંગરેજી મહારાજની કથા થાય. લાખો માણસો મેદાનમાં ઠલવાય. તે બધાંને આખો દિવસ પાણી પિવડાવવાની વ્યવસ્થા ઉપાડી લે વિદ્યાનગરના વિદ્યાર્થીઓ. રક્તપિત્તિયાની મુલાકાત લે, હૉસ્પિટલમાં ઘાયલ સૈનિકો પાસે જાય. અંધ વિદ્યાર્થીઓને મદદરૂપ બને, રિમાન્ડ હૉમનો પરિચય કેળવે, સંસ્કાર કેન્દ્રમાં સમાજસેવકોનું સન્માન કરે. શ્રી પ્રભુદાસ પટવારીની વાણી સાંભળે, મેયર શ્રી કૃષ્ણવદન જોશીનું દર્શન કરે. પ્રત્યેક રવિવારે શિક્ષકમિત્રો વર્ગોનું સંચાલન કરી નજીવી ફીની રકમનો ઉપયોગ કરે સમાજસેવાના કાર્યોમાં, પ્રત્યેક શુક્રવારે અમારી શાળામાં માનવસેવા દિન બની જાય.

શાળાની ધરતીની તાસીર જ એવી છે કે ભગીરથ કાર્યો સ્વાભાવિક થઈ જાય. તેને ઉપાડી લેનાર બંકડાઓની ખોટ નથી વિદ્યાનગરને...

આ ઝિલમિલ થતી વાતોમાં મહદ્ અંશે વાતો ભૂતકાળની છે. પ્રાચીન સંસ્મરણોમાં રમમાણ થવું એ કેટલે અંશે યોગ્ય ગણાય તે પ્રશ્ન છે. એટલે તમામ વાતો આ સંદર્ભમાં નહિ, થોડીક જુદી રીતે વિચારવા જેવી છે. ૧૯૫૩ થી ૧૯૭૮ના દિવસો જેના સંગમાં મહેંકી ઊઠ્યા છે, તેની વાતો છે. અનેક નવા અવાજો બારણે સાદ દે છે.

વૉલીબૉલમાં શહેર કક્ષાએ, જિલ્લા કક્ષાએ, ગુજરાત કક્ષાએ, અંતે રાષ્ટ્ર કક્ષાએ વિદ્યાનગરી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું કૌવત સતત હેરત પમાડે. હૉકીમાં છોકરીઓ વડોદરા સુધી ધાક પહોંચાડે. કબડ્ડીમાં આજ હાલત. ગુજરાતની ટીમમાં કેપ્ટન તો વિદ્યાનગરમાંથી જ. હાઈજમ્પ, રનિંગમાં પણ બેશુમાર. સ્કેટિંગમાં કૌસ્તુભ-કૃષ્ણા તૈયાર થયાં નજીકની સ્કેટિંગરિંગમાં. તેઓએ દેશભરમાં ભારે દેકારો બોલાવી દીધો. આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી થઈ. વિદ્યાર્થીઓમાં ભારે ખુશી મહોરી ઊઠી. ખુશાલીના પ્રતીકસ્વરૂપે સ્વયંફાળો એકત્રિત થયો. છોકરીઓ અસરકારક શૈલીમાં ક્રિકેટ રમતી થઈ. થોડાંક વર્ષોથી રમતગમતમાં વિક્રમપ્રસ્થાન એ એક નક્કર હકીકત. ૨૬મી જાન્યુ. આ વાત શાળાના રમતોત્સવમાં ચરમસીમાએ પહોંચી જાય છે. પ્રજ્ઞેશ, અશ્વિન, કામિની, જાગૃતિ, સોનલ, વર્ષા,



ધૃતિ, મંજુ, રેખા, આ શબ્દો તે દિવસોમાં ભારે લાડકાં.

આ બધી જમાવટ ગિરીશભાઈની છે. તે આવ્યા છે, સરકાર તરફથી. તે આવ્યા ત્યારથી જ અમારાં છે. શાંતચિત્તે ગજબનાક પ્લાનિંગ કરે છે. પરિણામ ઉપર મુજબ. માત્ર ગિરીશ નહિ તેની સાથે તેવા જ ઉત્સાહી શ્રી વિહોલ, નટુભાઈ, કુસુમબહેન, સનત ને સાથે અમે બધા જ. અમને બધાને આ બધી ચીજોમાં ભારે રસ છે. ઝિંદાદિલી સામે અશિસ્ત. બીમારી શબ્દો વામણાં બની જાય છે. તંદુરસ્ત સંબંધોનું પ્રસરણ ગજબનાક હોય છે. ચપળતા-તો અમારી જ એમ કહેવાનું મન થઈ જાય. આ વિશિષ્ટ માહોલ રચવા માટે ગિરીશ અને તેના સાથીદારોને ખુશાલી.

એક પછી એક પસાર થતાં પાનાં પર પ્રવૃત્તિચક્રની મધ્યમાં ઝગારો મારે છે

અભ્યાસનો સૂર્ય. વિદ્યાર્થીઓના મનમાં અભ્યાસની સમસ્યાઓ સ્પષ્ટ કેમ બને એ મારા શિક્ષકમિત્રોની એક જ સાચી ચિંતા, માટે તો બાબુભાઈ દૃઢતાથી કહે છે, કે ગુજરાતમાં આ શાળાનો શિક્ષક પુરુષાર્થના સંદર્ભમાં જુદી જ ભૂમિકા પર છે. અમને ગર્વ છે, કે અમારી સાથે જોડાયેલા અધ્યાપકમિત્રો ઝનૂને અભ્યાસમાં અમારા જેવાં છે. શ્રી ભટ્ટસાહેબ. ધર્મેન્દ્રભાઈ, નટુભાઈ, શ્રી કાપડિયા, સીતાબહેન એટલે અત્યંત કુશાગ્ર-ટીમ. ઓઝા સાહેબ એટલે અંગ્રેજી, અંગ્રેજી એટલે ઓઝા સાહેબ. જૂની પરંપરાનો અકબંધ વારસો. બૉર્ડની પરીક્ષામાં મૉડર્નમેથ્સ તેમજ ઇતિહાસમાં વિદ્યાર્થીઓ અવારનવાર શિખરે પહોંચી જાય છે. શ્રી દૈવજ્ઞભાઈ તેમજ શ્રી



વિનોદભાઈ આચાર્યની આ બાબતમાં સંપૂર્ણ દાદાગીરી છે. શ્રેણી ૧૦માં વધારાની પરીક્ષાઓ લઈ, શ્રેણી ૧૨ માટે અંતિમ દિવસ સુધીની સજાગતા. રજાના દિવસોમાં વધારાના વર્ગોમાં ઉપસ્થિત થઈ અનુરૂપ વાતાવરણને સતત આકાર આપવામાં છે. વૃક્ષોની ઘટાઓ નીચે શ્રી વિનુભાઈની સો ટકા પરિણામની આલબેલ સાંભળવા જેવી છે. વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં સાચી રીતે લખે, વાંચે, સાચી ભાષા બોલે-આ પરત્વે વિદ્યાર્થીઓની સાથે છે, શ્રી વિનુભાઈ, શ્રી બંસીભાઈ, માનવેન્દ્ર અને ઘનશ્યામ ગઢવી. વાણિજ્યક્ષેત્રે ખેલંદા છે કે. જી. અને શાહ સાહેબ. સ્ટારબૅચ, નબળા વિદ્યાર્થીઓની બૅચરચના ને તેમની પાછળ પડી જતા શિક્ષકમિત્રોને જોઈ સલામ આપવી પડે. કૉરિડોરમાં ફરતા, વર્ગમાં મંત્રમુગ્ધ થઈ ગયેલા વિદ્યાર્થીઓની વચ્ચે નગીનભાઈ, કિશનને જોવા તે પણ એક લહાવો છે.

આ વર્ગમાં વાયોલેટ બહેન તે વર્ગમાહોલ પરથી પરખાય. તેવી તેમની અણિશુદ્ધ શિક્ષણપરંપરા. સી. એસ. સિંગિંગ હંમેશાં સ્પર્શી જાય. સંસ્કૃતમાં અમારે ત્યાં શ્રી વાસુદેવ પંડિતજી એ આ સમયમાં અમારા માટે ખુશનસીબી. સનત એ આ કળિયુગમાં ન સંભવે તેવો શિક્ષક છે તેવી તેની શિક્ષણ પ્રત્યેની સભાનતા. વર્ગમાં વિષયમાં તર્કબદ્ધ વિકાસ એ અમારા અમીનસાહેબની ખાસિયત. શ્રી કાન્તિભાઈ સાહેબ, શ્રી મંગળભાઈ અને શ્રી વ્યાસ સાહેબની વિષયમાવજતમાં રણકો બોલે અનુભવનો. શ્રી જટુભાની જિંદાદિલી અને હીરાબેનની એકાગ્રતા વિદ્યાર્થીઓને ભારે સ્પર્શી જાય. શાળાના મેદાન પર શાળા છૂટ્યા પછી કલાકોના કલાકો શાળાની, વિદ્યાર્થીઓની, અભ્યાસની ચર્ચા કરતા શિક્ષકમિત્રો એ અમારે ત્યાંનું કાયમી દૃશ્ય છે. ભરતભાઈ અને ભારતીબહેન અર્થશાસ્ત્ર તેમજ સંસ્કૃતનું ક્રમશઃ સુંદર રીતે નિરૂપણ કરે. અંગ્રેજી વિભાગમાં સોલોમનપ્રવેશ વહાલપ નીતર્યો છે.

અમારાં ભૂલકાંઓ સાચેસાચ નસીબદાર છે. તેમના મુખ્ય વડા આનંદી, ઉષ્માભર્યા ને ખેલદિલ પ્રફુલ્લાબહેન તેમની વચ્ચે ફરે છે. એ. જે. પટેલ, ટી. ડી. પટેલ, શ્રી વિહોલસાહેબ, જયશ્રીબહેન અને ઈન્દિરાબહેન આ સંવેદનશીલ શિક્ષકમિત્રો તેમને શિસ્ત, સુઘડતા અને વર્તનની પ્રેમથી શીખ આપે છે. શ્રી બળદેવભાઈ, શ્રી અમૃતભાઈ, શ્રી સતાણી અને મહેન્દ્ર ઓઝા વિદ્યાર્થીઓમાં ઊંડાણ કેમ પ્રકટે તેનું સતત પરિશીલન કરે છે. રસજ્ઞાબહેનનું સાહિત્ય સંચાલન, સ્વાતિબહેનનું વર્ગમાં છંદગાન, ભારતીબહેન પટેલ, ભારતીબહેન દેસાઈનું વર્ગમાં નિદર્શન અમારે ત્યાંની જોવાલાયક જગાઓ છે. શ્રી સચાણિયાસાહેબ, શ્રી કે. કે. પટેલ અને શ્રી કનુભાઈ શુક્લ અમારી અસલ ટીમના સભ્યો છે. સમાજશાસ્ત્રમાં ઈંદિરા જોશી અને હિન્દીમાં કૃષ્ણાબહેન ભારે નિપુણ. ચિત્રકારીમાં શ્રી કામલે, સંગીતમાં ગોવિંદભાઈ ને સીવણમાં સુશીલાબહેન પોતપોતાની વાતમાં ભારે પ્રવીણ. અમારી ઑફિસમાં પ્રવેશ કરશો તો તમને સૌથી પ્રથમ દર્શન થશે જયેન્દ્ર, કલ્પના, નીના અને મણિભાઈનું, અલબત્ત, તેઓ છે અમારાં ક્લાર્ક ભાઈબહેનો પણ ઑફિસ-વાતાવરણને સાહજિક, સ્વાભાવિક અને હળવું બનાવે છે. પટાવાળા ભાઈબહેનોથી અમને આનંદ છે. અનુભવી કાન્તિ ને તેની સાથેની મંડળી સમસ્ત પ્રક્રિયામાં ભારે અસરકારક છે.

આ બધો કોઈ પણ શાળાને ગર્વ થાય તેવો વિશિષ્ટ માનવલોક. ઘણોખરો સમય તેમની સાથે પસાર થાય છે. મારી વાત નહિ, અમારી વાત હવામાં સતત ફરતી હોય છે. માટે તો અશક્ય વાતો શક્ય બને છે. શાળામાં અમને સૌને સાથે

એવો તો આનંદ આવે છે કે શાળામાં એક ક્લબ કે ઘરનોજ આભાસ થતો હોય છે. શાળા ચાલે એટલે જાણે વૅકેશન શરૂ થયું એમ કહેવાનું મન થઈ જાય છે. એક રીતે કહીએ તો અમે અમારામાં એવા તો ડૂબી ગયા છીએ કે અમને આસપાસનું કાંઈ જ ભાન નથી. અમે અમારી મસ્તીમાં રમમાણ. પ્રક્રિયામાં ભારે રસ. પરિણામ સાથે નિષ્કામ. કંઈને કંઈ કમાલ થતી જ હોય છે.

અમારા આ વિદ્યાલોક સાથે પસાર થતી મિનિટો, મિનિટો પછી કલાકો, કલાકો પછી દિવસો, દિવસો પછી મહિના, મહિના પછી વર્ષો; એક, બે, ત્રણ કરતાં ૨૫ વર્ષ પસાર થઈ ગયાં. છતાં મનને થાય-હજુ તો શરૂઆત થાય છે. કહેવાતી જરૂરી લઢણનો હજી પાશ પડ્યો નથી. સાચી મઝા માટે કદાચ તે જ જરૂરી હશે.

રજત, રજત, જયંતી, જયંતી શબ્દો મનમાં દોડવા માંડ્યા. ઢોલીડા ઢબૂક્યા, શરણાઈઓ ગૂંજી, તોરણો બંધાયાં, આસોપાલવ લહેરાયાં. ફરી એકવાર મેદાન પર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકઠાં થયાં. રેખારાહુલની વિસ્તૃત આવૃત્તિઓ નજરે પડી. પ્રથમ કાર્યક્રમ તો આ વિદ્યાર્થીઓએ જ આપી દીધો. કોકો, જાની, ચુડગર, કીર્તિ, કેતા, સ્મિતા અને પરેશે ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ આપ્યો. શ્રી નિરંજન ભગતની વેદવાણીનું અવતરણ થયું. અમારા કાયમી વિદ્યાર્થી કલાકારમિત્રો ફરી એકવાર ચિત્રપ્રદર્શનમાં ચમક્યા. ઈસરોના યશપાલની વાણી સાંભળી મંત્રમુગ્ધ બન્યા. આ વર્ષે રમતોત્સવ તેમજ રસોત્સવ વિશિષ્ટ બની ગયો. રજત જયંતી ખરીને ! ચુનંદી ચીજો વાલીઓ સમક્ષ રજૂ થઈ. શ્રી જશપાલસિંગ, કુમુદિનીબહેન અમારાં મહેમાન બન્યાં. ગવર્નર સાહેબ શ્રી કે. કે. વિશ્વનાથનના પ્રમુખપદે બ્લડ ડોનેશનનો પ્રેરક કાર્યક્રમ બન્યો. જ્યુબિલી કાર્યક્રમો બીજા વર્ષે પ્રસર્યા. શ્રી ઝીણાભાઈ, શ્રી નંદુભાઈ, શ્રી દોલતભાઈ, શ્રી ઉત્તમભાઈની પ્રેરક વાણી વચ્ચે અમારા તમામ શિક્ષકમિત્રોનું અભિવાદન થયું. શિરમોર કાર્યક્રમ બની ગયો રજતજયંતી પ્રદર્શન. વિનુભાઈનું માસ્ટર પ્લાનિંગ સમસ્ત પરિવારની જાનેફેસાની ગૂંથણી, દૃશ્યશ્રાવ્ય પરિવેશમાં વીતેલાં વર્ષો ફરી જીવંત થયાં. શ્રી માવળંકર સાહેબની પ્રેરક વાણીથી પ્રારંભ થયો. વિજ્ઞાન, સાહિત્ય, સમાજસેવા, તેમ જ શિક્ષણના ક્લાસિક કાર્યક્રમો થયા. ટેસ્ટટ્યૂબ બેબી અને શાહ સાહેબ, શ્રી ચિનુ મોદી અને સાથીદારોની કાવ્યપ્રસાદી, શ્રી નવલભાઈની નિશ્રામાં સમાજસેવકોનું સન્માન, શ્રી શુકલ સાહેબ તેમ જ શ્રી પરીખ સાહેબનું ઉદ્‌બોધન એક ઘટના બની ગઈ. અંતિમ કાર્યક્રમમાં અમે સૌએ સાથે મળીને રાસ લીધા, ગરબા ગાયા, ઢોલ વગાડ્યા અને નૃત્ય કર્યું. પ્રથમ દિવસે સંસ્કાર કેન્દ્રની ફર્શ પર બાળ-ચિત્રકારોનો મેળો, ને અંતિમ દિવસે તે જ જગ્યા ઉત્સવથી મહોરી ઊઠી. સ્વયંભૂ ભંડોળથી વૉટરકૂલર વસાવ્યું. ૨૦ વિદ્યાર્થીઓને કાયમી શિષ્યવૃત્તિ. બાયોલૉજી-કેમિસ્ટ્રીની પરફેક્ટ લેબોરેટરી. ઍસ. ઍસ. સી. બૉર્ડને જયંતીની યાદગીરીમાં પરિવાર તરફથી ભેટ, સ્મરણિકા અને કૅલેન્ડરની યોજના બની ગઈ. આ જ વર્ષે બોર્ડના પ્રથમ દશ વિદ્યાર્થીઓમાં અમારા ચાર વિદ્યાર્થીઓ. સમસ્ત ગુજરાતમાં વિદ્યાર્થીઓમાં પ્રથમ બે નંબર સરખા ગુણ સાથે. અમારી શાળામાંથી પારૂલ, અશોક, સ્મિતા, અજય ને ખુશાલી. રજતજયંતીના વર્ષે વિદ્યાર્થી તરફથી શાળાને પ્રાપ્ત થઈ આ ઉત્તમમાં ઉત્તમ ભેટ.



વિદ્યાનગરની સમસ્ત સૃષ્ટિ મન પરથી પસાર થતાં હજુયે થોડાંક દૃશ્યો ઝિલમિલ ઝિલમિલ કરે છે. સવારનો સમય, ઉત્સાહી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓથી ખીચોખીચ મેદાન. કિશન અવાજમાં કે. કે. પટેલ, સુશીલાબહેન શબ્દોનું ઉચ્ચારણ. મેઘાડંબર ઉત્સાહી અવાજોની વચ્ચે સામેથી પટેલ સાહેબ અને સુશીલાબહેનના પગથિયા-અવતરણ ને અભિવાદન અર્થે મેદાનપ્રવેશથી આંખોમાં હર્ષનાં

આંસુ ચમકી ગયાં. અમારી શાળા જોવાલાયક સવારના સાતથી સવા સાતની વચ્ચે આછા ઉજાસમાં નિયૉનલાઈટથી ચમકતા ખંડો તરફ ખસતાં ઝડપી યુવાચરણો, તેની પાછળ ચાલ્યા જતા ચારૂ આકારો. જે દશ્યને ઝડપી લેવા ઊછળકૂદ કરતી સોનેરી માછલીઓ. હસુમતીબહેનના લાઈબ્રેરી કે શિક્ષકખંડમાંથી ઊછળતા હાસ્યના ગુબ્બારા એક જબરી આતશબાજી રચી દે છે. શાળામાંથી વિદાય સમયે શ્રી જોશી સાહેબના આર્જવી અવાજમાંથી ટપકી પડેલું વિદ્યાનગરનું ગીત, કલ્પના ચુડગર ને રેખા ધ્રુવે સચોટ રીતે કેળવેલી વાક્ધારાઓ, અશોક-પારૂલને ત્યાં નીતરેલી શાળા માટેની મમતા, શુક્લની ચૉક પર ઊપસી ઊઠેલી મનોહર કલાકૃતિઓ. રાત્રિના પ્રથમ પ્રહરે ક્રેડિટ સોસાયટીના ચોપડાઓ વચ્ચેથી પ્રકટતું અમીન સાહેબનું તપ, પાઈન વૃક્ષોની વચ્ચે બીમાર નીલાની મદદે આવી પહોંચેલા સચાણિયા સાહેબ. સવારે નીખરી ઊઠતી શ્રી કાન્તિભાઈ, શ્રી ઓઝા સાહેબ અને વ્યાસ સાહેબની સ્ફૂર્તિ. મેના પ્રથમ સપ્તાહની સખત ગરમીમાં સાબરના ચૉકમાં ઉપસ્થિત શિક્ષકમિત્રો. આ જ ગરમીમાં પ્રવેશપરીક્ષામાં પેપરોનું એકીટશે વિશ્લેષણ કરતા શિક્ષકમિત્રો, શ્વાસ પણ લીધા વિના તૈયાર થઈ જતી વિદ્યાર્થીઓની યાદી, આ સમયે પ્રફુલ્લાબહેનની એકાગ્રતા. પરોઢિયે વડોદરા સ્ટેશનની બહાર સાંકળોની વચ્ચે અસ્તિત્વ ધરાવતા બટુક પથ્થરી સ્તંભો પર શિસ્તબદ્ધ બેસી જઈ ખરાબમાં ખરાબ, ચા પીને વધુ ને વધુ નિખાલસ હસતી કાશ્મીર પ્રવાસી ટુકડી.

દાસ્તાને વિદ્યાનગરના અંતે સવારના ૬-૫૦ નો સમય. વિનુભાઈ નિર્દેશિત જ્ઞાન પરબનું નવું સ્વરૂપ. ચોખ્ખાંચટ્ટ ને તંદુરસ્ત વિદ્યાર્થી-વિદ્યાર્થિઓની પોતપોતાના વર્ગોમાંથી મેદાન તરફ ગતિ. તે જ રીતે શિક્ષકમિત્રો. કોઈ અવાજ નહિ, કોઈ ઘોંઘાટ નહિ, ભારે ચુપકીદી. હવામાં વહેતું મૌન. એક પછી એક હારમાળાઓની રચના. સ્પીકર પરથી વહેતા કિજેરેથના પિયાના સ્વરો : ની, સા ગ મ. ગમપની, સા ની ધ પ મ ગ રે સા....



# સંગીત-શ્રવણ

**– હિંમત કપાસી**

'નવનીત સમર્પણ'ના સુજ્ઞ વાચકમિત્રોને જણાવું છું કે હું પંચોતેર વર્ષથી સભાનતાપૂર્વક શાસ્ત્રીય સંગીત સાંભળું છું. સુરતના સંગીત-શ્રીમંત દિવંગત શ્રી કંચનલાલ મામાવાળાને 'શાસ્ત્રીય' શબ્દ ગમતો નહિ. તેઓ 'અભિજાત' શબ્દપ્રયોગ 'શાસ્ત્રીય' શબ્દના સ્થાને પસંદ કરતા. કોણ જાણે કેમ, છેલ્લા કેટલાક સમયથી મને સમજાતું નથી કે હું ત્રણ ચીજોથી સંગીતમાં ગિરફ્ત છું. પ્રથમ : મરહૂમ ઉસ્તાદ સુલતાનખાનનું સારંગીવાદન અને સુશ્રી મંજુ મહેતાના સિતારવાદનની જુગલબંદી, દ્વિતીય : ખ્યાતનામ ઠૂમરી ગાયિકા શોભા ગુર્તુની ચૈતી 'પિયા મિલન કો હમ જઈબો…' અને તૃતીય : બડે ગુલામઅલીના કંઠે ગવાયેલ રાગ દેશી. અત્યારે મારા માટે સંગીતનાં આ લાજવાબ વ્યંજનો છે.

સારંગીવાદન અને સિતારવાદનની જુગલબંદીમાં રાગ છે કૌશી કાનડા, જેમાં દરબારી અને માલકૌંસના સ્વરો આવે છે, જેમાં સુક્રમ રીતે ભીમપલાશીનો સ્પર્શ છે. શરૂઆતમાં સુલતાનના સ્પર્શથી બે વાર ખનક થતાં રાગના સૂર પ્રસરે છે અને વાતાવરણમાં સંવેદના પ્રગટે છે. તે જ વેળાએ સિતારવાદન આરંભાય છે અને માહોલ પારિજાતમય બની જાય છે. તે જ ક્ષણે આપણે આપણામાંથી ખોવાઈ જઈએ છીએ અને જ્યારે સિતારમાંથી સં ની ધ પ મ પ ગ રે સં -માં પંચમનો સ્વર સાંભળતાં શ્રોતા સ્તબ્ધ થઈ જાય છે, જે રાગની ખાસ ખૂબી છે. સારંગીવાદનમાં કહેણ થતું હોય તેવું લાગે છે અને ધીરેધીરે સિતારવાદનમાં બન્નેનો સંવાદ રચાતો હોય તેવું અનુભવાય છે. આ રીતે આલાપમાં લહેરાતા સ્વરો સેલારામય બની જાય છે ત્યારે મનમાં સતત વાહવાહ થઈ જાય.



સંગીત સાંભળતાં યાદ આવે છે ૧૯૫૩, અલી અકબર અને રવિશંકરની જુગલબંદીના કાર્યક્રમો. તે સમયે બહાર પડેલ ઝીલા કાફીની અલી અકબર અને રવિશંકરની રેકોર્ડ ને સાથે બિસ્મિલ્લાહ અને વિલાયતખાનની શહનાઈ અને સિતારની તોડી ભૈરવીની રેકોર્ડ. હવે સંભળાય છે સિતાર-સારંગી પર જોડનું કામ, જે અદ્ભુત છે. તેમાં પંચમની મજા તો ખરી જ. સિતાર પર જોડ-કામ તો સહજતાથી થાય, પણ સારંગી પર પણ આ જોડ-કામ ભાગ્યે જ જોવા મળે, જે અહીં કાબિલેદાદ ! અને, પંચમ વધુમાં વધુ મારકણો બનતો જાય છે અને તૈયારીનો કોઈ અંદાજ નથી. અહીં વાદનની પરાકાષ્ઠાનો અનુભવ થાય છે. આખો મામલો હેરાનગતિનો છે. સાથે ઝાલા-કામની તો વાત જ શું કરવી ! આલાપમાં જોડ-ઝાલાનું કામ પૂર્ણ થયું અને સતત તાળીઓના ગડગડાટ વચ્ચે કાશીરામ હૉલ, અમદાવાદમાં થતા 'સપ્તક'ના કાર્યક્રમો યાદ આવી ગયા, જેમાં જાન્યુઆરીના ઠંડા માહોલમાં ઘરેથી સ્કૂટર-સવારી કરી સ્કૂલ ઑફ આર્કિટેક્ચરની પાસેની ચાની લારીએ રોકાઈ, ચાની પ્યાલીની ચૂસકી લઈ, આગળ વધવાનું. ત્યાં કાશીરામ હૉલની બહાર હનુમાનમંદિરની પ્રગટેલી અગરબત્તીની સુવાસ લઈ હૉલ બહાર ઊભા રહેલ ખાનસાહેબની સલામ ઝીલી, પગથિયે ખુરશીમાં બેઠેલ જશુભાઈની સલામ સ્વીકારી હૉલમાં પ્રવેશવાનું અને ગ્રીનરૂમમાં રેકોર્ડ કરતા શ્રીમાન ડેરિક, કે જે સેન્સ કંપનીના, નજરે પડે છે. ચોફેર નજરે પડતા નંદન મહેતા, જિતુભાઈ દલાલ, અશ્વિની ભટ્ટ, અનિલ ફડિયા અને રમેશભાઈ સ્મરણપટે ઊભરે છે અને કેટલીક ક્ષણો આંખો ભીની થઈ જાય છે.

હા, સા'બ, તો હવે વિલંબિત ગત પર જઈએ. આ વિલંબિત ગત તો એવી કે એને સોનેરી સંદૂકમાં મૂકી એનો કૉપી-રાઈટ લઈ લેવો પડે ! તબલાં-સંગત પૃથ્વીરાજ મિશ્રા અને હેતલ મહેતાની, જે બનારસી બાજ, અદા ખડી કરી દે છે. વચ્ચે આવતી નાજુક તિહાઈઓ અને પંચમ તો ખરો જ, એને વિસારી શકાય નહિ. જે મનને મુગ્ધ કરી દે. લહેરાતા સ્વરોમાં અદ્વિતીય સ્વરલોક રચાય છે.

ત્યાં તો અચાનક સિતાર પર લહેરા-સંગત અને હેતલનું બનારસ-બાજની તમામ ખૂબસૂરતીઓ સાથે અને તેમાંય નાધીન ધીન્ધા વગાડતાં વગાડતાં (ટુકડો પૂરો થતાં) બાયા પરની થાપ સાથે પૂરો થતો ટુકડો, જે થાપમાં ગંગાજળની છાયા વરતાય ! ત્યાં વિલંબિત ગતની ગતિ વધે છે તે સમયે બન્ને વાદકોની શ્રેષ્ઠતા અનુભવાય છે અને સાથે તિહાઈઓની રમઝટ તો ખરી જ, અને ખબર ન પડે ત્યાં દ્રુત ગત શરૂ થઈ જાય છે. કોઈ પણ કલાકૃતિમાં સામગ્રી તો હોય જ, પણ કલાકાર દ્વારા તેને વિશિષ્ટ આકાર આપવામાં આવે છે ત્યારે તે કૃતિ પૂર્ણતા પામે. કલાની શિખરતા ત્યાં અનુભવાય છે અને ત્યાં ઝાલા શરૂ થઈ જાય છે. ઝાલા પર મન કેન્દ્રિત કરીએ ત્યાં અનેરો નશો આપણને ગિરફતમાં લઈ લે છે. અંતે કહેવું પડે : મરહૂમ સુલતાનખાન તો સારંગીમાં ખુદા ! અને મંજુ મહેતા એટલે 'મારવાડ-રત્ન' ડૉ. દિગ્વી મંજુજીને 'જેમ ઑફ જયપુર' કહેતા !

'દરજવા પે થારી હું....' બારશાખને અડીને ઊભેલી મુગ્ધાનું આ ગાન એટલે 'પિયા મિલન કો હમ જઈબો...', જેની માસ્ટર રજૂઆત શોભા ગુર્તુએ કરી છે. આ ગાનનો પ્રકાર છે ચૈતી. ઠૂમરી, દાદરા, કજરી, ચૈતી, ગઝલ આ બધું ગણાય છે ઉપશાસ્ત્રીયમાં. હકીતમાં આ અત્યંત ભાવાત્મક છે. આ ગાયનના પ્રકારનો મોટો ઇતિહાસ તો છે, જેમાં લખનૌ, બનારસ અને પંજાબ મુખ્યત્વે ગણાય. સાથે મિરઝાપુર, ભાગલપુર પણ ખરાં. આમ, સારંગી-તબલાંનો રંગીન માહોલ તો નો આમજ બન્યો છે. લખનૌના નવાબ વાજિદઅલી, જેમણે 'બાબુલ મોરા...' સદાબહાર ઠુમરીની રચના કરી, જે મહદ્ અંશે તમામ ઠુમરીગાયકોની લાડલી રચના બની ગઈ છે. બનારસ શૈલીમાં વિદ્યાધરી, રસુલન, સિદ્ધેશ્વરી, ગિરજાદેવી; લખનૌ શૈલીમાં બેગમ અખતર; પંજાબ શૈલીમાં બડે ગુલામઅલી, બરકતઅલી; જયપુરમાં ફરહદજાન બિબો, મુશતરી બેગમ, અફરોઝબાનુ અને જદ્દન, ઝોહરાની ગાયકીને કઈ રીતે વીસરી શકાય?

આ અભિજાત સંગીતના આ દિલકશ ગાયન-પ્રકારની ઉપેક્ષા કરવામાં આવે તો બધું શુષ્ક શુષ્ક જ થઈ જાય. આ કલાકારો રાજા, મહારાજા અને નવાબોના આશ્રિતો હતા. આ બધાની ગાયકીનો અંશ ગુર્તુના ગાયનમાં છે, અને તેમની પેશગી પૉલિશ્ડ. તેમની તાલીમ માતા મેનકાબાઈ શિરોડકરના નેજા હેઠળ. મેનકાબાઈની રજૂઆત હાવભાવ સાથે થતી હતી. શોભાજીની પ્રસ્તુતિમાં એ ઝલક દેખાય. આ ચૈતીનો રાગ ભીમપલાશી છે એટલે ની સા ગ મ પ ની સા, સા ની ધ પ મ ગ રે સા -ના મોહક સ્વરો આપે છે, જે સ્વરો પર આપણો પ્રસિદ્ધ ગરબો 'મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે...' પણ રાગ ભીમપલાશીમાં છે. શોભાજીની સાથે હાર્મોનિયમ પર સંગત કરી છે પુરુષોત્તમ વાલવાલકર, તબલાં-સંગત અનીશ પ્રધાન, સારંગી પર ધ્રુવ ઘોષ. આ સંગત આદર્શ, નમૂનારૂપ છે.

કલ્પો કે ગુલાબી દીવાલો બહાર, અંદર સફેદ, વચ્ચે ચૉક, આજુબાજુ લીલા રંગની કાચની બારીઓ, મધ્યમાં શોભાજીની આસપાસ બેઠેલું સખીવૃંદ... આવાં કલ્પનો મારામાં સંગીત-શ્રવણ સમયે સતત ઘુમરાય ! અમીરખાનની, બિલાસખાંની તોડી સાંભળતાં ધારાનગરીની સવાર સ્મરણમાં ખડી થાય ! આ શાંત સંગીત ગાયકીમાં શોભાજીના ચહેરા પર પણ વિરહની લકીર નજરે પડે !

સ્વરમંડળના સ્વર અને વાલવાલકરનું હાર્મોનિયમ-વાદન, અને તે જ વેળાએ ભીમપલાશીના સ્વર પર ફરતો અવાજ ષડ્જ પર સ્થાપિત થાય છે, અને તે પણ એવી દિલકશ અદાથી કે મોંમાં પાણી છૂટી જાય ! અનીશ પ્રધાનનાં તબલાં પર 'પિયામિલન'ના વિરહનો ઠેકો અને સારંગી પર ધ્રુવ ઘોષના સૂર વાતાવરણમાં ખૂબસૂરતી પેદા કરી દે છે. 'મિલન' શબ્દ પર ઠહેરાવ અને 'જઈબો' શબ્દ પરની મુરકીમાં કલાકારની સંવેદનશીલતા અનુભવાય છે. ધ્રુવ ઘોષની સંગત એઠલી મોહક કે લાગે કે આ કલાકાર આપણી બાજુ કેમ સાંભળવા મળતા નથી ! સ્થાનિક કાર્યક્રમોમાં આવા કલાકારના સારંગી-વાદનનો એકલ-વાદન કાર્યક્રમ યોજી શકાય. 'પિયામિલન'ના શબ્દો અને સાજિંદાઓના સૂરો આપણને પિયામિલનની તીવ્રતા તરફ લઈ જાય છે, અને સાથે તાનપુરામાંથી પ્રગટતા સંગીતસૂરો આપણને વધુ ને વધુ તીવ્રતાનો અનુભવ કરાવે છે, અને સખીવૃંદના ચહેરાઓ પર મિલનની ઉત્કંઠા દશ્યમાન થાય છે.

ચૈતી ગાનમાં અંતિમ ક્ષણોમાં શ્રોતા 'પિયામિલન'ની પોકારમાં, તારસપ્તકના 'સા', એની ઉપરના સ્વરોમાં વાત સ્પષ્ટ થાય છે. અંતમાં 'પિયામિલન ગરવે' લગાવવાની વાત આવે છે, તે જ ક્ષણે અનીશ પ્રધાનની તબલાં પર મખ્ખનલગ્ગી શરૂ થાય છે, સાથે સારંગી, લગ્ગી સમયે ગાન કેવી રીતે થઈ શકે તે શોભાજીએ 'પિયા... પિયા... પિયા...' આ શબ્દોના ગાન વેળાએ શ્રોતાને સમજાય તેવી વાત બને છે. આ ગાયકી તેમની કમાલ છે. લગ્ગી સમયે ગાન કેવી રીતે ગાઈ શકાય તેની મોહક પ્રસ્તુતિ શોભાજીએ કરી

છે. અંતમાં અવાજ, સારંગી, હાર્મોનિયમ અને તબલાં - બધું જ ધીરેધીરે ફેઈડ અપ થાય છે અને આપણે ગુલાબી મકાનના ચોકમાંથી આપણા જ મકાનમાં ફરી પાછા આવીએ છીએ, ને ઘણા સમય સુધી આપણી આસપાસ ભીમપલાશીના સ્વરો ગુંજતા રહે છે.

આપણા સંગીતમાં 'ઘરાના' શબ્દ પ્રચલિત છે. ગ્વાલિયર, આગરા, કિરાના, જયપુર મુખ્ય ઘરાના ગણાય. ગ્વાલિયર ઘરાનામાં કૃષ્ણરાવ શંકર પંડિત, આગરામાં ઉસ્તાદ ફૈયાઝખાન, કિરાનામાં ઉસ્તાદ અબ્દુલ કરીમખાન, જયપુરમાં ઉસ્તાદ અલાદીયાખાન આ ઘરાનાઓના આ મુખ્ય ગાયકો છે. સાથે ઉસ્તાદ અમીરખાનનું ઈન્દોર ઘરાના અને પંડિત જશરાજજીનું મેવાતી પણ મહત્ત્વનાં જ ગણી શકાય. અને અત્યારે જે પાકિસ્તાન છે તેમાં પતિયાલા અને શામ ચોરાસીને મુખ્ય ગણી શકાય. દરેક ઘરાનાની વિશિષ્ટતાઓ છે, એ રીતે જોઈએ તો પતિયાલા ઘરાનાનો અંદાજ કંઈ ઑર છે ! જેમાં સ્વરના લગાવમાં સ્વરો એકલા આવતા નથી, મહદ્ અંશે કણ સ્વરનો સ્પર્શ થઈને જ સ્વરો લાગે છે, પરિણામે જુદા જ માહોલનો અનુભવ થાય છે. આ ગાયકીના આલાપમાં ચીજના શબ્દો સાથે ગાન થતું હોય છે, તે વખતે રાગનું સ્વરૂપ સ્પષ્ટ થતું જાય છે. સરગમોનું પણ મહત્ત્વ આ ગાયકીમાં એટલું જ છે. તરાના આ ગાયકીમાં આવે તે પણ અતિ શુદ્ધ હોય છે, જેમાં લાગણીનો અંશ પણ હોય છે. મધ્ય લયની ચીજ વખતે સમ પર આવવાની અદાયગી પણ અનોખી હોય છે. આ ગાયકીના કલાકારો ઠૂમરીના બેતાજ બાદશાહો કહી શકાય. બડે ગુલામઅલીખાનની સાથે એમના ભાઈ બરકતઅલીખાનનું સ્થાન પણ એટલું જ ઊંચું છે. દ્રુતમાં સડસડાટ આવતી તાનો ગાયકના રિયાઝનો ખ્યાલ આપે છે અને ક્લિષ્ઠ તાનો બનતી જ નથી. જેમજેમ ગાનનો અંત આવતો જાય તેમતેમ વધુ ને વધુ શ્રોતા રસમય બનતાં જાય છે. જેનો અંદાજ અત્યારે અજય ચક્રવર્તી અને તેમની દીકરી કૌશિકીના જલસામાં પામી શકાય.

વર્ષો પૂર્વે એમ. જે. લાઈબ્રેરી, અમદાવાદના વાચનખંડમાં સુરતથી પ્રકાશિત 'ગુજરાતમિત્ર'ના પૃષ્ઠ પર બડે ગુલામઅલીખાનના ગાયનના કાર્યક્રમની જાહેરાત વાંચેલી. બડે ગુલામઅલી ખાનસાહેબની તીવ્ર ઈચ્છા ભારતમાં સ્થાયી થવાની હતી. કારણ કે વિભાજન સમયે તે પાકિસ્તાન ગયેલા. આ ઈચ્છાપૂર્તિ વડા પ્રધાન મોરારજી દેસાઈના કારણે પૂર્ણ થયેલી અને ખાનસાહેબને નાગરિકતા સાંપડેલી. તે વેળાએ અમદાવાદમાં જૂના પ્રેમાભાઈ હૉલમાં ખાનસાહેબનો કાર્યક્રમ ગોઠવાયેલો. તે સંગીત કાર્યક્રમમાં વડા પ્રધાન મોરારજી દેસાઈ પણ હાજર રહેલા. આ સાથે પાકિસ્તાનના રેડિયો સ્ટૅશન પરથી વર્ષો પહેલાં પ્રસારિત થયેલ બડે ગુલામઅલીખાનના દેશી રાગનું સ્મરણ તાજું થાય છે. સાથે 'સા' પરનો તેમનો ગાયનનો સૂર મંત્રમુગ્ધ કરી દે છે, જાણે કે હૈદ્રાબાદી દમપુખ્ત બિરીયાની ! ગાયકીની સંગત તબલાંની, વિલંબિત લયમાં અતિ વિશ્વાસુ ગણી શકાય. ચીજના બોલ છે 'જા રે કાગા જા...', સાથે એમના સુપુત્ર મુનવ્વરઅલીનો લયબદ્ધ સાથ અતિ મુલાયમ છે. આ સંગીતની જબાનને અત્યંત મીઠી કહી શકાય. સાથે સુગંધિત ફુવારા ઊડતા હોય તેવી અટપટી તાનો ખૂબ જ સરળતાથી ગવાય. સમ પરનો એમનો મુકામ, એ વેળાએ આપણે સુભાનલ્લા કહેવું પડે ! સાથે થોડોક લય વધે અને દેશી રાગના સ્વરો પર અત્યંત સૂક્ષ્મ ગાન થાય છે, ને સાથે ભાવાત્મક પુકાર તારસપ્તકમાં તો ખરી જ ! અવાજ અચાનક નાનો થઈને તરાનાની શરૂઆત થાય છે, જે આપણને વિચારમાં મૂકી દે છે, કારણ કે કોઈ જગ્યાએ કર્કશતા નહિ !

દેશી પછી ભૈરવીમાં ઠૂમરી, જેમાં ખાનસાહેબનો અંદાજ કંઈક અનેરો ! તબલાંની મેળવણીમાં પણ મુલાયમતા. બોલ છે 'બાજુબંદ ખુલ ખુલ જા...', જેમાં સરગમો ખાસ ધ્યાન ખેંચે તેવી છે. 'સાંવરિયા' શબ્દની સાથે સ્વરોની મજા પૂરેપૂરી છે. મધ્ય લયમાં ઠૂમરી ગાનમાં કથ્થકની ઝલક ઝીલાય ! ભૈરવીના બારેય સ્વરોનો ઉપયોગ કરી સંગીતમાં ચમત્કારનો અનુભવ કરાવે છે. ઠૂમરી ગાનમાં કથ્થક નૃત્યમાં આવતાં રિસામણાં-મનામણાંની છેડછાડ બડે ગુલામઅલી ખાનસાહેબના ભૈરવી-ઠૂમરી ગાનમાં વ્યક્ત થાય છે. શ્રોતા આફરીન આફરીન પોકારી ઊઠે.

ઉપર્યુક્ત રચનાઓ યૂ-ટ્યૂબ ઉપર ઉપલબ્ધ છે - વાચકોની જાણ ખાતર. આ રચનાઓના શ્રવણ સમયે મનમાં સ્વરોનું ઘેન ઉપજાવી, સ્વરો પર મન કેન્દ્રિત કરી, આંખો બંધ કરીને આ સંગીતરચના સાંભળવી, જે યૌગિક અનુભવ કરાવશે... જય હો !



# હમાર તો ઠાકુર સા'બ

– શ્રી હિમ્મત કપાસી

શ્રી લાભશંકર ઠાકર અથવા લા.ઠા. પણ હમાર તો ઠાકુર સા'બ. આસપાસ ઠાકુરદા નજરે પડતા નથી એ નક્કર હકીકત. આ ક્ષણે અનેક અવાજોમાંથી ઉપસી આવે છે નુસરતના કબાબી કંઠમાંથી સરકી પડતા રાગ દરબારીના માદક સ્વરો. દરબારી એટલે કોણ જાણે પાલનપુરી સા'બ સૈયદ યાદ આવે. તે સંગીતમાં માત્ર રાગ દરબારી જ સાંભળે. ઓસમાન મીરના મીઠા અવાજમાંથી ટપકતું ગીત 'ઓરી સખી મંગલ ગાવો રી', આય દરબારીનો જ મામલો છે. આ માહોલમાં સ્મૃતિઓ સળવળતી સળવળતી અતીત રાગમાં રૂપાંતરિત પામે છે.

સપ્તાહના અંતિમ દિને ખખડધજ લેમ્બ્રેટા પર સવાર થઈ પહોંચી જવાનું ટાઉન હોલ હેવમોર પર. સ્કૂટરને સ્ટેન્ડ પર સ્થાપિત કરી જવાનું ખૂમચે પાન પર. એક-બે નકલને ખીસામાં સેરવીને પહોંચી જવાનું શ્વેતરંગી ધ્વજ ફરકતો હોય તે ટેબલ પર. મહદ્ અંશે બાલભાઈની પાસેની ખુરશી પર આસનસ્થ થવાનું. ''આઈએ સા'બ, આઈએ સા'બ,'' જેવા શબ્દો મનમાં સાંભળી લેવાના. બધામાં ચમકી જાય ચિનુભાઈ, આદિલ અને આફતાબે શબ્દ ઠાકુરદા. આપણે તો બાળસહજ જિજ્ઞાસુ. અત્યારે નજર સામે 'ઈન્સિંગ' છે, જેમાં જે કદીયે બેસૂરા ન થાય તેવા કિશોરકુમારના અવાજમાં ગીતનું વહન થાય ને તબિયત ખુશગવાર થઈ ગઈ. સ્વરોનું આક્રમણ થાય ત્યારે બધું અટકી જાય છે. આપણી અસલ વાત તો ઠાકુરદાની છે. આ છોટી સી સભામાં ઠાકુરદા જ્યારે જે કંઈ બોલે ત્યારે તે સાંભળવું જ પડે એક ચિત્તે. બિથોવનના સંગીત જેવું. આજુબાજુ મન ફરકી ન જાય તે ખાસ ધ્યાન રાખવાનું. મનમાં રહેલા અનેક પ્રશ્નોના જવાબ તો મળે જ ને સાથે ગલત ભાવુકતા છિન્નભિન્ન થઈ જાય. ધરમ પોથીના લીરેલીરાં ઊડી જાય.

કલામાં અસલ વાત કઈ છે તે સ્પષ્ટ થવા માંડી જેમ કે ચિત્રામાં શરબતી પનિહારીનો માંમલો, 'નાટકમાં ખાખા ખીખી થયા જ કરે.' કવિતામાં કિરતાલનો કકળાટ, સિનેમામાં માત્ર શાહરૂખી અદાઓ, આ બધું ના ચાલે એટલે ના જ ચાલે. આ સમાજનો કોઈ નબળો આવી પડે તો બેવકૂફની ત્રાડ પાડે.



પછી ધીમે ધીમે 'હેવમોર'ની ખુરશીઓ અદશ્ય થવા માંડે ત્યારે સૌના ચરણ જાય 'મહેતા'ની દિશામાં અને અસલી જમાવટ તો 'મહેતા' પર. શરૂઆતમાં અંદરના ટેબલ પણ ગોઠવાવાનું. અત્રે અનુભાઈ, સુલેમાન, જલન માતરી જેવા મજેદાર માણસો હોય. જલન માતરીને મુશાયરામાં મહેફિલને લૂંટતી જોઈ છે. પરંતુ અત્રે કવિતા, જિંદગી પર તેમની વાતોમાં જલસા પડે. આ બધા ઠાકુરદાની હાજરીમાં ચગે. ચગાવવાની ચાવી ઠાકુરદા પાસે. રાત જામે એટલે બહાર ઓટલા પર બાલભાઈની નિગરાની નીચે સ્પેશ્યલ મજાઓ. ખાખીરંગી તાજ સુગંધિત થઈ જાય. કોઈ પણ વાતનો અંત આવે છે. તેમ ધીમે ધીમે બધા ઘર તરફ. સામેની દિશામાં મોડી રાતે ગલ્લા પરથી પાન. માલિક પાન એટલા પ્રેમથી આપે કે પાન પાન ના રહે. પછી 'હેવમોર'ની ગલી તરફ નજર કરવાની. ખખડધજ 'લેમ્બ્રેટા' દેખાય તો જવાનું, નહિ તો રિક્ષામાં ઘરે. જે વાત પર ઠાકુરદા બહુ હસે અને તેમનો તકિયા કલામ ક્યા બાત હે, પછી સૂમસામ રસ્તા પરથી જવાનું. કોઈ કોઈ વાર તો તે જ રસ્તા પરથી છેવટે ઘરે આવે. ઘરની ચાવી લેવાની રહી ગઈ હોય તો બારી, પાઈપની મદદથી ધાબે ચડી જવાનું અને ધાબા પરથી સીડી ઊતરીને સીધા પથારી પર. અત્યારે તો આ વાત માની શકાતી નથી. આવું તે બને? ઠાકુરદાની મસ્ત કંપનીમાં આવું તો સતત બને. હવે દ્વારે દ્વારે નગરી નગરી કરતા બીજા શહેરોની થોડીક નુકતેચીની. આમાં ચારની કંપની ઠાકુરદા, બાલભાઈ, દિનુભાઈ અને સ્વયં પોતે. જ્યારે આકાશમાં વાદળો ઘેરાય ત્યારે બધાનાં મન થનગન થનગન થાય.

એક નગરી છે ઉદિયાપુર, ગુલબી અને માંડુ.

વાદળોની છાયા નીચે અમદાવાદ સરકતું જાય અને ટેપ પરથી પ્રગટ થતા સ્વરોની સાથે બધાનો મિજાજ બદલાતો જાય. ઉદિયાપુરમાં પ્રવેશતાની સાથે જ સ્થાનિકોની સહાયથી એક ફાર્મ પર ડોમની કન્યાઓના નૃત્યની વ્યવસ્થા થઈ ગઈ. ઘુમ્મર નૃત્ય માટે જ બનેલી નર્તકીઓ. રાજસ્થાની ઘુમ્મર ગીતનો ટ્યૂન ખતમ કરી નાખે તેવો છે, સાથે બધાએ પણ નૃત્ય કરેલા, જેમાં બાલભાઈ લાજવાબ. પછી સવાર પડી, હૉટલના રૂમમાં કશુંજ કરવાનું નહિ. એમ્ફોરા, થ્રી ગનની હાજરી. ઓરડાની બારી ખુલી તે સામેના મકાનની લાલ, પીળા, વાદળી ગ્લાસથી મઢેલી બારીઓ ખુલી. ઘરની સ્ત્રીઓનું દર્શન થયું ! જાણે કે રાજસ્થાની પેઈન્ટિંગ. પછી ગુલબી એટલે જયપુર, જયપુર એટલે અમારા મંજુબહેનનું ઘર. સ્ટેશન પર વિશ્વવિખ્યાત ગિટારવાદક શ્રી વિશ્વમોહન ભટ્ટ લેવા આવેલા. તે સમયે વિશ્વમોહન એકદમ નાની ઉંમરના. સાથે તેમના પત્ની. પત્ની પરધર્મી પણ ઘરના વાતાવરણથી એકદમ તૈલંગણ બ્રાહ્મણ જેવી. વિશ્વમોહનજીના સૂચન મુજબ સીડી ચઢીને ટેબલ-ખુરશી પર ગોઠવાયા. ઘીમાં તરબોળ અસલી દાલ-બાટી અને સાથે ચૂરમું ને અડદની દાળ, જલસો પડી ગયો. હજુયે તે સ્વાદ યાદ આવે ત્યારે ક્યા બાત, ક્યા બાત થઈ જાય. ને સાથે રુંવું આવી જાય. બીજે દિવસે મંજુબહેનના ઘરની મુલાકાતે. સર્વે અતિ અતિ મીઠાશથી ભરપૂર. ખાસ તો તેમની ભાષા અને મીઠી મીઠી વાણીની પ્રસ્તુતિ. ઠાકુરદા કહે કે ધન્ય થઈ ગયા. કોઈ જગાએ કર્કશતા નહીં. ધીમા અવાજમાં સર્વે બોલે. દિવસે જયપુરના કચોરી-સમોસાના અડ્ડા પર જવાનું ને સાથે કૂલડીમાં ચા. આ કચોરી અને સમોસાનો સ્વાદ બીજે મળશે જ નહીં. બીજે તો માત્ર બનાવટ જ. રસ્તા પરથી પસાર થતા માણસો નિહાળવાના. તંદુરસ્ત યુવાન અને યુવતીઓ. રંગબેરંગી શાલનો ગજબનાક માહોલ.

જયપુર પછી માંડુ, દાહોદ, રાજગઢ થઈને ધારાનગરી પહોંચી જવાનું. અમરતી અને બટાટા પૌંવાનો નાસ્તો અને તરત સમજાય કે આપણે ત્યાં તો નામ એજ પણ માત્ર બનાવટ. આ જાતનો ઠાકુરદાનો સખત મત. હવે દાસ્તાને માંડુ. માંડુની કથા મજેદાર તો ખરી પરંતુ થોડીક ભયવાહી પણ ખરી. માંડુમાં રહેવાનું સ્થાન અદ્ભુત, ખાસ રઈસો માટેનું. અમે બધા ખાસ જ હતા ને. અમારા મહેલની છત પરથી સામે જહાજમહલ દેખાય જે વરસાદમાં તરતી સ્ટીમરનો ભાસ કરાવે. આકાશ કાળું કાળું ને સાથે ધોધમાર વરસાદ. મધ્ય પ્રદેશથી ગુજરાત સુધી. ઈન્દોરથી એક ડ્રાઈવરને ઝડપી લીધેલો. ગાડી શરૂ થતા જ બિલાડી સડક પરથી ઊતરી પડી. ડ્રાઈવરે મનમાં પ્રાર્થના કરી. લૂકિંગ ગ્લાસમાંથી કશું જ દેખાય નહીં. ધ્રુબાંગ ધ્રુબાંગ કરતો ગાંડોતૂર વરસાદ, ઘોર જંગલ, કારમાં ચુપકીદી. કાર એકાએક અટકી પડી. રસ્તાની વચ્ચે એક ઝાડ પડેલું, પળભર તો બધા મુંઝાયા. ઠાકુરદા અને બાલભાઈએ નીચે ઊતરીને તપાસ કરી. પછી સૌએ એ વિકરાળ વૃક્ષને જોર લગાડીને, ખસેડીને થોડો રસ્તો કર્યો અને મહામુશ્કેલીએ ગાડી પાર કરી. ધીમે ધીમે ગુજરાતની નગરીઓ દેખાવા માંડી. ખબર ના પડી પણ ગુજરાત વહાલું લાગ્યું. છેવટે અમદાવાદમાં પ્રવેશ કર્યો. આ તો બધી થઈ નગરી નગરીની વાતો.

અસલ વાત તો છે 'આકંઠ સાબરમતીની', સાથે સાથે ઠાકુરદાની મસ્તીની. જેમ કે વિદ્યાનગરના પટાંગણમાં કુસ્તીનો ખેલ. પહેલવાનોમાં કૅમેરામૅન શ્રી અનુભાઈ ને કાંકરોલીવાલે શ્રી દ્વારિકાપ્રસાદ સાંચિહર, સાંચિહર એટલે જેઓશ્રીએ ગાયના શિંગડા પકડીને ગાયને રસ્તો બદલાવેલો. શરતનો મામલો હતો. કુસ્તીની જાણકારી જેમને છે એવા બાલભાઈ રેફરી. દ્વારકાજીએ એક જ સેકન્ડમાં અનુભાઈને ચત્તા કરી દીધા. હો હા થઈ ગઈ. જોકે આખો ખેલ હતો નિર્દોષ, મજાક-મસ્તીનો એટલે જોરદાર નાસ્તા - પાણીનો. હવે આકંઠની નુકતેચીની. વાસ્તવમાં ખેલ શરૂ કર્યો હતો મધુ રાયે. પછી વાત ઉપાડી લીધી ઠાકુરદાએ. બાલભાઈ એટલે ખ્યાતનામ ચિત્રકાર બાલકૃષ્ણ પટેલ. આખંડમાં મુખ્ય મામલો લીલયા નાટકની વાત હતી. ટુકડીમાંથી એક જણ વિચાર લાવે પછી બીજા બે-ત્રણ તે વિચારને સાભિનય રજૂ કરે. કમાલની વાત છે. આ નાની વાતમાંતી જોત જોતામાં મોટી વાત થઈ ગઈ. ઠાકુરદાની કૅપ્ટનશિપ નીચે મુંબઈથી ગુજરાતના ગામડા સુધી હવા લહેરાઈ. ઠાકુરદાનું નાટક 'આપણે રસ્તો ચૂક્યા નથી' મુંબઈના પ્રેક્ષકો બુદ્ધિશાળી બની ગયા. પછી ખુશાલીમાં સ્વ. વેણીભાઈને ઠૂમકા લેતા જોયેલા. પ્રવીણ જોશી જેવા હતપ્રભ થઈ ગયેલા. ગ્રામ્ય પ્રદેશમાં સંભળાતો 'ટીલડી'નો અવાજ. જેમાં દિવા પાંડે અને સરુપ ધ્રુવની કમાલ. સુરતના નાટ્યપ્રયોગો વખતે પૌરાણિક પાત્ર હોવા છતાં મુકુંદ પરીખનું ચશ્માં સાથે પ્રવેશવું ને સુરતીઓ હસતા હસતા પાગલ થઈ ગયા અને 'ફાધર પીટ્રી' સમયે ટોપીઓ સાથે કૂદતા કપાસીસાહેબને જોઈને મધુ રાયના માતુશ્રી હસી હસીને લોથપોથ થઈ ગયેલા. વિરલ દૃશ્ય. બાથટબમાં માછલી કે એ જાતના નાટકોમાં વારંવાર મેળવણ લેવા આવવું. ઠાકુરદાનું 'વૃક્ષ' તો અમર થઈ ગયું. જોઈ બાલભાઈની કમાલ. નજીકના માણસોની સ્વાર્થવૃત્તિ પર જોરદાર ચાકુબાજી. આવું તો કેટકેટલું, અંતમાં વિચાર આવે છે. જો જિંદગીમાં ઠાકુરદાની સંગત ના થઈ હોત તો આપણે પણ બિલકુલ બાઘા કે ડફોળ અને સાચા અર્થમાં લઘરા જ હોત. જય ઠાકુરદા.

# હિંમતલાલ કપાસી : એક વાર્તાલાપ

— આરાધના ભટ્ટ
(નવનીત - સમર્પણમાંથી)

કોઈ પણ કલાને પાંગરવા માટે, કલાઓની ઉપાસના કરતાં કલાકારોની નિષ્ઠા જેટલી અનિવાર્ય છે, તેટલું કે તેનાથી વધુ અનિવાર્ય છે કલામરમીઓનું હોવું. અને એમના દ્વારા કલાકારો અને કલાઓનું એક ઠેકાણું હોવું. સંગીતને જેટલી જરૂર તાનસેનની છે એટલી જ જરૂર કાનસેનની છે. કલાઓને પોષવાનું જે કામ એક સમયે આપણાં રાજા-રજવાડાંઓ કરતાં, તે કાર્ય આજે કલાસંસ્થાઓ કે શ્રી હિંમત કપાસી જેવાં સંસ્થા સમાન વ્યક્તિત્વો પર આવી પડ્યું હતું. હિંમતભાઈની કલાભિમુખતા કોઈ એક કલા પૂરતી સીમિત નહોતી. છતાં એમનો કલાપ્રેમ વિવેકપૂર્ણ હતો. સત્ત્વશીલ હોય એ જ એમને ખપે. સંગીત, સાહિત્ય, નાટ્ય, ફિલ્મ, આ બધી જ કલાઓ અને એના સાધકોને એ દાયકાઓથી પોંખતા આવ્યા હતા. નેવું વર્ષને આરે આવ્યા ત્યાં સુધી ટટ્ટાર ઊભેલા અમદાવાદના શ્રી હિંમત કપાસી એમના ભર્યાભર્યા પરિવાર સાથે સંવાદપૂર્ણ જીવન જીવી રહ્યા હતા. એમનું ઘર એમના પછીની ત્રણ પેઢીઓનું નિવાસસ્થાન છે. વાતોના દોરમાં વચ્ચે વચ્ચે પોતાનું આઈ-પેડ ખોલીને યુ-ટ્યૂબ ઉપર એમના પ્રિય ગાયક-વાદનનું સંગીત આપણને સંભળાવે ત્યારે, 'સાઉન્ડ ક્વૉલિટી બહુ સરસ છે, અવાજ ક્યાંથી આવે છે ?' એવું સહજ પૂછાઈ જાય છે. સામે ગોઠવેલું અત્યાધુનિક સ્પીકર બતાવીને એ કહે છે 'આ સ્પીકરમાંથી. આ બોઝનું એક સ્પીકર વસાવ્યું એટલે બસ, મજા છે.' નેવું વર્ષના આ યુવાન રોજેરોજ ઈ-મેઈલ વાપરે, ક્યાંક ક્યાંક સારું વાંચવામાં આવે તો ઊલટભેર એના લેખકને કે કવિને ઈ-મેઈલ દ્વારા અભિનંદન આપે. આ વયે પહોંચેલી વ્યક્તિમાં સામાન્યપણે સાંભળવા મળતી ફરિયાદો, કટુતા, હતાશાનું નામોનિશાન એમની વાતોમાં ક્યાંય સાંભળવા મળતું નહિ. ગયા વર્ષે એમની સાથે કરેલો વાર્તાલાપ એમને અંજલિરૂપે.

**પ્ર.** : આપનું નામ એક કલાપારખું, કલામરમી તરીકે અનેક કલાઓ સાથે સંકળાયેલું છે. આ કલાપ્રેમનાં મૂળિયાં ક્યાં રહેલાં છે ?

**ઉ.** : મને લાગે છે કે દરેક વ્યક્તિમાં એક સત્ત્વ તો હોય છે, એ તત્ત્વને જો સંજોગો મળે, આજુબાજુથી સંસ્કાર મળે તો એ ધીમેધીમે વિકસીને ક્લાઈમેક્સ ઉપર જતું હોય છે. આમાંનો હું કોઈ નસીબદાર માણસ ખરો કે મારામાં આવું કંઈ તત્ત્વ હશે ને મને આજુબાજુ એવું વાતાવરણ મળ્યું જેથી દરેક કલામાં રસ શરૂ થયો. પહેલાં તો સંગીતની વાત કરું તો અમે શહેરમાં, પોળમાં રહીએ. ત્યાં પરોઢમાં એક વ્યક્તિ રાવણહથ્થા સાથે આવતી, ને એ સુંદર ભજનો ગાય. એટલે મન ઉપર એની અસર થાય. બીજું એ કે ઘરમાં મારા મોટા ભાઈ હતા, એ બહુ સરસ રીતે ગીતો ગાતા, ખાસ કરીને સાયગલનાં. એમનો અવાજ અને સાયગલનાં ગીતો. એ વખતે સાયગલની 'દેવદાસ' ફિલ્મ આવેલી, એની અમારી શેરીમાં જાહેરાત થાય. એ જાહેરાત કરવા અમુક માણસો આવે અને સુંદર હાર્મોનિયમ વગાડે, હાથમાં સાયગલનાં પૂતળાં હોય. એ લોકો આવે એટલે બહેનો ઘરમાં કામ કરતી હોય તે કામ છોડીને ઓટલા ઉપર આવી જાય. એટલે સાયગલનો અવાજ મન પર ઈમ્પ્રિન્ટ થઈ ગયેલો. આ એક વાત છે. બીજું, ખાસ તો અમારી પોળના નાકા પર એક સંગીતનો વર્ગ શરૂ થયેલો - પુરુષોત્તમ રતિલાલ બાદશાહ કરીને હતા, તે ચલાવતા. એ ક્લાસમાં મેં જવાનું શરૂ કર્યું, એ ગંધર્વ મહાવિદ્યાલયનો કોર્સ કરાવતા. હું સ્કૂલના લગભગ આઠમા-નવમા ધોરણમાં આવ્યો હોઈશ ત્યારે હું સંગીતવિશારદ થઈ ગયો. એટલે સ્વર અને લયની પ્રાથમિક સમજ મને પડી. અને પછી આજુબાજુના મિત્રો પણ એ વર્ગમાં આવતા એટલે એવું વાતાવરણ મળ્યું, કારણ કે એ વખતે પણ અમદાવાદમાં કલાનું વાતાવરણ તો હતું જ.

**પ્ર.** : કલાપ્રેમ તો ખરો, પણ વ્યવસાયે આપ આજીવન શિક્ષક રહ્યા. અને માત્ર શિક્ષક તરીકે કે આચાર્ય તરીકે આજીવિકા રળી ખાધી એટલું નહીં, પણ આપે અમદાવાદની વિદ્યાનગર સ્કૂલ ચલાવી અને હવે આપના પછીની પેઢીઓ પણ એનું સંચાલન કરી રહી છે. શાળા ચલાવવી એ એક ભગીરથ કામ છે, એનો વહીવટ કરવો, એની આંટીઘૂંટીઓ ઉકેલવી... આપે તો પહેલાં બુક-સ્ટૉર શરૂ કરવો હતો, એમાંથી આ બધું કઈ રીતે બન્યું ?

**ઉ.** : મારા મોટા ભાઈને પહેલેથી મારામાં રસ હતો. અને એમને એવું લાગતું હતું કે આને સ્કૂલમાં ગોઠવી દઈએ તો મજા આવે. સ્કૂલનું મકાન તો અમારું પોતાનું જ હતું. સંજોગો અનુસાર મોટા ભાઈને મુંબઈ જવાનું થયું અને એ વખતે બી.એ. માં પ્રમાણમાં સારા કહેવાય એવા મારા માર્ક્સ આવ્યા. એમણે મને સૂચન કર્યું અને પહેલાં તો મેં ના પાડી. પણ પછી હું બેસી ગયો. મને લાગ્યું કે સ્કૂલ સચવાય એ તો ખરું પણ મને સાહિત્ય-સંગીતમાં જે રસ છે તે બધું સરસ રીતે ગોઠવવું હોય તો

આ વ્યવસાય સારો છે. એટલે આવી રીતે આમાં અકસ્માતે આવી ગયેલો માણસ છું. આવું દરેકના કિસ્સામાં નથી બનતું, પણ મારા કિસ્સામાં બન્યું. આપણને ગમતો વિષય કે વ્યવસાય જો હાથમાં આવી જાય તો પછી બહુ કમાલ થઈ જાય છે.

**પ્ર.** : સ્કૂલ ચલાવવામાં કેવા અનુભવો થયા?

**ઉ.** : મને તો કંઈ બહુ તકલીફ પડી નથી. એ સમયે શું હતું કે શિક્ષકોની પસંદગી આપણે જ કરવાની હતી. સરકારની કોઈ દખલગીરી નહોતી. એટલે આપણને અનુકૂળ પડે એવા સરસ મજાના શિક્ષકોને આપણે રાખ્યા. બીજું એ કે, એકદમ લિબરલ વાતાવરણ હોવું જોઈએ એવી મને ઘરમાંથી જ તાલીમ મળેલી. એટલે સ્કૂલમાં પણ મેં પહેલેથી એવું જ વાતાવરણ રાખ્યું. શરૂઆતમાં મને અને કેટલાક શિક્ષકોને તરવાનો બહુ શોખ. અમારા ઉસ્માનપુરા ગામ પાસે એ વખતે નદી બહુ સરસ હતી. તો કોઈ કોઈ વખતે થોડો વહેલો બેલ મારીને અમે ત્યાં જતા રહીએ. આવી બધી મજાઓ કરતા અને મજાની સ્કૂલ ચાલી.

**પ્ર.** : શિક્ષણના આપના પ્રયોગશીલ અભિગમ વિશે ઘણું સાંભળ્યું છે. એનાથી શિક્ષણની આપની વિભાવના વિશે જાણવાનું મન થાય છે.

**ઉ.** : શિક્ષણની મારી વિભાવના મને ક્યાંથી મળી એ તો ન કહી શકું, પણ મારા મોટા ભાઈએ મારામાં આવું બધું જોયું હશે, કારણ કે મને સાહિત્યમાં, સંગીતમાં, નાટકોમાં, સરસ રીતે બધું કામ થાય એમાં, રસ. મને થયું કે મારા જે બધા રસો છે એનો વિકાસ કરવો હોય તો આ એક લાઈન છે. એટલે એમ બધું જુદી રીતનું થયું. બી.એડ્. તો મેં સ્કૂલમાં જોડાયો પછી, ઘણું પાછળથી કર્યું. સ્કૂલમાં ઘંટ વાગે તે મને ગમે નહીં, મને એ જેલ જેવું લાગે. એટલે અમે ઘંટના બદલે સંગીત વગાડતા. અને સંગીતમાં પણ ઘણું વૈવિધ્ય રાખતા. બીથોવનથી માંડીને રવિશંકર સુધીનું સંગીત વાગે. સૌમ્ય જોશી, અભિજિત જોશી એ બધા મારા વિદ્યાર્થીઓ. અભિજિતે ઘણી જગ્યાએ કહ્યું પણ છે કે એને સંસ્કાર સ્કૂલમાંથી મળેલા. સનત વ્યાસ પણ અમારા વિદ્યાર્થી. બધી રીતની અનુકૂળતા થઈ ગઈ અને કંઈક નવું જ થવા માંડ્યું. મને ક્રિકેટમાં પણ બહુ રસ. પાર્થિવ પટેલ પણ અમારો વિદ્યાર્થી.

**પ્ર.** : મેં સાંભળ્યું કે પાર્થિવ પટેલ ક્રિકેટ રમતા હોય ત્યારે વિદ્યાનગર સ્કૂલમાં રજા પડતી.

**ઉ.** : એમ સમજોને કે ક્રિકેટ રમાતી હોય તો અમારે ત્યાં રજા જ હોય. ક્રિકેટ શરૂ થાય એના કલાક પહેલાં તો હું જ એ જોવા ગોઠવાઈ જતો. એક જમાનામાં હું ક્રિકેટ રમેલો પણ પછી આપણે રમતા ન હોઈએ ત્યારે આ રીતે આપણે રમીએ. એટલે એમ ક્રિકેટમાં મજા કરી, વૉલીબૉલમાં મજા કરી. આ બધી રમતો પણ સ્કૂલમાં બહુ સરસ રીતે ચાલતી હતી.

**પ્ર.** : વિકસિત દેશોની સરખામણીએ આપણી શિક્ષણવ્યવસ્થા ઘણી રીતે ઊણી ઊતરી છે એવી ફરિયાદો ઊઠે છે. આપને એવું લાગે છે?

**ઉ.** : એ વાત તમારી એકદમ સાચી છે. એમાં શું છે કે સરકારની વધારે પડતી દખલગીરી આવી. મારા કિસ્સામાં હું જોઉં છું કે અત્યારે મારે શિક્ષક રાખવો હોય તો હું મારી તબિયતનો શિક્ષક ન રાખી શકું. સરકાર મોકલે એ જ શિક્ષકથી મારે ચલાવવું પડે. અને મને ગમતું નથી પણ હકીકત એ છે કે ગુજરાતી માધ્યમમાં ભણવા આજે કોઈ તૈયાર નથી. મારા પટાવાળાનો ભાઈ પણ અંગ્રેજી મીડિયમમાં ભણે છે. ગુજરાતી માધ્યમ એ જ ખરેખર અમારી સ્કૂલની આઈડેન્ટિટી હતી. પણ પછી છેલ્લાં થોડાં વર્ષથી એવું થવા માંડ્યું કે ગુજરાતીમાં ભણવા કોઈ આવે નહીં, અને આપણે આપણી સલામતી પણ જોવી પડે, એટલે અમારે પણ અંગ્રેજી માધ્યમ સ્કૂલ શરૂ કરવી પડી. એટલે હકીકત આ છે. મને પોતાને તો અંગત રીતે આમાં બહુ પ્રશ્નો થાય છે કે આપણા મધુ રાય લખતા હોય કે લાભશંકર લખી ગયા, એ બધું હવે કોણ સમજશે? આપણાં 'નવનીત સમર્પણ' છે, 'સમીપે' છે, 'એતદ્' છે. એ બધાં આપણાં ઉન્નતભ્રૂ સામયિકો કહેવાય. આપણે તો એમાં રસ લઈએ છીએ, પણ ભવિષ્યમાં શું થશે? ટૂંકમાં, જે મજા પહેલાં હતી તે આજે નથી અને એનાં કારણોમાં મુખ્ય સરકારીકરણ.




તા. ૫-૯-૨૦૦૫ શ્રેષ્ઠ કેળવણીકારએવોર્ડ
જસ્ટીસ શ્રી બી. જે. દિવાન સાહેબના પ્રમુખ સ્થાને

પ્ર. : હિંમતભાઈ, વિદ્યાનગર સ્કૂલ, પછી 'સપ્તક' સ્કૂલનું ઘર બની, એ 'સપ્તક' જે સંસ્થાએ ગુજરાતને શાસ્ત્રીય સંગીતના રાષ્ટ્રીય ફલક ઉપર મૂકી આપ્યું છે. એ 'સપ્તક' સંસ્થાના પાયામાં આપે પણ ભૂમિકા ભજવી છે.

ઉ. : 'સપ્તક'માં તો તેનો મુખ્ય માણસ નંદન મહેતા. નંદન મહેતાની અને મારી બાળપણની મૈત્રી. અમારી વચ્ચે ઉંમરનો તફાવત તો ઘણો હતો પણ મારી સાથે કોઈને ઉંમરના તફાવત બહુ રહેતા નથી. એ મારા કરતાં ચૌદેક વર્ષ નાના હતા. નંદન મહેતાને 'મેડનેસ' કહીએ એવો સંગીતમાં ભયંકર રસ. એના પિતા યશોધરભાઈ, બેરિસ્ટર હતા અને દાદા નર્મદાશંકર, વેદાંત ફિલોસૉફીના બહુ મોટા જ્ઞાતા હતા. એના માનાપક્ષે પણ બધા એવા જ હતા. ચિનુભાઈ બૅરોનેટને ત્યાં રવિશંકર, ઉદયશંકર બધા ઊતરતા. એટલે સંગીતમાં રસવાળા લોકો, અમે બધા, અમુક વખતે ભેગા થઈએ. એમાં નંદન મહેતા, અતુલ દેસાઈ, બ્રિજભૂષણ કાબરા, એ ત્રણેય જણ સખત મહેનત કરતા. હું આ બધા કરતાં ઉંમરમાં મોટો, પણ મારા ઘરમાં ફ્રીડમ બહુ, મારે ત્યાં સંગીત સાંભળવાની વ્યવસ્થા પણ સારી. એ વખતે પણ અમારા ઘરમાં સ્ટીરિયો ને એ બધું હતું. એટલે અમે ભેગા થઈને સંગીત સાંભળીએ, એની ચર્ચા થાય. એમાં નંદનને એક ઝનૂન હતું કે સંગીતની એક સ્કૂલ શરૂ કરું. નંદને પહેલા 'દર્પણ'માં શરૂઆત કરેલી, પણ ત્યાં પછી કોઈક કારણસર એને મજા ન આવી. એટલે પછી એણે મને પૂછ્યું. અમારી સ્કૂલનું મકાન તો હતું જ, એટલે મેં હા પાડી. પછી તો નંદનના લગ્ન મંજુ મહેતા સાથે થઈ ગયાં, એટલે એ પણ અમદાવાદ આવી ગયા અને અમારી બધાની કંપની થઈ ગઈ. નંદન મહેતાને બધા કલાકારો સાથે પરિચય. સપ્તક સમારોહ ૧૯૮૦માં શરૂ થયો અને એમાં સૌ પ્રથમ પંડિત રવિશંકર અને કિશન મહારાજ હતા. કિશન મહારાજ નંદનના ગુરુ અને એને કિશન મહારાજ પ્રત્યે અપ્રતિમ પ્રેમ અને આદર. અમદાવાદમાં પણ બનારસી તબલું જ વાગવું જોઈએ એવી નંદનની જીદ. એ પહેલાં પણ અમદાવાદમાં છેક ૧૯૫૦થી સંગીતના કાર્યક્રમો તો થતા જ હતા. એ વખતે ગિરીશચંદ્ર દેસાઈ, જે અતુલ દેસાઈના પિતા થાય, એ હતા. બીજા વામનરાવ ધોળકિયા, વકીલ હતા. જેમના પૌત્ર રજત ધોળકિયા આજે ફિલ્મોમાં સંગીત આપે છે. એ વખતે પ્રોગ્રામની ટિકિટો દસ-પંદર રૂપિયાની હતી. અને એ વખતે એક 'લલ્લુ કરસન હૉલ' હતો ત્યાં પ્રોગ્રામો થતા. હીરાબાઈ, કેસરબાઈ, બિસ્મિલ્લાહ, ઓમકારનાથ એ બધાને મેં ત્યાં સાંભળેલાં ને એની ખૂબ મજા આવતી. ૧૯૫૦માં તો અતુલભાઈ, નંદનભાઈ બધા ખૂબ નાના. નંદન ખૂબ નાનો હતો ત્યારે એણે મુસ્તાક હુસેન ખાં કરીને એક સિતારવાદક હતા એમની સાથે સંગત કરેલી. નંદનના પિતાને આ બધું બહુ ગમતું નહીં. પણ નંદન સાઈકલ પર તબલું બાંધીને બહાર જતો રહેતો અને સંગત કરતો. સપ્તક સમારોહ પહેલાં લાયન્સ હૉલમાં થતો, ત્યાં લગભગ બસો-અઢીસો માણસો આવતા, ને બે-ત્રણ દિવસનો કાર્યક્રમ થતો. પછી લોકોને મજા આવવા માંડી એટલે કાશીરામ હૉલમાં સાત દિવસનો પ્રોગ્રામ થયો અને હવે, બહુ સરસ જગ્યાએ તેર દિવસનો પ્રોગ્રામ થાય છે. હવે, સપ્તક સમારોહ એવો જામી ગયો છે કે જાન્યુઆરી આવે એટલે મોટી સંખ્યામાં એન.આર.આઈ. પણ લગભગ ત્રણસો-ચારસો જેટલા આવે છે. અત્યારે એના આયોજનમાં મુખ્ય મંજુબહેન છે. અને સારા કામમાં પૈસા કદી ઓછા પડતા નથી. અમે બધા સંગીતના રસિયાઓ એની સલાહકાર સમિતિમાં છીએ. સરેરાશ રોજના બે-ત્રણ હજાર માણસો કાર્યક્રમમાં આવે છે, અને બધું એની જાતે સરસ રીતે ગોઠવાઈ ગયું છે.

પ્ર. : સંગીતને લાગેવળગે છે ત્યાં સુધી ગુજરાત મરુભૂમિ કહેવાય છે. 'સપ્તક' સ્કૂલ અને આ સંગીત સમારોહ, ગુજરાતમાં શાસ્ત્રીય સંગીતનું વાતાવરણ ઊભું કરવામાં કેટલી હદે સફળ થયાં છે એમ માનો છો?

ઉ. : આજે તમે જુઓ કે જે શ્રોતાઓ કાર્યક્રમોમાં આવે છે એમાં સૂર અને લય સમજનારા ઓછામાં ઓછા એક હજાર માણસો હોય છે. એનું કારણ 'સપ્તક' સંગીત સ્કૂલમાં જે શિખવાડવામાં આવે છે તે છે. નંદનનો આગ્રહ કાર્યક્રમો કરવા કરતાં સંગીત શિખવાડવા બાબતે બહુ જ હતો. આજે પણ અમારે ત્યાં બહુ સારા સંગીત શિક્ષકો છે, અને લગભગ ત્રણસો-સાડાત્રણસો જેટલા વિદ્યાર્થીઓ આવે છે, અને એમાંથી સારા છોકરાઓ તૈયાર પણ થાય છે. એટલે કલાકારોને પણ અહીં બહુ મજા આવે છે, કારણ કે શ્રોતાઓમાં હજાર માણસ તો અહીં સમજદાર છે. તમે પોતે સંગીતના માણસ છો એટલે તમને તો ખ્યાલ હશે કે સાંભળનાર બરાબર હોય તો એની મજા જુદી જ હોય છે.

પ્ર. : હિંમતભાઈ, બહુ મોટા ગજાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકારો સાથે આપને ઘણો સંપર્ક રહ્યો છે. કલાકારો થોડા ધૂની કહેવાય છે, એમનો મિજાજ સાચવવો પડે છે. કલાકારો સાથેના આપના અનુભવો કેવા છે?

ઉ. : મને નંદન અને મંજુ મહેતા ઉપરાંત કિશન મહારાજ સાથે... એ માણસ એવો જેને આપણે બિલકુલ ખૂંખાર કહીએ. એમને પોતાની આવડત ઉપર એકદમ ગર્વ. આપણા સંગીતમાં તબલાં માટેનું આદરનું વાતાવરણ કિશન મહારાજથી થયું એમ હું કહી શકું. એમનું તબલું સુંદર વાગે. એમનો વટ પણ બહુ,

પણ ઑફ-ધ-સ્ટેજ એ બહુ મજાના માણસ. બહુ શોખીન. કવિતા લખે. અને વાતચીતની એમની કલા… બનારસીઢબે એ વાત કરે ત્યારે તમને આનંદ આનંદ પડી જાય. પછી રાજન-સાજન છે, એમને પણ બહુ નાની ઉંમરથી હું જાણું છું. એ બંનેએ સખત મહેનત કરી છે, અને આજે આ સ્તરે પહોંચ્યા છે. જે લોકો બનારસી હોય છે એ પાનની મજા તો લેતા જ હોય છે પણ એમની વાતચીત પણ કંઈ ઑર જ હોય છે. અમારાં મંજુબહેન છે એ તો કલાકારનો ક્લાસિક નમૂનો કહેવાય. એમના જેવો તો કોઈ કલાકાર ન મળે. જેવું હીરાબાઈ બડોદકરનું પ્રસન્ન વ્યક્તિત્વ હતું એવું મંજુબહેનનું છે. સંગીત ઉપરાંત એમને ઘણા રસો છે. પોતે રસોઈ સરસ બનાવે છે અને એ આવીને બેસે એટલે આનંદ આનંદ થઈ જાય. પહેલાંના પ્રમાણમાં આજના કલાકારો જ્યારે કાર્યક્રમ આપવા આવે ત્યારે એટલા સજી-ધજીને આવે છે કે જાદુગરનો ખેલ હોય એવું લાગે. કપડાં અને બધું જે અત્યારે ચાલે છે એવું પહેલાં શાસ્ત્રીય સંગીતમાં નહોતું. પહેલાં તો આપણા ભીમસેન જોશી હોય તો સાદા ઝભ્ભા-લેંઘામાં જ હોય. અત્યારે આ લોકો એટલી બધી માળાઓ પહેરે છે ને શણગાર સજે છે કે સંગીત ક્યાંથી આવશે એ જ ખબર પડતી નથી.

**પ્ર.** : આપે કલાકારોની બે-ત્રણ પેઢીઓ જોઈ. કલાકારોની આગળની પેઢીઓના અને આજની પેઢીના કલા પ્રત્યેના અભિગમમાં આપને કોઈ ફેર દેખાય છે? આમાં હું સાહિત્યસર્જકોનો પણ સમાવેશ કરું છું.

**ઉ.** : ના, અભિગમમાં તો ફેર નથી દેખાતો. હું જો અમુક લોકોની વાત કરું, દાખલા તરીકે વિશ્વમોહન ભટ્ટ છે, એ બહુ નાના હતા ત્યારથી હું એમને જાણું છું. એમનો લગાવ અને જે સીરિયસનેસથી એમણે કામ કર્યું, તે અત્યારના કલાકારોને ઘણું નવું લાગે છે. તમે જો જૂની રેકર્ડો સાંભળો તો એમાં જે સિતાર વાગતી કે સરોદ હતું, તે ટાઈપ-રાઈટર વાગતું હોય એમ લાગે. આજે તમે જુઓ કે વાદનમાં કેટલો વિકાસ થયો છે. રોજ રાત્રે દસથી અગિયાર રેડિયો ઉપર સંગીતનો કાર્યક્રમ આવે છે અને જાણીતાં થોડાંક નામોને બાદ કરતાં બધા નવા કલાકારો હોય છે અને એ બધા ખૂબ સરસ ગાય કે વગાડે છે. એટલે મને તો નવા યુવાનોની જે વિભાવના છે એમાં ખૂબ શ્રદ્ધા છે. મને પોતાને તો પહેલેથી અત્યાર સુધી બડે ગુલામ અલીખાંનું ગાયન ખૂબ ગમે છે, કારણ કે એ મારી તબિયતને અનુકૂળ છે.

**પ્ર.** : મોટે ભાગે આપનો અભિગમ પડદા પાછળ રહીને કલાઓને પોષવાનો રહ્યો છે. એક વાર આપ મંચ ઉપર કલાકાર તરીકે ગયેલા. મધુ રાયના નાટકમાં આપે અભિનય કરેલો, એની વાત કરો.

**ઉ.** : હા, મધુ રાય કલકત્તાથી આવ્યા ને મારે ત્યાં રહેલા. મને નાટકમાં પહેલેથી બહુ રસ. 'દર્પણ' અને મારી સ્કૂલ, ઉસ્માનપુરામાં ખૂબ નજીક છે. 'દર્પણ'માં કૈલાસ પંડ્યા હતા, એ નાટકના બહુ જાણકાર. એમને ખબર પડી કે મધુ રાય આવ્યા છે. તે વખતે મધુભાઈએ 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તા' નો પહેલો અંક જ લખેલો. બીજા અંકો લખવા બાકી હતા, કૈલાસ પંડ્યાને એ નાટક કરવું જ હતું. એટલે એ વખતે 'દર્પણ'માં મૃણાલિની અને વિક્રમ સારાભાઈ સાથે એક બેઠક યોજાઈ અને એ નાટક કરવાનું નક્કી થયું. હું રોજ મધુભાઈને મારા સ્કૂટર પર 'દર્પણ' લઈ જાઉં. એ નાટકનું એક પાત્ર ભજવનાર ભાઈ આવ્યા નહીં, એટલે એમણે મને ગોઠવી દીધો. એ નાટક પછી તો અમદાવાદ, વડોદરા, મુંબઈ, બેંગલોર, મદ્રાસ બધે થયું.

**પ્ર.** : સાહિત્યની વાત કરીએ તો ઉમાશંકરથી લઈ લા.ઠા., ચિનુ મોદી, રઘુવીર ચૌધરી, જેવા આપણા મોખરાના સર્જકો સાથે આપ દાયકાઓથી સંકળાયેલા છો. 'રે મઠ', 'આકંઠ સાબરમતી' એ બધી ચળવળમાં પણ આપ સક્રિય હતા. આ સમયની કોઈ સ્મૃતિઓ પણ હશે.

**ઉ.** : બસ, આ સ્કૂલ આવીને આપણી પાસે. અને સ્કૂલમાં શું કે હું જ સર્વેસર્વા. મારે કોઈને પૂછવાનું હતું નહીં, એટલે બધા લોકોને જગાની જરૂર પડે અને મને તો નાનપણથી આ બધામાં રસ. બહુ શરૂઆતમાં ગિજુભાઈ વ્યાસ, જે રેડિયો નિયામક હતા અને સનત વ્યાસના પિતા, અને બધા કવિઓ મારી નજીકમાં રહે. એ બધાએ દર બુધવારે મળવાનું શરૂ કર્યું. એક વાર મધુસૂદન ઢાંકીનું પ્રવચન પણ રાખેલું. ત્યાર પછી મધુ રાય આવ્યા અને લાભશંકર અને એ બધાએ 'આકંઠ સાબરમતી' શરૂ કર્યું. એ બધું દસેક વર્ષ ચાલ્યું. એમાં લીલા નાટકો ઈમ્પ્રોવાઈઝ થતાં. હું એ બધું જોતો, પછી નાટક લખવાનું ફરજિયાત થયું. મેં ગોવાની મારી ટ્રિપ આધારિત એક નાટક લખ્યું. 'આકંઠ સાબરમતી'માં રાત્રિજાગરણ એ મુખ્ય વિષય. હૉટેલમાં જઈએ, રાત્રે મોડે સુધી બેસીએ. આ બધી ૧૯૬૫ આસાપાસ આસપાસની મજાઓ છે.

**પ્ર.** : આપની વાતોમાં 'મજા આવી' કે 'મજા કરી' શબ્દો વારંવાર આવે છે, અને આપને જાણનાર સૌ કોઈ આપને મોજ-મસ્તીના માણસ તરીકે ઓળખે છે. ચિનુ મોદીએ આપને માટે 'મૂર્તિમંત લોકશાહી' એવા શબ્દો વાપરેલા. આપ જીવનને કઈ રીતે જુઓ છો?

**ઉ.** : મેં કહ્યું તેમ કોઈ એક તત્ત્વ આપણામાં નાનપણથી હોય. જયંતી

પટેલ, 'રંગલો' છે એની કંપની મને મળેલી, અમે જોડે રહેતા હતા. તારક મહેતા પણ સાથે હતા. એટલે આનાં મૂળ જોવા જઈએ તો એ પણ અમારી શેરી જ છે. પોળની વાતો કરવાની શૈલી એવી હતી જેમાં મુખ્ય તો ગમ્મત જ હોય. આવા લોકોની સાથે હું ઊછર્યો અને પાછળથી સોબત થઈ અતુલ દેસાઈ જેવાની, એમની પણ વિનોદવૃત્તિ જબરદસ્ત. એટલે માણસો મળતા ગયા અને મજા કરી.

**પ્ર.** : આપણે ત્યાં એક બહુ વ્યવહારુ ઉક્તિ છે કે 'ઓળખાણ એ મોટી ખાણ છે.' આપને અનેક ક્ષેત્રોના દિગ્ગજો સાથે ઘરોબો હોવા છતાં આપે એ ઓળખાણોનો ઉપયોગ કરીને જાતે ખ્યાતિની નિસરણીઓ ચડવાનું વલણ ન અપનાવ્યું. જાતે આગળ આવવાનું કેમ ન થયું ? સંજોગો નહોતા કે એવી ધગશ નહોતી?

**ઉ.** : બહુ એવું તો નથી. શિક્ષણમાં સ્કૂલને કારણે તો મારે આગળ આવવું જ પડે. વળી, સંગીતમાં પણ આવા કાર્યક્રમો કરીએ એટલે વાર્તાલાપો કરવા, પ્રવચનો માટે બધે જવાનું થાય. એટલે એ રીતે લોકો સમક્ષ આવવાનું થતું. ચિનુભાઈ અને લાભશંકર તો કહેતા કે 'અમદાવાદમાં જોવાલાયક ત્રણ જગ્યાઓ છે- એમાં પહેલી જગ્યા નંદન મહેતા, બીજી જગ્યા અતુલ દેસાઈ અને ત્રીજી જગ્યા હિંમત કપાસી. અને મારા વિશાળ રસના વિષયોને કારણે બહુ માણસો અને ઊંચા દરજ્જાના માણસોના સંબંધ તો થયેલા જ. એટલે હું એવું તો નહીં કહું કે હું સતત બૅકગ્રાઉન્ડમાં રહ્યો છું. પણ અમારો તકિયાકલામ 'બાકી આનંદ તો છે જ ને' એ રહ્યો છે.



**પ્ર.** : આપના રસના વિષયો પૈકી એક ફિલ્મક્ષેત્ર પણ છે, ફિલ્મો વિશે આપનું એક પુસ્તક પણ પ્રકાશિત થયેલું. આપે અમદાવાદમાં ફિલ્મ સોસાયટી પણ સ્થાપેલી. ગુજરાતમાં ફિલ્મની સમીક્ષા, ફિલ્મોનો કલાકીય અભ્યાસ એ ઘણુંખરું વણખેડાયેલું ક્ષેત્ર રહ્યું છે.

**ઉ.** : એ વાત બિલકુલ સાચી છે. આપણે ત્યાં એકલા અમૃત ગંગર છે, એમને પણ હું વર્ષોથી ઓળખું છું. મને તો ફિલ્મોમાં રસ નાનપણથી હતો. પહેલી ફિલ્મ મેં જોયેલી તે 'હિન્દ કેસરી' હતી. એમાં જાલ ખંભાતા હતાં. નાનપણથી મને ફિલ્મનો નશો આવી ગયેલો. અમદાવાદમાં ફિલ્મ સોસાયટી અને સારી ફિલ્મો જોવાની પ્રવૃત્તિ બહુ વર્ષોથી છે. સૌથી પહેલાં વિક્રમ સારાભાઈએ શરૂ કરેલી 'દર્શિતા ફિલ્મ સોસાયટી' હતી. નાનપણથી હું ત્યાં જતો, એમાંથી સારી ફિલ્મો જોવાનો મારો રસ ઊભો થયો. પછીથી 'તરંગ' ફિલ્મ સોસાયટીમાં પણ મેં સક્રિય રસ લીધો. દરેક વસ્તુનો અંત આવતો જ હોય એ રીતે આ બધી ફિલ્મ સોસાયટી પછીથી બંધ થઈ. પછી અમે લાભશંકરના દવાખાનામાં મીટિંગ કરી અને એમાંય અમારી 'ન્યૂ ફિલ્મ સોસાયટી' શરૂ થઈ. એ પંદરસો સભ્યોથી શરૂ થઈ અને ઘણાં વર્ષો ચાલી. પછી ધીમેધીમે બધાં થિયેટરો બંધ થવા લાગ્યાં. હવે મારા ઘરની નજીક એક સ્પોર્ટ્સ ક્લબ છે એમાં હોમ થિયેટરમાં, અમે પચીસ-ત્રીસ હાર્ડ-કોર ફિલ્મરસિકો મહિનામાં બે વખત સિનેમા જોઈએ છીએ. એમાં બર્ગમૅન હોય, તાર્કોવ્સ્કી હોય. પહેલાં 'જનસત્તા' છાપામાં મેં સંગીત ઉપર લખેલું. એ બંધ થયું, પછી અમદાવાદનું 'ગુજરાત સમાચાર' અને 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'. એ બંને છાપામાં હું સંગીત અને ફિલ્મ ઉપર લખતો. એ લેખનનાં બે પુસ્તકો બન્યાં, સંગીતનું પુસ્તક 'સ્વરલોક' અને સિનેમા ઉપર 'સિનેરાગ' આવ્યું. પણ ફિલ્મનું લખાણ અને અભ્યાસ ગુજરાતમાં તો છે જ નહીં એમ કહી શકાય.

**પ્ર.** : આપ રિટાયર્ડ ખરા પણ ટાયર્ડ નહીં. નિવૃત્ત થયા પણ થાક્યા નથી. નેવું વર્ષે આ તાજગીનું રહસ્ય શું છે?

**ઉ.** : ના, ના, ટાયર્ડ તો જરાય નથી. હજુ તો મને સમય ઓછો પડે છે. મારી ઉંમર હજુ તો માત્ર નેવ્યાસી થઈ છે. છેલ્લાં પંચોતેર વર્ષથી હું સંગીત સાંભળું છું. આ બધાનું રહસ્ય છે મારી આજુબાજુના માણસો. મારાં પત્નીનું અવસાન થયું પણ ઘરના લોકોનો મને જે સપોર્ટ છે એ કમાલ છે. બીજું કે મને કોઈ જનરેશન ગૅપ રહેતો નથી. મારા પૌત્રની પત્ની ભૂમિકા છે, એ બધાં મને સમજે છે. એ લોકો જ આ આઈ-પેડ ને એ બધું લાવી આપે. મને ચાઈનીઝ, મેક્સિકન બધા પ્રકારનું ખાવાનું બહું ભાવે અને છોકરાંઓ મને લઈ જાય. અમારી સ્પોર્ટ્સ ક્લબ છે એમાં કોઈ ચાળીસની ઉપરના નથી, અને એ વીસ જણના ગ્રૂપમાં અઢાર તો મારા વિદ્યાર્થીઓ જ છે. મારી એટલી

બધી પ્રવૃત્તિઓ છે કે સમય ક્યાં પસાર કરવો એ પ્રશ્ન હજુ ઊભો થતો નથી. મને સમય ઓછો પડે છે. સારું વાંચવાની મારી શોધ પણ સતત ચાલુ હોય છે.

પ્ર. : આપે કહ્યું કે આપ પંચોતેર વર્ષથી સંગીત સાંભળો છો. આપણું સંગીત અધ્યાત્મ સાથે સીધો સંબંધ ધરાવે છે. સંગીતે આટલાં વર્ષોમાં એવી કોઈ અનુભૂતિ આપને આપી હોય તો એની વાત કરશો?

ઉ. : એક વાત કહું કે અંગત રીતે મને મંદિરો અને જ્યોતિષ એ બેમાં જરાય રસ પડ્યો નથી અને કોઈ ચમત્કારોમાં પણ રસ પડ્યો નથી, પણ સંગીતમાં એવા પ્રસંગો બન્યા છે. એક વાર ગંગુબાઈનો જલસો અમદાવાદમાં સવારમાં હતો. મિયાંકી તોડીનું ગાન થતું હતું. એક એવી જગ્યા આવી કે થોડી ક્ષણો તમે વિહ્વળ થઈ જાવ, આંખમાંથી આંસુ નીકળી જાય. એનું કોઈ કારણ ખબર નથી. એક બીજો અનુભવ છે. મારો એક નાનો ભાઈ હતો, જે બત્રીસ વર્ષની ઉંમરે ગુજરી ગયેલો. એ વ્હિસલિંગ બહુ સરસ કરતો. વ્હિસલિંગમાં એ 'ગ્રીન સ્લીવ્ઝ' કરીને એક રચના છે એ બહુ સરસ વગાડતો. એનું અવસાન થયું, પછી હું સ્કૂલની ઑફિસમાં બેઠેલો અને મેં રેડિયો શરૂ કર્યો અને એ 'ગ્રીન સ્લીવ્ઝ' બી.બી.સી. રેડિયો ઉપર આવ્યું. હું એના અવસાન પછી અપસેટ નહોતો થયો, પણ એ 'ગ્રીન સ્લીવ્ઝ' સાંભળીને હું ભાંગી પડેલો. સંગીતની આ તાકાત છે. કોઈને મંદિરોમાં રસ હોય તો એનો મને વિરોધ નથી. મારાં પત્ની સાથે બદરીનાથ-કેદારનાથ, રામેશ્વરથી માંડીને શ્રીનાથજી જેવાં બધાં મંદિરોમાં જઈ આવ્યો છું. મંદિરોમાં મને જુદી રીતે રસ પડે. પણ જેને આપણે ભગવાન કહીએ એ બાબત મને હજી સુધી પકડાઈ નતી.

પ્ર. : નવ દાયકાના નિચોડરૂપ, યુવાનો માટે, આપનો કોઈ સંદેશ?

ઉ. : સંદેશો તો એટલો જ કે બહુ મગજમારી કરવી નહીં, આપણે આનંદથી રહેવું. સારું વાંચવું. બાકી, છાપાં વાંચવાં બંધ કરી દેવાં જોઈએ. ચારેબાજુ વાતાવરણ બહુ ક્લેશમય છે, એમાંથી કોઈ પણ રીતે મુક્ત રહેવું,. ચારેબાજુ જે ઘોંઘાટ છે એમાંથી મુક્ત થઈ જાવ તો સરસ મજાનું વાતાવરણ નિર્માણ થાય.

પ્ર. : કોઈ વાતનો અફસોસ રહ્યો છે, હિંમતભાઈ? આપને ક્યારેય કવિ બનવાનું મન ન થયું, સંગીતકાર બનવાનું મન ન થયું.

ઉ. : સંગીતકાર ન બન્યો પણ હું દાવાથી કહી શકું છું કે હું જેટલું સંગીત સમજી શકું છું એટલું બીજું કોઈ ન સમજી શકે. અથવા કવિતા આપણે લખી નથી, પણ કવિતાની સમજણ તો છે. તમે પૂછો કે મને કોણ કવિ ગમે તો લાભશંકર અને સિતાંશુ યશશ્ચંદ્ર હોય. એમની કવિતાની વાત પૂરેપૂરી રીતે સમજાય છે. એ મોટી સિદ્ધિ છે. આ બધું સારા લોકોની સોબતથી બન્યું છે. એમને કારણે આ સમજ આવી છે. 'નવનીત સમર્પણ'ના દીપોત્સવી અંકમાં તમે જુઓ તો મધુ રાયની વાર્તા કે સિતાંશુનો સૌંદર્ય વિશેનો લેખ છે, એ આપણે લખી શકતા નથી, પણ આપણે પક્ષે આનંદ એ છે કે એ સમજી શકીએ છીએ કે આ જ સારું છે. જે ગરબડિયું હોય કે ચીલાચાલુ હોય કે ધંધાદારી હોય ત્યાં જરાય મજા નથી આવતી. એટલે મને અફસોસ નામની કોઈ વસ્તુ જ નથી. બસ આનંદ, આનંદ અને આનંદ જ છે. લાગે છે કે જોઈએ એના કરતાં આપણને ઘણી વધારે મજા આવી.



'એલિઆન્ઝ ફ્રાન્સે'ના પટાંગણમાં મ્યુઝિક અને
ફિલ્મ સીમ્પોઝીયમમાં આમંત્રિત ફ્રેન્ચ સંગીતકારો સાથે
શ્રી હિંમતભાઈ કપાસી

# શ્રી હિંમતલાલ કપાસી : એમના ઘરને દીવાલો નહોતી.

- પ્રવીણસિંહ ચાવડા

અમદાવાદ શહેરના ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઑફિસર તરીકે મારી નિમણૂક ૧૯૮૩માં થઈ ત્યારે આ મહાનગરમાં શિક્ષણનું વેપારીકરણ લગભગ થઈ ચૂક્યું હતું, અપવાદરૂપ ગણીગાંઠી સંસ્થાઓ રહી હતી- સી.એન. વિદ્યાવિહાર તથા શારદામંદિર જેવી - એમાંની એક તે વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરા. શ્રી હિંમતલાલ કપાસી તેના આચાર્ય. તેથી, એમની સાથેનો મારો મૂળ સંબંધ સરકારી. શરૂઆતના દિવસોમાં મળવા આવ્યા તે શિષ્ટાચાર પૂરતા, એક સંસ્થાના આચાર્ય તરીકે.

દસેક મિનિટ પછી વિદાય લીધી ત્યારે સંબંધોનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. ઊભા થતાં કહ્યું, 'હું આપને થોડી કૅસેટ આપી જઈશ.'

ત્રણ-ચાર દિવસ પછી લઈને આવ્યા - બેગમ અખ્તર, પંડિત રવિશંકર, ઠૂમરી સામ્રાજ્ઞી શોભા ગુર્તુ.

એ પ્રથમ મુલાકાતની વિગતો યાદ નથી, પણ હું માનું છું કે અમારી વચ્ચે શિક્ષણના શાસ્ત્રની, વહીવટની, એમની સ્કૂલના પ્રશ્નોની ચર્ચા નહીં જ થઈ હોય; ટૂંકા રસ્તે મને એ સીધો જ સંગીત અને કલાના ઘરમાં લઈ ગયા હશે. તે પછી ક્યારેય સંબંધ ઊંચી મેડીએથી ઊતરીને સરકારી સ્તરે આવ્યો નહીં. એમને મારી પાસેથી કોઈ અપેક્ષા નહોતી, કોઈ કામ કઢાવવાનું નહોતું; એમને આપી શકું એવું કંઈ મારી પાસે હતું જ નહીં.

એક જ વાર એમની સંસ્થાની મુલાકાતે જવાનું થયું હતું; ત્યારે એના સ્વરૂપનો વધારે સ્પષ્ટ ખ્યાલ આવ્યો. સ્કૂલનું પાયાનું કાર્ય તે વર્ગખંડમાં શિક્ષણનું; એ તો સારી રીતે થાય જ. બૉર્ડની પરીક્ષાનાં પરિણામોમાં શહેરના અને કોઈ કોઈ વાર રાજ્યના પ્રથમ દસમાં વિદ્યાનગર હાઈસ્કૂલનો વિદ્યાર્થી હોય જ. એટલું જ મહત્ત્વ સ્પોર્ટ્સનું. ખાસ કરીને ક્રિકેટનું. લાઈબ્રેરીમાં એક મોટું કબાટ : એમાં અડધાં પુસ્તકો સંગીત વિશેનાં, અડધાં સિનેમાની કલાને લગતાં. દર વર્ષે યોજાતા સંગીત-મહોત્સવને કારણે દેશભરમાં પ્રખ્યાત થયેલી 'સપ્તક' સંસ્થા શરૂઆતમાં 'દર્પણ'માં ચાલતી; પછી તે વિદ્યાનગર સ્કૂલમાં આવી. સાંજે સ્કૂલ છૂટે તે પછી સંસ્થા વધારે જીવંત બની જાય: એક ખંડમાં સંગીતના વર્ગો ચાલે. અમદાવાદમાં 'ન્યૂ ફિલ્મ સોસાયટી'નું ચાલકબળ કપાસીસાહેબ. એના તંત્રનું સંચાલન વિદ્યાનગર સ્કૂલમાંથી થાય.

શિક્ષણ ખરેખર જો એક જીવંત તત્ત્વ હોય તો તે ટાઈમટેબલ તથા કેલેન્ડરમાં બંધાઈ રહે નહીં, સંસ્થાનું મકાન, કમ્પાઉન્ડની દીવાલો તે એની સીમા હોઈ શકે નહીં. સતત છલકાઈને, ઊભરાઈને એ બહાર વહ્યા જ કરે. વિદ્યાનગરને એવું તરલ, ચૈતન્યભર્યું સ્વરૂપ મળ્યું તેની પાછળ એક જ માણસ હતો: હિંમતલાલ કપાસી, વિદ્યાનગર સ્કૂલનો આત્મા. સંસ્થા તો એમની અભિવ્યક્તિ હતી.

૧૯૮૭માં મારી બદલી થઈ; એ જ વર્ષે કપાસીસાહેબ નિવૃત્ત થયા (જોકે, મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે આજીવન પ્રવૃત્ત રહ્યા), ૨૦૦૩માં હું પણ નિવૃત્ત થયો, પરંતુ અમારા સંબંધો એ જ સ્તરે રહ્યા. વગર પૂછ્યે મને 'ન્યૂ ફિલ્મ સોસાયટી'નો સભ્ય બનાવ્યો હતો. એ નિમિત્તે અલભ્ય કહી શકાય એવી ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, રશિયન, જાપાની આર્ટ ફિલ્મો જોવા મળતી. ટેલિવિઝન તથા અન્ય માધ્યમોનો વ્યાપ વધ્યો તે પછી 'ન્યૂ ફિલ્મ સોસાયટી'ની પ્રવૃત્તિ તો બંધ થઈ ગઈ. હવે કરવું શું? નવી-જૂની ફિલ્મો વગર તો ચાલે નહીં. તેથી, કપાસીસાહેબ અને એમના ફિલ્મરસિયા મિત્રોની મંડળી હજુ મળે છે, મહિનામાં બે વાર, આંતરે રવિવારે સવારે, સ્પોર્ટ્સ ક્લબના મિનિ થિયેટરમાં. એમાં તોરકોવ્સ્કી, બર્ગમેન, સત્યજિત




તા. ૫-૯-૨૦૦૫ શ્રેષ્ઠ કેળવણીકારએવોર્ડ
જસ્ટીસ શ્રી બી. જે. દિવાન સાહેબના પ્રમુખ સ્થાને

રે અને મણિ કૌલ જેવા મહાન દિગ્દર્શકોની ફિલ્મો જોવાનો લહાવો મળ્યો છે. ફિલ્મનું સૂચન કોઈના દ્વારા થયું હોય, ડી.વી.ડી. કોઈ મિત્ર લાવ્યા હોય, પરંતુ ક્લબમાં રજૂ થાય તે પહેલાં સાહેબ પોતાને ઘેર એ જોઈ લે. આની પાછળ કલાતત્ત્વ ઉપરાંત બીજી પણ એક દૃષ્ટિ હતીઃ બધી છૂટ, કોઈ છોછ નહીં, છતાં કલાને નામે રુચિભંગ થાય એવું કંઈ ન આવી જવું જોઈએ. છેલ્લાં વર્ષોમાં શરીર સાવ ક્ષીણ જ થઈ ગયું હતું, માંડ ચાલી શકતા, પુત્ર જગતભાઈનો ટેકો લેવો પડે. છતાં અનિવાર્યપણે ક્લબમાં આવતા. બે વાર, પાંચ વાર ફિલ્મ જોઈ હોય; તેથી શું?

વર્તમાનપત્રોમાં થોડા લેખો ફિલ્મો અને સંગીત વિશે લખ્યા તે 'સ્વરલોક' અને 'સિનેરાગ' એવાં બે નાનાં પુસ્તકોરૂપે સંગૃહીત થયા. હું જાણું છું ત્યાં સુધી પોતે સંગીતકાર નહોતા, ગાયક નહોતા, કવિ કે નાટ્યકાર નહોતા; એ હતા સાચા રસજ્ઞ, ભાવક સક્રિયપણે એમનું પ્રદાન તે કલાના પેટ્રન તરીકેનું. કોઈ પણ પ્રવૃત્તિ માટે, પ્રયોગ માટે સંસ્થાના દરવાજા હંમેશાં ખુલ્લા. '૭૦ના દાયકામાં ગુજરાતી કવિતા અને નાટકમાં નવા પ્રયોગો થયા, આંદોલનો આવ્યાં; એમાં પ્રધાન ભૂમિકા ભજવનાર લેખકો-કવિઓનું થાણું (હેડ ક્વાટર્સ) શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, લાભશંકર ઠાકર, ચિનુ મોદી, મધુ રાય, ઈન્દુ પુવાર - એ વર્તુળ કેન્દ્રમાં કપાસીસાહેબ...

આટલા સંદર્ભ પૂરતી, મર્યાદિત સરખામણી સહજ રીતે ડૉ. જોન્સન સાથે થઈ જાય છે. અઢારમી સદીના ઉત્તરાર્ધનું લંડન. ડૉ. જોન્સનની આજુબાજુ કેટલાક સમર્થ લેખકો, કવિઓ, કલાકારો અને વિદ્વાનોની મંડળી અસ્તિત્વમાં આવી હતી. દર સોમવારે સાંજે સાત વાગ્યે એક કૉફી હાઉસમાં બધા મળે. કોઈ રાજદરબારનાં નવરત્નોને ઝાંખાં પાડી દે એવી એ યાદી છે : હેન્રી ફિલ્ડિંગ (નવલકથાકાર), ગોલ્ડ સ્મિથ (કવિ), ગિબન (ઇતિહાસકાર), એડમ સ્મિથ (અર્થશાસ્ત્રી), એડમન્ડ બર્ક (મહાન વક્તા) જોશુઆ રેનોલ્ડ્ઝ (ચિત્રકાર), ગેરિક (થિયેટરના ઇતિહાસના મહાન અભિનેતાઓમાંના એક). એ ક્લબના અધિષ્ઠાતા દેવતા તે ડો. જોન્સન. શાસન એમનું, દિગ્ગજો એમનાં ચરણ પાસે બેસે.

થોડી અંગત વાત. મારી વાર્તાઓ ખૂબ રસથી વાંચતા. કોઈ વાર ફોન પર ગુંજન કરે, કોઈ વાર જગતભાઈ દ્વારા સંદેશો મોકલે. આજ્ઞાંકિત પુત્ર જે તે સંદેશો, એ જ હાવભાવ અને લઢણ સાથે મને આપે : સાહેબે કહેવડાવ્યું છે કે 'નવનીત સમર્પણ'ના અંકની વાર્તા ખૂબ ગમી. મજા આવી ગઈ. (પુત્ર માટે ઘરમાં પિતા; અન્ય સંદર્ભોમાં 'સાહેબ'.)

છેલ્લો ફોન બે-એક મહિના પર, મોડી સાંજે આવ્યો હતો. વૃદ્ધનો ધ્રૂજતો સ્વર : વાર્તા વાંચી; ગમ્મત પડી ગઈ ! કદર કરવા માટેની એમની ભાષા સરળ હતી, શબ્દભંડોળ મર્યાદિત હતું. મજા, ગમ્મત- આ શબ્દો શબ્દકોશમાંથી ઉઠાવેલા નહોતા. એ એમની અંગત સંપત્તિ હતી. સાદા શબ્દોને અનેક નવી છાયાઓ, રંગછટાઓ આપીને એમણે અત્યંત સમૃદ્ધ બનાવી દીધા હતા. એ રસિકજનને સિદ્ધેશ્વરી દેવી કે અખ્તારી બાઈના શ્રવણથી ગમ્મત આવતી, તારકોવ્સ્કી કે સત્યજિત રેની ફિલ્મ જોઈને ગમ્મત પડતી.

સિદ્ધેશ્વરી દેવીની એક ઠૂમરી છે : 'રસ કી બુંદ પરી; મોરે રાજા, કિવડિયા ખોલો !' શબ્દો બહુ મીઠા છે, રસિક લાગે છે, પરંતુ એથી વિશેષ એમનું કોઈ મૂલ્ય નથી. એમ કોઈના કહેવાથી, ઉપદેશથી કે આદેશથી બંધ બારી-બારણાં ઊઘડતાં નથી. સંબોધન પણ ખોટું : 'રાજા' કહેવાયો તે રાજા છે જ નહીં. ખરેખર જે રાજા છે એના ઘરને તો બારીબારણાં શું, દીવાલો જ હોતી નથી. એની ઉપર સતત અમૃતવર્ષા થયા જ કરે છે.



# "એક અનોખા ગુજરાતી...."

**(શ્રી એચ.સી. કપાસી સન્માન મહોત્સવ ગ્રંથમાંથી તા. ૨૭-૮-૧૯૮૭)**

**સ્વ. ઉમાશંકર જોશી**



આચાર્ય શ્રી હિમ્મતલાલ કપાસી એક અનોખા ગુજરાતી છે. સાંભળ્યું છે કે ભાવનગરમાં એક સજ્જન હતા, જે ઉપલા માળે પોતાના નિવાસમાં રહ્યા રહ્યા પાશ્ચાત્ય સંગીત સાંભળ્યા કરે. તે વખતે તો રેડિયો વગેરેની સગવડો આટલી વિકસી ન હતી. આખા નગર વચ્ચે એમનો સંગીત-સાધનાનો એક સંસ્કૃતિદ્વીપ, દ્વીપમાં વસતા આવા દ્વૈપાયનો વસ્તીમાં હોવાં જોઈએ.

ભાઈશ્રી કપાસી એવા દ્વૈપાયનવૃત્તિના માણસ છે. એમનો ખ્યાલ કરું છું ત્યારે રાતે મોડે સૌ જંપી ગયું હોય ત્યારે બી.બી.સી. પરથી ભજવાતા નાટકને 'ટગરટગર' સાંભળી રહેલા એક રંગભૂમિના રસિયાજીવની મૂર્તિ નજર આગળ ખડી થાય છે. કાન એમના બધાં ઈંગિતોને અવાજ દ્વારા ગ્રહણ કરી રહ્યા છે, ખરેખર તો એ બધું ટગરટગર તેઓ જોઈ રહ્યા છે, પી રહ્યા છે.

અને એમની નજર ખોડાઈ છે ઘરઆંગણે રંગભૂમિ વિકસેલી હોય એ રૂડા દિવસ ઉપર.

'આકંઠ સાબરમતી'ની પ્રયોગશાળા પ્રતિભાવંત ગુજરાતી નવસર્જકોની મદદથી એમની વિદ્યાનગર હાઈસ્કૂલના પ્રાંગણમાં ચાલી એ એની એક ફળશ્રુતિ. બેકેટની મહાન નાટ્યકૃતિ 'વેઈટિંગ ફોર ગોદો' ઉપર એ હાઈસ્કૂલના ખંડમાં બોલવા મને નિમંત્રણ મળ્યું. તે પછી ત્યાં કવિશ્રી લાભશંકર આદિ 'રે મઠ'-મિત્રોએ તેમાં ભાગ લીધેલો તે આધુનિક ગરબી વગેરે પ્રસંગો જોવા મળ્યા.

શ્રી કપાસીની રંગ-સાધનાનું બીજું એક ખૂબ મહત્ત્વનું પરિણામ તે કેટલાક મિત્રો સાથે મળીને એમણે ચલાવેલી 'ન્યૂ ફિલ્મ સોસાયટી' ની પ્રવૃત્તિ. એમણે મને એનો એક વરસ માનાર્હ સભ્ય બનાવ્યો. મારા શિક્ષણમાં - બલકે દુનિયાની કેટલીક ઉત્તમ ફિલ્મોનો આનંદ મેળવવામાં એમની મદદ મળી તે માટે એમનો હૃદયથી ઋણી છું.

રંગભૂમિ માટે એમણે જે બધું કર્યું તે એક ઉત્તમ હાઈસ્કૂલના સંચાલન ઉપરાંત કર્યું, બલકે એવા સંચાલનની સાથે શોભી ઊઠે એવી સંસ્કાર પ્રવૃત્તિરૂપે કર્યું.

આનંદની વાત એ છે કે આજે જ્યારે તેઓ નિવૃત્ત થાય છે ત્યારે સંસ્થા પરિવારનાં સૌએ યથાશક્ય ભંડોળ કર્યું છે. અનેકાનેક હાથે થતા આવા ઉપક્રમોની જ મોટી કિંમત છે. નિવૃત્ત થતા સદાપ્રવૃત્ત આચાર્ય કપાસીની પ્રેરણાથી એમની પ્રિય પ્રવૃત્તિઓને આગળ ધપાવે એવા અનેક નવા સહકાર્યકરો આવી મળો.

મેં જોયું છે કે ગુજરાતના ઘડતરમાં અધ્યાપકો-કુલપતિઓ કે પ્રાથમિક શિક્ષકોનો જેટલો નહીં તેટલો માધ્યમિક શિક્ષકોનો ફાળો છે. આચાર્ય હિંમતભાઈ કપાસી એવા ઘડવૈયાવર્ગમાં આવે.

# સ્વ. શ્રી હિમ્મતભાઈ કપાસી : શ્રદ્ધાંજલિ

—સ્વ. શ્રી નિરંજન ભગત

મંજુબહેન, પ્રફુલ્લભાઈ અને કપાસીસાહેબના ચાહકો.

કપાસી સાહેબ મધદરિયાના માણસ હતાં. કાંઠા પરનો દરિયો ખળભળાટ કરતો હોય છે. છીછરો હોય છે. જ્યારે મધદરિયો ઊંડો હોય છે. અને એથી એ શાંત હોય છે. એ શાંત હોય છે માટે ઊંડો નથી હોતો. એ ઊંડો હોય છે માટે શાંત હોય છે. કપાસી સાહેબ ખૂબ ઊંડાં હતાં. એ ઓછું બોલતા'તા ને બહુ સાંભળતા'તા. કારણ કે ઊંડાં હતાં.



એમના કાન અને એમની આંખો અત્યંત કેળવાયેલી હતી. એનો હું સાક્ષી છું. એક દાયકા સુધીનો સાક્ષી છું. 'સપ્તક' પૂર્વેના સમયનો હું સાક્ષી છું.

નાટકમાં રસ, સભ્ય હતા. 'આકંઠ સાબરમતી'અને 'રે મઠ'ના. નાટકો ભજવતા પણ ખરા. એમાં સક્રિય હતાં. એમના કાન કેળવાયેલાં હતાં. એથીએ સાહિત્યના પણ માણસ હતાં. કવિતામાં પણ એટલો જ રસ હતો. એમની આંખો કેળવાયેલી હતી. કારણ કે ફિલ્મમાં રસ હતો. કેટકેટલાં ફેસ્ટિવલમાં જઈ આવ્યા છે. ભારતમાં, હમણાં જ હર્ષ યાદ કરતો હતો. શોધન એમનો મિત્ર... એ લોકો સાથે જ હતા કેટકેટલી ફિલ્મો જોઈ છે. સમજપૂર્વક જોઈ છે. ભારતની... પરદેશની... ને બીજી ફિલ્મ કળા, બહુ અટપટી કળા છે. Is the latest.... Film is a latest start up કારણ કે શોધ જ દોઢસો વર્ષ પહેલાં થઈ છે. પૅરિસમાં એક ફિલ્મ હતી. સાયલન્ટ. પછી આવ્યા ચેપ્લીનને એ લોકો.. જાતભાતની ફિલ્મ એમણે જોઈ હતી. જુદાં જુદાં દેશની જોઈ છે. અંગ્રેજી ટાઈટલ સાથેની, ભાષાઓની, વિવિધ ભાષાઓની ફિલ્મો એમણે જોઈ છે. સંગીત તો હતું જ એમની પાસે અને એ તો સાંભળવાની કળા છે. એરિસ્ટોટલે કહ્યું છે. મ્યુઝિક ઈમિટેટ્સ સાઉન્ડ, ઈટ ઈમિટેટ્સ ઈટ સેલ્ફ, કારણ કે એનું માધ્યમ અવાજ છે. બીજી બધી કળાઓના માધ્યમ શબ્દ હોય કે ગીત હોય કે પથ્થર હોય કે માટી હોય... શિલ્પ પથ્થરમાં હોય, ચિત્રો રંગ ને રેખામાં હોય. આ મ્યુઝિક એક એવી કળા છે. વીચ ઈમિટેટ્સ, ઈટ સેલ્ફ મ્યુઝિક ઈજ સાઉન્ડ, હાર્મોનિયસ બ્યુટિફુલ સાઉન્ડ, સ્વીટ સાઉન્ડ.... જ્યારે દરિયાનો ખળભળાટ ઉપર આવે છે... પશ્ચિમનાં સંગીતમાં ત્યારે પણ મધુર હોય છે. તો આ ત્રણ કળાઓનો સંગમ થયો હતો. ઊંડાં હતાં એટલે જાહેરમાં બહુ નહોતા બોલતા. લેખો નહોતા લખતા પણ સમજ, તમે એમની સાથે સમય ગાળો તો ખબર પડે...

એક દાયકો અમે રેસ્ટોરાંનાં માણસ હતાં. અમારી મૈત્રી ત્યાં થયેલી. જગતના બધા જ મોટા શહેરોમાં કાફેઝ હોય છે. કેટલી બધી મોટી મૈત્રીઓ કાફેમાં થયેલ હોય છે, રેસ્ટોરાંમાં. એનો આરંભ ત્યાંથી થયો. આઠ વાગે આવતાં દસ-બાર વાગે જતાં. નિયમિત આવતાં એ સમયે નંદન પણ ત્યાં જ આવતો બીજે ક્યાંય નહોતો જતો. કેટકેટલી રાતો અમે, દસ વર્ષ ગાળ્યા છે. નિકટથી. આવી રીતે બેસીને સમય ગાળ્યો છે.

અને એક બીજું મોટું પાસું આ શાળા. તેમનું સંતાન છે. તેમનું સર્જન છે. એક ઉત્તમ શિક્ષક હતાં. એટલે આજે શુભેચ્છા ગુજરાતને પાઠવું છું કે શિક્ષક હજો તો કપાસી સાહેબ જેવા હજો. બસ એવા આશીર્વાદ, ઈશ્વરનો ગુજરાત પર ઉતરો... એ મારી અંજલિ છે.

# "સ્મરણોની સુવાસ"

**– ડૉ. જયંતિ પટેલ 'રંગલો'**

**'હિંમત કપાસી'**

**'બજે સૂર જગ તરહ તરહ કે'**
**મત ચૂકે નીજ તાન મનવા....'**
**- રા. વિ. પાઠક**



ખરેખર ! નહીં સમજાય છતાંય સમજવા જેવો માણસ હતો હિંમતજી.

એ તો ઊપડી ગયા પણ નવી જનરેશન માટે - શિક્ષણથી માંડીને સંગીત, ફિલ્મ, રોજબરોજના વ્યવહાર આનંદ સાથે સહજતાથી કેવી રીતે પસાર કરવો તેનું મૂળભૂત તત્ત્વ મૂકતા ગયા.

હું નાનપણથી, આજે ૯૫ વર્ષનો થયો. તેમના સંપર્કમાં અવારનવાર ભટકાતો રહ્યો.

અમદાવાદની પોળ, નામે 'લાલ પોળ'માં જીવન જીવવાની કલાનું શિક્ષણ સ્વાભાવિકતાથી સામાન્ય બુદ્ધિનો વ્યવહાર આ યુનિવર્સલ યુનિવર્સિટીમાં લીધેલો. તેહિ નો દિવસા ગતાઃ પણ જાદુગર સમયે એ પોળો બદલી નાંખી. નવો મૉડર્ન યુગ આવ્યો. માણસે પોતાની આગવી બુદ્ધિ મશીનને આપી દીધી, બદલામાં મશીનની બુદ્ધિ લીધી !

આજે તો આ લખનાર કપાસી જોડે પોળમાં ગિલ્લીદંડાથી માંડી હુતૂતૂતૂની રમતો રમેલો; અને હુલ્લડથી લઈ 'ક્વિટ્ ઈન્ડિયા'ની ૪૨ ની ચળવળમાં ભાગ લીધેલો. હું જ્યારે અંગ્રેજ સરકારની ગોળીથી વીંધાયો અને એ જમીનદોસ્ત પડેલું શરીર ઊંચકવા આવ્યો. નવો **ધડાકો** થયો ને એ ભાગી ગયો.

સમય છે, નવા નવા **'ધડાકા'** કરતો આગળ વધ્યે જાય છે.

હિંમત અને શિક્ષણને કાંઈ લાગેવળગે નહીં, એ ખરું કે સંગીતનો એ પ્રેમી શરૂઆતથી.

વૉલ્ટ ડીઝનીની ફિલ્મ 'ફેન્ટેસિયા', હું એને જોવા લઈ ગયેલો અને એના યુનિવર્સલ સંગીતે કદી એનો પીછો છોડ્યો નહીં.

ઉત્તમ કપાસી હિંમતજીના મોટાભાઈ, લગભગ મારી ઉંમરના હતા. ગંભીર વ્યક્તિત્વ ધરાવતા. **'ધડાકો'** થયો. મફતલાલ ગગલભાઈની કંપનીમાં

મોટી પદવી ધરાવતા, આધ્યાત્મિકતામાં રસ લેતી વ્યક્તિ હતા. **'ધડાકો'** થયો. પૈસાનું રોકાણ ક્યાં કરવું, એ વિચારતા હતા, ત્યારે એમના મિત્ર રમણલાલ જે શિક્ષણશાસ્ત્રના જાણીતા હતા. તેમણે સ્કૂલ સ્થાપવાની વાત કરી. એ રમણભાઈએ શિક્ષણની શાળા ઉત્તમભાઈના સંપર્કમાં શરૂ કરાવી.

**'ધડાકો'** થયો ! હિંમતજીને શિક્ષણમાં રસ પડ્યો. શિક્ષણનો અભ્યાસ પૂરો કર્યો.

સમયનો **'ધડાકો'** થયો. રમણભાઈ અને ઉત્તમભાઈ જગત છોડી ગયા.

હિંમતભાઈને શિક્ષણની જવાબદારીનું મોકળું નવું મેદાન મળી ગયું.

નથી સમજાતું અને સમજવા પ્રયાસ કરો તો ય નથી સમજાતું, પણ છે હકીકત !

છેલ્લાં મહિનામાં પેપરમાં એક સમાચાર હતા કે સાત મીટર લાંબો અજગર નિદ્રાવશ બાઈને આખીને આખી જીવતી ગળી ગયો ! હિંમતજી પણ આ રીતે શિક્ષણના ક્ષેત્રને ગળી ગયો. આમ તો એ કોઈ એવા શિક્ષણશાસ્ત્રી ન હતા કે એ વિષયના પંડિત પણ ન હતા. આવી પડેલી જવાબદારી પ્રેમથી સ્વીકારી લીધી.

**'એક દુનિયા ઉજડ હો ગઈ હૈ તો ક્યા ?**
**દૂસરા તુમ જહાઁ ક્યું બસાતે નહીં ?**
**ચાંદ મિલતા નહીં સબકો સંસાર મેં,**
**હૈ દીયા હી બહોત રોશની કે લિએ,**

**– 'સરસ્વતીચંદ્ર' ફિલ્મ**

બીજી સ્કૂલો જ્યારે પરીક્ષાનું જ ધ્યેય રાખીને ઢાંચાના ખાંચામાં કામ કરતી હતી ત્યારે વિદ્યાર્થી, શિક્ષક, શિક્ષણ જોડે ઘરોબો આપે તેવા શિક્ષણ ઉપરાંત સંગીતથી માંડીને નાટક, પરીક્ષાના શિક્ષણને ભૂલ્યા વિના વિચારોની જાગૃતિ અને જાત સમજવાનું શિક્ષણ આપવાનું એમણે શરૂ કર્યું.

સ્પોર્ટ (ખેલ), સંગીત, નાટક, ફિલ્મને એમના શિક્ષણમાં સ્થાન હતું. સંગીત એમના લોહીમાં હતું. એમણે સંગીત શિખવાડવાની સંસ્થા 'સપ્તક'ને શાળામાં સ્થાન આપ્યું હતું, જે આજે પણ શાળામાં રહીને સંગીત શીખવાડે છે.

વર્ષમાં એક દિવસ ઈન્ડિયાના શ્રેષ્ઠ સંગીતકારોને બોલાવી અમદાવાદમાં 'સપ્તક' સાથે રહીને સંગીત કૉન્સર્ટ ગોઠવતા, જેનું મહત્ત્વ સંગીતકારોએ સ્વીકાર્યું હતું.

હિંમતજી સંગીતકાર ન હતા પણ સંગીતકારોના ખૂબજ માનીતા હતા. નાટકમાં પણ પ્રયોગાત્મક સંસ્થાઓને શાળામાં સ્થાન આપતા. ઉપરાંત ફિલ્મની સોસાયટી દ્વારા દરેક રવિવારે જગતની શ્રેષ્ઠ ફિલ્મો તે બતાવતા હતા.

આવા કપાસી સાહેબ સ્મરણોની સુવાસ મૂકી, શાળાની સુવાસ મૂકી જગતની સ્કૂલના અભ્યાસે ચાલી ગયા. એમના વ્યક્તિત્વની સુવાસ કવિના શબ્દોમાં નીચે રજૂ કરી છે.

'Thou'rt gone ! The abyss of heaven
Hath swallowed up thy form; yet on my heart
Deeply both sunk the lesson thou hast given,
And shall not soon deport.

**– William Cullen Bryant**



શાળાની વાર્ષિક ઉજવણી સમારંભમાં નાટકની પ્રસ્તુતિ પ્રસંગે
શ્રી જયંતિ પટેલ 'રંગલો', શ્રી અર્ચન ત્રિવેદી,
શ્રી સનત વ્યાસ અને શ્રી હિંમતભાઈ કપાસી

# હિમ્મત કપાસી : એક કથાનક

**– સિતાંશુ યશશ્ચન્દ્ર**



જિન્દગી તો ફક્ત બહાનું હતી. એણે કરવા હતા તમાશાઓ – એમ આદિલ મન્સૂરીએ જ્યારે લખ્યું ત્યારે એણે એ પોતાને માટે લખ્યું હતું. એમ કેટલાંક સમય સુધી મને લાગ્યું હતું. મારી એ ભૂલ ત્યારે સુધરી જ્યારે કપાસીસાહેબ નામની એક અનોખી અફવા અમદાવાદથી નીકળી મારા સુધી પહોંચી. પડીકીઓ પહોંચાડનાર આકંઠ સાબરમતીના તરવૈયાઓ અને ખોલનાર રે મઠના મસ્તાનાઓ. પછી શી મણા ? એટલે આદિલની એ ગઝલ મેં ફરીથી વાંચી. એમાં ને એમાં કપાસીસાહેબ અને મારી વચ્ચે એક આત્મીયતાનો સંબંધ, વગર મળ્યે ઝાઝો બંધાયો. એ સરરિયલ સંબંધ અંગે આજે આટલા વખતે કશુંક લખવાનું બને છે.

દસકાઓ પહેલાં, વડોદરાની મ.સ.યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં અધ્યાપકોની નિમણૂક માટેના એક ઇન્ટરવ્યૂમાં અમારા અજોડ કુલપતિ ભીખુભાઈ પારેખે એક ઉમેદવારને પૂછેલું. પ્લોટ અને સ્ટોરી વચ્ચે તફાવત શો ? બીજી બધી રીતે સારા એવા એક ઉમેદવારનો એ સવાલથી નાઉમેદ થતો ચહેરો હજી જોઈ શકું છું, ત્યારે એ આજીવન ઉત્તમ અધ્યાપક એવા કુલપતિએ સમજાવેલું કે ઘટનાઓ જેમ હકીકતે બનતી જાય એમ, એ જ સમયાનુક્રમે ગોઠવેલી રાખીને, એમની જેમની તેમ રજૂઆત કરો તો સ્ટોરી થાય. એનો ક્રમ બદલો ને નવી રીતે બે બનાવોને જોડો, ને એ ઉથલપાથલમાંથી કોઈક નવું જ ભાવજગત રચી શકો, તો એ તમે બનાવેલો પ્લોટ થાય. કપાસીસાહેબને આજે યાદ કરીએ તો સમજાય કે એ નિરંતર અને નિષ્કારણ ઉથલપાથલ કરનાર માણસ હતા. જીવનની મોટે ભાગે નીરસ જણાય એવી રોજિંદી ઘટનાઓને રમતાં રમતાં નવો જ ઘાટ આપી શકતા. એવું કરવું એમને ગમતું. એટલે એ એવી ઉથલપાથલ કરતા. વાસ્તવની નીરસ વાર્તાને એક નવા જ કથાનકરૂપે, જરા તોફાની આંખે પણ ઠાવકે ચહેરે, મિત્રો સામે ધરી દેનાર આજન્મ કથાકાર એ હતા... મિત્રો માટે કપાસીસાહેબ પોતે પણ હિમ્મતલાલના જીવનના રોજિંદા બનાવોનો સામાન્ય સરવાળો નહોતા, એક પ્લોટ હતા, એટલે કે લેજન્ડ. કપાસીસાહેબ પોતે પોતાને માટે પણ પોતાના જીવનનીયે જાણીતી ઘટનાઓનું રોમાંચક અને જરા ચોંકાવનારું રસિક કથાનક હતા. હી વૉઝ નોટ અ હિસ્ટરી, હિમ્મત કપાસી વૉઝ અ લેજન્ડ, ઈવન ધો હિમસેલ્ફ ! એમ અચાનક અંગ્રેજીમાં કહેવાનું મને આ મન જે થયું, એ આપણા આ ઉથલપાથલકાર કપાસીનો પ્રતાપ !

કપાસીસાહેબને પ્રત્યક્ષ મળવાનું મારે ઝાઝું ન થયું. માંડ ત્રણ-વાર પ્રત્યક્ષ મળ્યા હોઈશું. પણ અમદાવાદથી આવતા મિત્રોની વાતોમાં એ ભરપૂર હાજર હતા. ને કેવા કેવા મિત્રો ? મધુ રાય, લાભશંકર ઠાકર, આદિલ મન્સૂરી, ચિનુ મોદી... દરેક જણ જાતે ગુજરાતી સાહિત્યની એક પ્રશસ્ત દંતકથા. એમની પાસે હાસ્ય-હેત અને ઊંડા-આદરના રસાયણરૂપે સાંભળતા મળેલી જે વાતો, એ મારા કપાસીસાહેબ. મારે માટે તો લેજન્ડ્સ લેજન્ડ. કીર્તિકથાઓએ કહેલી કીર્તિકથા.

આમ તો અફવા અને તમાશા, બેમાંથી એકેય બાબત બહુ સારી નથી ગણાતી. પણ એ બે ઘટનાઓ જ્યારે, જોકે જવલ્લે, કોઈ ઊંડી સારપ સાથે, નરી નિસ્પૃહતા સાથે, નિષ્કારણ મસ્તી સાથે જોડાય, ત્યારે બે-ત્રણ ચમત્કારો યા જાદુ થાય છે. જેમ કપાસીસાહેબની બાબતમાં બન્યું એમ. એ તમાશા તથ્યાધિક બની જાય, અફવા અદાલતી અહેવાલોથી વધારે સાચી નીકળે. એ રીતે કપાસીસાહેબ વિશેની વાતો અમદાવાદથી મુંબઈ-દિલ્લી-વડોદરા-રાજકોટ બધે મારી પાસે જેમ જેમ આવતી ગઈ તેમ તેમ અમારી પેલી નવાઈની નિકટતા વધતી ગઈ. તો, લાવ, આજે એ અજોડ અફવાએ, એ

તથ્યાધિક તમાશાએ સર્જેલા એક-બે ચમત્કાર કહો તો ચમત્કાર, કે એણે કરી બતાવેલા જાદુ કહો તો જાદુ, એમને વિશે બે-એક વાત કરું.

પહેલો જાદુ નાટકનો. કહે છે કે કલકત્તાથી અમદાવાદમાં નવોસવો આવેલો હરિયા નામનો એક જણ જાદુઈ કાન ધરાવતો હતો. બધા એ કાન પર ફિદા. દ્વારકાધીશ પણ. હવે અમદાવાદ આવેલા હરિયાએ હઠ કરી એટલે દ્વારકાધીશ જાતે અમદાવાદ પધારેલા, એ વાત તો પાક્કી. પણ ક્યાં કલકત્તા, ક્યાં દ્વારકા? ને આ અમદાવાદમાં રહેવું ક્યાં? તો હરિયો દ્વારકાધીશને બેટ દ્વારકાંની બોલીમાં સમજાવે કે ઓલી અફવા છે ને, કપાસી, તમારા દીવાની વાટમાં હોય છે ઈ, ઈ અફવા રાખે છે, બીજી કો'ક કો'ક અફવાઉને, પોતાને ઘિર્યે. હાલો આપણે યે જાઈ ન્યાં જ, એ રીતે હરિભાઈ અને દ્વારકાધીશ કપાસીસાહેબને ઘેર અને એમની નિશાળમાં રહેવા લાગ્યા, એવી વાત સાંભળવામાં આવી છે.

વા' વાત લઈ જાય, તે બધા કેવા લાગ્યા કે કો'ક હરિયાના કહેવાથી દ્વારકાધીશે જાતે કો'ક કપાસીસાહેબની કો'ક વિદ્યાનગર નિશાળમાં નવો અવતાર લીધો છે. તપાસ કરી તો જાણ્યું કે એ હવે જન્મ્યા છે. નવાનકોર ગુજરાતી નાટકના અવતારે, બાળલીલા અર્થે. આ અવતારે એમણે નામ રાખ્યું છે, ગોડોજી મહારાજ ૧૦૦૧. મૂળે એબજરડ લોકવાસી (ગોલોકથી ડાબે આગળ જતાં, વૈતરણીની એક શાખાને કાંઠે એ લોક આવે.) પણ હાલ નિવાસ કપાસીસાહેબની હવેલીમાં. ભણવા માટે સાંદીપનિ ઋષિ તો હતા નહીં એટલે સુરગુરુ કે અસુરગુરુ જે ગણો તેવા કપાસીસાહેબની વિદ્યાનગર નિશાળમાં પહેલા ધોરણમાં ગોડોજી મા'રાજ દાખલ થયા. આજે પણ શાળાના રજિસ્ટરમાં દાખલ-સર્ટી હશે. ''છાત્રનું નામ : ગો.મ.; ન.ગુ.ના.; ધોરણ એક.'' પણ વાલી તો જોઈએ ને? કપાસીસાહેબને 'વાલી' વગર ન ચાલે. તો ગોડોજીના વાલી કોણ? ''વાલી વૈદરાજ લાઠા. (મણિનગર)'', એવી નોંધ પણ હશે. મેં વાંચેલી છે. (એ રજિસ્ટરનું પુનઃમુદ્રણ પુસ્તક 'યાર અને દિલદાર' માં મળે છે. લેખક મધુ રાય. અરુણોદય. ૨૦૦૯.)

બીજો ચમત્કાર કવિતાનો. ('આમ તો ઘણા છે, પણ ચમત્કારનું એવું છે ને કે એ ફરી બતાવાનાં હોય, કહીં બતાવાનાં નઈ.') આ વખતના અવતારપુરુષ જુદા. એક્ચ્યુઅલી એ અવતારપુરુષ પુરુષ નહોતા, અવતાર-અસ્ત્રી હતાં. સાક્ષાત ત્રિપુરસુંદરી દેવી મૉડર્ન પોએટ્રી. મૂળે એ દેવી પણ પચ્છમલોક નિવાસી. જેમ મા ભવાની અવતાર લે તો એમની છ કે છત્રીસ જોગણીઓ ભેગાં લેતાં આવે, એમ આ ત્રિપુરસુંદરી પણ ગુજરાતે રમવા ઊતર્યાં ત્યારે પેરિસ-લંડન-સાન ફ્રાન્સિસ્કો નગરથી જુદી જુદી જોગણીઓને મુંબઈ, વડોદરા, અમદાવાદ એમ જુદા જુદા થાનકે થાપેલી, મા ભવાનીએ. અમદાવાદી જોગણી બીજીઓ કરતાં બહુ તેજ, તે એણે પહેલાં તો ઉતારો કર્યો 'કાયચિકિત્સા, મૂતરડી સામે' એવા ફટાફટ સરનામે. પછી એ



જોગણીએ તો શે'રના ચૌટે ચૌટે ફરવું હોય, એટલે બધે એને લઈ કોણ જાય? એવી હિમ્મત કોણ કરે? તો કે હિમ્મતલાલ કપાસી. નામ જ જેનું હિમ્મત, તે એ તો મારે એક કિક પોતાના સ્કૂટરને ને જલસા કરાવે જોગણીને યે... એ રીતે મૉડર્ન ગુજરાતી પોએટ્રી નવે નવે વેશે આખા અમદાવાદમાં ફરી વળી ને આજે યે ક્યારેક નવતર વેશે હિમ્મતલાલનું જૂનું સ્કૂટર જાતે કિક-સ્ટાર્ટ કરીને ગુજરાતમાં ને બીજે ચક્કર લગાવી આવે છે, 'ભવાની પાન ડીપોનું તમાકુનું પાન' મોંમાં મૂકતાક ને... (વધુ વિગતો માટે વાંચો : 'યાર અને દિલદાર' પા. ૧૧૭ થી ૧૨૧ ક્રમસે ક્રમ.)

કપાસીસાહેબ ભલે ના પાડે પણ ત્રીજા ચમત્કારની વાત વગર આ પ્લોટ અધૂરો રહી જાય. એ તીસરે ચમત્કાર કી બાત સે ઈસ પ્લે કા કર્ટન કરેં.

એઓ એક મોટી શાળાના આચાર્ય હતા. મોટા ગજાના આયોજક હતા. સંગીતના જાણકાર હતા, પત્રકાર હતા. પણ એમણે આ બધી ઓળખ ઉપર જાણે પડદો પાડીને એક દંતકથા જેવું રૂપ કેમ પ્રગટ કર્યું? માત્ર મસ્તી હતી? લીલા? કે ગોવર્ધનરામ જેને ગંભીરતાપૂર્વક ઋણમુક્તિનું કામ ગણાવે છે, એવું બીજી વ્યક્તિઓ, અડોશપડોશ, સમાજ અને જગત પાસેથી આપણે જે મેળવ્યું છે, એની સામે કશુંક સાવ સહજ રીતે, પોતાને યે ખબર ન પડે એ રીતે આપી જવાની વિરલ, સહજવૃત્તિ?

અનેક વ્યક્તિઓને, પોતાની આસપાસના વૃંદને, એક આખા સમાજને, બલ્કે ઇતિહાસના એક લાંબા તબક્કાને સહજ સૌજન્યથી, સાહસિક સર્જકતાથી અને મસ્ત સુખથી સભર-સભર બનાવી દે. એવી, પોતાને ઢાંકીને બીજાઓને પ્રગટ થવાની સવલતો કરી આપનાર, આવી 'અફવાઓ'ની ખોટ ગુજરાતને ન પડે, એ શુભેચ્છા, કપાસીસાહેબને યાદ કરવાની આ બે-પાંચ પળોમાં...

# “લીલાછમ કપાસી”

**લાભશંકર ઠાકર**



કપાસી વિશે મારે સાવ સંક્ષેપમાં લખવું હોય તો હું આટલું જ લખું. લીલો રંગ, હાસ્ય અને કલા. કપાસીનો રંગ લીલો, હરિત ગ્રીન છે. થોડો અમથો વરસાદ છંટાય અને જેમ જમીનમાંથી લીલું ઘાસ બહાર ઉપસી આવીને ફરકવા માંડે તેમ કપાસી જીવનભર, ઈન ઑલ સીઝન્સ, લીલાછમ ઘાસની જેમ ફરકતા રહ્યા છે. શાળાના એક પદ પરથી ભલે એ નિવૃત્ત થયા હોય, એ આઉટ થયા નથી. હજુ રમી રહ્યા છે.He is ever green.

સજીવ ફરકતા ઘાસ પર તડકો ચમકે તેમ કપાસી હસતા હોય છે. દિવસે તડકા જેવું તો રાતે ચાંદની જેવું. એમના હાસ્યમાં પણ સંગીતના સૂરોના લય, તાલ છે. કરુણ ઘટનાને પણ એ હાસ્યમાં લપેટી બિનઅંગત થઈ શકે છે. એક વાર કોઈ વડીલ રિશ્તેદારના મૃત્યુની વાત એમણે વ્યંજનાથી કરીઃ ‘‘બાકી, એક વડીલ રિશ્તેદારનો ફ્યૂઝ ઊડી ગયો.’’ રંગભૂમિની એક નટીની વય વિશે એક મિત્રે કહ્યું : ‘‘સોળ વર્ષની હોય એવી લાગે છે.’’ કપાસી તરત બોલ્યા : ‘‘બાકી સોળ ઉપર એક સેકન્ડ ઉમેરી ન શકાય.’’ કપાસીની આવી મર્મોક્તિઓનો સંગ્રહ કરવો જોઈએ. સાહેબે એક નાટક લખ્યું તો એમાં કૂવાનું વિશેષણ વાપર્યું ‘અલમસ્ત.’

લીલાછમ કપાસીના જીવનક્ષેત્રમાં કેટકેટલી કલાઓ ઊગી છે ! પૂર્વ અને પશ્ચિમના સંગીતના એ આશિક. નાટકો પણ ક્યારેક લખે અને ક્વચિત્ કવિતા પણ લખે. નાટકમાં ઊતરીને અભિનય પણ કરે. વિદ્યાનગર એ કલાનગર હોય એમ એમણે અનેક કલા પ્રવૃત્તિઓને આશ્રય આપ્યો છે, અને એમાં સક્રિય રસ લીધો છે. કોઈ સંગીતકાર હોય, સુપ્રસિદ્ધ કે મધુ રાય જેવા સાહિત્યકાર હોય, કોઈ ચિત્રકાર હોય કે કોઈ શિલ્પી હોય, સહુ કપાસીને ત્યાં આવે, રહે, વસે, કલાના આ આશિક, પરમ ચાહકે, ઉસ્તાદી તો એવી કરી છે, કે સ્વયમ્ કલા–ને ગૃહિણી તરીકે જીવનમાં સ્થાન અને માન આપ્યું છે.

હરિત કપાસીના હાસ્ય અને કલાની વાતમાં કંઈ સમગ્ર કપાસી પ્રકટ થતા નથી. એમના વિશે ઘણું લખી શકાય. કલાત્મક ચલચિત્રો બતાવતી સંસ્થા ‘ન્યૂ ફિલ્મ સોસાયટી’ના એ અગ્રિમ સૂત્રધાર છે તે તો ખરું. પણ જેમ અભિનેતા રાજકુમારની કે વિનોદખન્નાની આગવી ચાલ, ગતિ છે; તેમ કપાસીસાહેબની પણ અદકેરી ચાલ છે. આવી તો અનેક એમના વ્યક્તિત્વની વિશેષતાઓ છે, પણ વિસ્તારભયે અલમ્.

# મારી દૃષ્ટિએ કપાસી...
## (શ્રી એચ.સી. કપાસી સન્માન મહોત્સવ ગ્રંથમાંથી તા. ૨૭-૮-૧૯૮૭)

## રઘુવીર ચૌધરી



કપાસીસાહેબની નિવૃત્તિનો ઉત્સવ ઊજવાય છે એ જાણીને એમાં સામેલ થવાનું મન થયું. કંઈક બે શબ્દ લખી આપવા ભાઈશ્રી સનત જાનીએ જણાવ્યું તો કવિતા લખવાનું મન થયું. આપણા સમકાલીનોમાં કવિતા લખવા જેવા માણસો હોય એ કંઈ નાનુંસૂનું આશ્વાસન નથી.

આચાર્ય શ્રી હિમ્મતલાલ કપાસીને હું છેલ્લાં પચીસેક વર્ષથી ઓળખું છું. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ પાસે કપાસીસાહેબની વિદ્યાનગર હાઈસ્કૂલ આવેલી છે. સામાન્ય રીતે ગૂજરાત વિદ્યાપીઠમાં જે બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલવી જોઈએ એની જવાબદારી આ એની પડોશી સંસ્થાએ ઉપાડી લીધી. રાત્રે એના ખંડોમાં કે પ્રાંગણમાં કોઈક વિદ્વાન સાથે ગોષ્ઠી યોજાઈ હોય, સંગીતનો કાર્યક્રમ હોય, કવિતા-વાંચન હોય કે લીલા નાટ્યના પ્રયોગો થતા હોય, એ બધાના આયોજનમાં કપાસીસાહેબ હોય પણ એ એમના કર્તૃત્વનો અણસાર આવવા ન દે. અતુલ દેસાઈ બનારસથી પંડિત ઓકારનાથ પાસેથી શાસ્ત્રીય સંગીતની તાલીમ લઈને આવ્યા હોય ત્યારે જ એમનું ગાયન યોજાય, સંગતમાં નંદન મહેતા હોય; આકાશવાણીના નિયામક તરીકે ગિજુભાઈ વ્યાસ અમદાવાદ આવ્યા હોય એ એમનો હોદ્દો ભૂલીને ન્હાનાલાલના નાટકમાંથી એકોક્તિ રજૂ કરે, મધુસૂદન ઢાંકીનો શિલ્પ સ્થાપત્યનો વાર્તાલાપ હોય અને હરિવલ્લભ ભાયાણી જેવા પ્રમુખ શ્રોતા હોય, મધુ રાય અને લાભશંકર વગેરે નવલેખકો દ્વારા સંચાલિત આકંઠ સાબરમતીના લીલા નાટ્યના નીવડેલા પ્રયોગો હોય, 'વેઈટિંગ ફોર ગોદો' વિશે બોલવા આવેલા ઉમાશંકરભાઈ મન મૂકીને વાત કરતા હોય-બાલમુકુંદ દવેના શબ્દોમાં કહું, તો 'કોને કરું, યાદ કોને વિસારું, કિતાબ થાય.'

મધુ રાય કલકત્તા છોડી ઠરીઠામ થવા અમદાવાદ આવ્યા ત્યારે કપાસીસાહેબ એમના મુખ્ય યજમાન હતા. 'દર્પણ' સંસ્થા 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો' તૈયાર કરતી હોય એમાં કપાસીસાહેબ ભૂમિકા કરવાનું પસંદ કરે એ જ મધુ રાય પ્રત્યેના એમના પક્ષપાતની સાબિતી કહેવાય પણ પછી તો બીજી એકથી એક એવી ચઢિયાતી સાબિતીઓ એમણે આપી. જેની સર્જન-પ્રક્રિયામાં કપાસીસાહેબને રસ પડ્યો હોય એ સહુને આ જ શૈલીએ ચાહે 'અમૃતા'ની પ્રથમ આવૃત્તિ ૧૯૬૫માં પ્રગટ થઈ હતી. કપાસીસાહેબે ખરીદેલી એ નકલમાં એક ફર્મો બીજા કોઈ પુસ્તકનો આવી ગયેલો. એ વિશે એમની રમૂજી શૈલીએ વાત કરી. આખું પુસ્તક કેવી રીતે વાંચ્યું, એ એમણે જણાવ્યું હતું. અભિનંદન આપતાં પણ એ ભારેખમ ન લાગે. અને આછકલા તો એ છે જ નહીં. એમણે ધાર્યું હોત તો એ હાસ્યકાર થઈ શક્યા હોત. વાતચીતમાં એ ઠંડે કલેજે ભાગ લે, એમને સાંભળીને હસનારને જોઈને એ પ્રસન્ન રહે, એ અને બાલભાઈ ક્યારેક સાથે હસે પણ ખરા.

૧૯૮૩-૮૪ના અરસાની વાત છે. લાભશંકર ઠાકર પૂરા ઉત્સાહથી ગુજરાતી સાહિત્ય પરિષદ વિરુદ્ધ લખતા હતા. એવામાં વિદ્યાનગર હાઈસ્કૂલનું નિમંત્રણ મળ્યું. ગુજરાતી સાહિત્ય પરિષદ્ દ્વારા સંચાલિત પુસ્તકાલય માટે શાળાના વિદ્યાર્થીઓએ ફાળો એકઠો કર્યો હતો. અઢી હજાર જેટલી રકમ હતી. એનો સ્વીકાર કરવા હું, કુમાળપાળ અને વિનોદ ભટ્ટ ગયેલા. એ પ્રસંગે યોજાયેલી સાહિત્ય સભા આજેય યાદ છે. વિદ્યાર્થીઓની ગ્રહણશીલતા વિરલ હતી. લોકપ્રિય નાટ્યકાર શ્રી વિનોદ જાનીએ કાર્યક્રમનું સંચાલન કરેલું. એ ત્યાં શિક્ષક. શિક્ષકોને માત્ર સ્વતંત્રતા નહીં, કપાસીસાહેબનો સ્નેહ પણ બિનશરતી પણ મારે એ કહેવું હતું કે મિત્ર લાભશંકરનાં મહેણાની બીક રાખ્યા વગર કપાસીસાહેબે પરિષદ્ના પુસ્તકાલયને મદદરૂપ થવાનું પસંદ કર્યું એ જાણે કે લાભશંકરના ખીજાવામાં અને રીઝાવામાં સર્જનાત્મક લાગે એવી અનિશ્ચિતતા રહેલી હોય છે. જ્યારે કપાસીસાહેબ ચોક્કસ દૃષ્ટિથી શાળાનું સંચાલન લઈને બેઠેલ આચાર્ય છે. એમની નારાજગી મુખર બને નહીં.

બે-ત્રણ વાર કપાસીસાહેબે મને ટૂંકી મુદતે લેખો આપ્યા છે. એ નાટક ભજવી જાણે એમ એને વિશે ઝીણી નજરે લખી જાણે. અગાઉ વર્ષો સુધી રજનીકાન્ત પટેલ સાથે મળીને અખબારી લેખન કર્યું છે. એમની પાસે લસરતી પેનની પ્રસાદી (ફ્રિસલિટી ઑફ પેન) છે. પણ એમની કોઈ એક રુચિની વાત કરવી હોય તો શાસ્ત્રીય સંગીતનો ઉલ્લેખ કરવાનો રહે. બીથોવન આદિ મહાન સંગીતકારોની રચનાઓ એમના સૌજન્યથી પ્રથમવાર એમને ઘેર સાંભળેલી. શાસ્ત્રીય સંગીત વિશે વાત કરતા હોય ત્યારે એ બહુ ઓછા શબ્દો વાપરે. આમેય એ અલ્પોક્તિના-અંડર ટોનના માણસ છે. એમનાં કુટુંબીજનોની સંસ્કારિતાની પણ મારા મન પર વિધાયક છાપ છે.

જેમ એમણે અદ્યતન રંગભૂમિની પ્રવૃત્તિઓમાં રસ લીધો, તેમ બલ્કે વધુ મોટી જવાબદારી અંગીકાર કરીને સહૃદયોને પ્રયોગશીલ ચલચિત્રો બતાવવા 'ન્યૂ ફિલ્મ સોસાયટી' સ્થાપી અને ચલાવી જાણી. દૂરદર્શનના આક્રમણ પછી પણ એ સંસ્થા ટકી રહી છે. હું શનિ-રવિએ ખેતરમાં જ્યારે જવા લાગ્યો ત્યારથી એનાથી વંચિત રહી જાઉં છું. પણ ગયા વર્ષે એમનો આદેશ હતો તેથી સભ્ય બનેલો. એમનો વિરોધ કરવાનું મારે બન્યું નથી એનો યશ એમને જાય. બીજા લોકો એમની સામે લડ્યા હશે તો એ પણ પ્રેમથી. એક વાર ન્યૂ ફિલ્મ સોસાયટીના ઉપક્રમે એક તમિલ કે શ્રીલંકાની ફિલ્મ બતાવવામાં આવેલી. થિયેટર સારું હતું, તેથી બેસી રહેવું સહ્ય બનેલું. કપાસીસાહેબની જગાએ બીજો કોઈ સંચાલક હોય તો એવી નબળી ફિલ્મ બતાવવા બદલ પ્રેક્ષકો ઘેરી વળે. પણ એમણે કપાસીસાહેબ સામેનો ગુસ્સો કેવી રીતે વ્યક્ત કર્યો ? કહે : કપાસીસાહેબને બેસાડીને આ ફિલ્મ એમને ફરીથી જોવાની ફરજ પાડો ! સાચી વાત છે. આથી વધુ શિક્ષા એમને થઈ ન શકે. કલાપારખું અને સંવેદનશીલ એવા કપાસીસાહેબને આઘાત આપવા માટે એમને કલાહીન કૃતિ કે વસ્તુનો સાક્ષાત્કાર કરાવો !



# એક વિનોદયાત્રીની યાદમાં...

— વિનોદ ભટ્ટ



વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદનો એક વજનદાર કાંગરો થોડા દિવસ પહેલાં ખરી પડ્યો. નામ હિમ્મતલાલ કપાસી. તદ્દન ઑફબિટ માણસ, તે લગભગ નેવું વરસ જીવ્યા. તેમના મરણ વિશે તેમને જ કોઈએ પૂછ્યું હોત તો કહેત કે ‘એક દિવસ આ તો થવાનું જ હતું ને ! - આપણી પાલખી ઊઠી ગઈ. આમ તો સો વરસ પૂરાં કરવામાં આપણને કોઇ તકલીફ નહોતી. એય ખેંચી નાખત, પણ આ કિસ્સામાં એવી ગમ્મત થઈ કે નાનપણમાં કોઈએ સો શરદ જીવવાના આશીર્વાદ નહોતા આપ્યા એટલે આપણે તો બાજી ફીટોંસ કરીને ચાલવા માંડ્યું. જ્યાં જઈશું ત્યાં આપણે તો મજોજ મજો કરવાનાને!’

તે અમદાવાદના ઉસ્માનપુરા ખાતે આવેલ શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલના શિક્ષક હતા. આચાર્ય પણ ખરા. પરંતુ કોઈ એમના માટે શિક્ષણવિદ્ કે શિક્ષણશાસ્ત્રી જેવાં ભારેખમ વિશેષણો વાપરે ત્યારે તે ઈશુ ખ્રિસ્તની જેમ મનમાં બબડતા હશે કે ‘મા સરસ્વતી. તારે ત્યાં માફામાફી જેવો કોઈ રિવાજ-ફિવાજ રાખ્યો હોય તો એ અબુધોને માફ કરજે, જેમને એટલી પણ ખબર નથી કે તે કેવા માણસને શરમાવવા માટે કેવા કેવા રમૂજી શબ્દો, કોઈ ઝીલનાર નથી એટલે આરામથી ઉછાળી રહ્યા છે.’

•••

ફ્લેશબૅક : બી.એ. માં માફકસરના માર્ક્સ મળ્યા એટલે તેમને પહેલાં તો પ્રૉફેસર થવાનો કોડ જાગ્યો, ‘ફની’ વિચાર આવ્યો. મોટાભાઈને વાત કરી. ‘તું અને પ્રૉફેસર !’ કહી કોઈ સારી ‘જોક’ સાંભળી હોય તેમ આશ્ચર્ય (તે ખાસ તો ચિંતાથી) તેમનો આ વિચાર હસી નાખ્યો. શિસ્ત જોડે જેને ઊભા રહ્યે ન બને, એની સાથે કોઈ નિસ્બત ન હોય એવો માણસ પ્રૉફેસર બને તો એ કૉલેજનું શું થાય ? અને એની સાથે એક વિચારનો મગજમાં ઝબકારો થતાં જ મોટાભાઈએ સ્કૂલ ખોલી આપી. એ બહાને, કમસે કમ, હિંમતમાં થોડી શિસ્ત તો આવશે ! આમ, આજથી ૬૫ વર્ષ અગાઉ ઉસ્માનપુરા ગામમાં, ખેતરોની વચ્ચે એક જુદી, પણ શુભ ભાવનાથી એક શાળા ઉઘાડવામાં, ઉગાડવામાં આવી. આ શાળા હિંમતે ચલાવવા લીધી છે એટલે તો તે એક ડગલું પણ નહીં ચાલે એવો ઘણાને વિશ્વાસ હતો. ખુદ હિંમતલાલ પણ એ બધામાંના એક હતા. આ સ્કૂલ નહીં ચાલે તો આ મકાનને રેસિડેન્શિયલ હોટેલમાં ફેરવી નાખવાનો વિકલ્પ પણ હિમ્મતલાલે વિચારેલો. શહેરનો આ વિસ્તાર એ વખતે ખાસ ખીલેલો નહીં, રસ્તા પર કામ સિવાય ફરતાં માણસોય બહુ ઓછાં દેખાય. શાળાની બારીમાં દૂરબીન માંડીને આ શિક્ષણશાસ્ત્રી (?) હિમ્મતભાઈ બેસતા- કોઈ વિદ્યાર્થી આ તરફ ફરકે છે ? એ જોવા. ઉસ્માનપુરા-નવરંગપુરા ગામોમાં

સ્કૂલ ખૂલે તેનાં હેન્ડબિલો વહેંચવા તે જાતે સાઈકલ પર ફરતા.

અને ટ્રેજેડી તો એ થઈ કે સ્કૂલ તો મારી બેટી ચાલી, ૬૫ વરસની થઈ ગઈ છતાં જરાયે થાક્યા વગર, ધમધોકાર ચાલ્યા કરે છે. કોઈ ચમત્કાર વગર આવું બને ?

'આ સ્કૂલ ચલાવવામાં તમે સફળ કેવી રીતે થયા ? એવું તેમને કોઈ પૂછે તો એ લાક્ષણિક સ્મિત વેરતાં કહેતા : 'રિકવાયર્ડ' રૂટિનનો અભાવ, બીજું કશું જ નહીં.'

આચાર્યની બાળકોને જરા પણ બીક નહીં. દાદાજી પાસે હરખથી દોડી જતાં બાળકની માફક કપાસીસાહેબની ઑફિસમાં દોડતા છોકરાઓ જોઈ શકાતા. કોઈ શિક્ષક વિદ્યાર્થી પર ગુસ્સે થઈને, 'ચાલ, તને પ્રિન્સિપાલ પાસે લઈ જાઉં' એવી ધમકી આપે કે તરત જ વિદ્યાર્થી એ શિક્ષકની પહેલાં કપાસીસાહેબની ઑફિસમાં પ્રવેશી જાય. સાહેબ શિક્ષકને કહી દે કે તમે જાવ, મામલો નિપટાવી દઈશ, તે પોતાની રીતે તે બાળકને તોફાન ન કરવા સમજાવી-પટાવી લેતા.

એક દિવસ બન્યું એવું કે ત્રણ-ચાર તોફાની બારકસો સ્કૂલમાં યુનિફૉર્મ પહેરવાને બદલે લુંગી પહેરીને ગયા. શિક્ષકો તેમના પર ગરમલાહ્ય જેવા થઈ ગયા. સ્કૂલમાં આવી ગેરશિસ્ત ચલાવી જ કેમ લેવાય ! આ છોકરાઓને કડકમાં કડક સજા કરાવવા આચાર્યશ્રીની ઑફિસમાં લઈ ગયા. કપાસીસાહેબના હવાલે કરી દીધા. આ છોકરાઓને યોગ્ય નસિયત કરવાને બદલે કપાસીસાહેબે જાતે જ એ લોકોને લુંગી પહેરી બતાવી. લુંગી સાચી રીતે કેમ પહેરાય એ શીખવ્યું. ને ઉપરથી સારી ને રંગ ન જાય એવી લુંગી ક્યે ઠેકાણે ને શા ભાવે મળે છે એની રસપ્રદ માહિતી પણ પૂરી પાડી.

'થ્રી ઇડિયટ્સ' ફેઇમ અભિજાત જોશી વિદ્યાનગર હાઈસ્કૂલનો વિદ્યાર્થી. આવા હોનહાર વિદ્યાર્થી કપાસીસાહેબની આંખ સામે, એમની હૂંફમાં ઊછરેલા, ઊગેલા. એકવાર આ વિદ્યાર્થીને એક શિક્ષકે વર્ગની બહાર ઊભા રહેવાની સજા કરી. તે બહાર ઊભો હતો. રાઉન્ડમાં નીકળેલ કપાસીસાહેબે અભિજાતને સજાનું કારણ પૂછ્યું. તેણે સાચું કારણ જણાવ્યું. 'હું બાજુવાળા ભાઈબંધ સાથે વાતો કરતા હતો.' શેની વાતો ચાલતી હતી ? સાહેબે પૂછ્યું એટલે મેં કહ્યું કે મારા પપ્પાએ ગઈ કાલે બી.બી.સી. પર સંભળાવેલ 'જસ્ટ અ-મિનિટ' નામના કાર્યક્રમની વાત હું ભાઈબંધ સાથે કરતો હતો. એટલે કપાસીસાહેબ કહે : 'આવી વાતો તો ક્લાસમાં કરવાની જ ન હોય ને ! આવ એની વાત આપણે ઑફિસમાં બેસીને કરીએ. પછી મને એ ઑફિસમાં લઈ ગયા હતા. ત્યાં રેડિયો ચાલુ કર્યો, અને એ સમયે પેલા 'જસ્ટ-અ-મિનિટ' પ્રોગ્રામનો રિ-રન (પુનઃપ્રસારણ) કાર્યક્રમ ચાલતો હતો એ સંભળાવ્યો.'

અભિજાત જોશી અને હિરેન ગાંધી જેવા અસંખ્ય કલાકારો, તેમજ ડૉક્ટરો અને ઇજનેરો એ વિદ્યાનગરની 'રેર' પ્રૉડક્ટ છે. છતાં કપાસીસાહેબ કે તેમની શાળાના એક પણ શિક્ષકને બેસ્ટ ટીચરનો એવૉર્ડ મળ્યો નથી, આના કારણમાં સાલી પ્રથા એ છે કે સરકારમાં શિક્ષકે પોતાનું સ્વમાન હાંસિયામાં ધકેલીને અરજી કરવી પડે છે કે, 'હું આદર્શ શિક્ષક છું, ન માનતા હો તો વાંચી લો આ સર્ટિફિકેટો અને મારો બાયોડેટા' પરંતુ કપાસી સાહેબ તેમના સહકર્મીઓ ખુદ્દાર હોવાથી તેમણે સરકારી આદર્શ શિક્ષક થવાનું પસંદ કર્યું નથી. આમ તો તમામ શિક્ષકો માટે તેમના હાથ નીચે તૈયાર થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓ જ તેમને મળેલ આદર્શ શિક્ષકનો ઇલ્કાબ છે. પછી સરકારી આદર્શ શિક્ષક થવાનો અર્થ ખરો ?

સ્કૂલનો ધંધો તેમણે બ્રેડ-બટર માટે શરૂ કરેલો, એથી વધારે કશું જ નહીં, એટલે તો તે સાંજે શાળા છોડે ત્યારે સ્કૂલને સ્કૂલના ઝાંપે જ છોડી દેતા, ખંખેરી નાખતા.

પણ તેમનો મુખ્ય શોખ તો સંગીત જ. એકવાર તેમને કાનમાં તકલીફ ઊભી થઈ. કાનમાં અસહ્ય પીડા થવા માંડી. તે દોડ્યા ડૉક્ટર પાસે. ગંભીર અવાજે તેમણે ડૉક્ટરને કહ્યું : 'જોઈએ તો સાહેબ આંખ લઈ લો, એના વગર ચાલશે, પણ કાનની પીડા નહીં પોસાય.'

'કેમ ?' ડૉક્ટરે પૂછ્યું.

'મારા કાન જશે તો પછી-ગ્રેટ મ્યુઝિશિયન બીથોવન અને બાખને સાંભળશે કોણ ?... સંગીત માટે તેમને અનન્ય પ્રીતિ હતી. કહે છે કે તે સંગીત સાંભળતા સાંભળતા જ, કોઈ તેમને ઉઠાડે નહીં એવી ચિર નિદ્રામાં પોઢી ગયેલા.'

સંગીત માટેનો પ્રેમાદર તેમનો છેક સુધી જળવાઈ રહેલો. સંગીતનું અપમાન તે સાંખી શકતા નહીં. શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ યોજનાર તેમના એક મિત્રને મોટી ખોટ ગઈ જે કપાસી સાહેબે ભરપાઈ કરી આપેલી, અને એ પણ મિત્રના ખિસ્સાને ખાતર નહીં, પણ સંગીતની આબરૂ સાચવવા ને પછી એ મિત્રને ટપારતાં તેમણે એના કાનમાં કહ્યું હતું કે 'તું બીજી ગમે તે ભૂલ કરજે, પણ આવી ભૂલ ફરી ક્યારેય ન કરતો, એ યાદ રાખજે કે શાસ્ત્રીય સંગીત એ આપણી દાલ-રોટી નથી, પાનપટ્ટી છે-એ પેટ ભરવા માટે નથી.'

અમદાવાદમાં સંગીતનો કોઈ જાહેર જલસો હોય તો સાહેબ ત્યાં જડી જવાના. છતાં જલસામાં શારીરિક હાજરી પુરાવવા ભૂવાની પેઠે તે માથું ચોતરફ ધૂણાવતા નહીં કે મોટેથી, 'વાહ, ક્યા બાત હૈ' જેવા હોંકારા નહોતા દેતા. જલસામાં સાજિંદા સાજ પર

ટ્યૂનિંગ કરતાં હોય એ પરથી તે કહી શકતા કે એ લોકો ક્યો રાગ વગાડશે.

તેમની પાસે ભારતીય તેમજ પાશ્ચાત્ય સંગીતની જેટલી રેકર્ડ હતી એટલી તો કોઈ મોટા સંગીતના સ્ટૉરમાં નહોતી. કોઈ નવી નવેલી દુલ્હનના ગાલ પર હાથ ફેરવતા મુગ્ધ પ્રિયતમની નજાતકથી રેકર્ડ પર સ્પન્જ મારી સાફ કરીને પ્લેઅર પર તે ગોઠવતા. (અલબત્ત ગાવા બજાવવાની બાબતમાં તે સાવ નિર્દોષ હતાં.)

ગમે તે માણસને તે મિત્ર બનાવી દેતા. તેમના મિત્રવર્તુળમાં કિશન મહારાજ, નંદન મહેતા, અતુલ દેસાઈ, તે એવા બધા સંગીતકારો ઉપરાંત ઉદયન બેરોનેટ, લાભશંકર ઠાકર કે આદિલ મન્સૂરી ને ચિનુ મોદી જ નહીં, રેલ્વે સ્ટેશન પરનો કોઈ હમાલ પણ હોય. એક વાર તે સ્ટેશન પર કોઈ હમાલના ખભે હાથ મૂકીને ચા પીતા હતા. કોઈ ઓળખીતો તેમને જોઈ ગયો. પૂછ્યું : 'એ તમારો મિત્ર હતો ?' 'મારો દોસ્ત ? દોસ્ત તે કેવો, અરે, જિગરી દોસ્ત.' 'એક હમાલ તમારો દોસ્ત કેવી રીતે ?' 'એ જ તો ગમ્મત છે ને ! શંકર-શંભુનો જલસો દર વર્ષે હોય છે ત્યારે એ જ તો મારી જગ્યા આગળ રોકી રાખે છે ને !'

આ કપાસીસાહેબ સદાય હસતા રહેતા. તેમના માટે આ શાપ હતો- (આનંદી કાગડાને હતો એવો શાપ). રડવાના વિકલ્પે હસવાનો. જેમના પ્રત્યે એમને ઘણો જ પ્રેમ હતો એવા નાનાભાઈનું ૩૨ વર્ષની સાવ કાચી ઉંમરે હાર્ટ એટેકથી અવસાન થવું. એ વખતે સાહેબ સ્કૂલમાં બેઠા હતા. સમાચાર લાવનારે તે સમાચાર આપ્યા, સાંભળ્યા. થોડી સેકન્ડ ચૂપ રહ્યા પછી તે એટલું જ બોલ્યા : 'તો એમ વાત છે !' તેમની આંખમાંથી એક પણ આંસુ ન પડ્યું. ઊલટાની તીવ્ર આંખ સુકાઈ ગઈ. પણ નાનાભાઈના અવસાનના આઘાતથી તેમના માથાના તમામ કાળા વાળ સફેદ થઈ ગયા.

પછી તો તે શૉકપ્રૂફ થઈ ગયા, કોઈ આઘાત તેમને વિચલિત કરી શકતો નહીં. એક સાંજે મિત્રો વચ્ચે બેસતાં તે બોલ્યા : 'બાકી સ્વિચ ઑફ જ થઈ ગઈને !' સાથે બેઠેલાઓને આ સમજાયું નહીં. બધા એમની સામે જોઈ રહ્યા. પછી તે ગંભીરતાથી બોલ્યા : 'મારા બા (મધર) આજે બપોરે ગુજરી ગયાં.'પછી ઉમેર્યું:' એ તો એમનું કામ કરીને ગયાં, આપણે આપણું કામ ચાલુ રાખવાનું છે અને તેમણે નાટકનું કામ આગળ ચલાવ્યું.'

બણગાં ફૂંકવાની ટેવ નહોતી. એટલે તો જેની દર વર્ષે અધીરાઈથી વાટ જોવાય છે એ 'સપ્તક' (રાષ્ટ્રીય કક્ષાનું સંગીત સપ્તાહ). ન્યૂ ફિલ્મ સોસાયટી તેમજ આકંઠ સાબરમતી જેવામાં તેમનું પાયાનું કામ હતું એ બાબત ક્યારેય અખબારોમાં તે પોતાના ફોટા કે નિવેદન આપતા નહીં, સ્ટેજની પાછળ બેઠા બેઠા કામ કરતા, જેની ઘણા ઓછાને ખબર હશે.

નાટ્યકાર બર્નાર્ડ શોની પેઠે હસતાં હસતાં સાચું બોલવાની એમને ટેવ હતી. તે પણ કડવાશને વચ્ચે લાવ્યા વગર. નાટકો સાથે જોડાયેલ એક ઓળખીતો યુવાન એમ. એ. થઈને કપાસીસાહેબ પાસે નોકરી માગવા ગયો. તેમણે કહ્યું : 'તમે મારી સ્કૂલમાં નહીં ચાલો.' લગભગ બે મહિના બાદ એ યુવાનને કૉલેજમાં નોકરી મળી ગઈ. સાહેબ પાસે આવીને તે બોલ્યો : 'તમે તો મને, તમે નહીં ચાલો કહીને નોકરી નહોતી આપી, પણ મને તો કૉલેજે રાખી લીધો.' 'એ જ તો ગમ્મત છે ને !' તેના ખભે હાથ મૂકતાં સાહેબે જણાવ્યું : 'જે સ્કૂલમાં નથી ચાલતા એ કૉલેજમાં અને યુનિવર્સિટીમાં ય ચાલી જાય છે.' અને એમ જ બન્યું. એ યુવાન પછી તો યુનિવર્સિટીનો હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ પણ બનેલો.

હવે તમે જ કહો, દરેક પરિસ્થિતિમાં હસતા રહેતા આ વિનોદયાત્રીને આપણી પાસેથી ઝૂંટવી લઈને મૃત્યુએ શું મેળવ્યું ?



# "સ્વામી સંગીતાનંદજી"

– ગુણવંત શાહ
(પ્રસિદ્ધ સાહિત્યકાર અને કોલમીસ્ટ)



હિમ્મતભાઈ કપાસી, આચાર્ય તરીકે જુદા પડી આવનારા આચાર્ય હતા. સમાજને જે કાંઈ મળે છે તે જુદા પડી આવનારા માણસો તરફથી જ મળે છે. એમની વિદ્યાનગર હાઈસ્કૂલમાં સંગીતનું પર્યાવરણ રચાય તે માટે એમણે વિદ્યાર્થીઓના કાનને કેળવ્યા હતા. દરેક વર્ગખંડમાં સ્પીકર ઉપરથી રિસેસના સમય દરમિયાન જે સંગીત વહેતું થતું તે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સંગીત હતું. પરિણામ એ આવ્યું કે વિદ્યાર્થીઓ ક્યારેક જઈને હિમ્મતભાઈ કપાસીને વિનંતી કરતા. ''સાહેબ, આજે બીથોવનની સંગીત નં.-૪ મૂકજો.'' આવું પર્યાવરણ ગુજરાતની કોઈ પણ માધ્યમિક શાળામાં રચાયું ન હતું. હિમ્મતભાઈ કપાસી સાહેબની ખૂબી એ કે એમણે પોતાના સંગીતપ્રેમને વિદ્યાર્થીઓનો સંગીતપ્રેમ બનાવી દીધો.

આપણી નિશાળોમાં ભણતાં બાળકો સુધી સંગીતનું શિક્ષણ પહોંચે છે ખરું? જે માણસને તાલ અને સૂરની સહજ સમજણ પણ ન હોય તે પીએચ.ડી. થયેલો હોય તોય 'અભણ' ગણાય. ક્યાંક તાલ કે સૂર તૂટે ત્યારે જરાય ખલેલ ન પામે તે માણસ અધૂરો માણસ છે. સંગીતને છેક સામે છેડે ઘોંઘાટ હોય છે. મહાનગરોમાં જ્યાં જાઓ ત્યાં બસ ઘોંઘાટની જ બોલબાલા! ઘોંઘાટના આક્રમણ સામે સંગીત હારી ગયું છે. આપણી ભારતીય પરંપરામાં સંગીત ભક્તિ સાથે જોડાયેલું રહ્યું. પશ્ચિમમાં એ મનોરંજન સાથે જોડાયું.

આપણી નિશાળો ને કૉલેજોમાં કોઈ પણ જીવંત આચાર્ય ઝાઝા ખર્ચ વિના સંગીતનું પર્યાવરણ સર્જી શકે તેમ છે, એવું પર્યાવરણ સર્જનાર એક આચાર્ય હિમ્મતભાઈ કપાસી. અમદાવાદની જાણીતી વિદ્યાનગર હાઈસ્કૂલમાં વર્ષો પહેલાં આચાર્ય કપાસીએ નાની મોટી રિસેસ વખતે પણ દરેક વર્ગમાં ગોઠવાયેલાં સ્પીકરો પરથી મોઝાર્ટ, બીથોવન, પંડિત રવિશંકર, બિસ્મિલ્લા ખાં, બડે ગુલામ અલી ખાં અને પંડિત ઓમકારનાથજીના સંગીતને વહેતું કરીને વિદ્યાર્થીઓને 'કાનની કેળવણી' આપી હતી. વાહ વાહ રામજી!

હિંમતભાઈ સાહેબ આનંદને પ્રેમ કરનારા વ્યક્તિ હતા અને પોતાનો આનંદ એમને સંગીતમાં જડી ગયો હતો. તેઓ સાધુ થયા હોત તો તેમણે પોતાનું નામ સંગીતાનંદ રાખ્યું હોત. જો હિંમતભાઈ કપાસી પુનર્જન્મ ધારણ કરીને વિદ્યાનગર હાઈસ્કૂલમાં આચાર્યપદે આવે તો તેમનું નવું નામ શું રાખે? ''સ્વામી સંગીતાનંદજી''

# "એક એવી વિરલ શોધ....."

**ચીનુ મોદી**



ભારતમાં સાચા અર્થમાં લોકશાહી છે કે કેમ એ હું જાણતો નથી, પરંતુ હિંમત કપાસીના વ્યક્તિત્વમાં, એમની નસેનસમાં, એમની તમામે તમામ વૃત્તિમાં, પ્રવૃત્તિમાં, કેવળ લોકશાહી-વલણ મને પ્રતીત થયું છે. લોકશાહીએ મૂર્તિમંત થવા હિંમત કપાસીને પસંદ કરેલા છે.

એમના શિક્ષણ અનુરાગ વિશે ખાસ કશું હું જાણતો નથી, પરંતુ એમના નૃત્ય, નાટ્ય, સંગીતાદિ પરત્વેના અનુરાગની મને પ્રતીતિ છે.

જાત વિશે, જાત ઉપર હસનાર માણસો શોધ્યા ન જડે. શ્રી કપાસીસાહેબ એ એવી વિરલ શોધ છે.

જિંદગીની કોઈ પણ ક્ષણનો એના કાળા ઊજળા અંશનો હળવાશથી કપાસીસાહેબે સ્વીકાર કરેલો છે.

એ વહાલસોયા હોવા છતાં વહેવારુ નથી એ તહેવારુ છે.

પ્રત્યેક ક્ષણને ઉત્સવ બનાવવાની એમની નેમ છે.

આથી, એમની સંગત કોઈ પણ માદક પેયથી વિશેષ રંગતવાળી રહે છે.

# નીલે ગગન કે તલે

**– મધુ રાય**

### અમદાવાદની એક જોવાલાયક જગ્યા



અમદાવાદની એક જોવાલાયક જગ્યા એટલે હિમ્મતલાલ સી. કપાસી, વિદ્યાનગર હાઈસ્કૂલના અધિપતિ ! આ જાજરમાન 'જગ્યા'ને હું પહેલીવાર મળેલો આર્ટિસ્ટ 'શિવ'ની ઑફિસમાં, જનસત્તા કાર્યાલય મધ્યે. જનસત્તામાં નોકરી મળતાં હું કલકત્તાથી અમદાવાદ આવેલો અને રાત્રે ક્યાં ઊતરવું તેનું કશું નક્કી નહોતું, પરંતુ કપાસી સાહેબે તોડ કાઢી આપ્યો, ''એ તોં આપણે ત્યાં જ હોય ને !'' અરે ? પહેલાં કશી ઓળખાણ નહીં, ને બસ, 'આપણે ત્યાં જ હોય ને !' કપાસી સાહેબના સંગીતના સેંકડો સાગરીતો હશે. એમના હાથ નીચે ભણી ઊઠેલા હજારો સ્ટુડન્ટ્સ હશે. એમના ફિલ્મીજગતના ચહેતાઓ વગેરેનો ટોટલ કદાચ લાખોમાં હશે, તેમાંથી દરેકે દરેકને કપાસી કાકા પોતાની અંગત 'જોવાલાયક જગ્યા' લાગતા હશે, કેમકે એમનામાં એ કરિશ્મો હતો કે તમે વર્લ્ડની ટોપમાં ટોપ હસ્તી છો, એવો તમને અહેસાસ કરાવે. અને અલબત્ત, એમના પરિચયમાં આવનાર દરેકને એકાદ કલાકની અંદર અંદર એમની ગુણગુણી શૈલીની નકલ કરવાનું મન પણ થઈ આવે. કપાસીને તેની જાણ પણ હતી, કોઈ વાર કપાસીની સામે પણ તેમની નકલ થઈ જતી. ને કપાસી એક ગજ ઊંચો પંજો કરીને નકલચીના હાથમાં તાલી મારતા. કપાસીની ગુણગુણી શૈલી ઉપરાંત એમનું શબ્દચયન પણ અદ્વિતીય હતું. સુંદર, સરસ, મોટું તંદુરસ્ત, આ બધા વિશેષણો માટે કપાસી 'અલમસ્ત' વાપરતા. ''અલમસ્ત કૂવો !'' કપાસી સાહેબ વિદ્યાનગર હાઈસ્કૂલમાં પિરિયડ બદલાય ત્યારે ઘંટ વગડાવવાને બદલે શરણાઈ વગડાવતા. કે સિતાર કે સંતૂર ! અથવા પિયાનો, વાયોલિન કે જાઝ ! ''કપાસી સાહેબ, તમને સંગીતનું આટલું ઘેલું છે તો તમે પોતે કાંઈ વગાડતા નથી ?'' એક વાર મેં ભોળાભાવે પૂછેલું. ''એમાં તોં એવું થયેલું ને કે થોડો ટાઈમ આપણે સિતારનો ખેલ કરી જોયો. પણ થોડા દિવસમાં જ સમજાયું કે આપણો ગજ ક્યાંય વાગે તેમ નથી, એટલે બાકીની જિંદગી બચાવી લીધી !''

ઓહોહો અઢળક સ્મરણો છે કપાસી કાકાનાં. ગાયન, વાદન, સંગીત, ભોજન, પ્રવાસ ફિલ્મો, નાટક, નૃત્ય, પત્રકારત્વ, અને ઈવન તોફાન, ટીખળ, 'કોઈ પણ ચીજ ઉપર એકવાર હાથ અજમાઈએ ખરા !' કપાસી લસ્સીના ગ્લાસની છટાથી ફિલ્મો ગટગટાવતા. વારે-તહેવારે ગોવા ને મનાલી કે તિરુચિરિપુરમ કે બેંગલુરુ ફિલ્મ ફેસ્ટિવલોમાં આમંત્રિત વક્તા તરીકે જતા. આખા ભારતમાંથી ફક્ત ચાર જણને જ આમંત્રણ છે ને !''કપાસી એમની ગુણગુણી શૈલીમાં જણાવતા. આપણે અંજાઈને પૂછીએ એમ ? તમે તો બહુ આગળ નીકળી ગયા ને ?'' તો કપાસી માથું 'ગોળ ગોળ' ફેરવીને કહેતા કે ''એમાં તો પોતાના ખર્ચે જાય તેને જ બોલાવે છે ને !''

મારા કલકત્તાયુગના અભિભાવક શિવકુમાર જોશી હતા તેમ અમદાવાદયુગના સારથિ કપાસી સાહેબ હતા. કપાસીના ઘરે જ સન્મિત્ર રઘુવીર સ્ત્રી સાપ્તાહિકમાં નોકરીની ઓફર લઈને આવેલા. કપાસીની સાથે જ એક પાનની દુકાને નવનીતલાલ કંપનીના વિનોદભાઈ ગાંધીની એડવરટાઇઝિંગ એજેન્સીમાં 'કૉપીરાઈટર'નું પાર્ટટાઈમ કામનું નક્કી થયું. (પછીથી કપાસીએ જણાવેલું કે 'કૉપીરાઈટર' એટલે શું એની આજ દિન સુધી આપણને ખબર જ

નથી ને !) કપાસીની સ્કૂલમાં જ એક 'વાલી' કૈલાસ પંડ્યા સાથે ભેટો થયો અને દર્પણ સંસ્થા સાથે જોડાયાનો ભવ્ય ઈતિહાસ રચાયો. દરરોજ કપાસી દર્પણ સંસ્થા ઉપર લઈ જતા. ત્યાં રિહર્સલ થતાં, આખરે ગુજરાતી નાટકના ઇતિહાસમાં અભૂતપૂર્વ નાટક 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો !' ભજવાયું જેમાં મેં અને કપાસીએ અભિનયનાં અજવાળાં પાથર્યાં. જેથી એ નાટક તત્કાળ નિષ્ફળતાને વર્યું. કપાસી સાહેબ કહેતા કે 'આજદિન સુધી નાટકમાં શું આવે છે તે આપણે સમજ્યા જ નથી ને !' અને કપાસીના સ્કૂટરના ખભે બેસીને અમે કપાસીની સ્કૂલના આંગણામાં 'આકંઠ સાબરમતી' નામની નાટકની કાર્યશાળા શરૂ કરી.

એક સમયે ભૂલભૂલામણી ગલીઓવાળી પોળોથી, મિલોનાં ભૂંગળાંથી, સીદી સૈયદની જાળી ને ઝૂલતા મિનારાથી ઓળખાતું અમદાવાદ; આજે રસ્તે રસ્તે ઓવરબ્રિજના પાઘડા, ડબલ દાદરાના મોલ, અને જી.એસ. રોડ અમદાવાદનો મૉર્ડન ચહેરો બની ગયા છે. અચાનક કપાસી સાહેબના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને અમારા ગાંધીનગરના 'ફેમિલી ડૉક્ટર' હસમુખ નાયક સાહેબનો ટૂંકો ઈ-મેઈલ આવે છે. હિમ્મતલાલ કપાસીનો સ્વર્ગવાસ થયો છે.

અગણિત સ્મરણો છે કપાસીનાં, અને તેમનું નામ લખતાં જ આપોઆપ સ્મિત થઈ જાય છે. સંભવ છે કે આવી બધી અંજલિઓ વાંચતાં કપાસી 'અલમસ્ત' અટ્ટહાસ્ય કરતા હોય. કપાસી સાહેબના સ્વર્ગવાસથી અસલના અમદાવાદની ઓર એક જોવાલાયક જગ્યા કાલગ્રસ્ત થાય છે, ને અસલિયતનો એક વધુ અણસાર લોપ પામે છે. જય જિંદાદિલી !

# સ્મરણભીની આંખોમાં....

**– માધવ રામાનુજ**
**(સાહિત્યકાર)**



મધુ રાયનું એક નાટક દર્પણ અકાદમીએ તૈયાર કર્યું હતું 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો –' એનું દિગ્દર્શન મૃણાલિનીબહેને કર્યું હતું. મધુભાઈના સાહિત્યનો પરિચય તો હતો જ. 'બાંસી નામની એક છોકરી' અને 'ચહેરા' દ્વારા. પણ નાટક સાથે એમનું નામ પહેલીવાર જોડાયેલું સાંભળ્યું ને હું એને માટેનું વિસ્મય લઈને જોવા ગયો, દિનેશ હૉલમાં.

નાટકના પહેલા જ દશ્યમાં એક અત્યંત પરાકાષ્ઠા જેવી ક્ષણે નાટકના એ દશ્યના બધા જ પાત્રો ફ્રીજ થઈ જાય છે અને ત્યારે એક આધેડવયના કલાકાર એ દશ્યમાંથી બહાર આવીને - છેક સ્ટેજની ધાર સુધી આવીને પ્રેક્ષકોને કહે છે કે.... એમનો એ સંવાદ અહીં લખું તે પહેલાં એ દશ્યની અંતિમ સ્થિતિ જણાવી દઉં. ત્યાં એકઠાં થયેલાં બધાં પાત્રો વચ્ચે રિવૉલ્વરની ઝૂંટાઝૂંટ ચાલે છે. કોઈનું ખૂન કરવાનું છે ને એ ખૂન પોતાને હાથે થાય એવું બધા ઈચ્છે છે.... એ ઝૂંટા-ઝૂંટમાંથી છેવટે રિવૉલ્વર ઝૂંટવી લઈને આ વડીલ છેક સ્ટેજની ધારે આવીને પ્રેક્ષકો કહે છે કે : 'અહીં એકઠા થયેલાઓમાંથી કોઈ એકનું ખૂન થવાનું છે એ નક્કી છે. હવે, કોનું ખૂન થશે અને કોણ ખૂન કરશે એ જો તમારામાંથી કોઈ કહી આપશે તો એની બુદ્ધિને હું સલામ કરીશ. –'

આ સંવાદ બોલનારનું પાત્ર જેમણે લીધું હતું એ કલાકાર તે મુ. શ્રી કપાસીસાહેબ. આ નાટકમાં કૈલાસ પંડ્યા, દામિની મહેતા ઉપરાંત બીજા ઘણા સમર્થ કલાકારો સાથે ખુદ એના લેખક મધુ રાય પણ એક પાત્રમાં હતા. નાટક અદ્‌ભુત હતું. મેં તો ત્રણ-ચાર વખત જોયું. અલબત્ત ટિકિટ લઈને. બધાં પાત્રોનું કામ ઉત્તમ હતું. પણ સ્મરણમાં જે દશ્ય છવાયેલું રહ્યું છે તે તો આ - હાથમાં રિવૉલ્વર લઈને સ્ટેજની ધારે ઊભા રહીને પ્રેક્ષકોને સંબોધતા કપાસીસાહેબવાળું.

એમને પહેલી વાર મેં આ રીતે જોયા. પરિચય તો પછી થયો.

પછી દર્પણમાં જ મંજુબહેન પાસે સિતારની તાલીમ દરમિયાન પરિચય વધ્યો. ધીરે ધીરે એમના વ્યક્તિત્વની લાક્ષણિકતા સમજાતી ગઈ. બોલવાની રીત, શબ્દો વાતચીતમાંથી પ્રગટ થતી સમજણ, વિધવિધ વિષયો પરત્વેનું એમનું જ્ઞાન. ને એમાંય સંગીત અને ફિલ્મો તો એમના રસના મુખ્ય વિષયો. એને વિષે કલાકો સુધી બોલી શકે. સાથે સાથે રમૂજના ફુવારા

ફૂટતા જાય. આખો ચહેરો ખીલી ઊઠે.

એકવાર મધુ રાય સાથે કોઈ ફિલ્મ જોઈને સીધા ટાઉનહૉલ-હૅવમોરમાં આવ્યા. કપાસીસાહેબ લાભશંકર સાથે વાતે વળગ્યા. મધુભાઈ મારી પાસે બેઠા. વાતોમાં સહેજ અલ્પવિરામ આવ્યો ને મધુભાઈએ કહ્યું : 'પિક્ચરમાં એક દશ્ય નબળું આવ્યું, અત્યંત નબળું. ત્યારે કપાસીસાહેબ એ જોઈને બોલ્યા કે મધુ ! અહીં કૅમેરામૅન તો બિચારો અદશ્ય થઈ ગયો !'

એચ. કપાસીને નામે એમણે સંગીત અને ફિલ્મો વિશે દૈનિકોમાં લખ્યું. સંગીત અને ફિલ્મો વિશે પ્રવચનો કર્યાં. સામાન્ય વાત-ચીતમાં ય એવા ગહન વિષયો પર સહજ રીતે જ બોલતા રહેતા. શાળાના સાંસ્કૃતિક વાતાવરણ વિષે તો બધા જાણે છે. મધુ રાય અને રે-મઠના સાહિત્યકાર મિત્રોને 'આકંઠ સાબરમતી' માટે શાળામાં અવકાશ આપ્યો. મધુભાઈએ ત્યાં નાટકના ઈમ્પ્રોવાયઝનની પદ્ધતિએ કેટલાંક અદ્ભુત નાટકોના સર્જન માટે નિમિત્ત પૂરું પાડ્યું. એ જ રીતે આગળ જતાં સાહેબે 'સપ્તક' માટે શાળાના ઓરડા ઉઘાડી આપ્યા. સપ્તકમાં પોતે ટ્રસ્ટી ય ખરા… દર્પણ સમયે સિતારનું મારું શિક્ષણ અધૂરું રહ્યું હતું, એ તો ફરી આગળ ન વધ્યું પણ અહીં સપ્તકના સાંજના સમયમાં મેં વાંસળી શીખવાનું વિચાર્યું ત્યારે સાહેબે કહ્યું કે મંગળ, ગુરુ, શનિનો સમય રાખો. જેથી શનિવારે આપણે મળી શકીએ…. શનિવારે સાંજે તેઓ અચૂક ત્યાં બેઠા હોય. વાંસળીનો બીજલભાઈનો વર્ગ શરૂ થાય તે પહેલાં અરધો કલાક-કલાક વહેલો આવીને હું કપાસીસાહેબ પાસે બેસતો. એટલા સમયમાં એમના દ્વારા અનેક વિષયોની આનંદયાત્રા માણવાનું પ્રાપ્ત થતું.

ઝીણા, એકધારા અવાજમાં, જરા પણ ઉશ્કેરાટ કે આરોહ-અવરોહ વિના તેઓ બોલે. અવાજને બદલે ચહેરા પર ભાવ ફરકતા જાય. આંખોમાં પણ જાણે રહસ્ય ઊકલતા જાય. સમગ્રપણે ધ્યાન ન રાખો તો ઘણું બધું ચૂકી જવાય.

ફિલ્મ સોસાયટીમાં પણ દુનિયાભરની અદ્ભુત ફિલ્મો એમની સાથે માણી છે. હું અને રઘુવીરભાઈ ઘણીવાર અમારા સભ્ય-પાસ ભૂલી ગયા હોઈએ એવુંય બનતું. ત્યારે સાહેબ કહેતા કે 'આ રહ્યો હું તમારો પાસ. આવી જ જાઓ.'

જે ઝીણવટથી તેઓ વાતને સમજતા અને સમજાવતા એવા જ મૂડમાં જીવનને પણ એમણે પૂરેપૂરું માણ્યું છે. એક વાર સાંજે શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલથી એમને ઘેર મૂકવા જવાનું થયું ત્યારે મેં કહ્યું હતું 'સાહેબ, સ્મરણો લખોને !…. અથવા લખાવો —' ત્યારે અસલ લાક્ષણિક મલકાટ સાથે હા તો પાડી હતી પણ સાથે સાથે એમનું તત્ત્વજ્ઞાન પણ પ્રગટ્યું હતું' — એમાં તો એવું છે ને, કે કહેવા કરતાં ન કહેવાનું ઘણું વધુ છે, મૂંઝવણ એની છે…'

હા, કપાસીસાહેબ, આપના અગણિત વિદ્યાર્થીઓની સ્મરણભીની આંખોમાં, મિત્રો-સ્વજનોના આછા-વેદનામય સ્મિતમાં અને તમે ક્યારેક ઝંકૃત કર્યા હશે એ સિતારના તારના ધ્વનિમાં પણ કહેવા જેવું કેટકેટલું પડ્યું છે !

# મધુર સ્મરણ !

— બકુલ બક્ષી



૧૯૬૭માં મિત્ર મધુ રાય દ્વારા અમદાવાદમાં કપાસીસાહેબની પ્રથમ મુલાકાત થઈ. મારી બદલીઓ જુદા જુદા શહેરોમાં થતી રહી પણ એમની સાથેનો સંપર્ક જળવાઈ રહ્યો હતો. જ્યારે પણ અમદાવાદ આવવાનું બનતું ત્યારે વિદ્યાનગર સ્કૂલમાં કપાસીસાહેબને અચૂક મળવાનું થતું. એમના સ્વભાવમાં એવી સરળતા હતી કે પહેલી મુલાકાતથી જ આત્મીય લાગવા માંડે. મેં એમને ક્યારેય ઉદાસ કે તણાવપૂર્ણ નથી જોયા. 'ટેન્શન' શબ્દ એમના શબ્દકોષમાં હતો જ નહીં તેમ કહી શકાય. જીવનના ઉતાર-ચડાવને એમણે હંમેશ 'ગમ્મત'ની જ ઉપમા આપી છે.

મારી પ્રથમ મુલાકાત વખતે સંગીતના તો એ તજ્જ્ઞ હતા જ પણ હજી ફિલ્મોનો શોખ કેળવાયો નહોતો. ત્યારબાદ કલાત્મક ફિલ્મો જોવામાં એટલા સક્રિય થઈ ગયા કે ફિલ્મ ફેસ્ટિવલમાંથી નિષ્ણાત તરીકે આમંત્રણો આવવા લાગ્યાં. મારી કૉલમો એ નિયમિત વાંચતા અને મારો નિબંધસંગ્રહ 'કારવાં' મેં એમને અર્પણ કર્યો હતો.

પેઢીઓનું અંતર (જનરેશન ગૅપ) એમને ક્યારેય નડ્યું નથી. જૂનું સારું અને નવું ખરાબ એવો પૂર્વગ્રહ એમણે ક્યારેય રાખ્યો નથી અને દરેક સમયની કળાને માણી છે. માત્ર સંગીતકારો જ નહીં, લેખકો અને કલાકારો સાથે પણ એમના ઘનિષ્ઠ સંબંધો હતા. સાથે સાથે સ્કૂલના પ્રશાસનમાં પણ સક્રિય રહ્યા હતા. વિદ્યાનગર સ્કૂલમાં એમનું પાયાનું યોગદાન રહ્યું છે. ગેરહાજરીમાં પણ જેની હાજરી વર્તાય તેવું કપાસીસાહેબનું વ્યક્તિત્વ હતું.

# નદીના વહેણ જેવો માણસ - હિંમત કપાસી

– સુભાષ શાહ
(સાહિત્યકાર)



વિશ્વના મોટા મોટા ફિલોસૉફરોએ કેવા કેવા વાદ અને વિવાદ ઊભા કર્યા છે ? નિત્સેએ ઈશ્વરનું મૃત્યુ કરાવ્યું, તો સાર્ત્ર અને કામ્યુએ માનવના અસ્તિત્વનો અર્થ શું ? શું કામ અને ક્યા કારણથી એ પૃથ્વી નામના ગ્રહ ઉપર આવ્યો છે ? આવા અનેક પ્રશ્નો ઊભા કરી વાદ અને વિવાદ કરતા જ રહ્યા. આપણે ત્યાં રવિશંકરે Art of Living ને નામે કેટલા કૅમ્પ કર્યા, કેટલા પૈસા ભેગા કર્યા, કેટલા લોકોને એનું શિક્ષણ આપ્યું ?

આ બધા જ મહાનુભાવોનું એક જ દુર્ભાગ્ય હતું કે આમાંના કોઈએ પણ આપણા લાડીલા હિંમતભાઈ કપાસી ઉર્ફે કપાસીસાહેબ ઉર્ફે 'પંડિત' ને જોયા નહોતા, મળ્યા નહોતા કે હિંમતપૂર્વક એમની જીવનચર્યા નિહાળી નહોતી.

વિશ્વના અનેક ગંભીર પ્રશ્નોનું જેમના જીવનમાં શમન થઈ ચૂક્યું છે એવા કપાસીસાહેબને વિદ્યાનગર હાઈસ્કૂલનું સંચાલન કરતા જોવા, કલા સંસ્થામાં ચિત્રપ્રદર્શન નિહાળતા જોવા, નિયમિત ફિલ્મ ફેસ્ટિવલમાં જતા જોવા, નિયમિત ફિલ્મો જોતા જોવા, 'સપ્તક'ના સંગીત મહોત્સવમાં સંગીતકારનો પરિચય આપતા સાંભળવા કે એમનાં સંગીત અને ફિલ્મવિષયક પુસ્તકોમાં અનન્ય ભાષા-વિહાર કરતા જોવા એને હું કોઈ સદ્‌ભાગીના જીવનનો લહાવો ગણું છું.

એમનું જીવન પર્વતમાંથી નીકળી મેદાનમાં વહેતી અને અંતે સાગરમાં વિલીન થઈ જતી નદીઓના પ્રવાહ જેવું હતું. એ કોઈનો પણ વિરોધ કર્યા વગર, નદીના પ્રવાહની જેમ પોતાનો રસ્તો શોધી શકતા. એમની તાકાત નાની, મોટી, સાંપ્રત, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ઘટનાઓમાંથી સતત આનંદ લેવામાં હતી.

હું શું કામ જીવું છું ? મારા અસ્તિત્વનો અર્થ શો છે ? ઈશ્વર છે કે નહી અને હોય તો શું થાય અને ના હોય તો શું થાય ? એવા પ્રશ્નો એમને ક્યારેય અડ્યા નથી કે ક્યારેય નડ્યા નથી. એમને તો કદાચ એમ જ લાગતું કે મારી આસપાસ વિશ્વમાં જે કંઈ બની રહ્યું છે એ મને આનંદ આપવા જ બની રહ્યું છે.

બીજી એમના જીવનની મોટી તાકાત હતી એમનું સહજ અને મુક્ત હાસ્ય. છેલ્લા વર્ષોમાં વધતી જતી શારીરિક તકલીફોની વચ્ચે કોઈ મિત્ર પૂછે છે કે 'કેમ છે કપાસીસાહેબ ? તબિયત કેમ છે ?' એમનો સહજ ઉત્તર હોય, પહેલાં હસવાનું અને પછી કહેવાનું ''બા...કી, આનંદ વધતો જ જાય છે ને ?'' આ માણસ પોતાની ભૂલ કે મૂર્ખામી ઉપર જેટલું સરળતાથી હસી શકતો એટલી જ સરળતાથી એ પોતાની માનસિક-શારીરિક તકલીફો ઉપર હસી શકતો. આને સંબંધિત અનેક કિસ્સાઓ એમના પરિચયમાં આવેલા હિંમત શાહ જેવા મોટા ગજાના ચિત્રકાર-શિલ્પી, મધુ રાય અને લા.ઠા. જેવા સાહિત્યકારો, અતુલ દેસાઈ અને નંદન મહેતા જેવા સંગીતકારો કે ફિલ્મના રસિયા શીતલ લાખિયા કે હર્ષ શોધન જેવા અનેક કલાકારો આપી શકે.

ચોવીસ કલાક શાસ્ત્રીય સંગીતની મસ્તીમાં રહેતા કપાસીસાહેબે કોઈ પણ બાબત વિશે કોઈને પણ ફરિયાદ કરી હોય, નિઃસાસો નાખ્યો હોય એવું ભાગ્યે જ બન્યું હોય.

આપણને ક્યારેક પ્રશ્ન થાય કે આટલા બધા અને આટલા મોટા કલાકારોના સતત પરિચય અને સંપર્કમાં રહેતો માણસ કલાઓ વિશે શું જાણતો હશે ? એનો જવાબ અમદાવાદ દૂરદર્શન ઉપર આવેલી એમની એક કલાકની મુલાકાત દરમિયાનના પ્રશ્નો અને ઉત્તરમાંથી મળશે.

ભાર વિનાના ભણતરનો અનુભવ વિદ્યાર્થીને જેટલો કપાસીસાહેબની સ્કૂલમાં થાય એટલો ભાગ્યેજ કોઈને બીજે ક્યાંય થાય.

મેં જોયું કે સંગીત-શાસ્ત્રીય સંગીત વિશેની એમની સમજ પાકી હતી. ક્યાં તટસ્થ રહેવું અને ક્યાં ભરપૂર આનંદ લૂંટવો એ એમને બરોબર ખબર હતી. એટલે જ એ મોટા સંગીતકારનો પરિચય સહેજ પણ ભાર વગર પોતાની ભાષામાં આપી શકતા હતા.

એ ફિલ્મ જુએ તો એની ખૂબીઓ ભાગ્યે જ એમની નજર બહાર જાય. હા, ક્યારેક કોઈ વસ્તુ ના સમજાય તો મિત્રોને હસતાં હસતાં પોતાની મૂંઝવણનો ભાગ બનાવે.

આવા એક મોટા ગજાના શિક્ષણકાર કપાસીસાહેબ પોતાના વિશે કે પોતાની શાળા વિશેની પ્રસિદ્ધિના ચક્કરમાં ક્યારેય ફસાયા નહોતા પણ સાથે સાથે બીજું સત્ય એ પણ છે કે નગુણા ગુજરાતે, સરકારે, શિક્ષણ મંત્રીએ કે અન્યોએ એમની શિક્ષણ વિશેની વિભાવનાઓનો કે એમની શિક્ષણ પદ્ધતિનો ક્યારેય લાભ ના લીધો.

'સા વિદ્યા યા વિમુક્તયે' એ વિધાનને સાચા અર્થમાં એમણે ચરિતાર્થ કર્યું હતું.

કપાસીસાહેબ વિશે લખવા બેસો તો એક મોટો ગ્રંથ લખી શકાય, પણ અત્યારે તો વિનાશને માર્ગે જઈ રહેલી વિદ્યાને બચાવવી હોય તો કપાસીસાહેબની શિક્ષણની વિભાવના અને એને ભાર વગર, સહજતાથી કઈ રીતે લાગુ કરી શકાય એનું પુસ્તક કે પુસ્તિકા તાત્કાલિક પ્રસિદ્ધ કરવા જોઈએ. જેને માટે એમની શાળામાં ભણી ચૂકેલા વિદ્યાર્થીઓ, શિક્ષક તરીકે કામ કરી ચૂકેલા શિક્ષકો અને કેટલાક મિત્રોના ઈન્ટરવ્યૂ ઉપરાંત દૂરદર્શન કે ઈ.ટી.વી. ઉપર આવી ગયેલા એમના ઈન્ટરવ્યૂનો આધાર લઈ શકાય.

કમ સે કમ વિદ્યાનગર હાઈસ્કૂલ ચાલશે, સપ્તક ચાલશે ત્યાં સુધી તો કપાસીસાહેબ અમર જ છે એવી મારી શ્રદ્ધા છે. —અસ્તુ.

— કોઈના દોસ્ત હોવું અને સાથે સાથે જ એનાથી તટસ્થ પણ હોવું એ શક્ય નથી.
— કોઈ બાબત વિશે વિચારવું અને સાથે સાથે જ એના વિષે શૂન્યમનસ્ક હોવું એ શક્ય નથી.
— કોઈક વસ્તુ ગમવી અને સાથે સાથે જ એના માટે પૂર્ણ વૈરાગ્ય હોવા એ શક્ય નથી.
— મુક્તમને ખડખડાટ હસવું અને સાથે સાથે જ અંદરના ચહેરાની એક પણ રેખા ન બદલાય એ પણ શક્ય નથી.
— આજની સડેલી શિક્ષણ પદ્ધતિમાં શિક્ષક થવાની સજા ભોગવતાં ભોગવતાં સંગીત, નૃત્ય, નાટક અને ચિત્ર જેવી કલાઓમાં સાચો રસ લઈ વિદ્યાર્થીઓને પણ એમાં રસ લેતા કરવા એ શક્ય નથી.
— હાથીની જેમ મંથરગતિએ ચાલતાં ચાલતાં હરણને ફાળ ભરાવવી એ શક્ય નથી.
— અંદર અને બહારથી મુશ્કેટાટ બંધનો હોય છતાં સતત મુક્તિનો અનુભવ કરવો એ ય કદાચ શક્ય નથી.

આ બધાની અશક્યતાઓની શક્યતા એટલે આપણા કપાસીસાહેબ.



# સિનેમાની "જે"

– મનહર મોદી

શ્રી હિમ્મત કપાસી મારું ગમતું નામ છે; કેમકે એ ગમ્મતના માણસ છે, એમની ગમ્મતો જાત-ભાતની હોય છે. અમે 'આકંઠ સાબરમતી' મારફત લેખકોની વર્કશોપ ચલાવતા હતા ત્યારે કપાસીસાહેબે એક એકાંકી નામે 'ફાધર પિટ્રી' લખ્યું હતું, તેમાં એમણે કૂવાને જોરદાર વિશેષણ લગાડી ગુજરાતી સાહિત્યને 'અલમસ્ત કૂવો' ભેટ ધર્યો છે.

તેઓ સંગીત અને ફિલ્મના જબરા આશિક છે. સંગીત સંદર્ભેનું એક પુસ્તક તેઓ અગાઉ આપી ચૂક્યા છે. હવે 'સિનેરાગ' મારફત 'ફિલ્લમ'નું પુસ્તક ગુજરાતને ચરણે ધરે છે. આ પુસ્તકની એમણે શરૂઆત કરી છે તે મુજબ એમની સાથે આપણને પણ ગમ્મતપૂર્વક બોલવાનું ગમશે બોલો સૌ એક સાથે : 'સિનેમાની જે'.

# હિમ્મત કપાસી : જીવન એક જલસો

**– જય વસાવડા**



''આનંદ મરતે નહિ બાબુમોશાય.....''

ફિલ્મી પડદે જો આ આઈકોનિક ક્વૉટ કાલ્પનિક હોય, તો એ વાસ્તવિક બન્યું ગણાય. સ્વર્ગસ્થ હિમ્મત કપાસીની જિંદગીમાં, અલબત્ત, હિમ્મતભાઈ સ્વર્ગસ્થ નહિ. કારણ કે, સ્વર્ગ તો જીવતેજીવ એમણે ધરતી પર જ ભોગવી લીધું હતું. એટલે એ તો નિત્ય આનંદસ્થ !

કપાસીસાહેબને એમની સ્કૂલના મોટા ભાગના તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ જ શબ્દથી યાદ કરતા. એ સ્ટુડન્ટસ પણ સંગીત, નૃત્ય, નાટ્ય, સિનેમા, લેખનક્ષેત્રે આગવું નામ ખુદનું ઊભું કરે એવા. સૌમ્ય જોશીના '૧૦૨ નોટ આઉટ' માં કહેવાનો સંવાદ ''મૈં મરને કે સખ્ત ખિલાફ હૂં. પૂરી લાઈફ મેં કભી મરા હી નહીં !'' ટેલરમેડ કપાસી સાહેબને જ લાગુ પડે !

પણ અમદાવાદની આગવી એવી એમની શાળામાં ભણવાનું સૌભાગ્ય પ્રાપ્ત નહોતું થયું, છતાં ય એમની પાસે ભણ્યા તો કહેવાઈએ જ. એમની કલાસૂઝ અને સિને-પેશનની લાઈવ સ્કૂલનો સ્ટુડન્ટ ખરો ! એક્ચ્યુઅલી, ફિલ્મો જોવી કુદરતી ગમે. એમાં જ 'ગુજરાત સમાચાર'ની ચિત્રલોક પૂર્તિમાં જ્યારે વિદ્યાર્થી અવસ્થા હતી, ત્યારે અનાયાસ એક કૉલમ તરફ ધ્યાન ગયું : 'આચમન'. નાનકડા બૉક્સ જેવી કૉલમ કપાસીસાહેબ લખતા. શૈલી જરા વેગળી અને આગવી. ટિપિકલ નેરેશન નહિ. પણ શબ્દે શબ્દે અભિજાત્ય ટપકતું જોવા મળે.

બસ, એ રસબસ કટારનું 'બંધાણ' થઈ ગયું ! પછી એના ચૂંટેલા લેખોનો સંગ્રહ ખરીદ્યો. પણ ત્યારે તો એનું કટિંગ કરીને રાખતો. કલેક્શનમાં 'આચમન'. ત્યારે પરદેશી સિનેમામાં સૌરાષ્ટ્રના સિંગલ સ્ક્રીન સિનેમાઘર કે વિડીયો કેસેટ લાઇબ્રેરી સુધી પહોંચતા હોલિવૂડ એન્ટરટેઈનર્સ સિવાય કશી ગતાગમ જ નહિ. કપાસીસાહેબ વખતોવખત ઈરાનીય કે ફ્રેન્ચ, ઈટાલીયન કે સ્પેનિશ ફિલ્મોની વાત છેડે. અરે, આપણી પ્રાદેશિક બંગાળી કે મલયાલમ ફિલ્મોનો પણ આસ્વાદ કરાવે. ક્યારેક કોઈ સંગીતકાર કે ચિત્રકારનો. એમની સર્જકોને આદર આપવાની રીત નિરાળી. દિગ્ગજ મેકર્સને સાહેબ સંબોધનથી યાદ કરે.

કપાસીસાહેબના એ વર્ણનોથી ફિલ્મમાં જે વાતાવરણ રચાતું હોય, એ માણવાની સહજ તાલીમ મળતી ગઈ. માત્ર રંગભૂમિની જેમ ધાણીફૂટ સંવાદો જ નહિ. મૌનને પણ ધીમી ધારની બારિશની જેમ ભીતર ઝીલવાનું હોય એ સમજાયું. બૅકગ્રાઉન્ડ મ્યુઝિકમાં ક્લાસિક પીસ કેમ પકડવા એ ખબર પડી. એ સંગીતની સૂરાવલિઓમાં, વાદ્યોમાં એમને ભારે રસ. એક જ માણસ તમામ પ્રકારની વેસ્ટર્ન સિમ્ફનીમાં પંડિત હોય અને વળી અમદાવાદીઓને શાસ્ત્રીય સંગીતમાં માથાબોળ સ્નાન કરાવતા 'સપ્તક'ની પણ બુનિયાદ હોય એ જ કમાલનું કૂતુહલ પેદા કરે ! કેવડી મોટી રેન્જ કપાસીસાહેબની ! ઉત્તરથી દક્ષિણ ધ્રુવ વચ્ચે પાંગરેલી બધી જ કળાઓમાં એ પારંગત.

ભારતના અસ્તિત્વની સુગંધ અને પશ્ચિમના કસબની 'સિસ્ટમ' સઘળું આત્મસાત કરતા આ જીવનો સ્થાયીભાવ જ 'રંગરસિયા'નો હતો. એમને ઉત્તમ કળાઓમાં રસ પડતો. એમને આકંઠ એ માણતા રહેતા. જૂની પરંપરાઓથી પૂરા પરિચિત હોવા છતાં નવા પ્રયોગોમાં નિત્ય પ્રવૃત્ત રહેતા. 'ઑનર ધ પાસ્ટ, બટ ઈમેજિન ધ

ફ્યુચર' જાણે એમનો અદશ્ય મંત્ર. ઓશોનું ધ્યાન, મીરાંનો પ્રેમ, કાલિદાસનો શૃંગાર અને નરસિંહનો રસ એમના જીવનમાં પ્રતિબિંબિત થતા. એમની મુલાકાત લેવાનું સૌભાગ્ય પાછળથી સાંપડ્યું. એમાંય વારેઘડીએ ઉચ્ચાર આવે જીવનના જલસાનો.

ભારત ઘણી કળાઓનું જન્મસ્થાન છે. પણ કપાસીસાહેબ જેવા કલારસિકોનો જન્મ હવે આ ભૂમિમાં વારંવાર થતો નથી. શિવકથામાં રૂપક આવે છે કે 'પુષ્પધન્વા' અને રસજ્ઞ કામદેવ શિવનો તપોભંગ કરી પાર્વતી તરફ એમને આકર્ષિત કરવા આમ્રમંજરીના પાંચ બાણ ચલાવે છે. આ પાંચ બાણ એટલે જીવનયાત્રાને કઠિનમાંથી આસાન બનાવવાની ચાવીઓ. મતલબ, આપણને જન્મજાત મળેલી - પાંચ સેન્સીઝ, ટચ, સાઈટ, સાઉન્ડ, સ્મેલ, ટેસ્ટ. સ્વાદનો જલસો. ઉત્તમ સંગીત-ગાયન સાંભળવાનો જલસો. શ્રેષ્ઠ સુગંધને માણવાનો જલસો. સુંદરતાના સ્પર્શનો જલસો. આંખથી અદ્ભુત દ્રશ્યો નિહાળવાનો જલસો.

કપાસીસાહેબ આ પાંચ ચેતનાઓને આકંઠ પીતા પીતા, ભીતરથી નૃત્ય કરતાં જીવ્યાં. જર્મન કવિ 'ગોથે' કહેતો કે, જે "સૌંદર્યો લઈને ચાલે છે, એણે એકલા જ ચાલવું પડે છે." બધા સૌંદર્યનું રસપાન ભોગવી કે સમજી શકતા નથી. પણ કપાસીસાહેબ સાથે એમનો પરિવાર પણ ચાલ્યો. યુવા સભ્યો આવે એય એમના શોખનું ધ્યાન રાખે, એ મોજનું વર્ણન એમણે જ સિડનીના આરાધનાબહેનને આપેલા ઈન્ટરવ્યૂમાં કરેલું.

એમને ખલેલ હું ઓછી પહોંચાડું. એક સંગીત માટે દીવાની મિત્રને સપ્તકના પાસ જોઈતા હતા ત્યારે મેં સંકોચ સાથે એમને કૉલ કરેલો અને પાસની વાતનો સ્વીકાર સેકન્ડોમાં કરી, પછી અમારી કલાકેક વાતો ફોન પર વિશ્વ-સિનેમા પર ચાલી. એ મારી કૉલમ વાંચતા અને એટલે એમને જ બહુ ગમતું એ ત્યારે જાણવા મળ્યું. મારો અમુક અભિગમ જરા રખડું ટાઈપનો રફટફ પણ એને સમજી શકે એવા ઉદાર અને ઉદાત્ત કપાસીસાહેબ હતા. મોટા ભાગના ઉચ્ચ વર્ગના ગણાતા 'ભદ્રલોક'માં આવી જતો તુચ્છકારનો ભાવ એમનામાં રજમાત્ર નહિ. આ 'ક્લાસ ડિવાઈડ' એમનામાં નહોતો એટલે એમની જેમ જ લાંબું, ભરપૂર અને રંગીન જીવેલા. એમ. એફ. હુસેનસાહેબની જેમ જ એમની ઈચ્છા નવી પેઢી, 'સામાન્ય માણસ' સુધી સરસ કળાઓનો આનંદલોક પહોંચાડવાની હતી.

કપાસીસાહેબ સ્વદેશે આજે 'રેર કૉમ્બિનેશન' ગણાય એવું યુગલત્વ પામ્યા. ખપ પૂરતી લક્ષ્મી અને લક્ષ્મીનો ભોગવટો કરી શકાય એવી સરસ્વતી. એક બાજુ સંસ્કાર, મૂલ્યો, નીતિમત્તાના 'એથિક્સ' અને બીજી બાજુ રસિકતા, સૌંદર્ય, કળાદૃષ્ટિ, સાહિત્યપ્રીતિના 'એસ્થેટિક્સ'નું પ્રિય મોરારિબાપુની માફક એમનામાંય કૉમ્બિનેશન હતું. સમાજમાં ફેલાયેલી આક્રોશ-અણસમજની ગરમી વચ્ચે એમનો નાસિકાપ્રધાન ધીરગંભીર અવાજ શીતળ ચંદનલેપ સમાન હતો. એ તો મસ્ત જીવી ગયા. ખોટ તો આપણા ખજાને એ છે કે આજકાલ જેમ અમુક પ્રકારની ફિલ્મો નથી બનતી, આવા વ્યક્તિત્વો ય નથી જડતા. 'લાલા લેન્ડ' ફિલ્મ જોવાની ભલામણ વખતે લખેલું કે 'વૉચ ઈટ બીકોઝ ધે ડોન્ટ પ્રોડ્યુસ ઈટ એની મોર'

કપાસીસાહેબ જળમાંથી નીકળતી આંગળીની ખાલી જગ્યા પૂરાય એટલી શાંતિથી મહેફિલ મૂકીને ચાલી નીકળ્યા. કદાચ ગાતા હશે : યે જિંદગી કે મેલે દુનિયા મેં કમ ન હોંગે, અફસોસ હમ ન હોંગે !

# કપાસી, માણસ નામે મોજ

ચંદ્રકાન્ત શેઠ



તમારા આચાર્ય શ્રી એચ. સી. કપાસી અમારા તો કપાસીસાહેબ, સાહેબ ખરા, પણ સાહેબગીરી વિનાના ! પોતાની મોજમાં ચકચૂર ઝૂમતા જ હોય. વ્યક્તિત્વ જ અનોખું. ઉંમરનો ને કામનો ભાર એમના માથે હોય તોય વરતાય નહીં. બુઝુર્ગોથી કદાચ બીતા હશે ! નવી પેઢી સાથે જમાવટ કરવામાં વિશેષ દિલચસ્પી. બધું મોજથી ચાલે એમાં રસ. એમનો પ્રિય શબ્દ 'મોજ'. કશી ખટખટ કે કટકટ હોય તો સલૂકાઈથી વેગળા થઈ જાય. ટિપિકલ અમદાવાદી પાણી. બધી મશીનરી જ એ રીતે સેટ કરવાની કે પછી આપોઆપ ધાર્યા પ્રમાણે બધું ચાલ્યા કરે ! બોધરેશન નહીં ચાહિયે !

કપાસીસાહેબ સંગીતના ઘાયલ. ચિત્ર, કવિતા, ફિલ્મ, નાટક-સૌ ગમે. બધામાં મોજ-મસ્તીનો જ મહિમા. અસલમાં શું લાવ્યા છીએ ને, શું લઈ જવાનું છે? કોઈ કદાચ એમનો સંદેશો માગવા જાય તો રમૂજનો મામલો થઈ જાય. કપાસીસાહેબ જરાક ઝૂકી-ઝૂમીને ચશ્માંમાંથી આંખો ચમકાવતાં તુરત એમની પ્યારી રેકર્ડ ચલાવે: ''છોડ યાર ! સંદેશા બંદેશાની ફિઝૂલ બાબત ! ખાઓ, પીઓ ને ખેલો. થોડો સંગ કરી લો. થોડો રંગ ભરી લો, જે અપના દિલમાં પસંદ હોય તેનો ટીચર થયા એટલે થોડી ડહાપણની દોડ લગાવવી પડે, બાકી અપની તો એક જ બાબત મજબૂત : જીવો ને જીવવા દો. કામ કરો ને મોજ મનાઓ.''

એ પછી ઘંટડી બજાવી રામનરેશને હુકમ દેશે, ''દેખો, રામનરેશ, તીન ચાર કપ ભેજો-આધી આધી, કડક-કમ સક્કર સમજે? હો જાય....''

કપાસીસાહેબને અમે કડક-કમ સક્કર અલબત્ત, આધી આધી ચા પીતાં મેળવ્યા અને એમની સોબતનો યે ચા જેવો નશો ઠીક ઠીક માણતા રહ્યાં. અહીં તો જે અમે આમ માણતા રહ્યા એનો જ જરાક ચટકો, બાકી તો કપાસીસાહેબને મૂડમાં હોય ત્યારે અચૂક મળવું... આ જે લખ્યું તેનો અને જે લખવાનું હાલ મોકૂફ રાખ્યું છે તેનો-બધાનો એક લિજ્જતદાર અંદાજ તમને મળી જશે.

# કપાસીસાહેબને સ્મરણાંજલિ

– બંસીલાલ દલાલ
(કટાર લેખક)



સદ્‌ગત કપાસીસાહેબ સાથે મારે પચ્ચીસ વર્ષોના નિકટના સંબંધો રહ્યા છે. અમારા ઉભયના રસના વિષયો સાહિત્ય અને વિવિધ કલાઓ રહ્યા છે. તેઓ સાહિત્ય અને સંગીતમાં ગહન સમજ અને જ્ઞાન ધરાવતા હતા. વળી, ફિલ્મો તથા ફિલ્મકલામાં પણ તેમનો ઊંડો રસ. વિદ્યાનગર સ્કૂલમાં તેમના વડપણ હેઠળ સ્કૂલની લાઈબ્રેરીમાં ઉત્તમ કક્ષાનાં સાહિત્યવિષયક પુસ્તકો તથા મૅગેઝિનો ઉપરાંત કલાવિષયક પુસ્તકોની હારથી લાઈબ્રેરી ખરેખર સમૃદ્ધ બની છે. નવગુજરાત આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક હતો ત્યારે કૉલેજની લાઈબ્રેરીમાં સાહિત્ય અને કલાઓ વિષયક પુસ્તકો ખાસ ભલામણથી મેં વસાવ્યા હતાં. કૉલેજના પુસ્તકો ઉપરાંત વિદ્યાનગરની લાઈબ્રેરીનાં પુસ્તકો તથા મૅગેઝિનો હું વાંચવા ઘરે લઈ જતો હતો. ‘જનસત્તા’માં કપાસીસાહેબે સંગીત વિશે સમીક્ષાત્મક લેખો પ્રસિદ્ધ કરાવેલા. ફિલ્મકલાને તેઓ સમર્પિત વ્યક્તિ હતા. હું તરંગ ફિલ્મ સોસાયટીનો સભ્ય હતો. તેઓ પણ આ સોસાયટી દ્વારા દર્શાવાયેલી જુદા જુદા દેશોની ખ્યાતનામ ફિલ્મો નિયમિતપણે જોતા હતા. તે સમય દરમિયાન હું તેમની સાથે તેમના વર્ષો સુધી સાથી રહેલા લેમ્બ્રેટા સ્કૂટર પર પાછળ બેસી તરંગ ફિલ્મ સોસાયટીની વિશ્વની જાણીતી ફિલ્મો જોવા જતો. આ ફિલ્મો દર્શાવવાનાં સ્થળો પણ બદલાતાં. ત્યાર પછી તરંગ ફિલ્મ સોસાયટી બંધ થતાં તેમણે સ્વયં ન્યૂ ફિલ્મ સોસાયટીની શરૂઆત કરી. એન.આઈ.ડી.ના ઓડિટોરિયમથી લઈને જુદાં જુદાં ટૉકિઝોમાં જુદા જુદા દેશોની ફિલ્મો જોવા હું તેમની સાથે જ જતો. આવાં જ થિયેટરોમાં મેં તેમની સાથે ફેડરિકો ફેલિની તાર્કોવૉસ્કી, આકીરા કુરોસાવા ઈંગમાર બર્ગમેન, સત્યજીત રાય, ઋત્વિક ઘટક (ગોદાર્દ તથા અન્ય મહાન ફિલ્મ સર્જકોની ફિલ્મો જોવાનો ન ભૂલાય એવો અનુભવ પામ્યો. તેમની જોડે જ મેં અમદાવાદમાં પૂણેની જાણીતી ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા સંચાલિત એક મહિનાનો ‘ફિલ્મ એપ્રિસિયેશન કોર્સ’ કર્યો. કપાસીસાહેબે મને ફિલ્મો જોઈને તેની સમીક્ષા કરતા લેખો લખવા પ્રેરિત કર્યો. ફળસ્વરૂપ મેં મહાન ફિલ્મસર્જકો તથા તેમની ફિલ્મો પર એક લેખમાળા ‘નિરીક્ષક’ મૅગેઝિનમાં પ્રસિદ્ધ કરાવી. સ્વયં કપાસીસાહેબે ફિલ્મવિષયક લેખોનો સંગ્રહ કરી એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું. તેવી જ રીતે તેમણે તેમના અતીવ પ્રિય સંગીતવિષયક લેખોનો સંગ્રહ પણ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યો.

શાસ્ત્રીય સંગીત (ભારતીય) તેમજ પાશ્ચાત્ય સંગીતમાં કોઈ જ્ઞાન કે સમજ ધરાવતો ન હોવા છતાં કપાસીસાહેબે તેમના સંગ્રહમાંથી ભારતીય મહાન સંગીતકારોની રેકર્ડ્ઝ મને આપી કે જેથી હું તે સાંભળી સંગીતમાં રસ અને આનંદ પ્રાપ્ત કરું. તેમણે બીથોવનની નવમી સિમ્ફનીની રેકર્ડ પણ મને આપેલી. તેમનો પ્રિય એવા જાઝ સંગીતકારોની રેકર્ડ્ઝ પણ મને આપેલી. ટૂંકમાં તેમને ભારતીય શાસ્ત્રીય, સુગમ તેમજ આધુનિક પાશ્ચાત્ય સંગીતમાં પણ ઊંડો રસ હતો. તેમાં તેમની ઊંડી સમજ પણ હતી. જ્યારે પણ હું તેમને તેમના નિવાસસ્થાને મળવા જતો ત્યારે બીજી બધી વાતો કરવાને બદલે તેમને પ્રિય એવા ભીમસેન જોશીનું કોઈ ભજન સંભળાવતા. એટલે એમ કહી શકાય કે સ્કૂલમાં જેમ તેમણે સંગીતમય વાતાવરણ સર્જાવ્યું, તેમ તેમના ઘરે પણ આવા જ વાતાવરણની અનુભૂતિ થતી. એટલે જ આવી ગુણી, રસિક વ્યક્તિ એવા કપાસીસાહેબ છેલ્લા શ્વાસ લેતી વખતે પણ સંગીત સાંભળતા હોય !

નાટકમાં, ચિત્રકલામાં ઊંડા રસને કારણે તેમણે આ ક્ષેત્રોની ઘણી જાણીતી વ્યક્તિઓ સાથે મૈત્રી કરેલી. સાહિત્યકારો અને કલાકારો પણ તેમને મળવા સ્કૂલે આવતા. વર્ષમાં એકવાર આ ક્ષેત્રની કોઈ જાણીતી વ્યક્તિને આમંત્રી તેમનું પ્રવચન પણ ગોઠવતા. હું તેમની આ બધી પ્રવૃત્તિઓ ઉપરાંત સ્કૂલના વિદ્યાર્થીઓને રમતગમતમાં પણ પ્રોત્સાહિત કરતી તેમની પ્રવૃત્તિનો સાક્ષી રહ્યો છું. મારા બંને પુત્રો તથા પૌત્રી તેમની સ્કૂલમાંથી અભ્યાસ કરી ડૉક્ટર્સ અને એન્જિનિયર બન્યા છે. વિદ્યાનગર સ્કૂલે કપાસીસાહેબના પ્રેરણાદાયી, ઉદારમતવાદી, અલગારી, કલારસિક વ્યક્તિત્વને કારણે, વિવિધ ક્ષેત્રોમાં ખ્યાતનામ વ્યક્તિઓનું સર્જન કર્યું છે.

# શ્રી હિમ્મતભાઈ કપાસી સાથેના મારા સંસ્મરણો

– કનુભાઈ દેસાઈ



**બાળપણ**

જૂના અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં પાંચ પોળો, એ જાણીતો વિભાગ હતો. તેમાં મોટા ભાગની વસ્તી કડવા પાટીદારોની હતી. લોકો મીલોમાં નોકરી કરતાં, નાના મોટા ધંધા કરતાં, દુકાનો ચલાવતાં, લાલપોળ એ પાંચ પોળોના મધ્ય ભાગમાં હતી. તેમાં કપાસી કુટુંબનું મોટું સુંદર ઘર હતું. કપાસી કુટુંબ આર્થિક રીતે સુખી કુટુંબ હતું. કુટુંબમાં પાંચ ભાઈ, એક બહેન અને મા-બાપ હતા. હિમ્મતભાઈ ત્રીજા નંબરના સંતાન હતા. તેમના માતા ચંચળબા મારા સગા ફોઈ થાય. તેઓ ખૂબ ધાર્મિક વૃત્તિના હતા અને હંમેશાં તેમાં જ રત રહેતા.

હું અને હિમ્મતભાઈ સગા મામા-ફોઈના ભાઈઓ થઈએ, એટલે નાનપણથી જ હું એ ઘરમાં અવારનવાર રહેતો. એ વખતનો એક પ્રસંગ મને બરાબર યાદ છે. મારી ઉંમર ૭ વર્ષની, હિમ્મતભાઈની ૧૫ વર્ષની. ૧૯૪૨ ની ક્રાંતિ પૂરજોશમાં હતી. એમના ઘરના પાછળના ભાગે લાલપોળનો મોટો ખુલ્લો ચોક હતો. ત્યાં હિમ્મતભાઈના મોટાભાઈ શ્રી ઉત્તમભાઈ અને અન્ય વડીલો પોળના છોકરાઓને રમતો રમાડતા, હરીફાઈઓ ગોઠવતા, કસરતો કરાવતા અને આઝાદીના ગીતો ગવરાવતા. અમે બાળકો ઘરના પહેલા માળની પાછલી બારીઓમાંથી આ બધું જોતા. ૪૨ની ચળવળ જોરદાર હતી. પોળના છોકરા પોળની બહાર જઈને મુખ્ય રસ્તા ઉપર સરઘસ કાઢતા તોફાન ધમાલ કરતાં. હિમ્મતભાઈ પણ તેમાં સામેલ હતા. પોલીસ આવે એટલે સૌ દોડીને પોતાના ઘરમાં પેસી જતાં. અને બારણાં બંધ કરી દેતાં. પોલીસ પોળમાં આવીને કેટલાંક ઘરો ખોલાવીને છોકરાઓને પકડી જતી, અને દંડાબાજી પણ કરતી, છતાં આ ધમાલ ચાલતી.

આવી જ એક ધમાલમાં પોલીસે ગોળીબાર કરતાં હિમ્મતભાઈના એક મિત્ર શ્રી જયંતિભાઈ પટેલ (રંગલો) ને પગમાં ગોળી વાગી. સૌ દોડીને ઘરમાં પેસી ગયા. હિમ્મતભાઈના ઘરમાં પોલીસની બીકથી સૌ ભયભીત હતાં. પોલીસ તો ન આવી પણ તેમના માતા ચંચળબા ખૂબ ગુસ્સે થયા અને હિમ્મતભાઈને ખૂબ ઠપકો આપ્યો. જયંતિભાઈની પગની ઈજાને લીધે કાયમી પગની ખોડ રહી. હિમ્મતભાઈ અને જયંતિભાઈ આખી જિંદગી ખાસ મિત્રો રહ્યા. બન્નેનો કોમન રસ હાસ્ય, કલા, સાહિત્ય અને નાટક હતાં.

**સ્કૂલ**

સ્કૂલ-કૉલેજમાં હતા ત્યારથી જ તેમને સંગીત, સાહિત્ય અને ક્રિકેટમાં ખૂબ રસ પડતો. તેમણે ગુજરાતી સાહિત્યની અગત્યની બધી ચોપડીઓ વાંચેલી, ટી.વી. નહોતું તો રેડિયોમાંથી સંગીત સાંભળતા, ક્રિકેટની કોમેન્ટ્રી સાંભળતા એમણે ગુજરાતી સાથે બી.એ. કર્યું. એમના રસને અનુરૂપ એમના મોટા ભાઈ શ્રી ઉત્તમભાઈએ ફેમિલીનું ઈન્વેસ્ટમેન્ટ કરીને શ્રી વિદ્યાનગર સ્કૂલ ચાલુ કરી. એના ઉદ્‌ઘાટન વખતે હું હાજર હતો. તેઓ સ્કૂલમાં જોડાયા અને પ્રિન્સિપાલ બન્યા. સ્કૂલે અભ્યાસ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ સંગીત, ક્રિકેટ, નાટક વગેરેમાં જે પ્રગતિ કરી તેના મૂળમાં તો તેમના જ મનપસંદ રસો હતાં. તેઓ આ બધી પ્રવૃત્તિમાં અંગત રસ લઈને બાળકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા, જેના પરિણામે સ્કૂલે આ બધામાં નામ કાઢ્યું.

**પ્રવાસ**

૧૯૫૭-૫૮ માં મારા કાકા અને તેમના મિત્રોએ બદ્રીનાથ-કેદારનાથનો પ્રવાસ ગોઠવેલો. અમારી સાથે તેઓ પણ તેમાં જોડાયા. એ સમયનો હિમાલય ખૂબ સુંદર હતો. ગીચ ઝાડી, વહેતાં ઝરણાં અને અદ્‌ભુત શાંતિ. ભીડ નહોતી. આજે એમાંનું કાંઈ નથી. એ વખતે આજની જેમ રસ્તાઓ, ટ્રાન્સપોર્ટ, હૉટલો અને અન્ય સુવિધાઓ નહોતી. ઋષિકેશથી જ નાની નાની કેડીઓ ઉપર ચાલવાનું. ખૂબ થાક લાગતો. પણ મજા ખૂબ આવે. રસ્તામાં આવતી માટીની ચટ્ટીઓમાં રાત્રિ રોકાણ,

રસોઈ અને અન્ય કાર્યો જાતે કરતાં. બધામાં તેઓ ભાગ લેતાં. ગ્રુપમાં બે-ચાર રમૂજી મિત્રો હતા. એ બધા અને હિમ્મતભાઈ સૌને હસાવતા. થાક ઊતરી જતો. આ પ્રવાસ અને આજુબાજુની સુંદર પ્રકૃતિની તેમના ઉપર ઘેરી છાપ પડેલી, જે તેઓ વારંવાર યાદ કરતાં. પ્રવાસ અને કુદરતી પ્રકૃતિ તેમને હંમેશાં ગમતાં. એમની સ્કૂલના પ્રવાસોમાં જઈને તેમણે લગભગ આખું ભારત જોયેલું. બનારસની તેમની ઉપર ઊંડી છાપ પડેલી, સંગીતના કારણે.

### ફિલ્મ

નાનપણથી જ ફિલ્મો જોવાનો એમને રસ હતો, જે અંત સુધી ચાલુ રહ્યો. એમના ઘરની નજીક ઘીકાંટા રોડ ઉપર મોટા ભાગના થિયેટરો હતા. જેમાં એ વખતની પોપ્યુલર કૉમર્શિયલ ફિલ્મો પડતી. તેઓ મિત્રો સાથે ફિલ્મો જોતાં. એમના સ્વભાવ મુજબ કરુણ રસના સીનોને હાસ્ય રસમાં રજૂઆત કરતાં. આ ઉપરાંત નૉવેલ્ટી જેવા થિયેટરોમાં મોર્નિંગ શોમાં આર્ટ (પેરેલલ) ફિલ્મો બતાવતા સત્યજીત રે અને એવા ડિરેક્ટરોની, અમે સૌ એ ફિલ્મો જોતાં. એમને આ ફિલ્મો ખૂબ ગમતી અને તેની ચર્ચા તેઓ કરતાં. આર્ટ ફિલ્મો જોવા માટે કેટલાક મિત્રોએ મળીને તરંગ ફિલ્મ સોસાયટી ચાલુ કરી. અમે સૌ તેના સભ્યો બન્યા. સ્વિડન, રશિયા, ઈસ્ટ યુરોપ, ફ્રાંસ, સ્પેન, ઈંગ્લૅન્ડના નવા ડિરેક્ટરોની આર્ટ ફિલ્મો જોઈને એક નવી જ દુનિયાના દ્વાર ખૂલ્યા. સમજદાર લોકો ઉપર એની ઊંડી અસર પડી.

પરંતુ બે વર્ષ બાદ તરંગ ફિલ્મ સોસાયટી બંધ થઈ ગઈ. સત્યજીત રેને લાગ્યું કે અમારા જેવા ડિરેક્ટરોની ફિલ્મો જોવા દેશમાં થોડા લોકોને રસ છે. પરંતુ કૉમર્શિયલ ફિલ્મો બતાવતા ડિસ્ટ્રિબ્યુટરોને એમાં કોઈ રસ નથી. આથી સત્યજીતના પ્રમુખપદે ફેડરેશન ઑફ ફિલ્મ સોસાયટીની સ્થાપના થઈ. અને પેરેલલ સિનેમા જોવા માટે એક સગવડ ઊભી થઈ. ફેડરેશનના વેસ્ટર્ન ઝોનનું હેડ ક્વાટર્સ મુંબઈ હતું અને ત્યાંથી આ ફિલ્મો મંગાવવાની વ્યવસ્થા થઈ. હિમ્મતભાઈને તો આ ફિલ્મો જોવાની પ્રવૃતિ ચાલુ રાખવી હતી. એટલે તેમણે સ્કૂલના સરનામે 'ન્યૂ ફિલ્મ સોસાયટી' ચાલુ કરી અને તેના તેઓ પ્રમુખ બન્યા. કેટલાક થિયેટરોનો સંપર્ક સાધીને ખૂબ ઓછો ચાર્જ લઈને આ ફિલ્મો મોર્નિંગ શોમાં બતાવવા તેઓને સમજાવ્યા. ૭૦૦-૮૦૦ સભ્યો થયા અને લગભગ ૫૦ વર્ષ સુધી તેમના માર્ગદર્શનથી આ સોસાયટીએ ખૂબ સુંદર ફિલ્મો બતાવી. આર્ટ ફિલ્મોના જગતના બધા મહાન ડિરેક્ટરોની ફિલ્મો જોવાની તક પ્રાપ્ત થઈ. ધીમે ધીમે થિયેટરો બંધ થવા લાગ્યા. તેમણે વધારે રકમની માંગણી કરવા માંડી. એટલે સભ્યોની સંખ્યા ઘટવા લાગી અને આ સોસાયટી બંધ થઈ ગઈ. પરંતુ તેમનો આ રસ સુકાયો નહીં, અને સ્પોર્ટસ ક્લબમાં ૧૫-૨૦ મિત્રોએ મળીને આ પ્રવૃત્તિ ચાલુ કરી, જે આજે પણ ચાલુ છે.

જ્યારથી આપણા દેશમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ચાલુ થયો ત્યારથી એક પણ વર્ષ ચૂક્યા વિના તેમણે કેટલાંક મિત્રો સાથે દર વર્ષે તે એટેન્ડ કર્યો. તેમની તબિયત નબળી થઈ ત્યારબાદ જ તે બંધ કર્યું. ત્યાં તેઓ ફિલ્મો, તેનું લિટરેચર ખરીદ કરતાં અને ભવિષ્યમાં તેમણે પસંદ કરેલી ફિલ્મો, સોસાયટીમાં બતાવવાનું પ્લાનિંગ કરતાં.

અમદાવાદમાં આટલો લાંબો સમય આ પ્રવૃત્તિમાં રસ લઈને, સભ્યોને આવી સુંદર ફિલ્મો બતાવી. એના એપ્રિશીએશનમાં ફેડરેશન વતી પુનામાં શ્યામ બેનેગલની હાજરીમાં વી.શાંતારામના પુત્ર... ના હસ્તક તેમનું બહુમાન થયું અને તેમને એવૉર્ડ આપ્યો.

### ચા

ચા એમને ખૂબ પ્રિય. સંગીતના કે કોઈ અન્ય પ્રોગ્રામની શરૂઆત પહેલાં ચા પીને જ અંદર જવાનું. સપ્તકના પ્રોગ્રામમાં યુનિવર્સિટી સ્ટેન્ડ આગળ ચા પીને જ કાશીરામ હૉલમાં જવાનું. ગજ્જર હૉલમાં જતાં પહેલાં બહારની લારીમાંથી ચા પીને અંદર જવાનું. ચાલુ પ્રોગ્રામે એ બહાર ચા પીતા હોય અને પૂછો તો કહે અત્યારે અંદર કરતાં બહાર સારો પ્રોગ્રામ ચાલે છે. મોડી રાત્રે સપ્તકનો પ્રોગ્રામ પૂરો થાય અને એમને એમની છેલ્લી આઈટમ ખૂબ જ ગમી હોય તો તે કહે કે હવે ચા તો પીવી જ પડશે. હું કહું કે અત્યારે મોડે કઈ લારી તમને ચા પિવડાવવા ચાલુ હશે. તો કહે હું જાણું. સી.જી રોડની કોઈ ચોક્કસ જગ્યાએ સ્કૂટર ઉપર જઈએ તો લારી ત્યાં ચાલુ હોય અને ચા પીતા પીતા એ છેલ્લી આઈટમની બહુ જ સુંદર છણાવટ કરે. સંગીત અને ચાને તેઓ છુટાં ન પાડી શકે. અટિરાના કોઈ પ્રોગામમાંથી મોડી રાત્રે નીકળીને લાલપોળમાં ઘેર જવાને બદલે કાળુપુર સ્ટેશને મિત્રોને લઈ જાય. ત્યાં ચા પીને પછી ઘેર જાય. આખા રસ્તામાં સંગીતની જ સરસ વાતો અને હસવાનું ચાલુ હોય. આ બધું મને બરાબર યાદ છે.

### રમૂજી સ્વભાવ

એમના રમૂજી સ્વભાવ વિશે સૌ કોઈ જાણે છે. કોઈ પણ વ્યક્તિ કે તેની ખાસિયત કે રીતભાતમાંથી તેમની આગવી સૂઝથી અને અવલોકનમાંથી તેઓ હાસ્ય રસ શોધી જ કાઢે અને બધાને હસાવે. કોઈ પણ ગંભીર બનાવને પોતાની રીતે હળવો કરીને તેની રમૂજ કરે.

આવો એક બનાવ મને હંમેશાં યાદ રહ્યો છે. એલિસબ્રિજ ઉપરથી હું અને મારો કઝીન જતાં હતાં અને સામેથી તેઓ તેમના એક-બે મિત્રો સાથે સામે મળ્યા. તેમણે સફેદ લેંઘો ઝભ્ભો પહેરેલા હતા. લેંઘો હાથથી થોડો ઊંચો કરીને ચાલતા હતા. મેં પૂછ્યું કે ક્યાં જઈને આવો છો ? તેમણે કહ્યું કે એક ચાલુ ધાર્મિક ફિલ્મ (તેને ઘંટેવાલી

કહેતા) જોઈને આવીએ છીએ. ફિલ્મમાં ભક્તોને ખૂબ જ દુ:ખ પડે છે અને એ સીન જોઈને પ્રેક્ષકોમાં મુખ્યત્વે ઘરેલું સ્ત્રીઓ હતી તે બધી ખૂબ રડી. આથી થિએટરમાં થોડું પાણી ભરાઈ ગયું. અને મારો લેંઘો નીચેથી થોડો ભીનો થયો એટલે તેને થોડો ઊંચો કરીને ચાલુ છું. સૌ ખૂબ હસી પડ્યા. સાચી વાત એ હતી કે થોડો વરસાદ થયેલો એટલે કદાચ તેમનો લેંઘો થોડો ભીનો થયો હશે!

**સ્કૂલ મૅનેજમેન્ટ**

સ્કૂલ ચલાવવામાં પ્રશ્નો તો ઊભા થાય. પરંતુ તે કુનેહપૂર્વક સૌને સમજીને યોગ્ય રીતે તેનો નિકાલ કરતા. મારા પત્ની પ્રફુલ્લાબેન સ્કૂલમાં વાઈસ પ્રિન્સિપાલ હતા અને પ્રાયમરી વિભાગના હેડ હતા. જ્યારે સ્ટાફમાં કોઈ પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે પ્રફુલ્લાબેન મારફતે અંદરખાનેથી સાચી માહિતી મેળવી પ્રશ્નોનો યોગ્ય નિકાલ કરતા. તેમને પ્રફુલ્લાબેન ઉપર ખૂબ વિશ્વાસ હતો. જ્યારે પ્રફુલ્લાબેન રીટાયર થયા ત્યારે એમણે એવી ઈચ્છા વ્યક્ત કરી કે તેઓ દિવસમાં થોડો સમય સ્કૂલમાં આવીને કેટલીક જવાબદારી સંભાળે તો એમને ખૂબ રાહત રહે. જોકે એવું કાંઈ બની શક્યું નહિ. લાઈફ ટાઈમ સ્કૂલના આવા સુંદર મૅનેજમેન્ટ માટે તેમણે 'એકલવ્ય ઍવૉર્ડ' મેળવ્યો.

**સંગીત**

**બાળપણ**

એમના ઉપર સંગીતના સંસ્કાર બાળપણથી જ હતા. તેમણે મને જણાવેલ કે બાજુની હનુમાનવાળી પોળના નાકે એક મકાનના પહેલે માળે સંગીતના ક્લાસ ચાલતા. ગાંધર્વ વિદ્યાલયમાંથી એક શિક્ષક આવતા અને ક્લાસિકલ વૉકલ સંગીત શીખવતા. હિમ્મતભાઈ તેમના મિત્ર મધુભાઈ અને અન્ય મિત્રો ત્યાં સંગીત શીખવા માટે જતાં. સંગીત રસના મૂળ ત્યાં નંખાયા. સૂર, લય અને તાલનું જ્ઞાન ત્યાંથી પ્રાપ્ત થયું. જે આખી જિંદગી આ સંગીત સમજવામાં અને માણવામાં કામ આવ્યું.

એમના મિત્ર મધુભાઈ સંગીતમાં ખૂબ આગળ વધ્યા. મુંબઈમાં તેમણે આગ્રા ઘરાણાના વિખ્યાત ઉસ્તાદ ખાદીમહુસેન ખાં સાહેબ પાસેથી આગ્રા ઘરાણાનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેઓ મ્યુઝિશિયન હતાં અને મ્યુઝિકોલૉજિસ્ટ પણ થયા. પોતાના ધંધામાંથી રીટાયર થયા બાદ લાલપોળમાં પોતાના મકાનમાં રહીને તેમણે આગ્રા ઘરાણાની ઘણી સેવા કરી. તેમની પાસે ઘરાણાના કલાકારો ફૈયાઝ ખાં સાહેબ અને અન્યની કેસેટો હતી. બહારથી પણ બીજી મેળવી. એમાં ઘણી ખામીઓ હતી. ડેમેજ થયેલી પણ હતી. ટેક્નિકલ માણસોની મદદ લઈને તે બધું રીપેર કરાવ્યું અને તેમાંથી સારી C.D. બનાવડાવી. આગ્રા ઘરાનાના કલાકારોની પ્રખ્યાત બંદીશોનું મોટું કલેકશન તૈયાર કર્યું. તેમના વીલથી તેમણે આ બધું સપ્તકના આર્કવાઈઝને ભેટ આપ્યું. હિમ્મતભાઈ વારંવાર તેમના ઘરે જઈને આ સંગીતનો રસાસ્વાદ લેતાં. બન્ને મિત્રોને સંગીતમાં ઊંડી સૂઝ એટલે તેનો તેઓ આનંદ લેતાં. હું પણ હિમ્મતભાઈની સાથે એમના ઘેર જતો અને સંગીત સાંભળતો.

**રીટ્રીટ અને ગીતાબેન**

રીટ્રીટમાં ગીતાબેન સારાભાઈ, વિખ્યાત સંગીતકાર પાસે સંગીત શીખતા. હિમ્મતભાઈ અને મધુભાઈ પણ ત્યાં સંગીત શીખવા જતાં. પરંતુ ગીતાબેનનું લગ્ન થવાથી એ પ્રવૃત્તિ બંધ થઈ ગઈ, એટલે તેમનું સંગીત શીખવાનું બંધ થઈ ગયું, એમ તેમનું કહેવું હતું. ગીતાબેન સંગીતના બહુ જ્ઞાની હતા અને તેમનો સંબંધ આખી જિંદગી સુધી હિમ્મતભાઈ અને મધુભાઈ સાથે રહ્યો. ગીતાબેનને ત્યાં સંગીતના જલસા થતાં, જે સાંભળવા અમે બન્ને જતાં.

મોટી ઉમરે હિંમતભાઈ અને મિત્રો મંજુબેનના સિતારના વર્ગમાં સિતાર શીખવા જતાં, પરંતુ તેમાં સિતાર શીખવા કરતાં રમૂજ અને આનંદમાં વિશેષ રસ પડતો, એમ તેમનું કહેવું હતું.

**રેડિયો**

મને બરાબર યાદ છે કે એમના લાલપોળના ઘરના પહેલે માળે, વચ્ચેના રૂમમાં એક ખૂણામાં, ફિલિપ્સનો ઈમ્પોર્ટેડ એક મોટો (વાલ્વવાળો) રેડિયો હતો. એ રેડિયામાંથી આવતા અવાજ જેવો અવાજ હજુ સુધી મેં સાંભળ્યો નથી. તેઓ એમાં શાસ્ત્રીય અને અન્ય સંગીત નિયમિત સાંભળતાં. એ વખતે AIR તરફથી 'લિસનર' (પાછળથી નામ આકાશવાણી) મેગેઝિન પ્રકાશિત થતું. તેઓ તે વાંચીને, તેમને જે પ્રોગ્રામો સાંભળવા હોય તે ટીક કરતા. અને જે તે દિવસે એ પ્રોગ્રામ જરૂર સાંભળતા. સંગીત અને અન્ય વિષયો ઉપર બ્રોડકાસ્ટ થતી ટોક્સ તેમાં છપાતી. તેઓ અને હું પણ અવારનવાર એ લેખો વાંચતા. આકાશવાણી મેગેઝિન ચાલુ રહ્યું ત્યાં સુધી તેઓ તેના મેમ્બર રહ્યાં.

**શાસ્ત્રીય સંગીતમાં રસ**

સિલોન વગેરે સ્ટેશનોમાં સારા ફિલ્મી ગીતો સાંભળવા મને ગમતાં, પરંતુ શાસ્ત્રીય સંગીત ગમતું નહીં. અમે તેની ગમ્મત કરતાં. તેઓ હસીને પૂછતા કે તમને કયા ગીતો ગમે છે. અમો કહીએ કે લતા, રફી, મુકેશ, તલત વગેરેના. આ આર્ટિસ્ટોના કયા કયા ગીતો ગમે છે? અમો કહીએ કે ફલાણા ફલાણા! તમે જાણો છો કે એ ફલાણા ગીતો તમને શા માટે ગમે છે? તમને જે ગીતો ગમે છે એ બધા શાસ્ત્રીય રાગો ઉપર આધારિત છે. માટે ભવિષ્યમાં પ્રયત્ન કરશો તો તમને શાસ્ત્રીય સંગીત પણ ગમશે. આ તેમનું લોજિક. તેમના સહવાસ અને માર્ગદર્શનથી શાસ્ત્રીય સંગીત ધીમે ધીમે ગમવા માંડ્યું. મને શાસ્ત્રીય સંગીતનું વ્યાકરણ કે તેની ટેક્નિકલ સમજ કે અભ્યાસ આજે પણ નથી. પરંતુ સાચું અને સારું શાસ્ત્રીય સંગીત સાંભળવું બહુ ગમે છે. આ તેમનું મારા

માટેનું પ્રદાન છે.

### સંગીતના પ્રોગ્રામો

એમના સ્કૂટરની પાછળ બેસીને હું તેમની સાથે સંગીતના ઘણાં પ્રોગ્રામોમાં જતો. ટાઉન હૉલમાં, ખાડિયાના ચિત્તરંજનભાઈના, વાર્ષિક થતાં પ્રોગ્રામમાં જતાં. રવિશંકર, અલી અકબર, બિસ્મિમિલ્લાખાં, બડેગુલામ, ઠૂમરી ગાયિકાઓ વગેરેને સાંભળતાં. આવા મોટા કલાકારોના સંગીતની બારીકાઈ, વિશિષ્ટતાઓ તેઓ સમજાવતા માટે ખૂબ મઝા પડતી. આ ઉપરાંત પ્રેમાભાઈ હૉલ, અટિરા, સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં થતાં કાર્યક્રમો સાંભળતાં. 'આલાપ' મજલિસના સભ્ય હોવાથી તેના પ્રોગ્રામો અમે સાંભળતા. એ સમયમાં દેશના ઘણાં ટોપ કલાકારોને સાંભળવાની તક મળી. સમજાયું કે આપણો આ વારસો યુનિક છે અને કોઈ પણ ભોગે જળવાવવો જોઈએ. ન સમજાતા, પણ અનેરો અદ્ભુત આનંદ આવતા, આ સંગીતથી થતી અનુભૂતિ વિશિષ્ટ પ્રકારની છે એમ લાગ્યું. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાનો સંપૂર્ણ રાત્રિનો આખી રાત ચાલેલો જલસો અમે બંનેએ સાથે સાંભળેલો. જે, આજે પણ યાદ છે.

### સપ્તક

સપ્તકની સ્થાપનાથી તેના વિકાસમાં પૂરેપૂરો રસ લેનાર અને નંદનભાઈ - મંજુબેનને આખી જિંદગી સાથ આપનાર હિમ્મતભાઈ હતાં એ વાત કોણ નથી જાણતું? સપ્તકના જાન્યુઆરીના ૧૩ દિવસના પ્રોગ્રામમાં અમે સૌ કાશીરામ હૉલમાં જતાં. મોડી રાત સુધી ચાલતા આ પ્રોગ્રામમાં થાક તો બહુ લાગે, પરંતુ બીજા દિવસે સમયસર હાજર. એ ઉપરાંત સપ્તક સ્પોન્સર્ડ 'સંકલ્પ'ના અને અન્ય પ્રોગ્રામોમાં પણ અમે જતાં. એમને સપ્તક આર્કવાઈઝના વર્કશોપ પ્રોગ્રામો બહુ ગમતાં અને કહેતા કે અહીં સાચું અને સારું સંગીત સાંભળવા મળે છે અને તેના વિશે માહિતી અને જ્ઞાન પણ ખૂબ મળે છે. સ્કૂટર છોડ્યા બાદ અમે બંને મારી ગાડીમાં સાથે જતાં. તેમની સાથે બેસીને સંગીત સાંભળવું એ એક વિશિષ્ટ અનુભવ હતો. એમની તબિયતે સાથ આપ્યો ત્યાં સુધી અમે સાથે જ સંગીત સાંભળ્યું.

### લલ્લુ કરસન હૉલના પ્રોગ્રામો

તેમની પાસે સંગીત, સંગીતકારો, તેમના જીવનની વાતો અને એ અંગેના અનેક રમૂજી પ્રસંગોના બનાવ અંગેની વાતોનો ભંડાર હતો. ઘણાં કલાકારોના અંગત સંપર્કમાં આવેલાં. એમના જુવાનીના સમયમાં અમદાવાદમાં કાલુપુરમાં આવેલા 'લલ્લુ કરસન હૉલ'માં જ સંગીતના પ્રોગ્રામો થતાં. શ્રી ગિરીશચંદ્ર દેસાઈ અને ખાડિયાના વામનરાવ ધોળકિયા ગ્રુપો તરફથી એ ગોઠવાતાં. એ વખતના બહુ મોટા કલાકારો ઉસ્તાદ ફૈયાઝખાં સાહેબ, પંડિત ઓમકારનાથ અને અન્ય કલાકારોના કાર્યક્રમ ત્યાં ગોઠવાતાં. પ્રોગ્રામ લગભગ આખી રાત ચાલતા, કારણ કે એ સમયે લોકોને નિરાંત હતી. કોઈ ઉતાવળ નહીં. તેઓ, મધુભાઈ, તેમના ખાસ મિત્ર અતુલ દેસાઈ અને અન્ય રસિકમિત્રો આ પ્રોગ્રામમાં જરૂર જતાં અને એ વખતનું સર્વોત્તમ સંગીત સાંભળતાં. આ બધા અનુભવોની વાતો મેં તેમની પાસેથી અનેકવાર સાંભળી છે. એમના ઉપર એની ઘેરી અસર હતી. ફૈયાજખાંને સાંભળવા તેઓ વડોદરા પણ જતાં.

### સંગીતનું સિલેક્ટિવ કલેક્શન

તેમને ગમતાં સંગીતનું સિલેક્ટિવ કલેક્શન તેમની પાસે હતું. દા.ત. ભીમસેનની ઘણી C.D. મળતી. પરંતુ તેઓ તો તેમની દૃષ્ટિએ ભીમસેનનું જે સંગીત શ્રેષ્ઠ લાગે તેવી જ C.D. રાખતાં. તેમના મિત્રો તેમને C.D. ભેટ આપતા કે તેની કૉપી કરાવીને પણ આપતા. તેઓ રેડિયો ઉપરથી પણ રેકોર્ડિંગ કરીને તેની કેસેટ બનાવરાવતા.

તેમની પસંદગીના કલાકારો ફૈયાજખાં, ઓમકારનાથ, અમીરખાન, બડે ગુલામઅલી, ભીમસેન, કુમાર ગાંધર્વ, પંડિત જસરાજ, કસાલકર, કિશોરી, શુભા મુદગલ અને અનેક બીજાં, ઉપશાસ્ત્રીયમાં તેમને સિદ્ધેશ્વરી, રસૂલન બહુ ગમે. ઉપરાંત શોભા ગૂર્તુ, ગિરજાદેવી, બેગમ અખ્તર વગેરે પણ. અતુલ દેસાઈ અને મંજુ મહેતા બહુ પસંદ. તેમને ધ્રુપદ ગાયકીમાં ડાગરોનું સંગીત બહુ ગમતું. દક્ષિણનું કર્ણાટિક સંગીત તેઓ સાંભળતા. મિત્રોએ સંગીતની C.D. ભેટ આપેલી. વેસ્ટર્ન ક્લાસિકલ સંગીત તેઓ બહુ પહેલાંથી સાંભળતા. તેની C.D. તેમની પાસે હતી. બીથોવન નવ સીમ્ફની M.P. શ્રી તેમને ભેટ મળેલી. અમે બંને તે સાંભળતાં. બધા મહાન કલાકારોને તેમણે અનેકવાર રૂબરૂ સાંભળેલાં અને તેઓના શ્રેષ્ઠ સંગીતનું કલેક્શન તેમની પાસે હતું, જે તેઓ રોજ સાંભળતા.

### અતુલ દેસાઈ

સંગીતની વાત આવે એટલે અતુલભાઈને કેમ ભૂલી શકાય ? નાનપણના તેમના મિત્ર, ખૂબ શાર્પ મગજ અને ઘણો રમૂજી સ્વભાવ. હું પણ તેમનો મિત્ર થયો. અમે બન્ને અતુલભાઈના ઘેર સાથે જતાં. સંગીત અને રમૂજની વાતો. અતુલભાઈએ પંડિત ઓમકારનાથ પાસે બનારસમાં તાલીમ લીધી અને ગુરુ પાસેથી સંગીતકલા હસ્તગત કરી. જાહેરમાં ગાવાની શરૂઆત કરતાં પહેલા ડાકોર મંદિરમાં જઈ ગાવું એવી ઈચ્છા તેમના પિતા શ્રી ગિરીશચંદ્રે વ્યક્ત કરી. ડાકોરનો એ બનાવ મને બરાબર યાદ છે. વરસાદમાં એસ.ટી.માં બેસીને અમે બન્ને પણ અતુલભાઈ સાથે ડાકોર ગયા. રમૂજી સ્વભાવના શ્રી ધ્રુવસાહેબ (એ વખતના વિદ્યાનગર સ્કૂલના હેડમાસ્તર) પણ અમારી સાથે હતાં. મંદિર પાસેના જે હૉલમાં ઓમકારનાથ જ્યારે ડાકોરમાં હોય ત્યારે ગાતા એ હૉલમાં અતુલભાઈએ આખી રાત ગાયું. તેમની ગાયકી એટલી ઉચ્ચ

પ્રકારની હતી કે સાંભળનારાઓને પંડિતજી જ ગાય છે, એવો અહેસાસ થયો. સાંભળનારા ખૂબ સમજદાર અને રસિકજનો હતાં. પંડિતજીના સૌ ભક્તો દ્વારા ખૂબ દાદ મળી. મેમોરેબલ પ્રસંગ બન્યો. અતુલભાઈને ખૂબ શુભેચ્છાઓ અને આશીર્વાદ મળ્યાં. વહેલી સવારે અતુલભાઈએ મંદિરમાં ગાયું. પ્રભુના આશીર્વાદ મેળવી, મંદિરમાંથી મળેલ રાજભોગ હોસ્ટને ત્યાં જમી, વરસાદમાં જ ઘેર આવ્યા. આ પ્રસંગ મને અને હિમ્મતભાઈને હંમેશાં યાદ રહ્યો છે.

અતુલભાઈએ કથ્થકની પ્રખ્યાત સંસ્થા 'કદંબ'નો સંગીત વિભાગ આખી જિંદગી સંભાળ્યો અને એમના પત્ની સંધ્યાબેને (કે જેઓ કથ્થક ડાન્સર છે.) ડાન્સ વિભાગ સંભાળ્યો.

અતુલભાઈની બીમારી જ્યારે ગંભીર થઈ ત્યારે હિમ્મતભાઈને તેમને મળવા જવું હતું. પરંતુ તેમની તબિયત સારી નહોતી એટલે તેમણે મને ખબર પૂછવા જવા કહ્યું, અતુલભાઈને મળ્યા બાદ મેં તેમને રિપોર્ટ આપ્યો કે અતુલભાઈની સ્થિતિ હવે સારી નથી. અતુલભાઈનું મૃત્યુ કેનેડામાં તેમના પુત્રને ઘેર થયું. હિમ્મતભાઈએ એમના પ્રિય મિત્રનો શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ સ્કૂલમાં ગોઠવ્યો. જેમાં અતુલભાઈએ ગાયેલ રાગ નીલાંબરીનું રેકોર્ડિંગ બધાએ સાંભળ્યું. અતુલભાઈએ જિંદગીભર ગાયેલ સંગીતમાંથી શ્રેષ્ઠ ભાગોનું એડિટિંગ કરીને એમના સંગીતની એક ખૂબ સુંદર C.D. એમના કુટુંબે બનાવડાવી છે, જે હિમ્મતભાઈ પાસે છે, જેમાંથી કેટલાંક સુંદર ભાગો અમે સાંભળતાં.

### વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિક

એમને વેસ્ટર્ન ક્લાસિકલ સંગીત સાંભળવાનો ખૂબ રસ હતો. ઘણાં વર્ષો પહેલાં મુંબઈ અને દિલ્હી સ્ટેશનો ઉપરથી અનુક્રમે દર મંગળવારે અને ગુરુવારે ૧ કલાકનો વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિકનો પ્રોગ્રામ આવતો. રેડિયોમાં અવાજ કોઈ ડિસ્ટરબન્સ વિનાનો, સ્પષ્ટ આવતો. અત્યારે તો બધા સ્ટેશનો ઉપર ખૂબ ડિસ્ટરબન્સ આવે છે. અમે બન્ને ઘણી વખત એ પ્રોગ્રામ સાથે સાંભળતાં. મહાન કલાકારો – બીથોવન, મોઝાર્ટ વગેરેની એલ.પી. રેકોર્ડ જ રેડિયોમાં વાગતી, તેમાં કલાકાર અને તેના સંગીત વિષેની થોડી માહિતી પણ અપાતી. એ વખતે અમદાવાદમાં આ સંગીત બહુ ઓછા લોકો સાંભળતાં. પરંતુ આ સંગીત વિષે કોઈ માહિતી ક્યાંયથી મળતી નહિ. આથી તેમણે મુંબઈથી આ સંગીત વિષેનું એક પુસ્તક ખરીદ્યું. તેમાં સંગીતકાર અને તેની કૃતિઓની માહિતી ઘણી હતી. અમે બન્ને એ પુસ્તક રીફર કરતાં. જેથી એ સંગીત સાંભળવામાં અને સમજવામાં મદદ મળતી. એ બૂક હવે મારી પાસે છે. આ ઉપરાંત એમને જાઝમાં પણ ખૂબ રસ હતો.

'દર્પણ' સંસ્થા દક્ષિણના કર્ણાટકી સંગીતના પ્રોગ્રામ કોઈકવાર ગોઠવતી. તેઓ તે સાંભળતાં. ત્યારથી તેમને એ સંગીતમાં પણ - પરિચય ન હોવા છતાં - રસ પડવા માંડ્યો. રેડિયોના નેશનલ પ્રોગ્રામમાં પણ કર્ણાટકી સંગીતના સારા પ્રોગ્રામો તે સાંભળતાં. બધું જ સારું અને ઉચ્ચ સંગીત તેમને ગમતું.

### નેશનલ પ્રોગ્રામ

રેડિયો ઉપર આવતાં શનિ-રવિના સારા નેશનલ પ્રોગ્રામ હિંદુસ્તાની અને કર્ણાટકી બન્ને તેઓ સાંભળતાં. હું પણ તે સાંભળતો. એમને એ પ્રોગ્રામમાં રસ પડતો હોય ત્યારે તુરંત મારા ઉપર ફોન આવે. રેડિયોમાં નેશનલ સાંભળો છો. ન સાંભળતા હો તો રેડિયો તુરંત ચાલુ કરી દો. ખૂબજ સરસ ચાલે છે. હું જવાબ આપતો કે હું એ જ સાંભળું છું. કેટલીકવાર હું પણ તેમને આ બાબતે ફોન કરતો.

જ્યારે પણ સારું સંગીત સાંભળે એટલે તેનો આનંદ તે બીજા આગળ જરૂર એક્સપ્રેસ કરે. હંમેશાં તે એમનો આનંદ શેર કરે, એ એમની ખાસિયત હતી.

### અંતે

સંગીત એમના જીન્સમાં હતું. ઘરમાં તેઓ ચાર-પાંચ કલાક સંગીત સાંભળતાં. મેચ ન જોતાં હોય તો સંગીત જ સાંભળતાં. તેમની પાસે ઉત્તમ સંગીતનો ખજાનો હતો. કેસેટ, C.D., ટી.વી., યૂ-ટ્યૂબ વગેરેમાંથી એમના મૂડ પ્રમાણે પસંદગીનું સંગીત સાંભળતાં. હું પણ વારંવાર જતો અને બંને સાથે સાંભળતાં. પાછળથી યૂ-ટ્યૂબમાંથી પસંદ કરીને અમો સાંભળતાં. હું મારી પસંદગીના સંગીત કે કલાકાર અંગે વાત કરતો, તો તે શોધીને રાખતાં. અને હું ત્યાં જાઉં ત્યારે અમે બંને એ સાંભળતાં. યૂ-ટ્યૂબમાંથી શોધીને બડે ગુલામઅલીનો સંગીત વિશેનો એક રેર ઈન્ટરવ્યૂ મને સંભળાવ્યો. અને કહ્યું કે આ ઈન્ટરવ્યૂ બીજા કોઈએ સાંભળ્યો હશે ? સંગીતના સાચા મોતી શોધી કાઢવાની એમની શક્તિ અદ્ભુત હતી.

એમની માંદગીના છેલ્લા ૨૦-૨૫ દિવસોમાં હું લગભગ રોજ સાંજે એમના ઘેર જતો. અમે બન્ને ૧-૨ કલાક સંગીત સાંભળતાં. રમૂજ તો ચાલુ જ હોય. કદી તેમની માંદગી કે પીડા વિશે બહુ વાત ન કરતાં. છેલ્લા દિવસના આગળના દિવસે અમે બન્નેએ સુંદર સંગીત સાંભળેલું. છેલ્લા દિવસે થોડો વરસાદ હતો, એટલે હું તેમને ત્યાં જઈ શક્યો નહીં, અને મારી ગેરહાજરીમાં એમણે સૌના વચ્ચેથી વિદાય લીધી. અસ્તુ....

# "એક સંભારણું"

**કુસુમ અરુણ (રસકપૂરવાલા)**



શ્રી હિમ્મતલાલ કપાસી....
વડીલબંધુ શ્રી ઉત્તમભાઈ કપાસીએ કંડારેલ કેડી પર સફળતાપૂર્વક પ્રયાણ કરી સિદ્ધિને શિખરે જઈ બિરાજ્યા.
ભીમસેન જોશી કે બિસ્મિલ્લાખાન,
રવિશંકર કે ઝાકીરહુસેન,
સુનિલ ગવાસ્કર કે કપિલ દેવ કે વિનુ માંકડ,
દિલીપકુમાર કે અમિતાભ બચ્ચન,
બોલિવૂડ કે પછી હોલિવૂડ
હીરાલાલ કાશીદાસના ભજિયા કે પછી સુરતી ઊંધિયું,
ચાહની ચૂસકી તાજની હોય કે લારીની કે રેલ્વેમાં ભેંસના ડબ્બાની.
ટૂંકમાં દરેક ક્ષેત્રમાં હરેક પળે બસ હા..હા..હા.. મજા આવી ગઈ.
ક્ષણે ક્ષણનો અખૂટ આનંદ કેમ લેવો એ એમની પાસે શીખવાનું હતું.
બીજી વાત,
સામી વ્યક્તિને પારખવાની અદ્ભુતશક્તિ, વ્યક્તિને હાંસિયામાં લઈ જવી કે પછી સંગાથે, એ તેઓ બરાબર જાણતાં. અટક કપાસીની જગ્યાએ પારેખ હોવી જોઈતી હતી.
જે વ્યક્તિને મળે તેના સ્મૃતિપટ પર તેઓની યાદ હંમેશ અંકિત થઈ જાય. એટલે જ કહ્યું છે.



**"જિંદગીનો એજ સાચેસાચ પડઘો છે, 'ગની'**
**હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે."**

# શ્રી હિમ્મતભાઈની વિદાય

– પ્રિ. હંસા મહાદેવિયા (મહાદેવિયા પરિવાર)



મૃત્યુ પછીના વાતાવરણનો વિચાર કરીએ તો, આપણી પાસે શું છે ? ફક્ત જીવનના ખટ-મીઠા સંસ્મરણો. કપાસીસાહેબ એટલે, ન કેવળ શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પણ તેમનો વ્યાપ તો વિસ્તરતો ગયો. તેમના મિત્રો, કવિઓ, નાટ્યકારો, સંગીતજ્ઞો, ક્રિકેટરસિકો તેમની આસપાસ વીંટળાયેલા હોય. જેમ મધ હોય તેની આસપાસ મધમાખી ઊડે જ, તેમ તેમનામાં રહેલી વિભિન્ન રસિકતા સૌને તેમની તરફ ખેંચતી હતી. કૉફીના એક કપની સાથે તે નાટકનો આસ્વાદ માણે. તો સવારના છ વાગ્યાથી ઑલ ઈન્ડિયા રેડિયો શરૂ થાય અને સંગીતની તર્જ તેમને ડોલાવી દે. મિત્રોની મિજલસ, નાનાની સાથે નાના અને મોટાની સાથે ઠાવકા એવી તેમની આવડત. ઘરમાં હરતાંફરતાં પણ કોઈ સિનેમા કે સંગીતની ધૂન વાગતી જ હોય. સાથે જીભના ચટાકા, તેમની અંતઘડીએ પણ તેમની સાથે જ હતા. બધાને આવજો કહીને જતા હોય તેવા વાતાવરણમાં તેમની વિદાય આજે તેમના વિદાયના એક વર્ષ બાદ મારી સ્મૃતિને ફંફોસું છું.

અમદાવાદથી મુંબઈ જતાં વચ્ચે સુરતનું સ્ટેશન આવે એટલે ભલભલા ભરઊંઘમાંથી જાગી જાય. કેમ ? તમે પૂછશો પણ એ જ તેની લાક્ષણિકતા. દરેક સ્ટેશને ગરમાગરમ ચા, ગરમ ચા, એવાજ અવાજો સાંભળવા મળે. જ્યારે સુરતમાં 'ચાય ગરમ... ચાય....' ચાય તો ઠીક પણ તેની સાથે સાથે સુરતી સ્પેશ્યલ નાન ખટાઈ, સ્પેશ્યલ ઘારી, મલાઈ - માવાની ઘારીના અવાજો મોંમાં પાણી લાવી દે ! પછી રાતના બે કેમના વાગ્યા હોય ! પણ, સુરતી રસિયો મોજ તો માણી જ લે.

જેના હૃદયમાં આવું સુરત વસી ગયું હોય તે સુરતને, જિંદગીભર તેના જમણને યાદ કરે જ કરે, તેથી તો કહેવાયું છે - 'સુરતનું જમણ'.

વાત તો કરવી છે, આદરણીય મુરબ્બી શ્રી હિમ્મતભાઈની. તેમની રગે રગમાં સુરત ધબકતું હતું. તેઓ કહેતા કે બાળપણમાં સંગીત મને હરિગંગા ભાભીની આંગળીએ ફરતા ફરતા પોળના નાકેથી સાંભળેલી સંગીતની તર્જો ખૂબ આગળ જઈને વિસ્તરી. તો સુરતમાં સાસરે જતાં જતાં જીભને સુરતી જમણનો ચટકો લાગ્યો. તનથી તંદુરસ્ત અને મજાથી મોજી, રસિક, સાચા ભોજનના આસ્વાદને માણવાવાળા વ્યક્તિની વાત શું કરવી ! એક નાનામાં નાની વાતને પણ ખૂબ રસથી, વાતોથી રંગીન બનાવીને રજૂ કરતા તો દરેકે સાંભળ્યા હશે ! તો સુરતી જમણની વાત એ ન કરે તો નવાઈ !

લગભગ ઈ.સ. ૧૯૫૦ ની આસપાસ શ્રી હિમ્મતભાઈ સુરતમાં આવ્યા હશે ત્યારે મારી ઉંમર તો આઠ-દસ વર્ષની હતી. બહુ ઝાઝું સ્મરણ નથી. પણ તેમ છતાં કહેવાતી, સાંભળેલી વાતો, અને આંખે જોયેલા અનુભવ અને તેમની કરેલી આગતા-સ્વાગતા દ્વારા તેમનો માણેલો સ્વભાવ એક અણમોલ ખજાનો બની ગયો છે. સુરતથી મુંબઈ જવા માટે ત્યારે ડાયરેક્ટ ટ્રેન ન હતી. મુંબઈ જવું હોય તો સુરત ઊતરીને, બીજી ગાડી બદલીને જ જવાતું. સુરતમાં મારા દાદા શ્રી અંબાલાલ બાપાલાલ મહાદેવિયા અને મારા પિતા શ્રી નંદુપ્રસાદ અંબાલાલ મહાદેવિયા રહે. તેમને ત્યાં અડધી રાત્રે અને ભરબપોરે બારણે ટકોરા પડે. કોઈને કોઈ પ્રવાસી કે સંબંધી રાત રોકાવવા માટે આવ્યા જ હોય. ઘરની આગતા-સ્વાગતા પણ એવી કે ગમે ત્યારે આવેલી વ્યક્તિને, પ્રેમથી સત્કારવામાં આવે. તેમને માટે ગરમાગરમ રસોઈ બને. નાસ્તા, ચ્હા-પાણી વગેરે તો હોય જ. એક રાત રોકાવા આવેલી વ્યક્તિ કદી પણ ધાર્યા સમયે પાછી જઈ શકે જ નહિ. એવી મમતા માતા શ્રી

ચંદનબેનની. તેની સાથે સાથે ઘરના દરેક સભ્યો પણ જોડાઈ જાય. તે સમયે ન મળે ફ્રીઝ કે ન મળે પાણીની ટાંકી. એક જણ દોડે શાક લેવા, મીઠાઈ લેવા, શીખંડ લેવા.... તો અમે બહેનો લાગીએ મમ્મીના સાથમાં. પાણી ન હોય તો કૂવામાંથી ડોલે ડોલ ભરી પાણી મળે. બધાને આનંદ આવે. ઘરમાં જ કૂવો. પાણી એટલું મીઠું અને ઠંડું. આ છે સુરતના ઘરની અમારી ત્રણ માળની હવેલી, ઉપર અગાસી અને વચ્ચે ચોક, પાછળ વાડો. બહાર ઓટલો. બસ ગામમાં જીવતા હોય તેવું લાગે. સવારે ઓટલા પર દાતણ કરતા કરતા કબૂતર, ચકલીઓને દાણા નાંખવાના. ૧૦૦ થી વધારે કબૂતરો દાણા ખાવા આવે અને સહેજ અવાજ થતાં એક સામટા ઊડે ત્યારે પેલી સાંભળેલી વાર્તા યાદ આવે. પારધીની જાળ લઈને બધા જ એક સાથે ઊડી ગયા. આ નિજાનંદ કેમ ભૂલી શકાય?

૧૯૫૦-૫૨ની આસપાસ હિમ્મતભાઈ બરોડામાં બી.એડ્. કરતા હતા. યુવાન થઈ ગયેલાં અને ભણી રહેલા નવયુવાન માટે લગ્નની ઉતાવળ તો હોય જ ! પણ હિમ્મતભાઈના વિવાહ બાળપણમાં, મારી સૌથી મોટી બહેન કલાવતી જોડે થયા હતા. પહેલાંના સમયમાં તો કુટુંબની ખાનદાની અને વડીલોના બોલે વિવાહ ગોઠવાતા. છોકરા-છોકરીને મળવાની તો વાત જ કેવી ! શ્રી હિમ્મતભાઈ એક રાત્રે દસ-સાડાદસની આસપાસ સુરત ખાતે આવી પહોંચ્યા. શ્રી હિમ્મતભાઈની ગાડી આવીને આંગણે ઊભી રહી. સૌને આશ્ચર્ય થયું કે અત્યારે કોણ? ન કહેણ, ન પત્ર, તો પણ અધીરાઈની આંખોથી અમે બધા જ ગાડીમાંથી કોણ ઊતરે છે, તેની પ્રતીક્ષા કરવા લાગ્યા. અમારે માટે તો અજનબી પણ વડીલોએ તેમને વિશેષ માનથી આવકારો આપ્યો. અમને બધાને અંદર જવાનું ફરમાન થયું પણ જિજ્ઞાસાથી ડોકિયા થતાં રહ્યાં!



**શ્રી હિંમતભાઈ અને શ્રીમતી કલાબેનના લગ્નપ્રસંગ**

થોડી ઔપચારિક વાતચીત પછી તેમના સ્વાગતની તૈયારી. પૂરી-શાક વગેરે વગેરે. બે દિવસ માટે આવેલા જમાઈને જ્યારે પાછા જવાની વાત નથી કરતા અને હસતાં હસતાં ગંભીરતાથી પોતાના મનની મૂંઝવણ એક વડીલ મિત્રને તેમના આગમનનું સાચું કારણ જણાવે છે. વાત મારા દાદા સુધી પહોંચી. દાદાજીએ નિશ્ચય કર્યો કે કલાબેન અને હિમ્મતભાઈને ડુમ્મસ ઘોડાગાડીમાં ફરવા મોકલવા. તે જમાનામાં આટલા આગળ પડતા વિચાર ધરાવતા કુટુંબ બડભાગીને જ મળે.

કલાબેન, હિમ્મતભાઈના પત્ની સંસ્કારી કુટુંબમાં ઊછરેલા, ઘરકામમાં પ્રવીણ, કલાગૂંથણમાં પ્રવીણ, ધાર્મિક મનોવૃત્તિવાળા તેમજ તે જમાનામાં તેઓએ કર્વે મેટ્રિક પરીક્ષાનો અભ્યાસ કર્યો હતો. ઘરમાં પહેલી દીકરી એટલે બધાનું લક્ષ્ય તેની તરફ જ હતું. આઠ ભાઈ-બહેનોને એક તાંતણે એવા ગૂંથ્યા હતા કે મજબૂત દોર નિરંતર રહી.

હિમ્મતભાઈની સાથે તેમના મિત્ર લક્ષ્મીકાંતભાઈ પણ સાથે આવ્યા હતા. સવારે ગરમાગરમ-નાસ્તો, ચ્હા-દૂધ વગેરે તો હોય જ. પણ પછીના જમણમાં સુરતી જમણ, મલાઈ, ઊંધિયું, પૂરી, શાક, ભજિયાં, રતાળાની પૂરી વિશેષ પ્રિય. પાપડી, મૂઠિયાનું શાક, સુરતી શીખંડ, વાટેલી દાળના ખમણ, લસણની ચટણી, અમીરી ખમણ, ભાગળનું ચવાણું, સુરતી ખાજા અને ચૌટાના બ્રીજના કોર્નર પર આવેલો પાનનો ગલ્લો. તેનું સુરતી પાન ખાવા, જમ્યા પછી જવાનું જ.

આ પહેલી સુરતની મુલાકાત. પછી તો સુરત તરફનું તેમનું પ્રયાણ વધી ગયું. લગભગ દર ૧૫-૨૦ દિવસની આસપાસ, રજાનો દિવસ આવ્યો નથી અને સુરતની સફરે આવી ચઢતા. શિયાળાનો સમય હોય, ડિસેમ્બર મહિનો આવે અને સુરતી પોંક તો ખાવો જ પડે. પોંક ખાવા જવું પડે રાંદેરમાં. ખુલ્લા ખેતરો, વનરાઈ, એકબાજુ વહેતી તાપી નદી, ઠંડો પવન, નાના નાના ટેકરાવાળી રમણીય ભૂમિ અને અનેક પોંકરસિયા સુરતીઓથી ખેતરો ઊભરાઈ જાય. આનંદ-કિલ્લોલ વચ્ચે ગરમા-ગરમ તાજો પોંક પડાવવાનો. ઠંડીમાં પોંક શેકાતો હોય, પોંક શેકાવાની સુગંધ પ્રસરતી હોય, ઠંડી ઊડતી હોય. શું જલસા ! અને પોંકની મઝા આહ ! શું

મીઠાશ ! લીલા કાચ જેવા પોંકના દાણામાં તેની સાથે મરીવાળી સેવ. પોંકના ભજિયા, લસણની ચટણી અને વરીયાળીના સાંકળિયા તો જોઈએ જ. તો જ તેનો ઑરિજિનલ સ્વાદ માણી શકાય. છેલ્લે આવે છાસ પીવાની મઝા. તે પણ તેમાં લસણની ચટણી ભેળવીને ! છે ને મજા !

ઉનાળાની રજા. રસની સીઝન આવે. મારા માતાપિતા 'કેરી ઝાળો' કરવા માટે આમંત્રણ મોકલે. હિમ્મતભાઈની ટોળકી, ભાઈબંધોની સાથે આવી પહોંચે. મારા દાદાને કેરી બહુ પસંદ. અમને ભાઈ-બહેનોને પણ એટલી જ કેરી ખવડાવે. સૌને માટે સવાર પડતાં જ તેમના ધોતિયામાં પોટલીવાળીને લાવે. ચૉક વચ્ચે બેસી જાય અને બધાને કાપીને ખવડાવે. સુરત જેવી કેરી અમદાવાદમાં નહિ. એટલે સ્વર્ગીય આનંદ માણતા હોય તેવી અનુભૂતિ હિમ્મતભાઈને લાગે. કેરીના રસની સાથે સાથે મરીવાળા ઈદડા, પૂરી, ફજેતો અને સુરતની વાલની દાળ. જેણે આ ચીજો માણી હોય તે કદી ભૂલી ન શકે.



સુરતનું એક પાસું જોયું. બીજી બાજુ હિમ્મતભાઈના શોખને પોષે તેવા ત્યાં થિયેટરો. ભાગળથી આગળ જાવ એટલે લાઈનબંધ સાત થિયેટરો આવે. ફિલ્મરસિયા વ્યક્તિને બીજું શું જોઈએ ? એક થિયેટરમાં ટિકિટ ન મળે તો બીજામાં, પણ પિક્ચર તો જોઈને જ પાછા જવાનું. હિમ્મતભાઈ અને એમના ભાઈબંધો સુરતની ગલીગલીમાં ફરી આવે. સુરતના સાંકડા રસ્તા, નાના ઘરો પણ દિલના દરિયાવ સુરતીઓ શેરીના નાકે ઊભા રહી રામજી ભજિયાવાળાના ફરસાણ માણે. તેની લીલવાની કચોરી, પેટીસ, રતાળાની પૂરી અને સુરતી ચવાણું ખાવા માટે લાઈનો લાગે. આવી રમૂજ પણ માણે. ફરતાં ફરતાં આવે શ્રી જ્યોતીન્દ્ર દવેના ઘર પાસે, ગની દહીંવાળા ગઝલકારનું ઘર આવે અને તેમના પગ થંભી જાય. અંબાજીના રોડ પર શ્રી પંડિત ઓમકારનાથનું ઘર આવે. રોજ સવારે ઓટલા ઉપર પંડિતજી બેસે. તેમની સાથે પણ તેમની મુલાકાત થયેલી. તેમનો સંગીતનો કાર્યક્રમ મ્યુનિસિપાલિટી સેન્ટ્રલ હૉલમાં માણ્યો.

સુરતનું રંગઉપવન તો કેમ ભૂલાય ? તે જમાનામાં ઑપન ઍર રંગઉપવન બનાવેલું. નાટકો ભજવાય, સાંસ્કૃતિક કાર્યક્રમો થાય. અને મોડી રાત સુધી સંગીતના, ગીતોના અવાજો સંભળાતા રહે. આ પણ એક રસિક મુલાકાત તેમણે લીધેલી. વર્ષો પછી ૧૯૬૫-૬૬ માં મારા પિતાજીના અવસાન બાદ તેઓ શ્રી કિશન મહારાજ અને પંડિત બિરજુ મહારાજને લઈને સુરત આવ્યા. વહેલી સવારે તેમના સમાચાર આવ્યા કે આજે રાત્રે પંડિત બિરજુ મહારાજનો એક કાર્યક્રમ રંગઉપવનમાં ગોઠવાયો છે. લગભગ બપોરના સમયે અમે ત્યાં આવી પહોંચીશું. ઘરમાં કોઈ નહિ. હું અને મારી બેન ભારતી અને અનિલભાઈ જ હતા. મારા માતૃશ્રી અમદાવાદ કોઈ કામે ગયા હતા. થોડીક મૂંઝવણની સાથે સાથે અજનબી નવા મહેમાનોનું સ્વાગત કર્યું. અણઘડ હાથે કેવું બન્યું હશે ? તે તો રામ જાણે. પણ શું વખાણ કર્યા છે ! આવી તેમની વાણીની મીઠાશ.

ધુરંધર તબલાવાદક અને કથ્થક ડાન્સર બિરજુ મહારાજ. આહ ! ધન્ય થઈ ગયા. તેમાં પણ ભાંગરસિયા કિશન મહારાજ અને બિરજુ મહારાજ માટે ભાંગ કેવી રીતે બનાવવી તે અમને આવડે નહિ. તો બિરજુ મહારાજ અને કિશન મહારાજે જાતે જ વાટવાના પથ્થર પર, ભાંગ વાટવાનું શરૂ કર્યું. અને ભાંગની લિજ્જત માણી. અમને ભાઈ-બહેનોને મનમાં તાલાવેલી કે આપણને આ કાર્યક્રમ જોવા મળે ? જિંદગીમાં સૌપ્રથમ વખત આંખોએ અદ્ભુત નૃત્ય નિહાળ્યું અને તેની સાથે સાથે કિશન મહારાજની તબલાની સંગત. શું નૃત્ય હતું ? તેમાં પંડિત બિરજુ મહારાજે એક આંખે કૃષ્ણ ભાવ અને એક આંખે મૈયા જશોદાની લાક્ષણિકતા બતાવી તે તો મને આજે પણ યાદ છે. આવા સ્વજનને દિલથી સલામ.

સંગીત, ફિલ્મ, સાહિત્યમાં ગૂંથાયેલાં અને તેમના જ સાહચર્યમાં રહેતા શ્રી હિમ્મતભાઈનું એક બીજું પાસું પણ જોયું છે. તેમના નાના ભાઈ શ્રી ચંદુભાઈના

દેહાંત બાદ કોઈ કારણસર તેઓ મુંબઈથી સુરત આવ્યા હતા. ત્યારે તેમની ગમગીની અને માનસિક અસ્વસ્થતા તેમને વીંટળાઈ ગયેલી હતી. કુટુંબની જવાબદારી, તેમના પત્ની શ્રી પ્રફુલ્લાબેનની ચિંતા, તેમની ત્રણ-ચાર વર્ષની દીકરી વેણુ તેમને અધિક પ્યારી હતી. તેઓ સતત ગમગીન રહેતા હતા. સ્વતંત્ર મિજાજ, પ્રફુલ્લાબેનને તેમના સ્વભાવને યોગ્ય વાતાવરણ આપ્યું. સ્કૂલમાં શિક્ષક તરીકે સાથમાં લીધા અને બને તેટલી તેમની માનસિક વિટંબણા દૂર કરવા પ્રયત્ન કર્યો.

૨૦૧૭ માં તેમની તબિયત વધુ બગડી અને હૉસ્પિટલમાં તેમને દાખલ કર્યા હતા. અમે ભાઈ-બહેન-ભાભી વગેરે તેમની ખબરઅંતર પૂછવા ગયા હતા. અમે તો ધાર્યું હતું કે બધા દર્દીઓની જેમ તે પણ અસ્વસ્થ હશે. પણ ના. માંદગીમાં પણ મોં પર હાસ્ય. રૂમમાં પ્રવેશતા જ આવ આવ હંસા. અનિલ, વન્ના આવ. શું ચાલે છે ? આતો જરા તબિયત બગડી અને હૉસ્પિટલમાં દાખલ થઈ ગયા.'' વાત કરે, જાણે ફિલ્મ થિયેરમાં દાખલ થયા હોય. ધીરે રહીને મને કહે છે. ''બે વસ્તુ જોવાની બહુ ઈચ્છા છે.'' મેં કહ્યું બોલોને ? કંઈ બે વસ્તુ ?'' તેમણે જવાબ આપ્યો કે એક મારે સુરતનું ઘર જોવું છે, સુરતનો શીખંડ ખાવો છે. અને બીજું મારા મામાનું બાવળાનું ઘર, આપણું ઘર હવે જોઈ શકાય ? મનમાં અવઢવ સાથે જવાબ આપ્યો, જવાય ને !

સુરત તેમની રગેરગમાં, મસ્ત ફકીરી માણસ, સૌને પોતાના મિત્ર બનાવે. ગમે તે પરિસ્થિતિ હોય તેમણે જિંદગી જીવી જાણી, માણી જાણી. કવિ શ્રી નિરંજન ભગતની એક પંક્તિ યાદ આવી જાય.

''કાળની કેડીએ ઘડીક સંગ
રે ભાઈ, આપણો ઘડીક સંગ.
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ !''



અમદાવાદ શહેરની મહિલાઓની 'હસ્તકલા પ્રદર્શન'માં રજુ થયેલ રચનાત્મક કૃતિઓ સાથે શ્રીમતી કલાબેન કપાસી, શ્રીમતી મદાલસાબેન નારાયણ અને અન્ય મહિલાઓ સને ૧૯૬૮



શ્રીમતી ધ્રુમન્નબેન દેરાસરી ના નેતૃત્વ હેઠળ ચાલતી સમાજિક સંસ્થા નામે 'સુમંગલ મહિલા મંડળ'ની તસ્વીરમાં શ્રીમતી કલાબેન અને અન્ય મહિલાગણ

# ૧૯૬૮ થી મિત્રતા, સગાં-સ્નેહીથી વિદાય સુધી

**– પ્રવીણ વ્રજલાલ પટેલ (એડવોકેટ)**



'ચાર ધામ યાત્રા'માં 'કેદારનાથ ધામે'
શ્રીમતી કલાબેન અને શ્રી હિંમતભાઈ કપાસી



શ્રી કપાસી હિમ્મતલાલ, અમો બંને સાઢુભાઈઓ (અમારા બંનેના ધર્મપત્ની, બંને સગી બહેનો થાય) અમારો સંબંધ આશરે ૫૦ વર્ષનો.

હું શ્રી કપાસી સાહેબ સાથે ૧૯૯૦ થી, 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા'માં, છેલ્લા ૨૦૧૨ સુધી, દર વર્ષે મોટાભાગે ૨૩ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધી ભારતમાં યોજાય છે તેમાં શરૂઆતમાં એક વાર દિલ્હી, તો બીજી વાર ભારતના અન્ય શહેરોમાં (કોલકાતા, બેંગાલુરુ, તિરુવનંતપુરમ, હૈદરાબાદ, મુંબઈ) રખાતો, પરંતુ દિલ્હી વારાફરતી હોય, છેલ્લા દસેક વર્ષથી ગોવા કાયમ થયો છે. અમો ચોક્કસ ટ્રેઈનમાં આ ફિલ્મ ફેસ્ટિવલમાં બધે જ સાથે હતા. શરૂઆતમાં ફિલ્મ ફેડરેશન ઑફ ઈન્ડિયા તરફથી ગુજરાતમાં અમદાવાદની 'ફિલ્મ સોસાયટી'ને બે ફ્રી પાસ મળતા, તેમાં શ્રી હિમ્મતલાલ કપાસીને ફિલ્મ સોસાયટીના પ્રેસિડેન્ટ તરીકે અને કુ. ગિરા દારૂવાલાને પાસ મળતા અને બીજા પાસની તકલીફ થતી, પરંતુ ગમે તેમ કરીને મેળવતા ખરા. થોડા સમય બાદ શ્રી કપાસી સાહેબ પ્રેસમાંથી લેખો સિનેમાના લખી, પાસ મેળવતા અને અમોને સોસાયટીના પ્રેસિડેન્ટ તરીકે અને કુ. ગિરાબેનને સેક્રેટરી તરીકે પાસ મળતા. આ તમામ પાસ ડેલિગેટ તરીકેના મળતા. થોડા સમય બાદ આશરે આજથી આઠેક વર્ષ થયા પાસમાં ફેસ્ટિવલે છૂટછાટો આપી છે. એક વાર દિલ્હી ફેસ્ટિવલમાં અમે અમારા ખર્ચે ફેસ્ટિવલ થિયેટરોમાં શ્રી ફોર્ડની પાસે પહેલા 'ઉપહાર થિયેટર' હતું (તેમાં આગ લાગવાથી થિયેટર બળી ગયું) તેની બાજુની હૉટલમાં રહેતા હતા. નવેમ્બર-ડિસેમ્બરમાં દિલ્હીમાં ખૂબ ઠંડી પડે. અત્યારે જેમ પૉલ્યૂશનની વાત ચાલે છે ત્યારે પણ હતું. સવારે હું મોર્નિંગ વૉકમાં જતો ત્યારે ધુમ્મસમાં કશું પાંચ-છ ફૂટથી વધારાનું દેખાતું નહીં. જે હોય તે, ફેસ્ટિવલમાં આનંદ હોય, સિનેમા હોય તેમાં હિમ્મતલાલના સ્નેહીજનો જે ''સપ્તક'' માં મુખ્ય મહેમાન હોય છે તે ભાઈઓ શ્રી રાજનજી અને સાજનજી, હિમ્મતલાલને તેમના ઘરે આ દરમિયાન સાંજે ડિનર માટે લઈ જવા આવતાં-જતાં. બે-ત્રણ ફેસ્ટિવલમાં આ પ્રમાણે લઈ ગયેલા.

એકવાર કોલકતા ફેસ્ટિવલમાં શ્રી ઝાકીર હુસેન સાહેબ તથા સાથે સુલતાનખાં સાહેબ ઓપનિંગનો પ્રોગ્રામ આપવા આવેલા, ત્યાં ખબર પડતા તેઓ બંને થિયેટરમાં કપાસી સાહેબને મળવા આવેલા. બીજું, કોલકાતા ફેસ્ટિવલમાં એક શ્રી ભટ્ટાચાર્ય હતા. તેઓને અમારી આગતાસ્વાગતા કરવા માટે શ્રી ચેતનભાઈ કપાસીએ ભલામણ કરેલી. તેઓ અમને સિનેમા હૉલથી ઓડિટોરિયમમાં ફેરવતા અને સારી જગ્યાએ ભોજન કરાવવા લઈ જતા અને તેઓ વિલેજ સાઈટથી આવતા. આથી ત્યાંથી ''રસગુલ્લાની નાની માટલી'' કે જેમાં આશરે ૨૫-૩૦ રસગુલ્લા આવતા જે અમો ત્રણેય જણાંને બે-ત્રણ દિવસ ચાલતા તેમજ અમારી રહેવાની વ્યવસ્થા ઓડિટોરિયમ પાસે ખાનગી પ્રોપર્ટીમાં શ્રી ભટ્ટાચાર્ય પોતાના ખર્ચે કરતા.

તે જ રીતે મુંબઈ 'ફિલ્મ ફેસ્ટિવલ'માં હિમ્મતલાલને મળવા સ્વ. ચંદ્રકાંત બક્ષી સાહેબ તથા સ્વ. તારક મહેતા વગેરે થિયેટર ઉપર આવતા.

ગમ્મતની વાતો પણ બનતી. શ્રી હિંમતલાલ તથા અમો ટ્રેઈનમાં મોડી સાંજે અંધારું થતાં બેંગાલુરુ ફિલ્મ ફેસ્ટિવલમાં બેંગાલુરુ સ્ટેશનની બહાર ટ્રેઈનનું અમારું કંપાર્ટમેન્ટ ઊભું રહેતા અમારે પ્લેટફોર્મની બહાર ઊતરવું પડેલું અને અમોને રીસિવ કરવા આવેલા ભાઈ અમને ચાર જણાંને બે રિક્ષામાં બેસાડી સામાન સાથે હૉટલ ઉપર લઈ ગયેલા. કપાસી સાહેબના હાથમાં મારી લાઈટવેઈટ હેન્ડબૅગ હતી. હૉટલ ઉપર બધાંયે પોતાનો સામાન સંભાળી લીધો. સામાન ચેક કરતાં હિમ્મતલાલની હેન્ડબૅગ મળી આવેલી નહીં. કારણ કે જે હેન્ડબૅગ હતી તે તેઓએ મારી ઉપાડેલી હતી. ભૂતકાળમાં તેમના મિસિસ અને મારા મિસિસ બંનેએ એકજ જાતની બૅગો ખરીદેલી હતી. આથી, આ કોમિક થવાથી હિમ્મતલાલની બૅગ ટ્રેઈનમાં કે બસમાં રહી ગઈ.

Ironic as it seems, the student in the early 90s won the BBC award for his play - The shaft of light.

The incident related above is a typical of the school principal Himmat Kapasi's attitude towards students in the school and to bring out the latent potential of his young students and to encourage them in their aptitude instead of castigating them in the name of strict discipline.

Abhijat Joshi and his younger brother Saumya are now much lauded and sought after in their respective fields i.e. script writing and teaching the subject at a university in Ohio after having been awarded scholarship.

Whereas his younger brother Saumya who had been part of the teaching faculty at the H. K. Arts College took to writing and enacting highly successful plays. Neela Joshi their mother was a student of the school, too.

Shri Himmat Kapasi, the principal of Vidyanagar School in this respect was different and his overall attitude could be labelled "ZARA HATKE" to the extent that instead of the usual bell at recess time the school played music of Bach, Mozart Beethovan and the like.

I have yet to meet anyone in Ahmedabad who had passionate interest in so many varied fields in one's life.

Himmat Kapasi was one such person. He looked forward to seeing the latest films of his favourite film makers such as Bergmann, Kurosawa, Antonioni and the like and of course our own Ray, Adoor Gopalkrishnan and Ritwik Ghatak to name a few. His most favourite film having been a documentary on Siddehswari Devi by Mani Kaul.

To sustain his interest way back in the seventies he founded a film society for the discerning viewer named Tarang Film Society a pioneering effort in film viewing in Ahmedabad.

I am witness to his restarting such a film society at the sports club which is continuing till date.

One among five brothers, his elder brother Uttambhai Kapasi was a top corporate executive who shrewdly observed that his younger borther was not cutout to be a job seeker. He also did not show interest in academic field but nevertheless had acumen in administering an institute with fresh out of box ideas and utterly liberal view on life. He saw that his younger brother was interested in literature and strived to be acquainted with literary figures.

With this in mind the Vidyanagar School was established at Usmanpura, Ahmedabad after his elder brother moved to Mumbai. I met Kapasi Saheb in 1959, while his family was residing in Laal Pole in the old city.

I got in touch with him after twenty odd years while my self got posted in Ahmedabad in the eighties.

What impressed me was his demeanour and active and intense interest in classical music and cultivating prominent persons from literary field.

Nandan Mehta, his younger friend had regular 'baithak' at the school. While the idea of starting a classical music performing organisation had been mooted.

Himmatbhai gladly accepted the idea providing the much needed infrastructure in the shape of extending the school to the first floor towards this purpose.

The Saptak Annual Festival held in every January has now acquired world wide fame. Every year listeners from overseas as well flock to the venue and sit enjoying eminent artistes till The Wee Hours of the morning.

The inaugural event in the year 1981 began with Pandit Ravishankar on sitar accompanied by Pandit Kishan Maharaj. Himmatbhai even in his late 80's regularly attended every programme sitting till the last performance.

With both the founders of Saptak gone the void is evident but the festival in its 38th year is gathering greater and greater entusiasm among the listeners and is attracting younger audiences as well.

Himmatbhai Alias Kapasi Saheb as he was lovingly called led a rich and fulfilled life ranging over eight decades and passed away in year 2017. While I met him at his home the day before he died, he told me that he would soon get well and I must make it a point to show the latest film of Majid Majid but alas that was not to be !

Those who are left behind remind me of the couplet by poet Bashir.

'Ujale Apni Yadon ke
Hamare Saath Rehne Do
Na Jaane Kis Gali Mein
Zindagi ki Shaam Ho Jaaye'

# શ્રી કિરીટ દૂધાત અને શીતલ લાખિયા : એક વાર્તાલાપ



જગતભાઈએ બેસાડી દીધો છે આ કપાસી સાહેબના સંસ્મરણો કહેવા. કપાસી સાહેબનું વ્યક્તિત્વ એટલું સરળ અને સુંદર કે એ સરળતાએ મને આકર્ષ્યો. એ આકર્ષણમાં ઑર વધારો થયો. જ્યારે મેં જાણ્યું કે અમારા બન્નેનું કોમન પેશન છે. વર્લ્ડ સિનેમા. વચ્ચે વચ્ચે હું લા.ઠા.ના રાયપુરના દવાખાને (શૌચાલય ઉપર) પણ જતો, બે-એક વાર ગયો હતો. ત્યાં અમે સાથે જતા. અમદાવાદમાં સૌ પહેલા ફિલ્મ સોસાયટી શરૂ થયેલી. અમારા લાખિયા બ્રધર્સ, લાલદરવાજા, પહેલા માળે, ત્યાં પચ્ચીસ-ત્રીસ બહુ ભદ્ર લોકો આવતા, કોઈ અટીરાના અધ્યક્ષ એ ચલાવતા. એમાં મારું કે કપાસી સાહેબનું કોઈ પ્રદાન નહીં. પછી તો વાત વાતમાં એમાં શ્રી સુધીર દલાલ, હું, સાહેબ સર્વે 'ન્યૂ ફિલ્મ સોસાયટી' શરૂ કરી. એની મેમ્બરશિપ લાખિયા બ્રધર્સના શો-રૂમમાંથી મળે. સાંજે પાંચથી આઠ સુધી કપાસી સાહેબ આવીને બેસે અને સભ્યો રજિસ્ટર કરે. સાથે કપાસી સાહેબના બે ગમતાં છોકરાઓ, ફિલ્મરસિકો, પીયૂષ વ્યાસ અને કનુપ્રસાદ જાની મદદમાં હોય. આમ દરરોજ સાંજે મળતા ગયા અને વધુ નજીક આવતા ગયા. અને કપાસી સાહેબની બીજી, ત્રીજી, ચોથી.... બાજુની ખબર પડી. જેમાં સાહિત્યમાં રસ, સાંપ્રત ઘટનાઓનું વિશ્લેષણ અને જેને માટે ભારતભરમાં પ્રખ્યાત છે એવો શાસ્ત્રીય સંગીતનો શોખ અને ઊંડી સમજ.

આ પછી અમે ન્યૂ ફિલ્મ સોસાયટીનું પહેલું સાહસ કર્યું જર્મન ફિલ્મ ફેસ્ટિવલનું. ત્યાં સુધી ભારતની કોઈ ફિલ્મ સોસાયટીએ આવો વિચાર પણ નહોતો કર્યો. કપાસી સાહેબ એટલે ઠાઠના માણસ. ફિલ્મ ફેસ્ટિવલ તો બરાબર એની કલાત્મક પુસ્તિકા પણ કરવી જોઈએ એવું નક્કી થયું એટલે એર ઈન્ડિયા, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા વગેરેના સિમ્બોલ ડિઝાઈન કરનાર મારા મિત્ર જે એ સમયે NID માં ભણાવતા એવા શેખર કામત (હાલ-ઑસ્ટ્રેલિયા) એ એની ડિઝાઈન કરી, સિલ્વર ફોઈલના પેપર પર બ્લેક વિન્ડોવાળી એ પુસ્તિકાના વખાણ તો ઠેઠ ગ્રાફિક્સ આર્ટિસ્ટના મંડળમાં પણ થયેલા. અને નીચે એક સ્લોગન હતું 'Abolish dady's Cinema' (મા-બાપની ફિલ્મો છોડો) તે વખતે વિશ્વકક્ષાએ ન્યૂવેવ સિનેમામાં ઊભરતું નામ જર્મનીનું હતું. બુકલેટની વાત, ફિલ્મોની ચર્ચા અને અમારા ગ્રૂપની મહેનતની વાત દિલ્હીમાં બેઠેલા જર્મન કૉન્સોલેટ સુધી પહોંચી અને એમનો સામેથી ફોન આવ્યો કે આ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કરવા તો હું જ આવીશ. હિતેચ્છુ મિત્રોએ સૂચવ્યું કે આ બધો ખર્ચો જાહેર ખબરોમાંથી કાઢીએ ત્યારે કપાસી સાહેબ એમની લાક્ષણિક અદામાં ઉવાચ્યા કે આપણાં આઠસો મેમ્બર્સ હોય તો બીજાં પાસે હાથ શું કામ લાંબો કરવો ? અને ટિકિટો છાપવાનો, મોંઘી આર્ટિસ્ટિક બુકલેટ છાપવાનો વગેરે ખર્ચ ન્યૂ ઈન્ડિયા ફિલ્મ સોસાયટીએ જ ઉઠાવ્યો. ખુદ જર્મન કોન્સ્યુલેટ પાસે પણ એક રૂપિયાનીય અપેક્ષા રાખી નહોતી.

આ પ્રવૃત્તિએ વેગ પકડ્યો એટલે લોકોમાં વિશ્વ સિનેમા પ્રત્યે રુચિ કેળવાય એ માટે અથાગ પ્રયત્નો કરવા માટે 'ફેડરેશન ઑફ ફિલ્મ સોસાયટી ઑફ વેસ્ટર્ન ઝોને' નક્કી કર્યું કે ભારતમાં આવી પ્રવૃત્તિમાં આગળ પડતા એવા કપાસી સાહેબને એવૉર્ડ આપવાનું નક્કી કર્યું. એમાં હું પણ એક્ઝિક્યૂટિવ મેમ્બર તરીકે સાથે હતો. પુના ખાતે એક ભવ્ય સમારોહમાં કપાસી સાહેબને એવૉર્ડ આપવામાં આવ્યો. કિરણ શાંતારામ આ એવૉર્ડ કપાસી સાહેબને મળે એ માટે મેં અને સુભાષ દેસાઈએ ખૂબ પ્રયત્નો કરેલા. શ્યામ બેનેગલ, સુભાષ દેસાઈ અને બીજા ઘણા ગણમાન્ય લોકો

હાજર. પણ કપાસી સાહેબનો મિજાજ અહીં પણ ઝળક્યો. પોતાના પ્રવચનમાં કિરણ શાંતારામ વાક્યે વાક્યે 'જય મહારાષ્ટ્ર' 'જય મહારાષ્ટ્ર' એમ બોલ્યા કરે. કપાસી સાહેબનું માથું ઠણક્યું. 'મને કહે કે તું ક્યાં ઊતર્યો છે ?' મેં કહ્યું કે 'પુના ક્લબમાં'. કપાસી સાહેબ કહે ''કાર્યક્રમ વિશ્વ સિનેમાની સેન્સેટિવિટી વધારવાનો છે અને આ ભાઈ વાક્યે વાક્યે પ્રાદેશિકતાના ઝંડા ગાડ્યા કરે છે, ચાલો નીકળીએ.'' અને હું અને કપાસી સાહેબ ચાલુ કાર્યક્રમે નીકળી ગયા. આ એમનો મિજાજ!

દિલ્હીમાં યોજાતા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયાથી કપાસી સાહેબની નજીક આવવાનું થયું. એ વખતે આ ફેસ્ટિવલ દિલ્હીમાં યોજાતો. અમદાવાદથી હું અને મારા મિત્ર હર્ષ શોધન ગયેલા, ત્યાં કપાસી સાહેબ મળી ગયા. એવું બન્યું કે હર્ષની તબિયત અચાનક બગડી જેની જાણ કપાસી સાહેબને થતાં એમણે ફિલ્મો જોવાનું કેન્સલ કર્યું, દિલ્હીમાંથી ડોક્ટરનો પત્તો લગાવ્યો અને હર્ષને ગાડીમાં બેસાડીને લઈ ગયા. હર્ષ હજી પણ એ પ્રસંગ યાદ કરે છે. હું એમની આ ચેષ્ટાથી પ્રભાવિત થઈ ગયો. અને આખી જિંદગીનો સંબંધ શરૂ થયો. એ સમયે ફેસ્ટિવલમાં કપાસી સાહેબ હંમેશાં કહે કે આ ફિલ્મ ફેસ્ટિવલ દિલ્હીમાં રખાય જ નહીં. એક તો દિલ્હીની ઠંડી અને ફેસ્ટિવલની આજુબાજુ રહેવાની કોઈ સારી વ્યવસ્થા નહીં. આ લાગણી બધાની હશે એટલે એક અરજી તૈયાર કરવામાં આવી જેમાં બે હજાર ફિલ્મરસિયાઓએ સહી કરી કે ફેસ્ટિવલનું સ્થળ બદલો. એટલે કલકત્તા કે ત્રિવેન્દ્રમ લઈ જવા તે નક્કી ન થતા બે વરસ હંગામી ધોરણે ગોવામાં કરવાનું નક્કી થયું.

મને શાસ્ત્રીય સંગીત તરફ ખેંચનાર પણ કપાસી સાહેબ. એ પહેલાં હું માનતો કે સંગીત એટલે જાઝ સંગીત એ સિવાય કોઈ સંગીત નહીં. એ સમયે પ્રીતમનગર બ્રહ્મક્ષત્રિય સોસાયટીમાં અમારું લાખિયા કુટુંબ રહે. ત્યાં કપાસી સાહેબ. લા.ઠા., વડોદરાથી આવ્યા હોય તો ભૂપેન ખખ્ખર, ચિત્રકાર લલિતા લાઝમી, અલબત્ત હર્ષ શોધન તો હોય જ અને બીજા મિત્રો પણ હોય. બપોરે લા.ઠા. મૂડમાં હોય તો દસ મિનિટનું નાટક લખવા બેસી જાય, એ અમારે બધાએ ભજવવાનું (હજી મધુ રાય અને એમના આકંઠ સાબરમતીને અમદાવાદમાં પદાર્પણ કરવાને વાર હતી.) અને આ ગાળામાં કપાસી સાહેબે મને પકડ્યો કે તું 'હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત પણ સાંભળ'. એમની પાસે જાણી, શીખી અને સમજીને હું શાસ્ત્રીય સંગીત સાંભળતો થયો, નહીંતર રસુલનબાઈ, બડી મોતીબાઈ, એક દક્ષિણ ભારતીય વાંસળી વાદક માલીએ બધાને આકંઠ્ય એ સમય ગાળામાં મ્હાણ્યા. પછી તો દિલ્હી જતો ત્યારે શ્રીરામ સેન્ટર ભારતીય કલાકેન્દ્રમાંથી હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતકારો વિશેના મોનોગ્રાફ ખાસ ખરીદીને સાહેબને ભેટ આપવા લઈ આવતો. પછી તો 'સપ્તક'માંય જતો થયો. પરિસ્થિતિ આજે એવી છે કે મારા ઘેર સવારે પાંચ વાગ્યાથી દસ વાગ્યા સુધી શાસ્ત્રીય સંગીત ગુંજ્યા કરે. મન એના કેફમાં અને કપાસી સાહેબની યાદમાં ડૂબેલું હોય.

હવે, વાત કરીએ એમના નાટકપ્રેમની. એ સમયે ડૉ. મીનુ કાપડિયા નાટકના અઠંગ શોખીન. ફ્રેન્ચ નાટ્યકાર મોલિયેરના ચાહક, બીજા એક એવા બ્રુનો કાસ્ટિલો જે આઈ.આઈ.એમ. ગ્રેજ્યુએટ અને રમતવીર. પણ મીનુ કાપડિયાને નાટકના કલાકારો મળતા નહીં એટલે એ આવ્યા કપાસી સાહેબ પાસે. પછી તો બધા નહેરુ બ્રિજના ડાબા છેડે લાલદરવાજા તરફ, હાલ જ્યાં ઈન્દુ ચાચાનું બાવલું છે ત્યાં મળતા. મીનુ કાપડિયા, બ્રુનો, લા.ઠા., કપાસી સાહેબ, અમે દરરોજ સાંજે આઠ વાગે જાહેરમાં જ નાટક ભજવતા. શરૂ થાય ડમ્બ શિરાજથી. એમાં એક વ્યક્તિ કોઈ પાત્રનો મૂક અભિનય કરે અને બાકીના બધાએ એ કોનો અભિનય કર્યો તે ઓળખી બતાવવાનું. આમ કપાસી સાહેબ નાટકના પણ અઠંગ રસિયા હતા.

છેલ્લાં દિવસોમાં કપાસી સાહેબને ઘર બહાર જવાનું બંધ થયું. પણ એ તો ઘેરબેઠાં સંગીત સાંભળે, ફિલ્મો જુએ. રવિવારે સ્પોર્ટ્સ ક્લબમાંથી ફિલ્મો જોઈને હું એમને ત્યાં જતો. પુસ્તકો, સી.ડી., ડી.વી.ડી.ની આપલે કરીએ. છેલ્લે એમણે મને ગુજરાતી સાહિત્ય વાંચતો પણ કરેલો. એમનો આદેશ થયો કે દરરોજ સાંજે સાડાપાંચે તારે મને ફોન કરવો. એ સવાપાંચે ઊઠે અને મારો ફોન સાડાપાંચે અચૂક ગયો જ હોય. એક તા. ૨૦ જુલાઈ, ૨૦૧૭ ની સાંજે સાડાપાંચે મારો ફોન ગયો. સામેથી ઉઠાવ્યો પણ કપાસી સાહેબે નહીં પણ ઘરના સભ્ય જેવા એમના પ્રિય નોકર દિનેશે. મને ફાળ પડી. 'કપાસી સાહેબ ક્યાં ?' પણ કપાસી સાહેબ સાડાપાંચ પહેલા થોડીક મિનિટોમાં ચાલી નીકળેલા.

મારામાં ફિલ્મ, સંગીત, નાટક અને બીજી કલાઓની સમજણ અને શોખ તો પહેલાથી જ હતા પણ એનું યોગ્ય ઘડતર અને દિશા આપી કપાસી સાહેબે, એ અર્થમાં મારા જીવનમાં એમનું સ્થાન ઉદ્દીપકનું રહ્યું છે. એ રીતે કપાસી સાહેબ હંમેશાં મારી સ્મૃતિઓમાં રહેશે.

# શીતલ લાખિયા



ફિલ્મ સોસયટી ચળવળમાં ગુજરાત ખાતે મહત્વનાં યોગદાન માટે પૂના મુકામે NFAI ના 'સુવર્ણ જયંતિ' મહોત્સવમાં શ્રી શ્યામ બેનગલ અને શ્રી કિરણ શાંતારામ દ્વારા શ્રી હિંમતભાઈ કપાસીનું પારિતોષિક સાથે શાલ ઓઢાડી સન્માન



મારી મિત્રતા કપાસી સાહેબ સાથે તરંગ ફિલ્મ અને ન્યૂ ફિલ્મ સોસાયટીના પરિણામે થઈ. બહુ સરળ વ્યક્તિ લાગ્યા. તેમની ભાષામાં એક વહેણ હતું. આખી જિંદગી એ રીતે જ બોલતા. ગુજરાતી ભાષાનું વલણ – મ્યુઝિકલ વલણ લાગતું. World તરફ ગુજરાતીઓનું ધ્યાન દોર્યું. ન્યૂ ફિલ્મ સોસાયટીની મેમ્બરશીપ ચાલુ કરી. ૮૦૦ મેમ્બર્સ બન્યાં. ફેડરેશન દ્વારા ફિલ્મો આવે તે ઓરિજિનલ ફિલ્મ બતાવીએ.

જર્મન ફિલ્મ ફેસ્ટિવલનો આઈડિયા તેમનો હતો. ફેસ્ટિવલ ઉજવાયો અને સફળ રહ્યો. અમારી વચ્ચેનો સેતુ સંગીતનો રહ્યો. જાઝ સંગીતની રૂચિએ – મને તેમના માર્ગદર્શનથી શાસ્ત્રીય સંગીત તરફ પ્રેર્યો. ફ્લ્યૂટ માટેનો મારામાં રસ ઊભો કર્યો. સાઉથ ઈન્ડિયન વાંસળીવાદક કોલ માલીની C.D. મને આપી. જે હજી મારી પાસે છે.

અનેક સાહિત્યકારોનાં પરિચય થકી મને ગુજરાતી સાહિત્ય તરફ વાળ્યો. રસ લેતો કર્યો. તેમના સજેન્સથી હું વિવિધતા તરફ વળ્યો. દમણની બાજુમાં એક ગામ - ખેરવાલા, ત્યાં એક ભાઈ મળ્યા. એ ઝાડ નીચે ફિલ્મ બતાવે. આ ઘટનામાં અમને મઝા પડી અને અમે તે ભાઈને ફિલ્મ બાબતે સહયોગ આપ્યો.

એકવાર ફિલ્મ ફેડરેશનમાંથી સુભાષ દેસાઈનો ફોન આવ્યો. ૨૦૦૯માં કપાસી સાહેબને એવોર્ડ આપવાનું વિચાર્યું હતું. ને કપાસી સાહેબને એવોર્ડ આપવાનું નક્કી થયું. કપાસી સાહેબ એવોર્ડ લેવા ઈચ્છતા નહોતા. અમારા આગ્રહના કારણે સ્વીકાર્યો. શ્યામ બેનેગલ ચેરમેન હતા. શ્રી કિરણ શાંતારામને હાથે એવોર્ડ અપાયો. આ એવોર્ડ ઓસ્કારની સમકક્ષનો કહેવાય.

તેઓ બિમાર પડયા. ઘર સાથેનો સંપર્ક વધ્યો. અવનવી વાતો થતી. તેઓએ મને ઘણું બધું આપ્યું. ને મેં વાચ્યું. તેઓ ફિલ્મ માટેની આગવી ઊંડી સૂઝ ધરાવતા હતા. અનેક કલાઓ સાથે સંકળાયેલા અને સ્કૂલ પણ ખૂબ સરસ ચલાવી. કપાસી સાહેબનું નામ હતું. તેઓશ્રીએ અનેક સંજોગોમાં મને સપોર્ટ આપ્યો છે.

અંતે –

તેમની મેમરી , જયાં સુધી હું નહિ જાઉં ત્યાં સુધી મારામાંથી નહિ જાય.

# અમારા હિંમતલાલ અમારી હિંમત

-સંધ્યા અતુલ દેસાઈ

વિતી ગયેલા જીવન પર એક નજર નાંખો તો કેટલીક એવી વ્યક્તિઓ યાદ આવે કે આપણાં સારા માઠાં દરેક પ્રસંગે જે આપણે ખભે હાથ મૂકીને ઊભી રહી હોય. જેમની સાથે રહેવાથી દુઃખો હળવા બની ગયા હોય અને સુખની ઘડીઓ વધુ મૂલ્યવાન.



મારા અને અતુલના સહજીવનની શરૂઆત જેમના હૂંફાળા સાથ સાથે થઈ એવાં કપાસી સાહેબ અમારા જીવનના દરેક પ્રસંગે કેન્દ્ર સ્થાને રહ્યા છે. કયારેક મિત્ર બનીનેતો ક્યારેક માર્ગદર્શક બનીને. એમની સાથે ગાળેલા પ્રસંગોને કાગળ પર ભેગા કરવા બેસુ તો કદાચ દળદાર ગ્રંથ તૈયાર થાય. પણ અહીં તો વાત કરવાની છે સંક્ષિપ્તમાં. મારા અને અતુલના જીવનમાં  કપાસી સાહેબ એટલે પ્રેમ. કપાસી સાહેબ એટલે સંગીતની સંગત. કપાસી સાહેબ એટલે "અમારા હિંમત અને અમારી હિંમત".

મને યાદ છે કે સાણંદના બાપુનું હુલામણું તેડું આવતા અતુલ , નંદન મહેતા અને કપાસી સાહેબ બધા જ કામ પડતાં મૂકીને પ્રેમથી સાણંદ પહોંચી જાય. આખી રાત શુધ્ધ શાસ્ત્રીય સંગીતનો સત્સંગ થાય. સવાર પડતાં ત્રણે પાછા ફરે અને કપાસી સાહેબ તરોતાજા બનીને વિદ્યાનગર સ્કૂલ પહોંચી જાય. મારા અચરજના જવાબમાં કપાસી સાહેબ કહેતા કે સંગીત તો ઊર્જા આપે જે ઉજાગરાને પહોંચી વળે . આવો એમનો સંગીત પ્રેમ.

કપાસી સાહેબના સંગીતપ્રેમે જ એમને છેક સુધી સ્ફૂર્તિલા રાખ્યા. તેઓ સંગીતને જેટલું માણી શકતા એટલું જ સમજી શકતા. અતુલના જીવનના અંતિમ દિવસોમાં એમને જો કોઈની સાથે ફોન કરીને વાતો કરવાનું મન થતું તો એ એક કપાસી સાહેબ હતા. ફોન ઉપર થતી એ મિત્ર ગોઠડીઓએ અતુલના જીવનમાં થોડા દિવસો વધારી આપ્યા. મિત્રતાનો સાચો અર્થ કપાસી સાહેબની મૈત્રીથી સમજાયો હતો. એમની આગળ કયારેક પણ કોઈ મૂંઝવણ વ્યકત કરું ત્યારે સદાય એમના દ્વારા સસ્મિત બોલાયેલું "ચિંતા ન કર. થઈ જશે." વાકય મને હંમેશા એક બળ પૂરું પાડતું.

કપાસી સાહેબના વ્યકિતત્વ વિશે વાત કહું તો એમનું બહુ આયામી વ્યકિતત્વ સદાય આદરભર્યું લાગ્યું છે.
શિક્ષણવિદ્, સંગીત પ્રેમી, સાહિત્ય પ્રેમી સંગીતકારોને પ્રોત્સાહન આપનાર કદરદાન, વિદ્યાર્થીઓને ઉત્સાહ  વધારનાર ગુરુ અને વિશેષ માનવતાનો અર્થ જાણતા એક સાચા માનવી.

**કપાસી સાહેબની ચેતનાને વંદન.**

# The magic called Kapasi

– Vivek Khadpekar

A chance meeting in 1969 led to a long friendship that lasted 48 years. Its fragrance lingers.

Darpana was preparing for its Gandhi Centenary celebrations. I was peripherally involved in helping to design and erect the sets for the flagship item focussed on the Mahatma's life. Another part of the programme was a play by Madhu Ray (*Ashvatthama,* if I recall correctly). In the group that was rehearsing for it was a gentleman with a kindly face and a merry twinkle in his eyes, Himmatbhai Kapasi. Within two or three meetings we discovered a shared interest in music. His was a much broader canvas than mine, and richer, I found as our friendship grew. He taught me to look beyond the technicalities of Hindustani music, at the pure beauty of it.

The event that had brought us together concluded on the 2nd of October, but we continued meeting at his home, at Vidyanagar High School, and occasionally at other places. It was fascinating to become aware of the immense variety of talent in the group that gathered around him, the cream of Gujarati intellectual and artistic talent of the day in literature and in the plastic and performing arts. Amidst these highly talented people I was a mere fly on the wall, but happy in that role. In my early twenties I was getting exposed to influences that have had a major part in enriching my socialisation, particularly to the Gujarati language and culture.

Kapasisaheb was the pivot of these *addas,* the catalyst who participated in the lively interactions mainly by being unobtrusively present and facilitating their flowering. Sometimes, I thought of him as the Emperor Akbar, whose versatile interests brought together his *Navaratnas.* But Akbar was an emperor, with the resources, power and influence to make such things happen. Here, in Ahmedabad of the nineteen-sixties, was a person who, by his sheer personality, could bring about something wondrously similar. And he was not even part of the fabled mercantile aristocracy of the city to which such qualities are customarily attributed. Besides music, his versatile interests included film, theatre and cricket. Perhaps less known, is his appreciation of food. In this, as in most things that attracted him, he had a rare catholicity of taste.

He could appreciate all that was beautiful, in nature and in culture, and could distil the essence of beauty in people and situations. This particularly stood out in the way, when commenting on anything, his focus was on the positive. The negative and the ugly was to be ignored. Even if he did notice it on occasion, it was not worthy of his recognition. He would gently dismiss it without giving offence, with his unique brand of humour.

Ultimately, Kapasisaheb was an *ananda-yatri,* and the *ananda* inevitably rubbed off on anyone who chose to join him in the *yatra.* His life seemed an unending *mehfil* interrupted for us, his friends, when he passed away. But its fragrance will remain with us as a divine gift from an uncommon man whose soul has merged with the eternal.



# શ્રી કપાસીસાહેબ

– સોહન નીલકંઠ

"હું તો બસ ફરવા આવ્યો છું !
હું ક્યાં એકેય કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?
હું તો બસ ફરવા આવ્યો છું !"
– નિરંજન ભગત



ઘણું એવું હોય છે કે ક્યારે શરૂ થયું અને ક્યારે પૂરું થયું એ બરાબર સમજાતું નથી અને ઘણું પૂરું થઈ ગયા પછી પણ ચાલુ જ રહે છે. કપાસીસાહેબ સાથેનો સુયોગ કંઈક એવો જ રહ્યો. પહેલી મુલાકાત, કયાંથી શરૂ થયું એ તો યાદ નથી પણ શરૂઆતનો એક પ્રસંગ, એમના ઘરની પહેલી મુલાકાત બરાબર યાદ છે. સ્કૂલ ઑફ આર્કિટેક્ચરના અમે કેટલાક મિત્રો સાહેબની ઝપટમાં આવી ચૂકેલા. ચેપી રોગ જ સમજી લો, માત્ર રોગ એ નકારાત્મક વસ્તુ છે, આ સંપૂર્ણ હકારાત્મક ! બચાય એવું હતું જ નહીં ! અમે ''યંગ, મૉડર્ન'', સાહેબ ઉંમરમાં મોટા પણ કદાચ અમારા કરતા વધુ યંગ, મૉડર્ન. કોલ્ટ્રેનનું જાઝ સંગીત એ શું છે, એનો મિજાજ શું છે, એનો આનંદ શું છે, એ માણવા સાહેબના ઘેર પહોંચ્યા. એ નવી વસ્તુનો આસ્વાદ એ અમને કરાવવાના હતા.

રવિવાર કે રજાનો દિવસ છે, શિયાળો. સવારે પહોંચ્યા. બહુ વહેલા નહીં, પણ ઠંડક હતી. સાહેબ એક ખાટલા પર બેઠા છે. હાથમાં સિતાર, રિયાઝ ચાલે છે. માથું-કાન ખાસ્સા ઢંકાય એવી ટોપી પહેરીને. આંખોમાં અનેરી ચમક તો કાયમ રહેતી જ. અવાજ બંધ થાય છે, સિતાર મૂકાય છે. ક્યાંથી શું ચાલુ કરવું ? કોઈ કહે છે : ''કપાસીસાહેબ, ખાસ્સી ઠંડી છે નહિ ?, ''ઓહ...'' ટોપી ઉતારે છે. આંખની ચમકમાં નટખટપણું અને હાસ્ય ઉમેરાય છે. ''એ તો બધું ઠીક છે. કાન પર ટોપી પહેરીને જ રિયાઝ કરું છું. બેસૂરું વાગે એ સાંભળવાનો ત્રાસ મારે તો સહન ના કરવો પડે ને !''... શું મિજાજ, શું અંદાજ ! વાતાવરણમાં એક આનંદ, આશ્ચર્ય, આસાની ફેલાતી જાય છે. વાત આગળ વધે છે, કોલ્ટ્રેનના સંગીત ભણી. એની ગતિ સાથે ડોલતા સાહેબની છબી હજી પણ મનમાં તાજી છે.

સંગીતના કાર્યક્રમોમાં, અમે મિત્રો સંગીતના કાર્યક્રમનું આયોજન કરીએ તે દરમિયાન, કોઈક વાર વિદ્યાનગર સ્કૂલમાં, કોઈક વાર કોઈ સામાજિક પ્રસંગે મળવાનું ચાલ્યા કર્યું. જ્યારે, જ્યાં મળીએ ત્યાં ઉમળકાભેરનું ''કેમ છે, ભાઈ ?'' ''આવો'' ને બદલે, ''બસ આવી જ જાવ !'' એવું કંઈક ને કંઈક સ્વાગત થાય. હાથ મેળવે, પૂરી આત્મીયતાથી. તમે એમની સાથે છો એવી પ્રતીતિ થયા વગર ના રહે. આનંદનો એમનામાં વાસ છે, કાયમ માટે, એ કોઈ રીતે સમજાઈ જાય. પાસે બેસાડે. સંગીતના કાર્યક્રમોમાં સાથે બેઠા હોઈએ તો આમાં શું માણવાનું છે, આની ખૂબીઓ શું છે એ બતાવતા જાય. એમની લાક્ષણિક લઢણમાં કંઈક આવું બોલે... ''આલાપ કરવાનો આમનો મિજાજ જુઓ. ખરી મજા ત્યાં જ છે.'' બાકીનું આપણી રીતે શોધવાનું, સમજવાનું. પછીથી એમની સાથે છણાવટ કરવી હોય તો કરાય.

એમના સહવાસના પ્રસંગો મારા માટે વધારે ભાગે સંગીતને લગતા રહ્યા, ફિલ્મના નહીં. ફિલ્મ પણ એક એમનો અતિપ્રિય વિષય હતો. વચ્ચે વચ્ચે એવું બને કે બહુ વખત સુધી સંગીતના કાર્યક્રમમાં મળાય નહીં. પછી

મળીએ ત્યારે હું કહું હમણા સંગીતના બે કાર્યક્રમોમાં દેખાયા નહીં, મળાયું નહીં. એમના ઘણા જવાબો લા-જવાબ રહેતા. ''હમણાં તો, બસ, અંધારું જ વધારે ગમે છે.'' સમજી જવાનું કે હમણાં ફિલ્મમાં રચ્યાં-પચ્યાં રહે છે. બધી જ વાતો રસવિશ્વની. જેમાં રસ પડે તે કરવું, તેનો આનંદ લેવો.

બીજી લાજવાબ વાતો સાંભળી છે. એકવાર એક ગીતનું રેકોર્ડિંગ બહાર પડ્યું. એમને બહુ જ રસ પડ્યો. બહુ જ ગમ્યું. મેં સાંભળ્યું છે તે મુજબ વિદ્યાનગર સ્કૂલની સાઉન્ડ સિસ્ટમ પર મૂક્યું. બધાંને કહ્યું - સરસ છે, સાંભળો, આનંદ લો. આજે આખો દિવસ આ જ વાગશે. ક્લાસમાં બેસવું હોય તો બેસો. નહીં તો કંઈ નહીં. સાચું-ખોટું ખબર નથી. વાતમાં મીઠું મરચું હશે પણ એની પાછળ કંઈક તો હશે જ ને?

એક વાર એવી વાત થઈ કે આપણા બધા પાસે એટલું બધું સંગીત ભેગું થઈ જાય છે કે બધું સાંભળી શકાતું નથી. આપણે કેસેટ્સ (તે જમાનામાં, આજે C.D.) ભેગી કરતાં જ રહીએ છીએ. એ કહે, એમ કરવું જોઈએ કે કુલ અમુક જ કૅસેટ રાખવી. બીજી ત્રણ નવી આવે તો જૂનામાંથી ત્રણ કાઢી નાખવી. એમ થાય છે કે એ ટપાલીને જ આપી દેવી. એને મરજી પડે તે ઘરમાં નાખી દે ! જેના નસીબમાં હોય તેને મળે. સાંભળવું હોય તો સાંભળે નહીં તો ફેંકી દે. આપણી જવાબદારી પૂરી !

એક વાર કોઈ નર્તકીની ઉંમરની વાત થતી હતી. બધા કહે એ કાર્યક્રમ વખતે તે બહુ નાની હતી. કોઈ વીસ-બાવીસ વર્ષ કહે તો કોઈ અઢાર-ઓગણીસ, એમ વાતચીત ચાલી. સાહેબે ચુકાદો આપ્યો. ''સોળ વર્ષથી એક મિનિટ પણ મોટી નહીં !× બધાં હસી પડ્યાં. એમની સંગતમાં હોઈએ તો જે આનંદમય વાતાવરણ ઊભું થયા કરે એની અનુભૂતિ ફરી પાછી થઈ. આ એક સતત ચાલતો લહાવો. આપણને વિચાર એવો આવે કે કોઈને આવા વિચાર કઈ રીતે આવી શકે?

જેમાં રસ ના પડે તે વાતમાં કપાસીસાહેબ પડે નહીં એવું લાગ્યા કરે. બધે જ આનંદ લેવાની વાત, રસ માણવાની વાત. ''કેમ, પેલાના કાર્યક્રમમાં નહોતો આવ્યો? એ મજા કરાવી ગયો, હોં !× આપણે શું કેવી રીતે માણી શકીએ, આનંદ કેવી રીતે લઈ શકીએ - એ વાતને આપણી અંદર એ વિકસાવ્યા કરે, એમાં કંઈક નવું સિંચન કરતા રહે, એનું ફલક વિસ્તારતા રહે. કદાચ એમની અંદર પણ એ ફલક વધુને વધુ વિસ્તરતું જતું હતું. મૂલ્યાંકન કરવામાં ઉદારતા વધતી જતી હતી એવું મને લાગતું. છેલ્લા વર્ષોમાં વારંવાર કહેતા કે ''બધું સારું જ છે.'' કહેવાનો ભાવાર્થ મને લાગે છે કે એવો કે દરેક વસ્તુમાંથી આનંદ લેતા શીખો. તમને જ મજા આવશે. સપ્તકમાં સ્ટેજની બાજુમાં બેસતા. પાછળ જઈને મળું જ. મોડો ગયો હોઉં તો પૂછું, આની પહેલાનો કાર્યક્રમ કેવો હતો. એક જ જવાબ ''બધું સારું જ હોય છે !''

છેલ્લી વાર મારે ઘેર આવ્યા હતા, એ પણ એક રવિવારે કે રજાના દિવસે બપોરે. એક મિત્ર ઘણાં જૂનાં અને ખૂબ જ દુર્લભ રેકોર્ડિંગ સંભળાવવા લઈ આવ્યા હતા. એનો તો આનંદ લીધો જ પણ એમણે જે જે જૂના સંગીતકારોને પ્રત્યક્ષ સાંભળ્યા હતા તેની વાતો એમણે કરી - એ સાંભળવાનો લહાવો કદાચ વધુ આનંદદાયક હતો.

હાર્ટએટેક પછી એમને ઘેર મળવા ગયા તે એમના ઘરની છેલ્લી મુલાકાત. અમે બે મિત્રો ગયા હતા. ઘણાં વર્ષો પછી. બાજુમાં, ખોટા ઘરમાં ઘૂસી ગયા. એમના જ કુટુંબીઓનું ઘર. ''કપાસીસાહેબ'' તો ત્યાં પણ હોય જ ને ! અમને તરત ખ્યાલ આવી ગયો કે કંઈક ગરબડ થઈ છે. ભાંડો ફૂટ્યો અને સાચા કપાસીસાહેબને ઘેર પહોંચ્યા. ગોટાળાની વાત કરી એટલે હસી પડ્યા. આનંદ જ આનંદ ! એમના ઘરની પહેલી મુલાકાત અને કાનટોપી ને સિતારના રિયાઝવાળી વાત કરી. આનંદ બેવડાયો ! એમની સંગતમાં જે - છે એ આ જ છે, આ આનંદ છે, આ માણો, ખરો રસ આમાં, અત્યારે અહીં જ છે — એવી અનુભૂતિ સતત થઈ રહી. કેવું સરસ !

એમના વ્યક્તિત્વનાં અનેક પાસાં, અનેક ક્ષેત્રોમાં એમનું યોગદાન. એ બધા વિશે લખતો નથી. એમનો હસતો ચહેરો દેખાય છે, કહે છે ''તને ગમે એ તું લખ ને? બીજા પાસાંઓ અંગે બીજા લખશે.×

મારી દૃષ્ટિએ કપાસી રસિકજન હતા. આનંદ માણવાનો અને આનંદ વહેંચવાનો એમનો અતૂટ રિયાઝ હતો.

મારી સમજ મુજબ કપાસી રસજ્ઞ હતા. બહુશ્રુત હતા, રસની જ દુનિયામાં રચ્યાં-પચ્યાં રહેતા હતા. એ અંગે બહુ બધું કહી ગયા. એ બધું પૂરું હજી નથી થયું. હા, કંઈક ભાગ પર પડદો પડી ગયો. પણ પડદાની પાછળ તો ચાલુ જ છે ને ! પડદો પડ્યાના સમાચાર મળ્યા ત્યારે અનાયાસે આવું કંઈ લખાઈ ગયું હતું.

**રસવિશ્વમાં ફર્યા એ, સૌને ય લઈ ગયા**
**આનંદ ખૂબ લૂંટ્યો, આનંદ દઈ ગયા.**
**ચાલી ગયા કશે એ, સૌ અહીં રહી ગયા**
**સઘળું જ લઈ ગયા એ ? સઘળું જ દઈ ગયા !**

# Kapasi Saheb.

**– Neelkanth Chhaya**



To have known Kapasi Saheb is a privilege that he freely gave and many of us enjoyed !

In Ahmedabad's cultural life, few have given so much. Education, classical music, theatre and film were all fields in which he played a major, if nearly invisible role. His knowledge of all these fields was immense, yet he wore his learning lightly. Meeting him, one could not easily gauge the breadth and depth of this connoisseur's outstanding and unerring sense of aesthetic appraisal. Knowing him more, spending time with him, one gradually came to understand that one was in the presence of a rare *rasika*.

You could spend an evening with Kapasi Saheb, being regaled with the most exquisite discussions about music or film. Of course, his piquant and unique sense of humour, his play with subtle nuances of language and emphasis, the twinkle in his eyes ... all this made the conversation an occasion for learning, without the burden of difficult arcane expression or theoretical intricacies. The joy of being alive to the experience was more important than judgement of merit or demerit. This spirit allowed us young acolytes to appreciate and enjoy the arts that he shared with us with delight. Even as a critic reporting on a concert, he could spin a word picture that was the aesthetic equivalent of the occasion described, with never a harsh word or cruel remark to blemish the writing.

In my more than forty years of knowing Kapasi Saheb, I never once saw him angry, disturbed or uneasy! This was amazing, for Kapasi Saheb organised such important gatherings and groups that there must have been things that did not go the way he thought they would, yet he was never frustrated or disappointed. This openness to the unexpected might be thought to be his most wonderful gift to his friends. He knew how to extract the juice of life, gently nudging us into simply listening or seeing without comparing or categorising.

He will be missed. Missed at concerts or at evenings at home, relishing his unique and characteristic use of Gujarati, and missed simply as the most wonderful human being that you could be with.

# Indirect learning, a Mantra by Kapasisaheb

**– Mikibhai Desai**



My association with late Shri Kapasi Saheb goes back to late sixties. I didn't study at Vidynagar High School but he was my cherished elderly friend. My choices for music, literature, films and teaching got shaped by spending time with him. Willis Carnover on Voice of America became a habit and around 2:30 in the night some of the best Jazz was offered and explained by Willis. Aakanth Saabarmati and acting in plays without audience (just a small group) with late Shri Labhshakar Thakar. Listening to Madhu Rai and inviting him to teach us dramatics at School of Architecture (CEPT) were by-products of his association. Couple of incidences would be much in place while remembering this great educationist, organiser and connoisseur of music and film.

Once in early seventies he called, "Mikibhai, *koi saaro maanas hoy to kahejo; aapde schoolmaan ek peon ni jaroor chhe"*. Those days our great teacher, sculptor Krishna Chhatpar had stopped teaching sculpture at School of Architecture to pay full attention teaching at Fine Arts College, Baroda. Mohanbhai, then a peon in the School of Architecture, made clay for us and ceramist Dharmisthaben. He was a gem of a person from the Rabari community. He used to be paid very little as he was a temporary staff, however, he was too proud to do a shoddy job or ask for a raise in the pay. That is when the above-mentioned call came from Kapasi Saheb. After talking to Mohanbhai and finding his willingness to try something new; I called Kapasi Saheb back and told him about Mohanbhai. As always, willing to meet and listen to people, he asked me to send him over to school. After a couple of meetings between them, he called me. "Mikibhai, *maanas to 100 touch no chhe pan peon no dress paherwaani ghasine naa paade chhe. Rules mutaabik peon no dress to paherwoj pade. Shun karishun?"* I answered *"Juvo saaheb, aavo maanas nahin male,* let me talk to him". Mohanbhai did not budge. I called Kapasi Saheb back saying he isn't going to wear peon's dress, no matter what. He called once again in a couple of days, *"Mohanbhai ne lai leedha chhe; aavaa maanas chhej kyaan?"* And Mohanbhai became Mohankaka, the most wanted helper of the school, to the children, the students, and the teachers. He also became an artist in his own right. He started drawing and colouring sheets after sheets, God only knows when! But then Kapasi Saheb held an exhibition of his work on the walls of all the corridors and stretched it on the wall of the staircase going up a couple of floors.

In and around mid-90's we had decided to admit our daughter Ravija in a Gujarati medium school. What place more suited than Vidyanagar, we decided! I called Kapasi Saheb for the admission. *"Baraabar chhe, test levaa do; naapaas thashe to joi shun. Ek kaam kar, mane kaale mali jaa",* so I went. We talked for a while after which he broached the topic. *"Mikibhai, tame ane Madhavi to aatlun saarun Angreji bolo chho, samajo chho ane shikhwadi shako ehho; to pachhi Gujarati maadhyam kem? Angreji na ghanaa faaydaa chhe, vaandho nahin aave".* After half an hour's exchange of views he said, *"Tamaari vaat so takaa saachi chhe, baraabor chhe. Entrance test aapwa do pachhi joie shun thaay chhe!"* Later on, for younger one, Aatmaja the choice was automatic. Both our daughters studied at Vidyanagar becoming good human beings and talented persons doing well in the market ridden by Angrezi.

From my initial years in School of Architecture, I was into photography that had started from my learning it in Shreyas Foundation (remembering another great teacher, Leenaben Mangaldas). Around 1971-72, I was trying to decide which way to go or how to use photography; what to become, an architect-photographer or a documenter-photographer. In 1972, I decided to be a documenter, however, wanted to fulfil my desire of demonstrating how differently and distinctly I was seeing my world. I launched a mission to document daily environments such that people would marvel at the photos and say, "1 have seen this everyday but haven't really seen it". From the very word go, the exhibition was titled "Object and Light". Railway Station, Ravivari, *Manek Chowk, 'pols'* of the city. It was a dream project of making huge blow-ups in black and white using 40" wide photographic paper; it was a madness of that time. Talked to my sculpture teacher Krishna Chhatpar who pushed the limits by the idea of 'largeness or blow-up' and Kapasi Saheb said" *Kar ne, joyun jashe"*. There was no looking back. Money was borrowed and 'generated'! Kapasi Saheb asked Dineshbhai Dalal to loan some and I put in some.




By time the first 40" x 60" print came out of newly established darkroom in Kishore Mehta's converted back room; the news had spread in the school and around. Kapasi Saheb saw it and called Dineshbhai who had loaned some money. He was satisfied to see bed-sheet size photos hanging on cloth-drying line! It used to be an elaborate process then. The enlarger and the easel were wall mounted, developing tasks were made by cutting 9" diameter PVC pipes lined with mackintosh rubber lining, work would start at 10 or 11 in the night, two prints washed and ready to be hung-dry would be a good nights work ... He would come and visit us once in a while and wonder while saying *"Karo, karo; puri samaj nathi padti pan majanu chhe, aagal joyun jashe"*. And more than 40 prints; largest 80" x 120" in four pieces!

Then came the problem of mounting the prints. It will have to be wet-mounted on 1/2" thick waterproof plywood ! *"Aapdi agaashi chhene, khullu che ane pani ni vyavastha pan chhe"!* Bhabhi, took the burden of keeping us well fed and looked after us while the mounting was going on. The director of School of Architecture refused to sponsor the exhibition as a sponsor was required for showing at Sanskar Kendra. Once again, Saheb intervened and Vidyanagar High School sponsored the exhibition! Surendrabhai, then the in charge of Sanskar Kendra, helped me put up the exhibition; which by then was assisted by many friends from the School of Architecture and Planning. The blow-ups were titled as 'Object 1' etc. No names were given. Kapasi Saheb stopped at the Paper Flowers and said, "This one is to be titled "Begum Akhtar"!

Once we were standing on the road talking when a girl passed by; my head turned to look at her. Kapasi Saheb spoke *"Chhe ne sunder, vees varas uppar ek minuite naa muki shakaay!" Badhi baabat maan minute minute no hisaab raakhnaar Kapaasi Saaheb ne samay no bhaar hato j nahin!*

I feel like saying: *Raho taro taaja, Karo maja, Suno chup hoke, Bolo sochke, Chalo dekhke, Samjo khud ki baat, Teer chalaate raho, Kahetaa Kapasi Nishaana to lagnaa hi hai!*

# ભૂલી વિસરી યાદો

– જયદેવ પટેલ (રિપૉર્ટર)
(ગુજરાત સમાચાર)

**"હજારોં સાલ નરગીસ અપની બેનૂરી પે રોતી હૈ।**
**બડી મુશ્કિલ સે હોતા હૈ ચમન મેં દિદાવર પૈદા ॥"**
**– સાહિર લુધિયાનવી**

**મારા પ્રેરક..... શ્રી કપાસી સાહેબ** 'હિંમત કપાસી' કે પછી 'કપાસીસાહેબ' આ ઉદ્‌બોધનથી તેમના અંગત સર્કલમાં જાણીતા અને માનીતા હિંમતભાઈ ચીમનલાલ કપાસી આજે તો અનંતની યાત્રાએ દૂર-સુદૂર નીકળી ગયા છે. આમ છતાં મારા પત્રકારત્વના આયખામાં એક નિખાલસ તથા સંનિષ્ઠ પથદર્શક-માર્ગદર્શક તરીકેની તેમની યાદ અમીટ બની રહી છે. ગુરુ કપાસીસાહેબ સાથેની મારી સફર કદાચ સંક્ષિપ્ત અને ટૂંકી હોવા છતાંયે જ્યારે-જ્યારે આંખો મીંચીને ભીતરમાં ડોકિયું કરું છું ત્યારે-ત્યારે તેમનો સદા હસમુખો અને સરળ ચહેરો મારા મનોચક્ષુ સમક્ષ ઊભરી આવે છે.

દરિયાપુર વિસ્તારમાં કાંઈક અંશે સુખી-સંપન્ન પરિવારોના વસવાટની 'પાંચ પોળ' તરીકે પ્રચલિત પોળોમાં લાલ પોળનું અનેરું અને અદકેરું સ્થાન ત્યારે મુ. હિંમતભાઈ કપાસી મારે માટે સન્માનનીય વડીલ હતા. તેમના લઘુબંધુ સ્વ. દિનેશચંદ્ર ચીમનલાલ કપાસી અને હું એક જ કક્ષાના સહાધ્યાયી હોવાથી અમારા બંને વચ્ચે મૈત્રી સંબંધ સ્થપાયો હતો. જેના ફળસ્વરૂપે મુ. હિંમતભાઈ સાથે મારા સાહજિક પરિચયનો પ્રારંભ થયો હતો.

મને સ્મરણ છે ત્યાં સુધી કદાચ હું ત્યારે ઘીકાંટા વિસ્તારની ફેલોશિપ હાઈસ્કૂલનો પાંચમા ધોરણનો વિદ્યાર્થી હતો. બાળપણથી કથા વાંચન તથા શ્રવણની લગની લાગી ગઈ હતી. જો કે ત્યારે મારા ઘરમાં વીજળીનો પ્રકાશ પથરાયો ન હતો. મારા ઘરની નજીક જ સ્વ. જડીમા (સ્વ. અમુકાકાના વયોવૃદ્ધ માતા)નું ઘર અને પ્રવેશદ્વાર પાસે બનાવેલ ઓટલો ત્યારે પોળના રહીશોમાં 'જડીમાનો ઓટલો' નામથી ઓળખાતો હતો. જ્યાં મ્યુનિસિપલ કૉર્પોરેશનની સ્ટ્રીટ લાઈટ હતી. આજે ય આ સ્ટ્રીટ લાઈટ યથાસ્થાને જોવા મળે છે. આ સ્ટ્રીટ લાઈટના આછા-પાતળા અજવાળામાં ત્યારે મેં મોડી રાત સુધી નવલકથા-નવલિકા તથા કાવ્યસંગ્રહના ઢગલાબંધ પુસ્તકોનું વાંચન કરીને સાહિત્ય સૃષ્ટિમાં પ્રવેશ કરવાની તૈયારી કરી હતી. જેમાં મુ. હિંમતભાઈને મારા મનમાં સળવળી રહેલી વાંચનભૂખનો ખ્યાલ આવી ગયો હતો.

આ પછી તો દિનેશ ઉર્ફે દિનશા સાથેની મિત્રતાના નાતે કપાસીસાહેબના ઘરમાં મારી અવરજવર શરૂ થઈ ગઈ હતી. જે દરમિયાન સાહેબના ખંડમાં એક બાજુ ગોઠવેલ લાકડાના કબાટમાં મેં ઢગલાબંધ પુસ્તકો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા નિહાળ્યા ત્યારે મારું મન તે પ્રત્યે આકર્ષાયું હતું. આજથી ૬૦-૭૦ વર્ષ પૂર્વે ઉર્દૂ સાહિત્યજગતમાં ખ્યાતનામ અને 'તરક્કી પસંદ' પ્રોગ્રેસિવ રાઈટર્સ તરીકે ઓળખાતા કવિઓની ઉર્દૂ ગઝલ તથા નઝમના હિન્દી અનુવાદિત પુસ્તકો હતા. જેમાં જોશ મલીહાબાદી, જાંનિસ્સાર અખ્તર, અલી સરદાર જાફરી, કૈફી આઝમી કતીલ સિફાઈ, મઝરૂહ, સુલતાનપુરી, સાહિર લુધિયાનવી જેવા નામી સાહિત્યકારોના પુસ્તકોનો સમાવેશ થતો હતો. કપાસીસાહેબે તેમની આ લાઈબ્રેરીમાંથી ત્યારે સહુપ્રથમ સાહિર લુધિયાનવીની ગઝલ-નઝમોથી સંગૃહીત 'પરછાઈયાં' પુસ્તક મારા હાથમાં સુપ્રત કર્યું હતું. સાહિરની 'પરછાઈયાં' દિલ અને દિમાગથી ખૂબ જ તલ્લીનતાથી વાંચી નાંખ્યા પછી મારા મનોપ્રદેશમાં 'સાહિર' છવાઈ ગયા હતા. આ ઉપરાંત કપાસીસાહેબે વધુ એક પુસ્તક પણ મને વાંચવા આપ્યું હતું. જેનું શીર્ષક 'આજ કે

ઉર્દૂ શાયર' હતું. આ પુસ્તકમાં તે જમાનાના મશહૂર ગાયક - ગીતકારોની ખૂબ જ લોકપ્રિય રચનાઓ સંગૃહીત કરાયેલી છે. બસ આમ ઉર્દૂ સાહિત્યના વાંચનની મારી ભૂખ વધુ પ્રબળ બનતી જઈ રહી હોવાનો 'સાહેબ'ને ખ્યાલ આવી ગયો હતો. દરમિયાન મારી માત્ર ૧૫-૧૬ વર્ષની કિશોરાવસ્થામાં મેં મારા મનમાં આ રમતી કલ્પનાઓને અક્ષરદેહ આપીને ટૂંકી વાર્તાઓ લખવાનું શરૂ કર્યું હતું. જેમાં મારી એક વાર્તા ત્યારે કાલુપુર-રેવડી બજારમાંથી પ્રસિદ્ધ થતાં 'જનસત્તા' દૈનિકની રવિવારીય આવૃત્તિમાં પ્રગટ થઈ હતી. મારી વાર્તા અખબારમાં પ્રસિદ્ધ થયાના સમાચાર જાણીને કપાસીસાહેબ ખુશખુશાલ બની ગયા હતા. અને 'બહુત ખૂબ !' શબ્દોચ્ચાર કરીને મારી ધગશને બિરદાવી હતી.

આ એ જમાનાની વાત છે કે જ્યારે સાબરમતી નદી ઉપર નહેરૂબ્રિજનું નામોનિશાન ન હતું. શહેર છોડીને નદી પાર કરવા માટે ત્યારે એલિસબ્રિજ (લક્કડિયો પુલ) અને ગાંધીબ્રિજ (શાહપુરનો પુલ) હતા. હું હાઈસ્કૂલનો વિદ્યાર્થી હતો તેમજ મારા મનની વાંચનની ભૂખ સંતોષવા માટે કપાસીસાહેબે મને સથવારો પૂરો પાડ્યો હતો. એક રવિવારની નમતી બપોરે સાહેબ મને પગે ચાલતા-ચાલતા માણેકલાલ જેઠાલાલ લાઈબ્રેરી (એમ. જે. લાઈબ્રેરી)માં લઈ ગયા હતા. જ્યાં તેમણે ઉર્દૂ સાહિત્ય વિભાગમાંથી એક પુસ્તક હાથમાં પકડાવ્યું હતું. આ પુસ્તક કોઈ નવલકથા કે નવલિકા ન હતું. જેનું ટાઈટલ 'શ્યાહ હાલિયે' (કાળા હાંસિયા - બ્લેક માર્જિન) હતું. ઉર્દૂ સાહિત્યજગતના તે જમાનામાં ખૂબજ લોકપ્રિય બની ગયેલા 'સઆદત હસન મંટો'ની આ રચના હતી. અખંડ ભારતના વિભાજનના પગલે હિન્દુ-મુસ્લિમ પરિવારોની લાખ્ખોની સંખ્યામાં હિજરત તથા તેમની ખુલ્લેઆમ કતલના હેવાનિયતભર્યા નંગા નાચની હૈયું હચમચાવી નાંખે તેવી વેદના અને વલોપાતની અત્યંત સંક્ષિપ્ત કથાઓ-ઘટનાઓ આ કૃતિમાં અંકિત કરવામાં આવી છે. જેમાં બન્ને કોમ વચ્ચેની નફરતને મંટોએ કથાઓમાં વ્યક્ત કરી છે.

મુ. હિંમતભાઈ સાથે એમ.જે.લાઈબ્રેરીની મારી આ પ્રથમ મુલાકાત દરમિયાન સઆદત હસન મંટોની આ સંક્ષિપ્ત રચનાઓની છાપ આજેય મારા મનમાં ને ભીતરમાં પહેલાના જેવી જ યથાવત તરવરી રહી છે. આ પછી તો સાહેબ સાથે રવિવારની રજાના દિવસે એમ.જે.લાઈબ્રેરીની મુલાકાતનો મને અવાર-નવાર લાભ મળ્યો હતો. જેમની પ્રેરણા તથા માર્ગદર્શન હેઠળ ત્યારે મેં મરાઠી, બંગાળી, મલયાલમ, હિન્દી, કન્નડ, તમિલ, પંજાબી સાહિત્યના સર્જકોના ઢગલાબંધ ગુજરાતી-હિન્દીમાં અનુવાદિત કથાસંગ્રહો વાંચીને મારી સાહિત્ય સૃષ્ટિ પ્રત્યેની અભિરુચિ સમૃદ્ધ અને સદ્ધર બનાવી દીધી હોવાનું યાદ કરીને હું કાંઈક અંશે મનોમન ગર્વ અનુભવું છું.

મુ. કપાસીસાહેબ સાથેના પરિચયની ઝાંખી ઝલકનો પરિચય કરાવતા આવા અનેક પ્રસંગો મારા મનમાં તરવરી રહ્યા છે. જેમાં મેં માત્ર ઉપરોક્ત મારો સાહજિક પરિચય કેવા સંજોગોમાં થયો હતો જેની વાત જ રજૂ કરી છે.

છેલ્લે બસ એટલું જ ઉમેરવાનું બાકી રહી જાય છે તેને રજૂ કરવું હું ઉચિત સમજુ છું. આજે ગુજરાતી પત્રકારત્વના જગતમાં મારા પ્રવેશને છ-છ દાયકા વીતી ગયા છે. 'ગુજરાત સમાચાર' દૈનિકમાં પણ મેં ૫૭ વર્ષ પૂર્ણ કર્યા છે. છતાંયે મેં મારું સ્થાન જાળવી રાખ્યું છે, જેની પાછળનું જો કોઈ પ્રેરકબળ હોય તો તે એકમાત્ર 'કપાસીસાહેબ' છે. જેમનું માર્ગદર્શન તથા પ્રેરણા મારા જીવનની ક્યારેય ખૂટી ના જાય તેવી અખૂટ-લખલૂટ મૂડી સમાન છે.

ઈતિ અસ્તુ !!

# "સુનો ભાઈ સાધો"....

ભાર્ગવ જાની



મુ. કપાસીકાકાનું વ્યક્તિત્વ સ્મરણમાં લાવી અને લખવાનું શરુ કર્યું ત્યારે સંત કબીરની પંક્તિ યાદ આવી ગયી,

**"કહત કબીર સુનો ભાઈ સાધો, જગકી બાત નિરાલી હૈ."**

"સુનો ભાઈ સાધો" - આ લેખન કપાસીકાકાને માટે એકદમ બંધબેસતી બાબત લાગે. લગભગ આખું જીવન તેમણે શ્રેષ્ઠ સંગીત, સાહિત્ય, ફિલ્મ વગેરે વગેરે શ્રવણ કર્યાં અને આંખોથી પીધાં. વળી, "સાધો" શબ્દના અર્થઘટનમાં પણ શિષ્ટાચાર, સરળતા, સહજતા, કુલીન, સજ્જન, ભલો અને અચ્છો આટલાં બધાં અર્થ છે, જે કપાસીકાકાના સંદર્ભે સચોટ રીતે ફિટ બેસી જ જાય.

કપાસીકાકા એટલે, એમના માટે સમગ્ર દુનિયા એ નિરાલી બાબત હતી. 'મજા' અને 'મજાઓ' - આ શબ્દો તેઓ વારંવાર ઉપયોગ કરતાં, અને જીવનના અંત સુધી તેઓએ જીવનને તહેવારની જેમ માણ્યું જ હતું. પૂર્વ અને પશ્ચિમ, પ્રાચીન અને અર્વાચીનનું મિલન એટલે કપાસીકાકા. ભારતીય અને પાશ્ચાત્ય સંગીત, સાહિત્ય અને ફિલ્મોમાં જે કાંઈ પણ શ્રેષ્ઠ અને ઉત્તમ છે તેનું પૂર્ણ જ્ઞાન અને તેને આત્મસાત કરવાનો પ્રચંડ પુરુષાર્થ તેમણે સઘન અભ્યાસ થકી કર્યો. આ તમામ વિષયોના શિખરે પહોંચેલ ઉત્તમ વ્યક્તિઓ અને કલાસાધકોનાં તેઓ માત્ર પરિચયમાં આવ્યા તેટલું જ નહી પણ તેમના હૃદયમાં સ્થાન પામ્યાં. તેઓ એક શ્રેષ્ઠ વિવેચક પણ હતાં. ગુજરાતી ભાષાની તેમની બોલચાલની મૌલિક શૈલી અને લેખનકળા આ બંને બાબત આસ્વાદ્ય અને આહ્લાદક હતી, જે અલગ જ રીતે સૌનું ધ્યાનાકર્ષણ કરે તેવી બાબત હતી. રોજિંદી ઘટનાઓ, વ્યવહાર અને સામાન્ય વાતચીતોમાંથી જ તેઓ સૂક્ષ્મ અને અનોખી રમૂજી બાબત શોધી નાંખે અને પછી પોતે પણ મુક્તપણે હસે અને બીજાઓને પણ આનંદ કરાવે, આ તેમની ખાસ વાત.

કપાસીકાકા એટલે, બહુરંગી અસ્મિતાના સાવ સરળ માણસ. તેમના વ્યક્તિત્વમાં સમુદ્રના જળ જેવી તરલતા, ગતિશીલતા, ચંચળતા અને સરોવરના જળ જેવી સ્વસ્થતા, સ્થિરતા અને નીરવતા એમ બન્ને જણાય. તેઓ અવ્વલ દરજ્જાના સત્યવક્તા અને સ્પષ્ટવક્તા પણ હતાં.

મારી યુવાન વયે જ કોઈ ધન્ય ઘડીએ હું તેમના પરિચયમાં આવ્યો અને તેમનાં જીવનનાં અંત સુધી તેમનો સત્સંગ થતો રહ્યો. મારી સાહિત્ય અને સંગીતની રુચિને કેળવવામાં અને જાળવવામાં તેઓનો સિંહફાળો ખરો જ. તેમની સંગતમાં વાંચેલી, સાંભળેલી સાહિત્યિક રચનાઓ, સપ્તકના ઉપક્રમે યોજાતી અનેક શાસ્ત્રીય સંગીતની બેઠકો અને ચુનંદી સુગમ સંગીતની મહેફિલો મારા જીવનનું અદકેરું સંભારણું બનીને રહેવાનું. એમાંય, શાસ્ત્રીય સંગીતના સહ-શ્રવણ વખતે કલાકારના ગાયન, વાદન, સૂર, તાલ, વગેરેની ઝીણામાંઝીણી બાબતો તેમના ધ્યાનમાં હોય જ અને

પ્રસ્તુતિની ખાસિયતો રસપૂર્વક જણાવે એટલું જ નહી  પણ બીજા અનેક કલાકારોના દ્રષ્ટાંતો આપે અને સામ્યતા કે અલગાવની બાબતને ખૂબજ ઊંડાણપૂર્વક સમજાવે. આવી અગાધ અને તલસ્પર્શી સમજ આપનારું અજોડ વ્યક્તિત્વ આ વસુંધરા ઉપર હવે નહી જ મળે તે નિર્વિવાદ બાબત છે.

તેઓ મેધાવી યાદશક્તિ અને સ્મરણશક્તિ ધરાવતાં વ્યક્તિ હતાં અને તેમના પર આ કુદરતી મહેર તેમના જીવનના અંતસમય સુધી અકબંધ રહી. મને લાગે છે કે, આ વરદાનના લીધે તેઓ તેમની સ્મૃતિના સહારે સમયોચિત રચનાઓનો આસ્વાદ હંમેશા માણતા રહેતા હતાં. નસીબવંતાઓને જ પ્રાપ્ત થાય તેવી તેમની અનંત વિદાયની ક્ષણે પણ તેઓ સુ.શ્રી. નયનાદેવીની ઠુમરીની મજા લઈ રહ્યા હતાં, છે ને અદ્દભુત વાત!!

તેમની સાથેની પ્રત્યેક મુલાકાત વખતે તેઓ દ્વારા બોલાતું પ્રથમ વાક્ય, "શું છે ભાઈ, બધું બરોબર?" હજુ પણ તરોતાજા છે. અફસોસ છે કે, આ વાક્ય તેમના સ્વમુખે હવે ફરીથી સાંભળવા નહી મળે. કપાસીકાકાનું અનોખું વિરલ વ્યક્તિત્વ અને જીવનને સ્મરણમાં રાખી અને તેઓએ જે પ્રકારે જીવનનો આનંદ લૂંટ્યો તો એવું જ લાગે કે, તેઓ તેમનું જીવન "રમી" ગયા. મરીઝ સાહેબનો એક અદ્દ્ભુત શેર તેમની યાદમાં અર્પણ,

**"કુતૂહલતા અને આનંદની દ્રષ્ટિ રાખ દુનિયા પર,**
**પડે છે જેમ બાળકની નજર કોઈ તમાશા પર."**

તમે આમ તો અચાનક કેમ જઈ શકો સાહેબ,
નયનાદેવીની ઠુમરીમાં એવો તો કેવો લગાવ?

આપ વિણ કોણ હવે સપ્તકના સૂર સમજાવશે,
અને કેમ અમે સમજીશું એ સૂર-લયનો  ભાવ

સાહિત્ય-સંગીત અને ચિત્રપટ આજ સાવ સૂના,
સાલશે આપની ઉપસ્થિતિનો મોંઘેરો અભાવ

આપ અત્યારે ક્યાં પહોંચયા એ કહેશો જરીકે,
તો અમો પણ એ મહેફીલ મંઝિલે કરીયે જમાવ

કેજો અતુલ, નંદન, લા.ઠા, એ સૌને મારા 'ઈર્શાદ',
ઓસડ મોકલશો? ભરવા 'ભગુ'ના હૈયાના ઘાવ

આપનો 'ભગુ'
-ભાર્ગવ જાની

તેમની અલવીદાના સમાચાર જાણ્યાં
તે સમયે જ તેમની યાદમાં
અર્પિત આ નાનકડી કાવ્યાંજલિ

# "એ ક્ષણ આંખ સામે..."

– ઈલાબહેન ભટ્ટ
કુલપતિશ્રી,
ગૂજરાત વિદ્યાપીઠ,
(પદ્મશ્રી, પદ્મવિભૂષણશ્રી)



હું એ દિવસો ભૂલી નથી. શ્રેયસના જાજરમાન અને ભવ્ય દિવસો ! મજૂર મહાજન સંઘ સાથેની ક્રિયા-પ્રક્રિયા અને 'સેવા' સંસ્થા સાથેનો નિકટતમ સંબંધ. એમાં કાર્યરત રહીને દિવસોને પસાર કરતાં, સમય ક્યાં પસાર થઈ ગયો.... તેની ખબર જ ના રહી.

વરસો પસાર થઈ ગયાં. ગૂજરાત વિદ્યાપીઠ સાથેનો મારો નાતો ગાંધીવાદી વિચાર- ધારા અને સમાજસેવા સાથેની મારી કાર્યક્ષમતા સાથેની તલ્લીનતા અને ઓતપ્રોતતા... ભૂલી નથી. ઘણું બધું દશ્યમાન થાય છે. એનાં જ્યારે- 'સેવા' માંથી સમગ્રતયા હોદ્દાગત મુક્ત થવાનું બન્યું અને માનસિક રીતે અનેક વિચારોની અવઢવમાં હું ઘર તરફ આવી રહી હતી ત્યારે રિક્ષામાંથી ઊતરતાં, શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલના દરવાજા પાસે રિક્ષા ઊભી રખાવી. સંગીતના વર્ગો તરફનું મારું પ્રયાણ - કોણ જાણે મારા ઊંડાણમાં રહેલ રાગ-રાગિણીઓ-ખેંચીને લઈ જઈ રહેલ ત્યારે- શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ પરિસરમાં શ્રી હિમ્મતભાઈ કપાસી, ચાર-પાંચ મિત્રો સાથે વાતચીત કરતાં બેઠાં હતાં. મારો પ્રવેશ થવો, મારા તરફ તેમનું ધ્યાન જવું અને જાણે મારા ચહેરા પર મારા મનોભાવોને ઓળખી - 'આવો !' એમ કહી તુરત જ પાણી પીવા અંગેની તેમની અપાયેલી સૂચના અને વાત્સલ્યસભર સન્માનભર્યો હૃદયદ્રાવક આગ્રહ, હું આજે વિસરી શકી નથી. કારણ શ્રી કપાસીના નામથી વર્ષોથી પરિચિત હતી. તેમના વૈવિધ્યપૂર્ણ વ્યક્તિત્વના પાસાંઓની વાતો પણ મારા માનસપટમાં રહી હતી. મારો પૌત્ર સોમનાથ તેમની સંસ્થામાં અભ્યાસ કરતો અને તેઓશ્રીએ વિશિષ્ટ રસ દાખવેલ.

પણ આજે - હું જ્યારે 'સેવા' સંસ્થા કે અન્ય કાર્યોમાંથી નિવૃત્ત બની અનેક વિચારોના આવનજાવનમાં બેચેની અનુભવી, સંગીત ક્લાસ તરફ જઈ રહી હતી ત્યારે, મને થતું હતું કે મારામાં ચાલતા વિચારવમળો અને મારી ઊર્મિઓના થડકા મને જંપવા દેતા નહોતા ને દિગ્મૂઢ જેવી પરિસ્થિતિમાં મને આશ્વાસન આપનાર કોઈ નહોતું કે અરે, તૃષા હોવા છતાંય પાણીનું પુછનાર કોઈ નહોતું તેવી અવઢવની સ્થિતિમાં 'સપ્તક' - 'વિદ્યાનગર : પ્રાંગણમાં પ્રવેશતાં જ - 'આવો !' અને પાણી પીવડાવવાના સંદર્ભે, અલ્પ શબ્દોથી ચહેરાના હાવભાવને પરખી આશ્વસ્ત કરનાર આ શ્રી હિમ્મતભાઈ કપાસી સાહેબ, કાંઈક નોખા પ્રકારના વાત્સલ્યસભર જોવા મળ્યા.

એ જાણે તેમની મારા માટેની આત્મિક ઓળખ અને Face Reading માહિર એવા મુ. શ્રી કપાસી સાહેબના અલ્પશબ્દો થકી મને પરખી, મનોભાવોને પારખી સ્વસ્થ કરી દેવાની ઘટનાને હું વિસરી નથી. મારી દૃષ્ટિએ એ દિવસે ઉત્તમ સમાજસેવાનું સૂક્ષ્મ જ્વલંત ઉદાહરણ અને એ ક્ષણ, મારી આંખ સામે તરવરે છે.

મુ. શ્રી હિમ્મતભાઈ કપાસી સાહેબને મારા વંદન.

(નોંધ : શ્રીમતી ઈલાબહેન ભટ્ટની રૂબરૂ મુલાકાત દરમિયાન પારત વર્ણન)

# નિવૃત્તિની ક્ષણે

**યશવંત શુક્લ**

ભાઈ શ્રી હિંમતલાલ કપાસી મારા જૂના મિત્ર છે. જ્યારે હું સરદાર પટેલ કૉલોનીમાં રહેતો હતો ત્યારે નવી નવી સ્થપાયેલી વિદ્યાનગર હાઈસ્કૂલ સરદાર પટેલ કૉલોનીની પોડાશમાં હોવાને લીધે અને અમારા બંનેના મિત્ર શ્રી હર્ષદ કૃ. દવે હું રહેતો હતો તે જ ઘરના એક ભાગમાં રહેતા હોવાને લીધે અમારું ત્રણેયનું મળવાનું વારંવાર થતું. અમે અનેક વિષયોની મુક્તમને ચર્ચા કરતા અને એક-બીજાની સમજ વધારતા. આ દિવસોમાં ગુજરાતે પણ અનેક અનુભવો કર્યા. જેમકે મહાગુજરાતનું આંદોલન આ ગાળામાં આવ્યું. મને યાદ છે કે એનાં અનેક પાસાં વિશે અમે ગાજીગાજીને ચર્ચા કરતા. પણ આ દરમિયાન શ્રી કપાસીના અનેકવિધ નૈતિક અને ઉન્નતિલક્ષી Concerns ની - મને ઝાંખી થઈ. એ સંગીતરસિયા અને કલામર્મજ્ઞ છે, એની પણ પ્રતીતિ થઈ. પોતાની શાળાનું કાર્ય દીપી ઊઠે એ જોવાની પણ ઝંખના એમનામાં હતી. એટલે હાઈસ્કૂલ કક્ષાએ પહોંચેલાં મારાં બાળકોને મેં વિશ્વાસભેર વિદ્યાનગર હાઈસ્કૂલમાં મૂક્યાં. હાઈસ્કૂલ પડોશમાં હતી એ મારું પ્રલોભન ન હતું, પણ ભાઈ શ્રી કપાસીની દૃષ્ટિ અને ઉત્સાહ એ મારે માટે આકર્ષણનો વિષય હતાં. પછી તો આપણે જાણીએ છીએ કે શોધી શોધીને એમણે ઉમદા શિક્ષકોને શાળામાં જોડ્યા. શાળા પોતે શ્રી કપાસીના રસવિષયો માટેની એક અનૌપચારિક ક્લબ બની રહી અને વિદ્યાર્થીઓને તેમજ એમના વાલીઓને માટે પણ એક સમર્થક વિદ્યાતીર્થ બની રહી. આજે નગરની સર્વોત્તમ શાળાઓમાં એની ગણના થાય છે તેની પાછળ શ્રી કપાસીનું તેજસ્વી તપ રહેલું છે.

નિવૃત્તિ વયના નિયમોને કારણે વિદ્યાનગર હાઈસ્કૂલ શ્રી કપાસીસાહેબ જેવા દૃષ્ટિવંત, સન્નિષ્ઠ, વિદ્યાર્થીવત્સલ અને પહેલવૃત્તિવાળા આચાર્યનું નેતૃત્વ ગુમાવશે એ વિચાર એકદમ જચતો નથી, પણ મને શ્રદ્ધા છે, કે કપાસીની નિવૃત્તિમાં પણ શાળાની હિતકારી પ્રવૃત્તિઓ પરત્વે તેમનું માર્ગદર્શન મળ્યા જ કરશે.

એમને આ પ્રસંગે સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ વાંચ્છું છું.

# My Rememberances

K. M. Patel
(Ex Trustee)



It is really a matter of pleasure to ruminate the reminiscences of all the 21 years. I passed in Shri Vidyanagar High School with Shri Himmatbhai Kapasi more than a decade. I have passed sharing with him the burden of administrative work. But I am happy to say that my work turned into a play because of his noble and co-operative nature. Today also he has not changed his usual nature and I think it is his sobriety of nature that has gone a long way in paving the path of progress of the institution.

One good trait in him as I have found is his minimum attachment to money matters, going on in school. Such administrators are few and far between.

Another thing I can't help mentioning is his sympathy for the teacher's, world, He has set some good traditions for the upliftment of teachers. The staff feel a sense of safety and sympathy under him and it then becomes a source of inspiration for them to work for the school.

During all the 21 years, I had never felt that I was working under him but felt that I was working with him.

As one of the trustees of the school I can't but mention that he has sold out the building of the school owned by him to the trust without taking any premium or profit but at the original cost of the building. This is really praiseworthy.

*Even after his retirement from the school as the head, he is still looking after all the matters as before. I consider it my good luck to work with him simply because of the fact that he always tries to find out a happy solution of all the problems that are to be faced. He enjoys a sound health and may be do so in the years to come, by the grace of God.*

*May He shower upon him His choicest blessings !*

# Mr. Kapasi "The Teacher"

**Dolatbhai M. Desai**

It very much pleases me to express my feelings and impressions on the occasion of Mr. Kapasi's retirement as a principal of a highly reputed school. Of the many reasons that have developed Shri Vidyanagar as one of the 'A' grade schools of Gujarat. I would like to state at this juncture just two significant 'once', Mr. Kapasi's love for 'free discipline' has provided his pupils as well as colleagues with on opportunity to work and grow in an environment of freedom and democracy. Again, Mr. Kapasi is an ardent advocate of integration of art and education. His school imparts education on the basis of art, music and sports. When I am writing this I am reminded of Socrates's idea of a teacher and Plato's concept of education. The former states 'The teacher is the leader of civilization' and the latter says "Aesthetic education is the only education that brings grace to the body and nobility to the mind; and we must make art the basis of education." I have found in Mr. Kapasi 'the teacher' of Socrates and Plato.

# મેઘધનુષી સદાબહાર વ્યક્તિત્વ

– ડૉ. પ્રભુદાસ પટેલ
(ટ્રસ્ટી શ્રી, પૂર્વ આચાર્યશ્રી, વિદ્યાનગર હાઈસ્કૂલ)

નેવુંના દાયકામાં હું શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલમાં આચાર્યપદે રહ્યો. એ દસકો મુ.શ્રી કપાસીસાહેબ સાથેની મૈત્રીભરી યાત્રાનો રહ્યો. મેં તેમની સાથે સ્નેહભરી સંવાદિતાથી કામ કર્યું. અમારા બંનેનો હૃદયનાતો એટલો જ સુદૃઢ રહ્યો. આજે શ્રી કપાસીસાહેબ હયાત નથી, છતાં તેમની સાથેનાં સ્મરણો ચિત્તપટ પરથી ખસતાં નથી.

મોટાભાગે લોકો જિંદગીની આકરી તાપણીમાંથી બહાર આવવા માટે જિંદગી પ્રત્યે કટુતા કે તિરસ્કાર ધરાવતા હોય છે, જ્યારે કપાસીસાહેબે આવી અનેક ઘટનાઓમાં અમૃતનું આચમન કર્યું. હસતા જ રહ્યા... મલકાતા જ રહ્યા... અંતિમ શ્વાસ સુધી !



આવા કપાસીસાહેબનું શાળા સંચાલનમાં આગવું પ્રદાન રહ્યું. શિક્ષણ ઉપરાંત ''ફિલ્મ સોસાયટી'' અને ''સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝિક'' ત્રણેય ક્ષેત્રમાં પ્રસન્નતાપૂર્વક યોગદાન કરનારા કપાસીસાહેબે પુરુષાર્થ-પ્રગતિ અને પારંગતતાનાં શિખરો સર કરીને જીવન દીપાવ્યું છે.

મને મિત્ર જેવો રાખ્યો. આચાર્ય હોવા ઉપરાંત મને ટ્રસ્ટી બનાવ્યો. તેમની સાથેની મિત્રતા તથા તેમનો મારા પ્રત્યેનો સદ્‌ભાવ પામીને હું ધન્યતા અનુભવું છું. શ્રી કપાસીસાહેબની ''સેન્સ ઑફ હ્યુમર'' ગજબની. અમારા બંનેની ઑફિસ એક જ. એકવાર કોઈ રેફરન્સમાં બોલ્યા. ''આ ઉત્તર ગુજરાતના દેહાતી પટેલોથી તોબા'' હું કંઈ પણ બોલું - વિચારું ત્યાં તેમને ખ્યાલ આવ્યો કે હું પણ ઉત્તર ગુજરાતનો જ છું એટલે તરત જ વિધાન કર્યું ''બાકી, તમે તેમાં અપવાદ છો.'' !

કપાસીસાહેબના વિદ્યાનગર સ્કૂલ સંચાલન દરમિયાન ત્રણ પેઢીઓ ભણી. શિક્ષણ ઉપરાંત તેમના બુદ્ધિચાતુર્યનો સફળતાપૂર્વક ઉપયોગ કરી અનેક વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓના મિત્ર અને માર્ગદર્શક બન્યા. સ્કૂલમાં શિક્ષણ સાથે અનેક રમતો અને તેમાંય ખાસ કરીને ક્રિકેટનું બીજ રોપવાનું અતિમહત્ત્વનું કામ કર્યું. તેનું પરિણામ એ આવ્યું કે રણજી ટ્રોફીના કેપ્ટન મુકુંદ પરમારથી માંડીને પાર્થિવ પટેલ, પલ્લવ વૉરા, નિરજ પટેલ અને એવા બીજા અનેક ક્રિકેટરો વિદ્યાનગરે આપ્યા.

કપાસીસાહેબ નખ-શિખ સજ્જન, મોહ-માયા, કામ-ક્રોધ કે ઈર્ષા જેવા નકારાત્મક ભાવોથી સદાય મુક્ત રહ્યા. તેમનું વ્યક્તિત્વ તેમના સમગ્ર જીવનને નિખારતું અમૂલ્ય આભૂષણ બની રહ્યું. અનેક પ્રસંગોએ તેમની સાથે વિચારોની આપ-લે કરવાનો મોકો મળ્યો છે. તેમને મળેલાં અનેક માન-સન્માનનો હું સાક્ષી રહ્યો છું. અમદાવાદ

નહીં, પરંતુ ગુજરાતની નામાંકિત સ્કૂલોમાં આગવું - વિશિષ્ટ સ્થાન ધરાવતી શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલમાં ભણી ગયેલા વિદ્યાર્થીઓને બે હાથ જોડી નમન - વંદન કરતા મેં જોયા છે... તો સદ્દગત કપાસીસાહેબની સ્મશાન યાત્રામાં અનેકોને રડતા મેં નિહાળ્યા છે.



જિંદગીમાં વર્ષો ઉમેરવાં અને વર્ષોમાં જિંદગી ઉમેરાવી એ બેમાં ફેર છે, મુ. શ્રી કપાસીસાહેબે બંને રીતે જીવનને સાર્થક કર્યું. સાદગી તેમની સમૃદ્ધિ હતી. ગમે ત્યારે ગમે તે પરિસ્થિતિમાં તેમનું વ્યક્તિત્વ મહેંકી ઊઠતું. તેમના ગજાનો માણસ મળવો મુશ્કેલ છે. કહ્યું છે કે ઝાડ પડ્યા પછી જ તેની સાચી ઊંચાઈનો ખ્યાલ આવે છે.

બધા લોકો જીવનની સંધ્યા સુધી નથી પહોંચતા. જીવનના આ મુકામ સુધી પહોંચવું એ એક પ્રકારની સિદ્ધિ જ છે. સાહેબની પાછલી અવસ્થા પણ એક ઉત્સવ બની રહી. છેલ્લા શ્વાસ સુધી નિરામય રહ્યા. વ્યક્તિના જવાથી ખોટ તો પડે જ છે, પરંતુ એવી વ્યક્તિના કારણે વધારે ખોટ પડે છે જેના કારણે એક સંસ્થા બીજમાંથી વટવૃક્ષ થઈને ફૂલી-ફાલી અને વિકસી હોય !

**કોઈ હસી ગયો, કોઈ રડી ગયો,**
**કોઈ ચડી ગયો, કોઈ પડી ગયો,**
**નાટક હતું મજાનું, થઈ આંખ બંધ,**
**ઓઢ્યું કફન ને પડદો પડી ગયો.**

મૃત્યુની શોભા વધે તેવું લાંબું આયુષ્ય (૮૯) સાર્થક કર્યું. તેઓ જે રીતે જીવી ગયા, તેનો ખ્યાલ રહે તો એટલું જરૂર કહી શકાય કે, ધન્ય જીવન ! મૃત્યુને રળિયામણું બનાવતું ગયું. એમના પુણ્યાત્માને શાંતિ જ હોય !

એક અનોખા આચાર્યની અનોખી રીતભાત. શ્રી વિદ્યાનગર સ્કૂલમાં ઘંટ વગાડવાને બદલે સંગીતની ધૂન વાગતી ! રિસેસમાં પણ સંગીતની ધૂન શાળા વાતાવરણને આહ્લાદક બનાવી દેતી. એક વ્યક્તિમાં એક સાથે વિપુલ માત્રામાં ગુણો, વિશેષતાઓ અને યોગ્યાતાઓનો આવિર્ભાવ થવો એ પણ એક ચમત્કારિક ઘટના કહી શકાય. એમના જીવન કાર્યને જોતાં એમ કહી શકાય કે સમયનો પળેપળનો હિસાબ એમની પાસે હતો.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેમના સાંનિધ્યમાં, જેમની સાથે સંવાદ કરવામાં આપણું વ્યક્તિત્વ ઘડાય. આપણને જાણે એમ થાય કે તેમના આનંદસાગરમાં ડૂબકી મારતાં હોઈએ એવો અહેસાસ થાય. મને આ લહાવો મળ્યો છે. તેમની સાથેના સહવાસમાં મને ઉષ્માનો ધબકાર સંભળાયો છે. એમની સર્વતોમુખી પ્રતિભામાં આજે એક પીંછું મારા તરફથી ઉમેરું છું. He was a gentleman in the highest sense. એમના પ્રસન્નચિત્ત, વિરાટ, મેઘધનુષી સદાબહાર વ્યક્તિત્વને આદરપૂર્વક નમન.



**તમારું સંસ્કાર જળ, અમે પીતાં રહીશું,**
**તમે સર્જેલો વિચારવાયુ, શ્વસતાં રહીશું.**

# શ્રી કપાસી સાહેબ - એક શિલ્પી

– બાબુભાઈ જી. પટેલ
(ભૂતપૂર્વ શિક્ષક)



શ્રી કપાસી સાહેબ એક શિલ્પી, પરંતુ પથ્થરમાંથી મૂર્તિ બનાવનાર શિલ્પી નહિ, શિક્ષકનું ઘડતર કરનાર, સાચા શિક્ષક બનાવનાર શિલ્પી. અજાતશત્રુ, આધુનિક વિચારસરણીના પ્રોત્સાહક-પ્રેરણાદાયી, નવું જાણવાની, શીખવાની સાથોસાથ નવ્ય કરવાની વૃત્તિ ધરાવનાર, નવીનતમ શિક્ષણ પ્રણાલી અને તેના ફેરફારનું અમલીકરણ કરનાર, રૂઢિગત વિચારસરણીને તિલાંજલિ આપનાર, શિક્ષક, વિદ્યાર્થી, વાલી પરિવારમાં શૈક્ષણિક સમરસતા પેદા કરનાર તથા ઊંચા પ્રકારના નૈતિક મૂલ્યોના આગ્રહી એટલે શ્રી કપાસી સાહેબ.

પોતાની આગવી સૂઝબૂઝથી અને વિશિષ્ટ સ્વભાવથી શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલનું શૂન્યમાંથી સર્જન કરી ગુજરાતની નામાંકિત સ્કૂલમાં સ્થાન અપાવ્યું. સ્કૂલના વિકાસ માટે તેઓના અથાક પ્રયત્નો અને વિશિષ્ટ પ્રયોગો રહ્યાં. એક સમયે શાળામાં 'The New Waves In Education' નામની સમિતિ બનાવી અને સમિતિના તજ્જ્ઞ શિક્ષકો દ્વારા શિક્ષકને ઘડવામાં - તૈયાર કરવામાં નોંધનીય કાર્ય કર્યું હતું. સામયિકો, પુસ્તકો, સંદર્ભગ્રંથો ખાસ કરી Finding Out, Understanding Science તથા British Library, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંસ્થાઓ, Film Strips Communication Science Centre... વગેરેનો ઉપયોગ કરી માહિતી તથા સાધનસામગ્રી તૈયાર કરી જે તે વિષયના મુખ્ય શિક્ષક દ્વારા ચર્ચા કરી, શિક્ષકને પ્રોત્સાહિત કરીને તેનામાં આત્મવિશ્વાસ પેદા કરવાનું કામ... શ્રી કપાસી સાહેબની દીર્ઘદૃષ્ટિનો ખ્યાલ આપે છે. પરિણામે શિક્ષક જાગૃત બની School without Walls ના ખ્યાલને અનુલક્ષી કાર્યરત બનતો જાય.

શિક્ષકોને રાજ્યમાં જુદાં જુદાં શૈક્ષણિક સેમિનાર, પ્રદર્શનો, શિબિરો, વાર્તાલાપોમાં જવા દેવા માટે પ્રેરક હતાં. પ્રવાસ અંગેનો ખ્યાલ પણ તેમનો નિરાળો હતો. પ્રવાસ માત્ર હરવા ફરવા માટે નહિ. પરંતુ ઐતિહાસિક, ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ બની જે તે સ્થળના જીવન-ધોરણ અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ બાબતથી પરિચિત થઈ આગવી દૃષ્ટિથી વિકાસ સાધવાનો હેતુ હતો. પ્રવાસ-પર્યટનમાં શિક્ષકના ઘડતર અને વિદ્યાર્થીઓના વિકાસને પ્રોત્સાહિત કરતા રહ્યાં.

વિદ્યાનગર પરિવારના સભ્યો ખાસ કરીને શિક્ષકો, કર્મચારીઓ તથા આચાર્ય વચ્ચે સદ્‌ભાવના ઉત્પન્ન થાય, કડવાશ દૂર થાય તે હેતુસર એક વિશિષ્ટ પ્રકારના પ્રવાસનું આયોજન કરવામાં આવતું. જેમાં દરેકે બીજી વ્યક્તિઓની ખામીઓ અને લાક્ષણિકતાઓ ખુલ્લા મનથી - નિખાલસપણે રજૂ કરવાની જેના પરિણામે પરિવારમાં નિખાલસતા ખીલતી અને સારા પરિણામ જોવા મળતાં. આ સ્તુત્ય પ્રયાસ માટે શ્રી કપાસી સાહેબ પ્રેરક હતાં.

શ્રી વિદ્યાનગર શાળા પ્રાઈવેટ ટ્રસ્ટની હોવા છતાં શાળાનું સંચાલન, શિક્ષકોનું પ્રતિનિધિ મંડળ, વિદ્યાર્થી સંસદ થકી સંચાલકશ્રીને મળીને લોકશાહી ઢબે-ચર્ચા વિચારણા કરી સ્કૂલના હિત માટે નિર્ણયો લેવામાં આવતા. શિક્ષણ કે વિદ્યાર્થીના વિકાસ માટે ખર્ચ સંદર્ભે કોઈ પણ પ્રકારની રોકટોક રહેતી નહિ.

વિદ્યાર્થી કે શિક્ષક પ્રત્યે કદાપિ મનદુઃખ થાય તેવું કાર્ય કરવાની બાબતે શ્રી કપાસી સાહેબ હંમેશાં અલિપ્ત રહેતા. દરેક સાથે પ્રેમ, આત્મીયભાવથી વર્તતા. વિદ્યાર્થીઓને કપાસી સાહેબ પોતાના મિત્ર - હિતેચ્છુ જ લાગતા.

સરકારી અનુદાન લેતી સંસ્થા હોવા છતાં સરકારી દખલગીરીથી સ્કૂલ મુક્ત રહેતી. સ્કૂલના હિતમાં ન હોય, નિયમની વિરુદ્ધ વર્તવાની વાત હોય ત્યારે કોઈ પણ જાતના દબાણને વશ થતાં નહિ. પરિણામે નૈતિક મૂલ્યોના આગ્રહને કારણે શાળાના વિદ્યાર્થીઓમાં વિશિષ્ટ પ્રકારની ગુણવત્તા જોવા મળી રહેતી.

શ્રી કપાસી સાહેબ એક આદર્શ શિક્ષણકાર, શિક્ષક-વિદ્યાર્થી પરિવારના આત્મીયજન, જીવનની આગવી પ્રણાલીના પુરસ્કર્તા રહ્યાં હતાં. તેઓશ્રીએ વિદ્યાનગર હાઈસ્કૂલને શૈક્ષણિક સંસ્થા ઉપરાંત જીવનલક્ષી શાળા બનાવી.

# Motivation from Kapasi Saheb

**"Sudarshan Behl"**
(Former Teacher of Vidyanagar High School)
"General Secretary, Students,
Bright Future Organisation. (www.SBFO.in)



I was associated with Shree Vidyanagar High School, Ahmedabad from 1958 to 1962 and then from 1967 to 1969. "Shree H. C. Kapasi, was the Principal and Owner of Shri Vidyanagar High School at that time, which can be called as the Golden period of the school. "As a person, he was very humble and wanted to help all the needy looking for any help. "As an administrator, he was the best administrator as far as school administration is concerned and was full of positive brilliant ideas supported by ways and means to achieve those. "He was so passionate that he used to be present in both the shifts in the school. In the evening the famous Sangeetkars used to teach Sangeet to some new joinees and this was the idea of spreading positivity by Shree Kapasi only. "When I joined in 1958 from Ministry of Education (now known as Ministry of HRD), he appreciated the new ways of teaching and welcomed new ideas, to share an interesting incident, during that time only Shree Sutariya a Science Teacher made a project for the Science Fair and displayed it there as to how lakhs of people can be saved at the time of war when the Atom bomb is used. He kept 2 rats in the enclosure and proved how these cannot die without fresh air and water. A U.S. Ambassador visited the school from Delhi and appreciated the project and invited Shree Sutariya with family to USA for research work. "During that time, there was very interesting incident which is still fresh in our memories and that was the visit of the Prime Minister of India. Honourable Shree Jawahar Lal Nehru, who visited Ahmedabad and met all the staff members and students who took part in the reception of honourable Prime Minister in Shri Vidyanagar High School. "A mesmerizing huge function was also arranged to display difference folk Dance forms of Gujarat and different sports and games were also organized, which was highly appreciated by everyone."Getting motivation from Shree Kapasi, I also used to work in two shifts in school and after that I used to work in Sabarmati Jail to teach folk dances and Dr. Jivraj Mehta the Chief Minister of Gujarat also appreciated it very much. "Once when I fell sick, I was personally taken care by School Administration and as a family they stood by me as I was away from my home town, New Delhi. "The day I was coming back to Delhi, how can I forget that staff, students and their parents everyone came to Railway Station to bid heartfelt farewell to me, hundreds of students were raising slogans which has always a special place in my sweet memories. "In 1966, a big demonstration was arranged at the Polo Ground in Baroda, in which all the senior secondary schools took part. "Honourable than Chief Minister of Gujarat Shree Hitendrabhai Desai was the chief guest in that function which is considered to be the biggest function of Baroda and Mr. Kapasi's contributions were highly appreciated. "I, on behalf of students. Bright Future Organisation, pay my homage and tribute to Shree H. C. Kapasi and give all our good wishes to Shree Jagat Kapasi and Shri Vidyanagar High School, Ahmedabad to be the best school of India.

# "ઔર, જીને કો ક્યા ચાહિયે ? અને કપાસી ગુરુજી"

– કિશન ત્રિવેદી
(ભૂતપૂર્વ શિક્ષક)



તા. ૨૦-૦૭-૨૦૧૭, ગુરુવારની સવાર. અમદાવાદમાં સવારે ૯-૦૦ પછી ધીમી ગતિએ શરૂ થયેલો વરસાદ, થોડીક મિનિટ્સ પછી ધોધમાર વરસ્યો, ભાવસાર હૉસ્ટેલ, નવા વાડજના મુખ્ય માર્ગમાં આવેલ ફ્લેટ્સના નીચેના ભાગે આવેલ પાર્કિંગમાંથી મોબાઈલથી ગુરુજી સાથે વાત થાય છે, 'ધોધમાર વરસાદ છે, પાણી ભરાયા છે, ૧૧-૦૦ વાગે આવી શકું તેમ નથી.' જવાબ લાક્ષણિક શૈલીમાં, 'તું સાહસ કરીશ જ નહીં, અહીં પણ સખત વરસાદ છે, બાકી, વરસાદ બંધ થાય ત્યારે ફોનથી વાત કરીને મળીશું.' અને સાંજે જગતભાઈના ફોન પર દુઃખદ સંદેશ, 'ગુરુજીએ શાંતિથી જીવનલીલા સંકેલી લીધી.' નયનાદેવીની રાગ ખમાજની ઠૂમરી સાંભળતા સાંભળતા ગુરૂજી ચિરનિદ્રામાં પોઢી ગયા.

'ગુરુજી' એટલે મુ. શ્રી કપાસીસાહેબ. મંજુબેન તેમને 'પંડિતજી' કહીને બોલાવતા. કપાસીસાહેબ સાથેનો મારો નાતો ૧૯૬૭ થી. દર્પણમાં મારો પ્રવેશ ૧૯૬૨માં. ૧૯૬૭-૬૮ માં મધુ રાયનો પ્રવેશ 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો !' નાટકથી. મધુ રાયને લઈને આવનાર કપાસીસાહેબ. નાટકમાં 'પ્રીતમ સોની' ની ભૂમિકામાં કપાસીસાહેબ. હું બૅકસ્ટેજમાં નાટકમાં કાર્યરત.

'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો' નાટકની ભજવણી અમદાવાદ ઉપરાંત વડોદરા, મુંબઈ, બેંગ્લુરુ, ચેન્નાઈ, જયપુર, દિલ્હી મુકામે થયેલી. રેલમાર્ગે આ સ્થળોએ ગયેલા. સ્વ. શ્રી કૈલાસ પંડ્યા. સુશ્રી દામિની મહેતા, શ્રીમતી ક્રિષ્ણા બાસુ, શ્રી મધુ રાય, શ્રી કપાસીસાહેબ, શ્રી રામ નિંગુ, શ્રી સતીષ પંડ્યા અને હું. રેલના ડબ્બામાં સૌથી નીચેની બર્થ કપાસીસાહેબની, વચ્ચેના પાટિયે મધુભાઈ અને ઉપરના પાટિયે મારે યાત્રા કરવાની.

રેલયાત્રા અને કપાસીસાહેબ, અદ્ભુત રમૂજ, ગમ્મતની યાત્રા.... પ્રતિક્ષણ આનંદ... આનંદ !

૧૯૬૭-૬૮ નો નાટકથી શરૂ થયેલો નાતો, ૧૯૬૯ માં ગુરુજી દ્વારા શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે મારી નિમણૂક થઈ. ૨૦૦૪ ના વર્ષમાં નિવૃત્ત થયો ત્યારબાદ પણ આજ દિવસ સુધી શાળાથી જોડાયેલો રહ્યો છું.

ગુરુજી સાથેના અનેક સંસ્મરણો છે, બનાવો છે, પ્રસંગો છે, જેમાં ગુરુજીના અનેકવિધ પાસાઓ પ્રત્યક્ષ નિહાળ્યા છે. જેમાં સંગીત, નાટક, ફિલ્મ, લેખન, સંપાદન, પ્રવાસ વગેરે વિષયોને આવરી શકાય.

સંગીતના કલાકાર કરતાં પણ વધારે સંગીતની સમજ કપાસીસાહેબમાં હતી. અમદાવાદમાં શાસ્ત્રીય સંગીતનો વ્યાપ વધે એટલા માટે ૩૦ વર્ષ પૂર્વે શ્રી વિદ્યાનગર સ્કૂલમાં 'સપ્તક સંગીત સ્કૂલ'નો શુભારંભ કરાવેલો, જે આજે પણ અવિરત ચાલે છે. જાન્યુઆરી માસના તેર દિવસીય કાર્યક્રમમાં સતત તેમની હાજરી સમારોહને જીવંત બનાવી દેતી. રાગોના માહિર, ભારતના ખ્યાતનામ વાદક, ગાયક, નૃત્યકારની તમામ માહિતી તેમની પાસે. '૨૦૧૭ સપ્તક સમારોહ'માં ઉદ્‌ઘોષક તરીકે હું ગયો ત્યારે રોજ સવારે ૧૧-૦૦ વાગે 'સ્વાતિ સોસાયટી' ના 'સ્વરલોક' બંગલે કાર્યક્રમમાં 'મારે શું બોલવું' તે માટે મને બોલાવતા. તે દિવસના દરેક કલાકાર વિષે મને માહિતી લખાવતા; સાંજે કાર્યક્રમમાં તેમના દ્વારા પ્રાપ્ત માહિતીનું ભાથું હું પ્રેક્ષકો, શ્રોતાજનો સમક્ષ ઠાલવતો. 'નવનીત સમર્પણ' સામયિક જાન્યુઆરી ૨૦૧૭માં 'હિંમત કપાસી'નો 'સંગીત શ્રવણના ત્રણ દિલકશ મુકામ' નામે સંગીતવિષયક લેખ છપાયેલો. આ લેખ વેળાએ ગુરુજી હાથેથી લખી શકવામાં અસમર્થ હતા, પરિણામે હું એમનો લહિયો હતો. આ લેખ સામયિકમાં બાર કોલમમાં છપાયેલો, પણ લેખ લગભગ ૨૦ દિવસે તેમના નિવાસસ્થાને પૂર્ણ થયેલો. મજાની વાત એ હતી કે એ લેખમાં પ્રસિદ્ધ, પ્રથમ : મરહૂમ ઉસ્તાદ સુલતાનખાનનું સારંગીવાદન અને સુશ્રી મંજુ

મહેતાના સિતારવાદનની જુગલબંદી, દ્વિતીય, ખ્યાતનામ ઠૂમરી ગાયિકા શોભા ગુર્તુની ચૈતી 'પિયા મિલન કો હમ જઈબો...' અને તૃતીય : બડે ગુલામઅલીના કંઠે ગવાયેલ રાગ દેશીની માહિતીના લેખનમાં પ્રથમ આ કલાકારોના વાદન અને શ્રવણને સાંભળવાનું, ત્યારબાદ ગુરુજી ધીમે ધીમે તે અંગે લખાણ લખાવતા. તે વેળાએ તેમનો ચહેરો, તેમના હાવભાવ, તેમની શાબ્દિક અભિવ્યક્તિ લાજવાબ ! પોતે તો તે સંગીતને માણે પણ મારા જેવા અજાણ શ્રોતાને પણ રસતરબોળ કરી દેતા. લેખનમાં જે શબ્દો સરી પડતા તે શબ્દોમાં પણ સંગીત રેલાતું, સંગીતનો મુલાયમ સ્પર્શ આપણને પણ થઈ જતો ! બીજો એક લેખ સિદ્ધેશ્વરીદેવી પર કરવો હતો પણ એ ન થઈ શક્યો. ખેર, કવિશ્રી નિરંજન ભગત સાહેબના કાવ્ય 'અધૂરું' ની એ બે પંક્તિઓ સ્મરણમાં આવે છે :

**'કોઈનું યે ક્યારેય બધું પૂરું થયું હોય છે ?**
**સૌ મનુષ્યોનું કૈં ને કૈં અધૂરું રહ્યું હોય છે.'**

ગુરુજી કપાસીસાહેબે 'સિનેરાગ' અને 'સ્વરલોક' નામક બે પુસ્તકો પણ લખેલા અને 'સાબરમતી' શીર્ષક ધરાવતા નાટકમાં પ્રકાશિત 'ફાધર પીટ્રી' નામક એકાંકી પણ તેમણે લખેલું અને ભજવેલું, જનસત્તામાં 'યૌવનપથ' નામક કટારનું સંપાદન પણ તેમણે કરેલું. 'રે મઠ', 'આકંઠ સાબરમતી' જેવી સંસ્થાઓ દ્વારા એબ્સર્ડ નાટકો લખાતા, ભજવાતા, તેમાં સાહેબનું યોગદાન ઘણું અને સરાહનીય. સ્વ. શ્રી કાંતિ મડિયાની સંસ્થા 'નાટ્ય સંપદા' ની અમદાવાદ શાખાનો પ્રારંભ પણ શ્રી વિદ્યાનગરમાં, સ્વ. શ્રી હસમુખ બારાડી લિખિત 'કાળો કામળો' નાટકના આરંભના રિહર્સલ પણ આજ શાળામાં-સ્વ. શ્રી વિનોદ જાનીના કેટલાક નાટકોની પૂર્વ તૈયારી પણ શાળાના ચિત્રકળાખંડમાં. ટૂંકમાં ગુરુજી કપાસીસાહેબ રસોત્સવ સાથે સંકળાયેલ તમામે તમામ બાબતોના ઘટાદાર વટવૃક્ષ !

પ્રયોગલક્ષી નાટકોની ભજવણીમાં ક્યારેય 'ના' નહીં. સ્વ. શ્રી રાવજી પટેલનું એકાંકી 'રાખ પણ બોલે છે,' મને શાળાના ડસ્ટબિનમાંથી સાંપડેલું, ગમી ગયું, સાહેબ સમક્ષ વાત મૂકી અને તેમણે સહર્ષ સ્વીકારી. પરિણામે શાળાના રસોત્સવમાં, શાળાના પટાંગણમાં રંગમંચ પર આ એકાંકી ભજવાયું, જેમાં શ્રી પરેશ નાયકે અને કીર્તિ ઠાકરે ભૂમિકા નિભાવેલી. શ્રીકાંત શાહનું એકાંકી 'ઉનાળાની એક સાંજ' પણ એક રસોત્સવમાં ભજવાયેલું જેમાં શાળાના વિદ્યાર્થી શ્રી જનક રાવલએ અભિનય કરેલો. 'ચિત્રાંગદા' એકપાત્રીય અભિનયમાં શ્રીમતી સ્વાતિ ચિનુભાઈ બૅરોનેટે લાજવાબ પેશકશ કરી હતી. પાયામાં કપાસીસાહેબની હકારાત્મક વૃત્તિ.

શાળામાં તાસ બદલાય કે રિસેસ હોય, સાહેબ અચૂક પોતાની ઑફિસમાંથી સંગીત મૂકે; તે પછી ભારતીય શાસ્ત્રીય સંગીતનું વાદન કે ગાયન હોય કે પછી મોઝાર્ટ, બીથોવન કે બિટલ્સનું ગાયન વાદન હોય ! સાથે ટૂંક પરિચય પણ તે અંગે માઈક્રોફોન પરથી વિદ્યાર્થીગણને અપાતો.

ગુરુજી વિશાળ દિલના માણસ હતા. કોઈ પણ કાર્યક્રમ માટે શાળા ખુલ્લી જ રહેતી.



ફિલ્મ વિશે બહુ જાણે. તેમના દ્વારા 'ન્યૂ ફિલ્મ સોસાયટી'નો આરંભ થયો. જેમાં 'સત્યજીત રે', 'ચાર્લી ચેપ્લિન', ગોડાર્ડ, મીરાં નાયર, બર્ગમૅન, જેવા નામાંકિત દિગ્દર્શકોની ફિલ્મ શોખીન પ્રેક્ષકોને તે બતાવતા. કપાસીસાહેબે પડદા પાછળ રહીને એક ચોક્કસ પ્રકારનો સંગીતનો શ્રોતાવર્ગ અને ફિલ્મ્સનો પ્રેક્ષકવર્ગ ખડો કર્યો હતો.

૧૯૮૮ નું વર્ષ. વયમર્યાદાના કારણે શ્રી કપાસીસાહેબ પ્રાચાર્યપદેથી નિવૃત્ત થયા હતા. શાળા પરિવારે તેમનો 'સન્માન સમારોહ' ગોઠવ્યો હતો. તે વેળાએ રૂ. ૧,૧૧,૧૧૧/-ની થેલી સાહેબને અર્પણ કરી હતી. થેલી સ્વીકારી પણ તેજ વેળાએ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈ 'વિદ્યાર્થી પ્રવૃત્તિ' માટે,

વિદ્યાર્થીઓના કલ્યાણ અર્થે તે રકમની થેલી શાળાને પરત કરી હતી. પરિણામે શાળામાં 'શ્રી એચ. સી. કપાસી સ્ટુડન્ટ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ની રચના થઈ હતી. જે ફંડમાંથી શાળામાં 'નેતૃત્વ તાલીમ શિબિર', 'વિદ્યાર્થિનીઓ માટે મહેંદી હરીફાઈ', 'વક્તૃત્વ સ્પર્ધા', 'ફિલ્મ શો', 'રીડિંગ ક્લબ', 'ચિત્ર સ્પર્ધા', 'શિક્ષકો માટે શિબિર' જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી, જે પ્રવૃત્તિઓ આજે પણ શાળામાં યોજાય છે.

શાળાના સ્થાપના દિને આજે પણ અમદાવાદ નગરની શાળાઓને 'ચિત્ર સ્પર્ધા'માં નિમંત્રણ આપવામાં આવે છે, અને સુંદર રીતે કાર્યક્રમ સંપન્ન થાય છે. ૨૦૦૨-૦૩ શાળાનું 'સુવર્ણ જયંતી વર્ષ' તે વર્ષથી શાળામાં વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કરવામાં આવેલ, જેમાં શ્રી ગુણવંત શાહ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી લાભશંકર ઠાકર, શ્રી ચીનુ મોદી, શ્રી શાહબુદ્દીન રાઠોડ, સ્વ. શ્રી ચંદ્રકાંત બક્ષી, સ્વ. બકુલ ત્રિપાઠી, રંજના હરીશ જેવા ખ્યાતનામ વક્તાઓ ઉપસ્થિત રહ્યા.

સન્ ૨૦૧૨ થી વ્યાખ્યાનના સ્થાને નાટ્ય પ્રયોગનો પ્રારંભ કરવામાં આવ્યો. શ્રી જ્યોતીન્દ્ર દવેના હાસ્ય નિબંધો પર આધારિત નાટ્ય પ્રયોગ નામે 'આનંદ તરંગ' નાટ્ય કલાકાર શ્રી અર્ચન ત્રિવેદીએ શાળાના મેદાનમાં રંગમંચ પર કરેલો. ૨૦૧૬ માં 'નોખા લોકો નોખી જાતિ' નાટ્ય પ્રયોગ ભાઈ શ્રી નિસર્ગ ત્રિવેદી અને શ્રી અર્ચન ત્રિવેદીએ પ્રસ્તુત કરેલો, તો સાથે શ્રી પ્રહર વોરાએ સુગમ સંગીત પીરસેલું. એક કાર્યક્રમમાં શ્રી અમર ભટ્ટે પણ પોતાના ગાયનથી શાળામાં ઉપસ્થિત શ્રોતાગણને રસતરબોળ કર્યા હતા. આ પ્રકારના વ્યાખ્યાન, ગાયન, વાદન, અભિનયની પ્રસ્તુતિ પછવાડે સૂક્ષ્મ નજર, પૂર્ણ સૂઝબૂઝ ગુરુજી કપાસીસાહેબની !

પૂર્ણ આયુષ્ય જીવી ગયા. પાછળના વર્ષોમાં વિતેલા સમયને વાગોળતા. દરિયાપુરની લાલ પોળ, જાદા ભગતની પોળ, હનુમાનવાળી પોળ, છઘરાની પોળ, પંચભાઈની પોળ, ખોડી આંબલી, શાંતિનાથ પાડાની પોળ, હરગોવન કેવળની પોળ, પ્રાણલાલ શેઠનું ડહેલું, મોટી હમામ, નવતાડની પોળ, કાળુપુર પાંચ પટ્ટી, રિલીફ રોડ, રિચી રોડ, ધી ન્યૂ હાઈસ્કૂલ વગેરેનું સ્મરણ થતું. આ વિસ્તારમાં રસ્તે આવેલ પાનના ગલ્લાઓ, ચાની રેંકડીઓ, ખાણીપીણીના રેસ્ટોરન્ટ - 'ચંદ્ર વિલાસ', 'ચેતના' જેવા સ્થાનોને યાદ કરી રમૂજની છોળો ઉડાવતા. અમદાવાદની તે વેળાની ભૂગોળ તેમના સ્મરણમાં રમતી.

બાળક સાથે બાળક હતા, યુવાન સાથે છેક અંતિમ સમય સુધી જવાન હતા. મિત્ર- વર્તુળમાં વર્ષોના વાર્ધક્યના કારણે પોતે વૃદ્ધ પણ વિચારોની મજામાં સદાસર્વદા નવજવાન !

'નીલે ગગન કે તલે' કટારમાં શ્રી મધુ રાયે લખેલું, 'અમદાવાદની એક જોવાલાયક જગ્યા એટલે હિંમતલાલ સી. કપાસી, વિદ્યાનગર હાઈસ્કૂલના અધિપતિ !'

'ઈદ્‌મ તૃતીયમ' કટારમાં શ્રી વિનોદ ભટ્ટે તેમના સ્વર્ગવાસ સમયે નોંધેલું, 'વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદનો એક વજનદાર કાંગરો થોડા દિવસ પહેલાં ખરી પડ્યો. નામ હિંમતલાલ કપાસી તદ્દન ઑફબિટ માણસ.'

રસોત્સવ અને રમતોત્સવ વિદ્યાનગર શાળાની એક અલાયદી ઓળખ. સાહેબના આ મનગમતા રસો. પરિણામે અનેકો ચહેરાઓ આકાશવાણી, ઈસરો, દૂરદર્શન, નાટ્યક્ષેત્રે, ચલચિત્રોમાં ઝળહળ્યા છે. ક્રિકેટ, હોકી, કબડ્ડી, વૉલીબૉલ જેવી રમતોમાં નામી રમતવીરો પણ સાબિત થયા છે. ક્રિકેટની મૅચ હોય અને સાહેબ ઉપસ્થિત ન હોય એવું બને જ નહીં ! મેચમાં જીત, શાળામાં રજા. આંતરરાષ્ટ્રીય મૅચ હોય તો સાહેબના કાને રેડિયો અચૂક હોય, દૂરદર્શન આવ્યું ત્યારબાદ સાહેબ ક્રિકેટને પડદે નિહાળતા, તે ઘરનો ડ્રોઈંગરૂમ પણ હોય કે સ્પોર્ટ્સ ક્લબના પડદે, મિત્રોની વચ્ચે બેસી ક્રિકેટને આનંદથી માણતા.

શાળામાં સાહેબની ઑફિસ હવે તો વાતાનુકૂલિત, સાહેબની એજ ખુરશી, એજ ટેબલ, બાજુમાં ફોન, અનેકો સામયિક, સાહેબની હયાતીમાં જ તેમની બેઠકની સામે ટી.વી.નો નાનો પડદો આવી ગયેલો. સાહેબના શરીરમાં વૃદ્ધાવસ્થાના આસાર પ્રગટી ગયેલા, પરિણામે નાના પડદે સંગીત સાંભળવું, ક્રિકેટની રમત માણવી, ડી.ડી. ભારતી પરથી પ્રસારિત શાસ્ત્રીય સંગીતના ગાયનવાદનમાં મગ્ન રહેવું એ એમની સદાની પ્રવૃત્તિ હતી.

સાહેબે જે દિવસે ખોળિયું છોડ્યું અને બેસણાનું સ્થાન, સમય નક્કી થયા કે તરત જ શાળાના ચિત્રશિક્ષક ભાઈ વિનોદ પટેલે થંભ્યા વગર ચોવીસ કલાકમાં ચારકોલ પેન્સિલ, ડ્રાય પેસ્ટલથી ૨૪ ઈંચ પહોળાઈ અને ૩૦ ઈંચ લંબાઈ ધરાવતું સાહેબનું અતિ સુંદર, અદ્‌ભુત..... લાજવાબ પોર્ટ્રેટ સ્વહસ્તે બનાવી દીધું, જે આજે વર્તમાનમાં સાહેબની બેઠકની પાછળ ભીંત પર છે. પણ તે નિહાળતા જાણે આપણને સૌને એમજ લાગે કે સાહેબ આપણી સામે બિરાજમાન છે, વાતો કરી રહ્યા છે ! અદ્‌ભુત તસવીર ગુરુજીની ! ચિત્રશિક્ષકને સલામ.

ગુરુજીના સ્વર્ગારોહણ બાદ તા. ૨૪-૦૭-'૧૭ સોમવારની સાંજે

'સપ્તક' દ્વારા શાળાના પ્રાંગણમાં સ્મરણાંજલિ સભાનું આયોજન થયું હતું. સુશ્રી મંજુ મહેતા, શ્રી પ્રફુલ અનુભાઈ, શ્રી ભાર્ગવ જાની, શ્રી પી. કે. ઘોષ અને સદ્‌ગત કવિ શ્રી નિરંજન ભગત સાહેબ જેવા મહાનુભાવોએ ગુરુજી વિષેના અનેકો સંસ્મરણ તાજાં કર્યા હતા. કવિશ્રી નિરંજન ભગત સાહેબે ગુરુજીને 'મધદરિયાના માણસ ગણાવ્યા હતા.' તેમના જ શબ્દોમાં, 'ખૂબ ઊંડા, ઓછા- બોલા કપાસી હતા. એમના કાન, આંખો સંગીતમય ! કાન કેળવાયેલા હતા.' એમણે કેટલાય ફિલ્મ ફેસ્ટિવલ જોયા હતા. કેટકેટલી ફિલ્મ્સ કપાસીએ જોઈ હતી. ફિલ્મ એક અટપટી કળા. ફિલ્મની શોધ ૧૫૦ વર્ષ પૂર્વે થઈ હતી. ''music imitates sound''. એરિસ્ટોટલ. ચિત્રો રંગરેખામાં, શિલ્પ પથ્થરમાં, દરિયાનો ખળભળાટ ફિલ્મમાં મધુર જ લાગે. એક દાયકો રેસ્ટોરન્ટમાં અમે મળતા. આઠ વાગે રાત્રે આવતા, દસ વાગે ઘેર જતા. નંદન પણ આવતા.'

મુ. ગુરુજીના સંગની અગણિત વાતો, યાદો, અનુભવો, બેઠકો.... લખવા માંડીએ તો પણ કપાસીસાહેબ ગ્રંથમાં ન સમાય, પાનાં ખૂટી પડે ! વર્તમાને ખાલીપો લાગે... પણ એક યાદ તેમની અને સઘળે ગુરુજી કપાસીસાહેબ નજરે પડે!

અંતે કુસુમાંજલિ;

'ત્યજી દઈ જીર્ણ થયેલ વસ્ત્રો,
લે છે નવાં જેમ મનુષ્ય બીજાં;
ત્યજી દઈ જીર્ણ શરીર તેમ,
પામે નવાં અન્ય શરીર દેહી,'

– કિશોરલાલ ઘ. મશરૂવાળા



# વ્યક્તિએ.... વ્યક્તિએ.... વિશિષ્ટ વ્યક્તિત્વ....

– કે. એમ. પટેલ (ભૂતપૂર્વ આચાર્ય)

એકજ માણસમાં આખોય માનવ સમુદાય લહેરાતો જોવો હોય તો શ્રી કપાસીસાહેબમાં જોવા મળે. સફેદ રંગમાં બધાજ રંગો જેમ સમાઈ જતા હોય છે, તેમ કપાસીસાહેબમાં પણ પણ વિવિધ વિષયો સમાઈ ગયેલા અનુભવાય. જે રસવાળી વ્યક્તિ કપાસીસાહેબને મળે એને તો એમ જ લાગે કે કપાસીસાહેબ આ વિષયમાં પારંગત જ છે.

શ્રી કપાસીસાહેબને કોઈ પણ સમયે કોઈપણ મળી શકે. સદાયે તેઓ મળવા માટે ઉત્સુક જ હોય. કપાસીસાહેબ હંમેશાં તાજાં જ હોય, મઘમઘતા જ હોય. આનંદના દરિયા એમની આંખોમાં લહેરાતા જ હોય. આળસનું નામ નહીં. થાક તેઓને થકવી ન શકે. કંટાળો તેમને અડકી ન શકે. સદાબહાર વ્યક્તિત્વ એટલે કપાસીસાહેબ એમ કહીએ તો વધારે પડતું ન ગણાય. મિત્રોમાં મોકળા મને વરસી પડતા હોય અને તેય પાછું મુશળધાર. ચગે અને ચગાવે. હસે અને હસાવે, મિત્રોની મજાક કરે અને પોતાની જાતને પણ કેન્દ્રમાં મૂકે. 'હસો અને હસાવો, આનંદો અને આનંદાવો' એમના જીવનનું સૂત્ર હોય એમ ઘડીભર લાગ્યા વગર ન રહે.

બધાં કામોના કેન્દ્રમાં હોય છતાં રહેવાનું જલકમલવત્. ખોટું ઝનૂન કે ખોટી લાગણી એમના વ્યક્તિત્વને સ્પર્શી ન શકે. કોઈ પણ કામ માટે તેમની પાસે ચોક્કસ વિચાર હોય. કામ પૂરું કેમ કરવું તેનું સ્પષ્ટ દર્શન હોય, તે કામનું કેવું પરિણામ આવશે કે લાવવાનું છે, એ અંગે સંપૂર્ણ જાગરુકતા હોય. વિષયની બાબતમાં જરૂરત ઊભી થાય તો સંદર્ભ પુસ્તક નજરતળેથી કાઢી જ નાખવાનું. જરૂર પડે તો સ્ટાફમાંથી કોઈકને પૂછી જ લેવાનું કે આ અંગે શું વાત છે ? વિષયની બાબતમાં જાણકારી હોય તો બીજાઓને કહેવામાં વાંધો નહીં, અને ખ્યાલ ન હોય તો બીજાઓને પૂછવામાં સંકોચ નહીં. વિદ્યાનગર સ્કૂલની લાઈબ્રેરીમાં સંદર્ભ પુસ્તકોનો તોટો નથી. માહિતી ગ્રંથોના ઢગ ખડકાઈ ગયા છે એ કપાસીસાહેબમાંના શિક્ષકને આભારી છે. ક્યા શિક્ષક શું ભણાવે છે, કેવું ભણાવે છે એની રજેરજ માહિતી એમને હોય જ. ક્યારેક શિક્ષક દ્વારા આડું વેતરાતું હોય તો પ્રેમથી સાચે રસ્તે લાવી દે. શિક્ષકને કે કર્મચારીગણને ક્યારેય ધમકાવ્યા હોય એવું કોઈનેય યાદ નહીં હોય. 'બોસ' શબ્દનો અનુભવ આજ દિવસ સુધી એમણે કોઈનેય થવા દીધો નથી. મૂળ ગુજરાતી ભાષાના શિક્ષક પણ બધાજ વિષયોમાં ઊંડો રસ. વિજ્ઞાનમેળાઓ એમના વગર અધૂરાં ગણાય. શાળાની કે શહેરની વિજ્ઞાન પ્રવૃત્તિઓમાં એમનું નામ મોખરે જ હોય. અમદાવાદ શહેરના યુવક મહોત્સવોમાં એ હોય જ. કપાસીસાહેબ નિર્ણાયક હોય, પ્રમુખ હોય કે પછી સ્પર્ધાઓમાં સમસ્યાઓ ઊભી થાય, ત્યારે તે લવાદ તરીકે હોય, પણ એ હોય, હોય ને હોય જ. એમના વગર પ્રવૃત્તિઓ મીઠા વગરના ભોજન જેવી લાગે.

કપાસીસાહેબને સંગીતનો ગજબનો શોખ. અમદાવાદમાં સંગીતકારની પધરામણી થાય અને કપાસીસાહેબ ત્યાં ન જાય તેવું આજ દિન સુધી બન્યું નથી. સંગીતની રસલ્હાણ કરાવનારી સંસ્થા 'મજલિસ'નો કાર્યભાર તેઓએ વર્ષો સુધી સંભાળ્યો છે. અમદાવાદના સંગીતકારો જ એમના મિત્રો છે એવું નથી. ભારતભરના સંગીતકારોનાં નામ એમની જીભને ટેરવે. એમની કૅસેટ લાઈબ્રેરીમાંથી કોઈ સંગીતકાર છટકી શક્યો નથી. ક્યું વાજિંત્ર વાગે છે અને ક્યા રાગના સૂરો છેડાઈ રહ્યા છે, એ એમને ખબર જ હોય. આકાશવાણીનું ક્યું સ્ટેશન, ક્યા સમયે, ક્યું સંગીત પીરસે છે એ એમનાથી અજાણ્યું ન હોય. ફુરસદની પળોમાં એમના કાન રેડિયોમાં કે રેડિયો એમના કાનમાં ગોઠવાઈ જાય એવું ઘણાબધાએ વારંવાર જોયું છે. ગમ્મતમાં ઘણીવાર કહેતાં સાંભળ્યા છે કે 'પુત્ર પરણાવ્યો ને પુત્રવધૂ ઘરે આવી ત્યારે રેડિયોમાં વિવિધ ભારતી નામનું સ્ટેશન હોય છે એનો ખ્યાલ આવી ગયો.'

કપાસીસાહેબ અભિનયમાં એક્કા. દર્પણ સંસ્થાના નાટકમાં એમણે કરેલો અભિનય આજે પણ ઘણા વિસરી શક્યા નથી. નાટ્ય લેખકોની વર્કશોપ 'આકંઠ સાબરમતી'નું કેન્દ્ર વિદ્યાનગર હાઈસ્કૂલ. મંગળ અને શુક્રવારે વિદ્યાનગર સ્કૂલના ચિત્રખંડમાં લેખકો અને કલાકારો કપાસીસાહેબના રસ અને પ્રેમને કારણે જ એકઠાં થાય. 'આકંઠમાં' એ નાટકોમાં અભિનય કરે અને તે પણ એકદમ મજબૂત. ઘણાં બધાં ઈમ્પ્રૂવાઈઝેશન્સ, એમણે કરેલો અભિનય આજે પણ યાદ કરીએ તો આનંદ આનંદ થઈ જાય. કપાસીસાહેબ સાવ સાચુકલા નટ. સ્વાભાવિક એક્ટિંગ તોય એક્ટર હોવાનું વળગણ નહીં-ભાર નહીં. કપાસીસાહેબનો ફિલ્મોનો શોખ સાંભળીને અચરજ લાગે. અડધી રાતે ગાંધીનગર સુધી 'રાવ સાહેબ' ચિત્ર જોવા જવાનું હોય તોય તૈયાર. અને અનુપમ સિનેમામાં ફિલ્મ ફેસ્ટિવલનાં ચિત્રો રજૂ થયાં હોય તો કપાસીસાહેબ પહેલા શોમાં ત્યાં હોય જ. તેઓના પ્રમુખપણા હેઠળ સ્થાપિત 'ફિલ્મ સોસાયટી' આજે પણ

કાર્યરત છે. જગતભરના શ્રેષ્ઠ ચિત્રો એમણે જોયાં છે, દેશ દેશના અભિનેતાઓ કે દિગ્દર્શકોની સંપૂર્ણ માહિતી એમને હોય જ.

કપાસીસાહેબને સ્પોર્ટ્સનો ગજબનો શોખ. બધી જ રમતો એ શાસ્ત્રીય રીતે જાણતા જ હોય. રમત રમાતી હોય અને ગરબડ થાય તો એ કહી દે, કે આ લોચો થયો. અને એ કહે એવું જ બન્યું હોય. બધી જ રમતો વિષે બધું જ જાણતા હોવા છતાં ક્રિકેટ માટે પક્ષપાત. એક જ સરખાં નામ અને ઉચ્ચાર ધરાવતા ખેલાડીઓમાં કોણ ક્યા દેશનો છે, એ અંગે એ પૂર્ણ પરિચિત હોય, ટેસ્ટ મેચ રમાતી હોય અને શહેરમાં હોય કે અનુકૂળતા હોય તો અન્ય શહેરમાં, એ સ્ટેડિયમ પહોંચી જ જાય. જો મેચમાં જઈ શકાય તેમ ન હોય તો ટી.વી. સામે કપાસીસાહેબ કલાકો સુધી મેચને માણે. વિદ્યાનગર હાઈસ્કૂલની ક્રિકેટ ટીમ મજબૂત હોવાનું કારણ કપાસીસાહેબનો ક્રિકેટપ્રેમ જ ગણાવી શકાય. શહેરની વિવિધ ક્રિકેટ ક્લબોમાં વિદ્યાનગર સ્કૂલની ટીમ વિજેતા બનેલી એના પાયામાં કપાસીસાહેબનો ક્રિકેટપ્રેમ કૉન્ક્રીટ બનીને પથરાયેલો પડ્યો છે. શાળાકીય મેચોમાં વિદ્યાનગરની ટીમ રમવાની હોય ત્યારે ખેલાડીઓ કરતાંયે એ વહેલા મેદાન ઉપર પહોંચી જાય.

કપાસીસાહેબ વિદ્યાર્થીઓમાં અત્યંત લોકપ્રિય. પાંચમા ધોરણથી માંડીને બારમા ધોરણ સુધીના કે પછી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એમની ઑફિસમાં આરામથી જઈ શકે. એમની ઑફિસ વિદ્યાર્થીઓ માટે સદાયે ખુલ્લી. વિદ્યાર્થીઓના પ્રશ્નો અને સમસ્યાઓ સાંભળવામાં અને સુલઝાવવામાં એમને મજા આવે. વિદ્યાર્થીઓ શાળાના શિક્ષકોથી ડરે અને કોઈ શિક્ષક કોઈ વિદ્યાર્થીને 'કપાસીસાહેબ પાસે લઈ જઈશ' એવી ધમકી આપે એટલે વિદ્યાર્થીને રાહત થાય. ઑફિસના સામેના છેડેથી વૉલીબોલની સર્વિસ થતી હોય ત્યારે સાહેબની ઑફિસમાં દડો ન આવે એવું ન બને. ઑફિસમાં ઘૂસી જઈને છોકરાં દડો લઈ આવે અને તે ય આરામથી. રજા લેવી પડે એવો છોકરાઓને ખ્યાલ પણ નહીં અને સાહેબ એ અંગે ધ્યાન પણ ન આપે. વિદ્યાર્થીસંસદની દરેક મીટિંગમાં એ તો હાજર જ હોય. વિદ્યાર્થીઓની વાત રસથી સાંભળે. સારી લાગે તો સ્વીકારે. રમતોત્સવ વેળાએ બધીજ પ્રવૃત્તિઓમાં જાણ્યે-અજાણ્યે કપાસીસાહેબની ઝાંખી થયા વગર ન રહે.

શિક્ષકો સાથે કપાસીસાહેબનો મૃદુ-વ્યવહાર. દરેકને એમ જ લાગે કે સાહેબે મારી વાત સાંભળી છે, અને સમજવાની કોશિશ કરી છે. શિક્ષક કોઈ પણ કામે કપાસી સાહેબને મળવા જાય ત્યારે તેને નિરાશ થવાનું કોઈ કારણ ન રહે. ક્લાર્ક અને પટાવાળા મિત્રોના પણ એ એટલા જ મિત્ર. પ્રિન્સિપાલ હોવાનો કોઈ ભાર ન રાખે. પોતે પ્રિન્સિપાલ છે એવો ભાર બીજાને પણ અનુભવવા ન દે. કપાસીસાહેબ સાચા અર્થમાં વિદ્યાનગર પરિવારના ફ્રેન્ડ, ફિલોસૉફર અને ગાઈડ.

પૈસાની ઝાઝી માયા એમને વળગી શકી નથી. આમ છતાં એનાથી એ અભાન છે એવું પણ નથી. આવડી મોટી સંસ્થાના વિવિધ વિભાગોના વિવિધ ખર્ચાઓ અને હિસાબોથી એ સંપૂર્ણ જ્ઞાત હોય જ. વિદ્યાર્થીઓની સગવડ વધે તે માટે કે, તેમની વિવિધ પ્રવૃત્તિઓ માટે પૈસા ખરચવાની વાત આવે તો એમણે આજ સુધી ના પાડી હોય એવું કોઈની યે જાણમાં નથી. ઘણીવાર તો સામે ચાલીને કહે પણ ખરા કે તમે તમારે આ પ્રવૃત્તિ કરો. પૈસાની ચિંતા ન કરો. 'હું બેઠો છું ને' એમનું આ 'હું બેઠો છું ને' એના કારણે વિદ્યાનગર હાઈસ્કૂલે શહેરમાં ઘણું ગજું કાઢ્યું છે, એ કોનાથી અજાણ્યું છે?

સામાજિક વ્યવહારના પ્રસંગોમાં કપાસીસાહેબ અતડા લાગે. કપાસીસાહેબ સામાજિક નથી એવી ક્યારેક કોઈકે ફરિયાદ પણ કરી હશે અને કદાચ સાચી પણ હશે. ઔપચારિક વિવેકમાં એ માનતા નથી. કબીર જેવી તટસ્થતા અને જનક જેવી નિઃસ્પૃહતા એક સાથે એમનામાં જોવા મળે. છેલ્લા કેટલાક સમયથી તેઓ ક્યારેક ક્યારેક બેસણામાં પણ જતા થયા છે.

પ્રવાસમાં જવાનું થાય અને કપાસીસાહેબ સાથે હોય તો ભયો ભયો. જે તે સ્થળ વિશેની સંપૂર્ણ જાણકારી કપાસીસાહેબને હોય જ. વિશ્વભરમાં એમના મિત્રો વિખરાયેલા પડ્યા છે. ભારતવર્ષના કોઈ પણ નગરમાં એમનું પરિચિત હોય જ. ક્યા શહેરમાં ક્યો ખાદ્ય પદાર્થ મશહૂર છે એ એમનાથી અજાણ્યું ન હોય. આ પદાર્થ શહેરના ક્યા સ્થળે મળે છે, એ એમણે જોયેલું જ હોય. મદ્રાસ હોય કે મુંબઈ, કલકત્તા હોય કે શ્રીનગર, અમદાવાદમાં ફરતા હોય એટલી સરળતાથી જે તે શહેરના જે તે સ્થળે પહોંચી જાય. પ્રવાસમાં ક્યારેક પ્રવાસીઓનું ભોજનનું ટાઈમટેબલ ફરી જાય. કપાસીસાહેબે ઉત્તમ સ્થળે ઉત્તમ ભોજનની વ્યવસ્થા કરી દીધી હોય. જમવા કરતાં જમાડવાનો આનંદ એમના ચહેરા પર નીતરતો હોય.

પટાવાળાથી પ્રેસિડેન્ટ સુધી, સીંગચણાવાળાથી સુરેશ જોશી સુધી કે પાનવાળાથી પન્નાલાલ પટેલના સાહિત્યવૈભવ સુધી એમને સમાન રસ પડે. ઉદાસ માણસો એમને ન ગમે. લાગણીવેડામાં રાચતા લોકો સાથે એમને ન ફાવે, એમને તો

જોઈએ આનંદ, આનંદિત માણસો.

સાચી લોકશાહીમાં કપાસીસાહેબને ઊંડો રસ. કોઈ પણ વ્યક્તિ એમને રૂબરૂમાં એમના વિરુદ્ધ ફરિયાદ કરી શકે. એ સાંભળે અને સાચું લાગે તો સ્વીકારી પણ લે. ભૂલ સ્વીકારવામાં નાનમ ન અનુભવે. સામાન્ય રીતે નબળી વ્યક્તિ માટે પક્ષપાત ક્યારેક કરી પણ દે. 'નબળાને રક્ષણ' એ રાજપૂતી નિયમમાં માનતા હોય એમ લાગે. ગુલામીમાં માને નહીં અને ગુલામ બનવા તૈયાર થાય નહીં. આઝાદી આપો અને આઝાદ રહો - આ એમનો જીવનમંત્ર. સંસ્થાના તમામે તમામ કર્મચારીઓ એમના કામમાં મુક્ત. કપાસીસાહેબની કોઈ ડખલગીરી કર્મચારીઓના કામમાં નહીં. આવશ્યકતા લાગે તો કર્મચારીને બોલાવીને માર્ગદર્શન આપે.

પાન અને ચા ના શોખીન. અમદાવાદમાં ક્યાં ઉત્તમ પાન મળે છે એની એમને ખબર. એમનું જૂનું ખખડધજ લેમ્બ્રેટા કિક લાગે એટલે પસંદગીના પાનના ગલ્લે જઈને ઊભું રહી જાય. ઘણીવાર ગમ્મતમાં કહે, પણ ખરા કે એક આ ગાલમાં ને બીજું આ ગાલમાં પાન ગોઠવીએ, પછી દશ મિનિટે આંગળી કાપીએ હાથની કે અંગૂઠો કાપીએ પગનો તો અંદરથી તમાકુ જ ટપકી પડે ને... આવો શોખ એમને પાનનો.



કેટકેટલી વાત કરીએ કપાસીસાહેબની ? વ્યક્તિએ વ્યક્તિએ કપાસીસાહેબનું વ્યક્તિત્વ વિશિષ્ટ અનુભવાતું હોય છે. સલામી અને તેય એક સામટી સો સો સલામ કપાસીસાહેબને.......



# ન વિસરી શકાય તેવું વ્યક્તિત્વ - કપાસી સાહેબ

ડૉ. અક્ષય મેહતા



"....નમસ્કાર
સાહેબ હું અક્ષય મહેતા બોલું છું."
આવી જ જાને ભૈ!!!!

- આ સાહેબ સાથેનો મારો ટુંકો અને પહેલો ટેલિફોનીક સંવાદ. તે પછીની ૨૦મી મિનિટે હું સાહેબની સામે બેઠો હતો...પહેલી મુલાકાત લગભગ અડધો કલાક ચાલી ચાલી હશે..સાહિત્ય અને સાહિત્યકારોની વાતો થઈ. વિદ્યાર્થી અને શાળા માટેની મારી સમજણનો વાત વાતમાં ક્યાસ કાઢી લીધો હશે..પછી જગતભાઈ તરફ માર્મિક સ્મિત કરી, મારી તરફ જોઈ - ×તો મળીએ છીએ× (એટલેકે હવે જઈ શકો છો...આવજો!!!)

આમ ૩૫ વર્ષના યુવા શિક્ષકને પ્રિન્સિપાલ બનાવી દિધો. આ. કપાસી સાહેબની આવડત એટલી બધી કે કોઈપણ વ્યક્તિ પાસેથી ઈચ્છિત કામ લઈ શકે. ૨૦૦૪ થી સતત શાળા સંચાલનમાં મારા માર્ગદર્શક રહ્યા.

શ્રી વિધાનગર હાઈસ્કૂલ સાહેબના માર્ગદર્શન થી હંમેશા શ્રેષ્ઠ બની રહી છે. બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ મોટાભાગે ૧૦૦% જ હોય. આટલું જ નહિ બોર્ડમાં ટોપ ટેનમાં શાળાના ૫ થી ૭ વિદ્યાર્થીઓ પણ આવે!! માત્ર શૈક્ષણીક બાબતમાં જ નહિ પરંતુ સહ શૈક્ષણિક વિષયોમાં પણ શ્રી સાહેબ ના માર્ગદર્શનમાં શાળાના વિદયાર્થીઓ સફળતાની ટોચ પર બિરાજે છે..જેની સાબિતી આ પુસ્તકના અન્ય લેખો માંથી સ્વયમ સ્ફુરિત છે.વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે શ્રી વિદ્યાનગરને સરકારશ્રી તરફથી શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ અને એક લાખ રૂપિયાનો ચેક શિક્ષણ મંત્રીશ્રી ચુડાસમા સાહેબના હસ્તે પ્રાપ્ત થયો છે જેના પાયામાં માર્ગદર્શક શ્રી કપાસી સાહેબ જ છે.

આ. કપાસી સાહેબ વિદ્યાર્થીઓ માટે શાળાના શિક્ષક ,આચાર્ય કે મેનેજીંગ ટ્રસ્ટી માત્ર ન રહેતા સાચા અર્થમાં ફ્રેન્ડ, ફિલોસફરો અને ગાઈડ બની રહ્યા .આજે સાહેબની સંસ્મૃતિ સાથે વિશ્વભરમાં લાખો વિદ્યાર્થીઓ તેમના માટેનો આદરભાવ વ્યક્ત કરતા હોય છે.

હું મારી જાતને અત્યંત ભાગ્યશાળી એટલા માટે ગણું છું કે મને બાર વર્ષ સુધી દરરોજ સવારે શાળામાં આ. સાહેબનું સાનિધ્ય સાંપડ્યું છે. તેમના વાણી અને વર્તનની એકસૂત્રતા ઉડીને આંખે વળગે તેવી રહી છે.મિથ્યાભિમાન કે આડંબર લેશમાત્ર જણાયા નથી...હા.. સ્વાભિમાન હંમેશા ટોચ પર રહેતું.

સાહિત્ય, ફિલ્મ અને સંગીત માં ઉચ્ચતમ કક્ષાના શોખ કેળવીને તેમણે જીવનને સાચા અર્થમાં આનંદ યાત્રા બનાવી છે.

શાળા તેમનો વ્યવસાય જ નહિ પરંતુ ધર્મ રહ્યો છે. સ્કૂલ ની લંબાઈ - પહોળાઈ વધારવાને બદલે ઊંચાઈ વધારવાની હંમેશા તરફદારી કરી છે

સાહેબની સ્મૃતિઓ એ મારો ખજાનો છે.. માત્ર શબ્દો દ્વારા સુગંધને કેમ સ્પર્શી શકાય? છતાંયે....

સારું થયું શબ્દો મળ્યા તારે નગર જવા..........
ચરણ લઈ ચાલવા બેસું તો વરસો ના વરસ લાગે

# શ્રી કપાસીસાહેબના નેતૃત્વની આગવી શૈલી

– ડૉ. અશોક પટેલ
(ભૂતપૂર્વ શિક્ષક, શ્રી વિદ્યાનગર પ્રા. શાળા.)



એક સમય એવો હતો કે શ્રી કપાસીસાહેબ અને વિદ્યાગનર એકબીજાના પર્યાય હતા. તે સમયે વિદ્યાનગર સતત જીવંત રહેતી હતી. સવારના ૬.૫૨ કલાકથી રાત્રીના ૯ વાગ્યા સુધી. બીજી રીતે કહીએ તો ૭ x ૨૪. વિદ્યાનગર સ્કૂલ જીવંત જ હોય. રજાના દિવસોમાં પણ.

વિદ્યાનગરમાં સૌથી વધારે રજાઓ પડતી, છતાં એક પણ દિવસ શાળા બંધ ના હોય ! કારણ શ્રી કપાસીસાહેબ અને શાળાનો સ્ટાફ. સ્ટાફને ઘડવામાં શ્રી કપાસીસાહેબનો અનન્ય ફાળો.

શ્રી કપાસીસાહેબના નેતૃત્વમાં શાળાએ ખૂબ જ વિકાસ સાધેલો. માત્ર ગુજરાતમાં જ નહિ, વિદેશમાં પણ વિદ્યાગનર સ્કૂલની ખ્યાતિ હતી. જે માટે નેતૃત્વને જ સલામી આપવી પડે. કપાસીસાહેબના નેતૃત્વમાં એક આગવી રીતિ અને નીતિ હતી. જો તે અંગે સંશોધન કરવામાં આવે તો નેતૃત્વની એક નવી શૈલીની શોધ થાય. અહીં કેટલાંક ઉદાહરણો કે અનુભવો રજૂ કરું છું. જેના આધારે તેમના નેતૃત્વનો કે તેમની વહીવટી ક્ષમતાનો ખ્યાલ આવશે.

નેતૃત્વ ત્યારે જ સફળ થાય કે, જ્યારે નેતા પાસે સત્તા અને સામર્થ્ય બંને હોય. કપાસીસાહેબ પાસે એ બંને હતાં. આમ છતાં તેમણે ક્યારેય સત્તાનો ઉપયોગ કર્યો હોય તેવું ભાગ્યે જ જોવા મળ્યું હશે. કપાસીસાહેબે ક્યારેય પોતાની જાતને નેતા કહ્યા નથી કે તે રીતનું વર્તન કર્યું નથી. એકવાર કોઈએ તેમને પૂછેલું કે, એક નેતા તરીકે તમારામાં એવા કયા ગુણો છે, જેના કારણે વિદ્યાનગર સ્કૂલ આટલી આગળ આવી, એની આટલી ખ્યાતિ છે ! ત્યારે કપાસીસાહેબે જવાબ આપેલો કે, એક નેતામાં જે ગુણો હોવા જોઈએ તેમાંનો એક પણ ગુણ મારામાં નથી. કપાસીસાહેબના નેતૃત્વની શૈલીની આ વિભાવના !

કપાસીસાહેબ લોકશાહીભર્યા વર્તનવ્યવહારમાં ખૂબ જ આસ્થા ધરવતા હતા. માટે જ શાળામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ ઉચ્ચ કક્ષાના લોકશાહીભર્યા વર્તન-વ્યવહારમાં કામ કરતા હતા. તેઓ જ્યારે આચાર્ય તરીકે હતા, ત્યારે સો ટકા નિર્ણયો શિક્ષકો કે વિદ્યાર્થીઓ દ્વારા લેવાતા. આમ છતાં કપાસીસાહેબ વિદ્યાર્થીઓના મતને ખૂબ જ પ્રાધાન્ય આપે. વિદ્યાર્થીઓ કોઈ માંગણી લઈને તેમની પાસે ગયા હોય અને સાહેબે ના પાડી હોય તેવું કદાપિ બન્યું નથી. એવી જ રીતે શિક્ષકોએ કોઈ રજૂઆત કરી હોય તો પણ કપાસીસાહેબ સ્વીકારી જ લે. હા, કોઈવાર શિક્ષક અને વિદ્યાર્થીનો મત જુદો હોય તો કપાસીસાહેબ મોટાભાગે વિદ્યાર્થીપક્ષે જ હોય. તેમની સામે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારની ગમે તે સમયે રજૂઆત કરી શકે. કોઈ સંકોચ કે ડર વગર ! જે સાચી લોકશાહી હતી. કપાસીસાહેબ વિદ્યાર્થી અને શિક્ષકના મત સામે હંમેશા પ્રેમથી ઝૂકી જતા. પરિણામ એ આવતું કે, ત્યારબાદ વિદ્યાર્થી અને શિક્ષક એ પ્રેમને કારણે, સાહેબના આદર્શો સામે હંમેશને માટે ઝૂકેલા રહેતા. આ તેમના નેતૃત્વની એક ચાવી પણ હશે.

કપાસીસાહેબ નવુંનવું કરવામાં માને. તેઓ સૈદ્ધાંતિક કરતાં કૌશલ્યોને વધારે મહત્ત્વ આપે. માટે તો વિદ્યાનગર સ્કૂલ હૉકી, વૉલીબૉલ અને ક્રિકેટ જેવી રમતોમાં, તો સંગીત, ચિત્ર, વક્તૃત્વ, નાટક જેવાં અનેક ક્ષેત્રમાં ખૂબ જ આગળ હતી. શાળાનો સમય સવારના ૬.૫૨નો હતો ! તો તાસ બદલાય ત્યારે ઘંટ વાગવાને બદલે કોઈ શાસ્ત્રીય સંગીત-રાગ વાગે ! ક્રિકેટની રમત રમાતી હોય ત્યારે રિસેસના સમયમાં લાઉડસ્પીકર પર વિદ્યાર્થીઓને કોમેન્ટ્રી સંભળાવવામાં આવે ! કોઈ પણ શિક્ષક કે વિદ્યાર્થી નવી વાત લઈને જાય તો સાહેબ તેનો તરત જ સ્વીકાર કરે, ખર્ચનો ક્યારેય વિચાર કરે નહિ. ગુજરાતની ખૂબ જ ઓછી ખાનગી શાળાઓ હશે કે જે પ્રાથમિક શાળાના શિક્ષકોને સરકારી ધોરણે પગાર ચૂકવતી હોય. તેમાંથી એક શાળા વિદ્યાનગર હતી. કપાસીસાહેબે હંમેશને માટે શિક્ષણ, કલા અને રમતને જ પ્રાધાન્ય આપ્યું હતું. તે માટે મોટો ખર્ચ પણ થતો. છતાં કોઈ ડોનેશન નહિ, માત્ર ફીની આવકમાંથી ખર્ચ કરવાનો. સાથે શિક્ષકોને પૂરો પગાર પણ ચૂકવવાનો.

કપાસીસાહેબની પ્રેરણાને કારણે હું એમ.એ., એમ.એડ. થઈ ગયો અને

૧૯૯૫માં પી.એચડી. પણ શરૂ કરેલ. મને એક વાર પગમાં ફ્રેક્ચર થયેલું. હું બે ખભામાં ઘોડી સાથે ક્લાસમાં ભણાવતો હતો. કપાસીસાહેબ તે સમયે પસાર થયા, મને જોયો. મને ક્લાસમાંથી બહાર બોલાવીને કહ્યું કે, આટલી મુશ્કેલી વેઠીને શાળાએ શા માટે આવો છો ? કાલથી આવશો નહિ. જો કે મેં તેમનું કહેલું માન્યું નહતું. છતાં સામા મળે એટલે ખબર અંતર તો પૂછે જ. સ્ટાફમાં કોઈ વ્યક્તિ કોઈ પણ પ્રકારની મુશ્કેલીમાં હોય તો તેઓ અવશ્ય રૂબરૂ બોલાવીને હકીકત જાણે તેમજ જરૂરી આશ્વાસન પણ આપે જ. ૧૯૮૬માં આકાશમાં હેલીનો ધૂમકેતુ દેખાતો હતો. હું દરરોજ રાત્રે ૧૨ થી ૨ વાગ્યાના સમયે શાળામાં આવીને વિદ્યાર્થીઓ અને વાલીને ધૂમકેતુ બતાવતો હતો. આવું લગભગ દસેક દિવસ ચાલ્યું. આથી મને સલાહ આપતાં કહેલું કે, અશોક જીવનમાં સૌથી પહેલાં કુટુંબનું વિચારવાનું, ત્યારબાદ બીજી બાબતો. અહીં તેમણે શાળા કરતાં મારા કુટુંબનું વિચાર્યું. મને ગોધરામાં અધ્યાપક તરીકેની નોકરી એકાએક મળેલી. મેં રાત્રે દસ વાગે સાહેબને ફોન કરીને વાત કરેલી. ત્યારે તેમણે મને અભિનંદન આપતાં જણાવેલું કે, તું અહીંની ચિંતા ના કરીશ અને તું ત્યાં ઝડપથી હાજર થઈ જા. તે માટે શાળામાંથી જે પણ મદદની જરૂર હશે તે તને મળી જશે. મારે એકાએક જવાનું થયું હોવાથી કોઈએ કપાસીસાહેબને સલાહ આપેલી કે તમારે અશોક પાસેથી નોટિસ પે લેવો જોઈએ. તો કપાસીસાહેબે ઘસીને ના પાડેલી કે અશોક પાસે નોટિસ પે લેવાનો નથી જ. આ તેમના નેતૃત્વની શૈલી !

એકવાર શાળામાંથી વી.સી.આર.ની ચોરી થયેલ. તે અંગે શાળા દ્વારા પોલીસ કેસ કરેલ. સાંજે શાળા છૂટ્યા બાદ પોલીસ શાળામાં આવી. ચોક્કસ વ્યક્તિઓની પૂછપરછ કરી. પોલીસને એક વ્યક્તિ પર શંકા જતાં, વધુ માહિતી મેળવવા તેને મારવાનું શરૂ કર્યું. પેલી વ્યક્તિ મારને કારણે મોટે મોટેથી બૂમો પાડવા લાગી. આ અવાજ કપાસીસાહેબે તેમની ઑફિસમાંથી સાંભળ્યો. તરત જ પોલીસને બોલાવીને કહ્યું કે, મારે વી.સી.આર નથી જોઈતું. તેને મારવાનું બંધ કરો. આ હતી શાળાના કર્મચારી પ્રત્યેની લાગણી અને નેતૃત્વની શૈલી. એટલું જ નહિ, શાળા છૂટ્યા બાદ તેઓ ઘણીવાર મેદાન પર ખુરશી નાંખીને બેસે. પટાવાળા પાસે ચા મંગાવે. અડધી પોતે પીવે અને અડધી પટાવાળાને આપે ! હોદ્દાનું ખોટું અભિમાન નહિ કે ઊંચનીચના ભેદભાવ નહિ. એ જ નેતૃત્વની અનોખી શૈલી કહી શકાય. કપાસીસાહેબ સ્ટાફની ખૂબ જ કાળજી લેતા. તેઓ માનતા કે, વિદ્યાનગરનો સ્ટાફ જેટલો સદ્ધર, તેટલી વિદ્યાનગર સદ્ધર, માટે તો કેટલાક સ્ટાફ મેમ્બર તેમના કરતાં આર્થિક રીતે વધુ સમૃદ્ધ વિદ્યાનગરને કારણે બન્યા હતા. શાળામાં પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક વિભાગ વચ્ચે સંપૂર્ણ સમાનતા. તમામ કર્મચારી સમાન. તમામ કર્મચારીમાં એક કુટુંબની ભાવના, જે કપાસીસાહેબના પ્રતાપે.

કપાસીસાહેબ શિક્ષકના વિકાસમાં ખૂબ જ રસ લેતા અને પ્રેરણા પણ આપતા. જરૂરી સગવડ પણ ઊભી કરી આપે. માટે તો ઘણાં શિક્ષકોએ વિવિધ ક્ષેત્રમાં મોટી ઉડાન ભરેલી. શિક્ષકોને વાંચતા કરવામાં તેમનો ફાળો અનન્ય. તેઓ સલાહ ના આપે કે વાંચો. પણ કોઈ ચોક્કસ શિક્ષકને બોલાવીને કહે કે, આ લેખ તમને ગમે તેવો છે. તમે વાંચજો. તમને મજા આવશે. એમ કહી મૅગેઝિન કે સમાચારપત્ર પેલા શિક્ષકના હાથમાં પકડાવી દે ! તેઓ સ્ટાફના દરેક સભ્યના રસ અને શક્તિથી પરિચિત હતા. તે મુજબ જ વાંચનસામગ્રી આપે અને કામ સોંપે. તે સમયે વિદ્યાનગર સ્કૂલની લાઈબ્રેરી ખૂબ જ સમૃદ્ધ ગણાતી, જે કપાસીસાહેબના રસ અને નેતૃત્વનું પરિણામ હતું. શાળાની શૈક્ષણિક પ્રગતિ કે નવા આયોજન માટે શાળા બહાર ચિંતન શિબિર રાખવામાં આવે. જ્યાં સૌ પોતપોતાનો મત બિન્દાસપણે રજૂ કરે. પછી તે નાનો હોય કે મોટો, જૂનિયર હોય કે સીનિયર. ક્યારેક કપાસીસાહેબને પણ કહેવામાં આવે કે, તમે અહીં ખોટા છો. તમારી આ ભૂલ છે વગેરે. અને સાહેબ સસ્મિત સ્વીકારે પણ ખરા. આવી એક ચિંતન શિબિરમાં બે શિક્ષકો કે જેઓ નિયમિત સવારે મોડા આવતા તેમના વિષે ચર્ચા થઈ. તેમના માટે સ્ટાફે સૂચનો કર્યા કે, તેમની અડધી રજા ગણવી. તો કપાસીસાહેબ કહે કે, પાંચ-પંદર મિનિટ મોડા આવનારની અડધી રજા ગણવી યોગ્ય ના કહેવાય. કોઈએ સૂચન કર્યું કે, તેમના ખાનામાં લાલ સહીથી લીટી કરવી. તો સાહેબ કહે કે, એ તો બહુ ખરાબ લાગે. તો બીજાએ સૂચન કર્યું કે, તેમને બોલાવીને ઠપકો આપો અને કહેવું કે, તમે મોડા છો. તો સાહેબ કહે કે, એ મોડો છે એની એને ખબર હોય જ છે ને ! તો કહેવાનો અર્થ શું ? અંતે પેલા મોડા આવનાર શિક્ષકો માટે કોઈ નિર્ણય ના લીધો અને કહ્યું કે એમને જે યોગ્ય લાગે તે કરે. આમ છતાં અન્ય સ્ટાફ એવું ક્યારેય ના જ વિચારે કે પેલો મોડો આવે છે તો આપણે મોડા જઈશું તો ચાલશે. કારણ હતું કપાસીસાહેબના નેતૃત્વની શૈલી. આમ તો કોઈ એક પુરુષ અન્ય પુરુષને ચાહે તે બાબત આપણા સમાજમાં સ્વીકાર્ય નથી. પણ એમાં કપાસીસાહેબ અને વિદ્યાનગરનો સ્ટાફ અપવાદરૂપ ગણાય. કારણ કે દરેક સ્ટાફ મેમ્બર કપાસીસાહેબને ચાહતો હતો અને કપાસીસાહેબ દરેક સ્ટાફ મેમ્બરને ચાહતા હતા.

એક શિક્ષકે પોતાને થયેલા અન્યાય બાબતે સરકાર વિરુદ્ધ કોર્ટમાં કેસ કરેલો. જેમાં શાળાને પણ પાર્ટી બનાવેલ. તો કોર્ટમાં કેસ ચાલે ત્યારે કપાસીસાહેબ અને પેલા શિક્ષક એક જ સ્કૂટર પર બેસીને કોર્ટમાં જતા ! દિલમાં એવું સહેજ પણ નહિ કે, આ વ્યક્તિએ શાળાને કોર્ટમાં ઢસેડી છે. સ્ટાફ અને વિદ્યાર્થીઓ કપાસીસાહેબથી વશ હતા, જે તેમના ડરને કારણે નહિ પણ પ્રેમને કારણે. વિદ્યાનગરમાં હાયર સેકન્ડરીમાં નવા

એક શિક્ષકની ભરતી કરેલી. તે શિક્ષક ત્રણ-ચાર દિવસ આવ્યા. મસ્ટરમાં સહી પણ કરી. અંતે કોઈ કારણથી તેમને અહીં નોકરી કરવાનું અનુકૂળ ના આવ્યું. આથી તે શિક્ષકે મસ્ટરમાં જે સહીઓ કરેલી હતી તે ચેકી નાખી. અને કહ્યા સિવાય ભાગી ગયા. ત્યારે કોઈએ સાહેબને સલાહ આપેલી કે, તેની સામે કાનૂની પગલાં લો. તો સાહેબે કહેલું કે, તે ભાઈને અહીં નોકરી કરવામાં રસ જ નથી, તો આપણે તેને જવા દેવો જોઈએ. આ માનવતાભર્યો વહીવટ હતો કપાસીસાહેબનો.

કપાસીસાહેબના સિદ્ધાંતોની અસર સ્ટાફ અને વિદ્યાર્થી પર ખૂબ જ પડતી. આજે એટલું છાતી ઠોકીને કહી શકાય કે, તેમના સમયમાં નોકરી કરેલ શિક્ષક કે ભણેલ વિદ્યાર્થી સમાજને માન્ય ન હોય તેવું વર્તન ક્યારેય નહિ કરે. તે લોકશાહીમાં માનનાર, પ્રમાણિક, નૈતિક, બિનભ્રષ્ટાચારી, કલાપ્રેમી જ હશે, જે કપાસીસાહેબના આદર્શ હતા.

કપાસીસાહેબના વ્યક્તિત્વનો પ્રભાવ માત્ર શાળાના કર્મચારી પૂરતો જ ન હતો. પરંતુ મોટી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ તેમનો આદર કરતા. તે વખતે શાળામાં એડ્મિશન લેવું ખૂબ જ પ્રતિષ્ઠાભર્યું અને મુશ્કેલ હતું. પણ સ્ટાફના સંતાનોને પ્રવેશ આપી દેવામાં આવતો અને તેની ફી લેવાતી નહિ. અન્ય લોકો ઓળખાણથી પ્રવેશ માટે આવે તો સાહેબ તેમને બે-ચારવાર બોલાવે, તેમની ધીરજની કસોટી કરે, પછી જ એડ્મિશન આપે. ઘણીવાર સામાન્ય ઓળખાણ ધરાવનાર સામાન્ય વ્યક્તિને પ્રવેશ આપી દે, તો મોટાગજાની વ્યક્તિને ના પણ પાડી દે. તેમાં પણ રાજકીય ઓળખાણને તેઓ ક્યારેય વશ થયા નથી. આ હિંમતભાઈની હિંમત હતી.

વિદ્યાનગર શાળામાં ભણેલો વિદ્યાર્થી અને નોકરી કરેલ કોઈ કર્મચારી આજે ભલે ગમે તે જગ્યાએ, ગમે ત્યાં હશે, પણ એટલી ગેરંટી કે તે દરેક વિદ્યાનગરને આજે પણ પોતાની જ માનતા હશે અને કપાસીસાહેબને યાદ કર્યા વગર રહે જ નહિ. સાહેબ સદેહે અત્યારે આપણી વચ્ચે નથી, પણ દરેકના દિલમાં તો છે જ અને રહેશે.



# શ્રી હિમ્મત કપાસીને ભૂલી શકું તેમ નથી...
# ખેલદિલ-નર્મ-મર્મના જ્ઞાતા

**– પ્રિ. ઘનશ્યામ ગઢવી**
**(ભૂતપૂર્વ શિક્ષક, શ્રી વિદ્યાનગર શાળા)**



હું તેમને કેવી રીતે ભૂલી શકું ? કારણ તેમણે પોતાના એક અલગ વ્યક્તિત્વથી અનેકોના દિલ હર્યા છે. ક્યાંય દેખાવ-દંભ કે દાખડો નહિ... કેવળ સ્વભાવમાં હળવી રમૂજ, હકારાત્મક વિચારસરણી અને કશુંક નવું આપવાની વાત.

૧૯૭૪થી હું વિદ્યાનગર પ્રાથમિક શાળામાં સામેલ થયો. પછી હાઈસ્કૂલમાં સેવાઓ આપી. ૧૯૮૬ સુધી તેમનું સતત સાન્નિધ્ય સાંપડ્યું. ૧૧-૧૨ વર્ષની મારી શૈક્ષણિક કારકિર્દી તેમના સાન્નિધ્યમાં રહી. તેમને જોયા-નીરખ્યા, અનુભવ્યા ને પરિણામ એ આવ્યું જે મારામાં હતું તેને બહાર લાવવા, હું નોખો તરી આવું તેવી મારી પ્રતિભા તેમણે ઊભી કરી આપી.

શાળાના ટ્રસ્ટી, આચાર્ય, સર્વેસર્વા છતાં તેમની હલક-છલક સાવ સહજ. ક્યાંય ભારેખમ નહિ. વિશિષ્ટ બોલી, વિશિષ્ટ હાસ્ય અને પ્રોત્સાહન આપવાની વિશિષ્ટ રીત જે મારા માટે મનભાવન રહી.

મેં એમને નાટ્યલેખક તરીકે જોયા, વાંચ્યા ને પાછા નાટ્ય દિગ્દર્શન કરતાં અનુભવ્યા. 'ફાધર પિટ્રી' તેમનું એકાંકી મને કાયમ યાદ રહ્યું. વળી પાછા લા.ઠા. કે. ચિનુ મોદી સાથે ઈમ્પ્રૂવાઈઝેશનમાં નાટ્યકૃતિમાં - અભિનય કરતાં જોયા. 'આકંઠ સાબરમતી' દર બુધવારે મળે. ઈમ્પ્રૂવાઈઝેશન રજૂ થાય અને તેમાં લા.ઠા. કૃત 'ખૂન-ખૂન' ઈમ્પ્રૂવાઈઝેશનમાં માથે રુંછાવાળી ટોપી, ટટ્ટાર વ્યક્તિત્વ અને હાહાહાહાહા, કરતાં એન્ટ્રી અને ભુલ્લન ! ભુલ્લન ! એવા ઉદ્ગારો-ને અભિનયમાં મઝા પડી જાય ને જોવા ગમે તેવા, હૉલમાં મ્હોરી ઊઠે-એવા કપાસી સાહેબ હજુ નજરોથી ખસતા નથી.

ક્યારેક ઑફિસમાં બોલાવી સંગીતના લેખનું વાંચન કરી-શાસ્ત્રીય રાગ-રાગિણી અને શાસ્ત્રીય સંગીતક્ષેત્રના ઉત્તમ કલાકારોની વિગત દર્શાવી-મારા જેવા જેના વિશે કશું જ જાણતા ન હોય અને તેમાં રસ લેતો કરી દે અને 'સપ્તક સંગીત' સંસ્થામાં પાંચ વર્ષ સુધી શાસ્ત્રીય સંગીતના તમામ પાસાંઓ સાથે ઓતપ્રોત કરાવી દઈ દિગ્ગજ કલાકારોના સાન્નિધ્યમાં સહજ રીતે મૂકી આપે અને ક્ષણે ક્ષણને આનંદોત્સવ જેવી બનાવી આપે...

એવા કપાસી સાહેબને ભૂલી ન શકાય.

'દર્પણ' સંસ્થા - કૈલાસ પંડ્યા, દામિની મહેતા અને તેમના સાન્નિધ્યમાં 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો' લા.ઠા.નું નાટક તેમની અવિસ્મરણીય ક્ષણો વિસરાતી નથી. હજી તાજી જ છે. 'વૃક્ષ' નાટક-ચિત્રકાર બાલકૃષ્ણ પટેલ અભિનય આપે અને તેને દાદ આપવાની ક્ષણો હિમ્મત કપાસીની નોખા પ્રકારની.. હજી આંખ સામે તગતગે છે. લા.ઠા., ચિનુ મોદી, આદિલ, મધુ રાય સાથેના અંતરંગ સંબંધો અને તેમની શ્રેષ્ઠ રચનાઓનું વિશ્લેષણ આપે ત્યારે એમની દૃષ્ટિમાં સૂક્ષ્મ વિવેચક વંચાય. પિરાજી સાગરા, કિશન કાંબલે, વિનોદ પારૂલ, મહેન્દ્ર કડિયા વગેરેના પ્રદર્શનોને નિરખતા હોય ને કલાકૃતિ વિશેના તેમના તૂટક તૂટક શબ્દો આર્ટ ગેલેરીમાં પડખે ઊભા રહીને સાંભળ્યા છે ત્યારે 'આ માણસે માત્ર પીંછી પકડી નથી... પણ રંગોની અને ચિત્રોની દુનિયામાં નખશિખ ઝબકોળાયા છે. કપાસી સાહેબ સ્વયં શિલ્પકૃતિ કે ચિત્રકૃતિ ભાસે ! એવા મેં જોયા છે. વિવિધ આર્ટ ગેલેરીમાં કે ચિત્રશૈલીની છણાવટમાં!'

'સપ્તક'ની ખુલ્લી ઑફિસમાં જ્યારે સ્વ. નંદન મહેતા કે મંજુબહેન હોય, રૂપાંદે શાહ કે પ્રફુલ્લભાઈની ઉપસ્થિતિ હોય. ક્યારેક દ્વારિકાપ્રસાદ સાંચીહરને નિમંત્રી-કોઈ શબ્દચિત્ર ઊભું કરે. કોઈ રેખાચિત્રભર્યા વર્ણન પ્રસંગમાં ખેંચી જઈ કપાસી-હાસ્યની છોળો માટે નિમિત્ત બનીને જે વાતાવરણ ઊભું કરી દે એ સમયે નંદન મહેતાનો પાનપરાગનો ડબ્બો ને ચમચી અને તેમાંથી ચૂટકી ભરીને લેવાની કપાસીની અદા, અને મંજુબહેનનું ખડખડાટ હાસ્ય-હજુ વિસરાતું નથી..! ક્યા બાત હૈ કપાસી સર !

ક્યારેક કોઈ ભવ્ય કાર્યક્રમમાં હાજરી આપવાની હોય તેમાં જવાનું બને તો મને તેમના સાથીદાર થવાની તક મળતી ત્યારે પહેલી હરોળમાં સાવ સહજ રીતે ગોઠવાય અને પછી સ્ટેજ પરથી જે કાંઇ રજૂ થવાનું હોય તેની આગાહી એડવાન્સમાં કરીને ક્યાં ક્ષતિ-ભૂલો થશે તેની પણ જાણ કરી દે. પછી જ્યાં એવી સ્થિતિ ઊભી થાય ત્યારે ખડખડાટ હાસ્ય ને મારી સાથે તેમના હસ્તનું મિલન થઈ અગમભાવિના પુરસ્કર્તાનું બહુમાન મારા તરફથી મેળવી-મસ્તકને ડોલાયમાન રાખે ! એ ક્ષણો હજુ તાજી થાય છે. કહેવું પડે કપાસી સાહેબ !

કપાસીની આંખમાં ચિત્રશૈલી દેખાય, કાનને વિચારીએ તો સંગીતસભર, હાથ અને પગ અભિનયની મુદ્રામાં, ચહેરો તત્ત્વજ્ઞભૂ આભાભર્યો, સમગ્ર મસ્તિષ્ક વિવિધ ચેતનાઓથી સભર...કલાના મર્મજ્ઞ અને માનવતાના હિમાયતી એવા કપાસી સાહેબને કેમ ભૂલાય ?

આમ શ્રી કપાસી સાહેબને મેં નિહાળ્યા છે ..બિલકુલ નજીકથી એક સફળ શાળા સંચાલક- આચાર્ય તરીકે, કલાકાર તરીકે, સાહિત્યકાર તરીકે, ભાવક તરીકે, વાચક તરીકે, ક્ષણેક્ષણને માણતા શ્રોતા તરીકે, સંગીતજ્ઞ તરીકે, નાનાવિધરૂપમાં ઓતપ્રોત થનાર વ્યક્તિ તરીકે..તેમ છતાંય આજે તેઓ દૈહિક રીતે નથી છતાંય મેં નીરખ્યા છે મારામાં મારા થઈને ! કેવી રીતે ભૂલું તેમને ? ભૂલી શકાય તેમ નથી...

**(સૌજન્ય : 'કલાવિમર્શ' ત્રૈમાસિક સામાયિકમાંથી)**



# ॥ કથમ્ અપિ ભુવને અસ્મિન્ તાદશાઃ સંભવન્તિ ॥
# ॥ આ જગતમાં તેમના જેવા ભાગ્યે જ જન્મતા હોય છે. ॥

– વિજય પંડ્યા
(રાષ્ટ્રપતિ - પુરસ્કૃત, સંસ્કૃત
સાહિત્યના અભ્યાસી)

હિમ્મતભાઈ (કપાસી)ને જ્યારે પણ તેમના દ્વારા સંચાલિત શાળા 'વિદ્યાનગર' માં મળવાનું થતું ત્યારે એક સંસ્કૃત કવિની ઉપરની ઉક્તિ મને હંમેશાં સ્મરણે ચઢતી. હિમ્મતભાઈનો પ્રત્યક્ષ પરિચય મને થયો મારા મુંબઈ નિવાસી સાહિત્યકાર મિત્ર, ભરત નાયક દ્વારા. તેમના પુત્ર આકાશનું ભણવાનું મુંબઈમાં કંઈ પાટે ચઢતું ન હતું અને એટલે, તેમણે નક્કી કર્યું કે આકાશને અમદાવાદમાં રાખીને ભણાવવો. તેને માટે યોગ્ય શાળાની શોધ ચાલી અને સ્વાભાવિક છે કે હિમ્મતભાઈની વિદ્યાનગર શાળા તરત જ નજરે ચઢે. સાહિત્યના જીવ હિમ્મતભાઈના સાહિત્યકારો સાથે સંપર્ક ઘણા અને એટલે, ભરત નાયક પણ તેમને મળ્યા અને વિદ્યાનગર હાઈસ્કૂલમાં આકાશને દાખલ કર્યો. આ રીતે હિમ્મતભાઈના પરિચયમાં આવવાની અને વારંવાર મળવાની પણ તક ઊભી થઈ. આમ, આકાશ નિમિત્તે વિદ્યાનગર શાળામાં હિમ્મતભાઈને વારંવાર મળવાનું બન્યા કરતું.

આ પ્રસંગમાંથી બીજો એક ફણગો એ ફૂટ્યો કે, હું વાહન ચલાવું નહીં, મને ચલાવતાં આવડે નહીં. એટલે અમદાવાદમાં મોટે ભાગે હું રિક્ષામાં ફરું. ક્યારેક મારા પુત્ર ચિ. સંવેદનની પણ સહાય લઉં અને તેના સ્કૂટર પર તેની સાથે હું ગન્તવ્ય સ્થળે પહોંચું. એક વખત આકાશને નિમિત્તે વિદ્યાનગર શાળામાં કામ કરતા એક શિક્ષક - આચાર્ય સાહેબને મળવા જવાનું થયેલું. તો મારા પુત્ર સંવેદનની સહાયથી તેના સ્કૂટર પર વિદ્યાનગર શાળાએ પહોંચ્યો. આચાર્ય સાહેબ તો મળ્યા નહીં. પણ મેં સહેજ પૂછ્યું કે હિમ્મતભાઈ છે ? અને અમે હિમ્મતભાઈને શાળાની તેમની કેબિનમાં મળ્યા. સાથે સંવેદન પણ. હિમ્મતભાઈએ એમની અનૌપચારિક લાક્ષણિકઢબે મારા પુત્ર સંવેદનને પૂછ્યું, ' શું કરે છે. દોસ્ત ? શું ભણ્યા છો ?' સંવેદને પોતે એમ.એ. અંગ્રેજી સાથે છે. અને બી.એડ્. પણ કર્યું છે અને જર્નાલિઝમમાં પણ અનુસ્નાતક છે, એવી માહિતી આપી. તે સમયે સંવેદન કોઈ ગુજરાતી અખબારમાં કામ કરતો હતો તે પણ જણાવ્યું. હિમ્મતભાઈએ કહ્યું, 'અમારી શાળાને તમારા જેવી વ્યક્તિની જરૂર છે, જોડાવો અમારી શાળામાં.' અને સંવેદન આ સુપ્રતિષ્ઠિત વિદ્યાનગર શાળામાં જોડાયો અને વિશાળ ભાવજતનનો એક ભાગ બન્યો.

પછી તો હું વારંવાર હિમ્મતભાઈને મળતો, મારી લેખનપ્રવૃત્તિ વિશે હિમ્મતભાઈ પૂછે, મારાં પુસ્તકો પણ ક્યારેક ક્યારેક હિમ્મતભાઈને ભેટ આપતો.

પછી તો હિમ્મતભાઈ એક ફિલ્મ-સોસાયટી પણ ચલાવતા. તેનો પણ હું સભ્ય થયો. આ ફિલ્મ-સોસાયટીમાં મેં ઘણી ફિલ્મો જોઈ. અહીં પણ મને મુશ્કેલી વાહનની. યોગેશ ('સમૂડી'-ખ્યાત અને પરબ-તંત્રી) યુનિ.ના મારા નિવાસસ્થાને આવે અને મને તેના સ્કૂટર પર લઈ જાય અને ફિલ્મ સોસાયટીમાં રવિવારે સવારના ભાગમાં અમે આ રીતે જાત-જાતની ફિલ્મો જોઈએ.

તેમણે - હિમ્મતભાઈએ વધુ લખ્યું નહીં. પણ તેમના નિરાળા વ્યક્તિત્વ જેવું જ તેમનું ગદ્ય પણ હતું. મને તો એવું લાગે છે કે, જો તેમણે વધુ લખ્યું હોત (પણ તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ જોતાં, તે શક્ય હતું જ નહીં.) તો આપણા ગુજરાતી સાહિત્યના એક સમર્થ બરછટ અને બળકટ ગદ્યકાર હોત.

વિદ્યાનગર એક આદર્શ શાળા, વિદ્યાનગર જાણે હિમ્મતભાઈની સર્જનાત્મક રચના, તેમનું અમદાવાદના અને ગુજરાતના શિક્ષણજગતને ચિરંજીવ અર્પણ. તેઓ પોતેજ એક સંસ્થા સમા, He was an institution himself.

સીડની, ઑસ્ટ્રેલિયા સ્થિત આરાધનાબેનના 'સુરીલા સંવાદ' પુસ્તકમાં નામાંકિત ગુજરાતીઓ સાથેના આરાધનાબેનના વાર્તાલાપો (જે આરાધનાબેને સૂરસંવાદ રેડિયો પર લીધેલી મુલાકાતો રૂપે છે.) સંગૃહિત થયા છે. તેમાં હું હળવી અને ગંભીર રીતે (કોઈ પૂછી બેસે કે બન્ને-હળવી અને ગંભીર કેવી રીતે શક્ય બને ? તો હું તે વ્યક્તિને પણ કહું, બરાબર, તમારી વાત પણ સાચી ?) ક્યારેક કહું છું કે એમાં એક અ-નામાંકિત વ્યક્તિની (આ લખનાર વિજય પંડ્યાની) પણ આરાધનાબેને મુલાકાત લીધેલી છે. તે મુલાકાત અને પુસ્તક 'સુરીલા સંવાદ' હિમ્મતભાઈના જોવામાં આવ્યાં હશે અને એટલે સંવેદન સાથે તેમણે આ પુસ્તક અને મુલાકાત-ઈન્ટરવ્યૂ વિશે પૃચ્છા કરી. મેં સંવેદન પાસેથી હિમ્મતભાઈ શાળામાં ક્યારે આવે છે તે વિશેની વિગતો જાણવા ચાહી. પુત્રે કહ્યું, 'હમણાં સરની તબિયત બરાબર રહેતી નથી. એટલે આવતા નથી.' મેં કહ્યું, 'આવતા થાય એટલે મને કહેજે, મારે મળવું છે ?'

પણ અફસોસ, એ પળ પછી કદી આવી નહીં. હિમ્મતભાઈ પછી ભાગ્યેજ નિયમિત રીતે પહેલાંની જેમ શાળામાં બેસતા થયા અને હું મળી ન શક્યો, જે રંજ ચિત્તમાં જિંદગીભર રહેશે.

હિમ્મતભાઈ, We will miss you !

# 'પ્રોજેક્ટર પ્રાપ્તિ પ્રસાદી સ્વરૂપે'

– વિનોદ પટેલ (ચિત્ર શિક્ષક)

શાળાનો શુભારંભ તા. ૨૬-૦૨-૧૯૫૩ ના દિવસે થયો હતો. મારી શાળાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કપાસી સાહેબ, 'ફિલ્મ સારી રીતે, કેવી રીતે જોવી અને સંગીત શ્રવણ કેવી રીતે કરવું' તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડતા હતા. ઈ.સ. ૧૯૭૦માં 'ન્યુ ફિલ્મ સોસાયટી'ની શરૂઆત થઈ, તે સમયે શાળામાં એક 'ફિલ્મ પ્રોજેક્ટર' વસાવવામાં આવ્યું. તે વેળાએ તેની કિંમત અંદાજે રૂા. ૩,૦૦૦/- કે ૪,૦૦૦/- હશે.



જૂના જમાનામાં આવા પ્રોજેક્ટરથી ગામડે ગામડે ખેતી વિષયક, દૂધ ઉત્પાદન સંબંધિત, સ્ટીમર કેવી રીતે બનતી, યુધ્ધ વિષાયક ફિલ્મ્સ ગ્રામ્યજનોને બતાવવામાં આવતી. સાથે સાથે મનોરંજક ફિલ્મ્સ પણ દર્શાવવામાં આવતી. સરકાર તરફથી આવી ફિલ્મ્સ મફતમાં પ્રજાને બતાવાતી. આવી ફિલ્મ્સની રીલ્સ પોલેન્ડ, ઝેકોસ્લોવેકિયા જેવા દેશોમાંથી આવતી. તેમાં અમુક 'એમ.એમ.' ની રીલ્સ આવતી. માહિતી ખાતા તરફથી આવી ફિલ્મ્સ પ્રચારાર્થે ગામડામાં દર્શાવાતી.

સને ૧૯૭૦ માં અમારી પ્રતિષ્ઠિત શાળા શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલમાં દર પંદર દિવસે રવિવારે રાત્રિ સમય ૭-૩૦ ની આસપાસ વિદ્યાર્થીઓને અને શિક્ષકોને આર્ટ મુવીજ તેમજ માહિતીપ્રદ ચલચિત્ર દર્શાવાતા. જેમાં ચાર્લિ ચેપ્લીનની કોમિક ફિલ્મ્સ, સસ્પેન્સ ફિલ્મ્સ રજૂ થતી. આવા ચલચિત્ર, એક માસમાં બે-એક ચલચિત્ર બતાવાતા. વિદ્યાર્થીઓ પોતાની લેસન ડાયરીમાં તે અંગેની માહિતી પણ લખતાં. અમદાવાદની આર. ટોલાટની કંપની જે સાઉન્ડ અને ફિલ્મ્સનું કામ કરતી તે સંસ્થા શાળાઓમાં આ ફિલ્મ્સ અંગેની વિગતો પૂરી પાડતી.

તે સમયે શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ મુંબઈની 'ફેડરેશન ઓફ ફિલ્મ સોસાયટી ઓફ ઈન્ડિયા' ની મેમ્બરશીપ ધરાવતી હતી. 'ન્યુ ફિલ્મ સોસાયટી' ની ફિલ્મ્સ મુંબઈથી આવતી. શાળાના પટાવાળાભાઈ શ્રી નવીન શુક્લ આ ફિલ્મ્સ લેવા મુંબઈ જતા.

મુ. શ્રી કપાસી સાહેબ જે તે દિવસે જે ફિલ્મ દર્શાવવાની હોય તેની માહિતીનું ચોપાનિયું પ્રેક્ષક સમુદાયને વિતરિત કરતા શ્રી કપાસી સાહેબ સંગીત, ચિત્ર અને ફિલ્મ્સના મર્મજ્ઞ હતા. તે ફિલ્મ્સ જોવાના શોખીન હતા. તેમણે 'સીને રાગ' નામક એક પુસ્તક પણ લખ્યું હતું.

આવી, ક્યુરીઓસિટી ધરાવતા મારા ટ્રસ્ટી શ્રી કપાસી સાહેબ દ્વારા મને પ્રસાદી સ્વરૂપે આ 'ફિલ્મ પ્રોજેક્ટર' પ્રાપ્ત થયું હતું. જે આજે પણ મારા ચિત્ર સ્ટુડિયોમાં કાર્યરત છે. અને ઈન્સ્ટોલેશન આર્ટના કાર્યમાં આજે પણ મને સહાયરૂપ છે. આવી દીર્ઘદૃષ્ટિ ધરાવતા શિક્ષણના તજ્જ્ઞ દ્વારા જ શિક્ષણ સમાજમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે!



અંતે મુ. શ્રી કપાસી સાહેબને નત્ મસ્તક વંદન....


IDYANAGAR HIGH SCHOOL

SHREE VIDYANAGAR HIGH SCHOOL

Alumni Association
Shree Vidyanagar High School
DOCTOR'S MEET




SHREE VIDYANAGAR HIGH SCHOOL


SHREE VIDYANAGAR HIGH SCHOOL



# મારા ગુરુજી કપાસી સાહેબ

– ડૉ. રેખા યોગેન્દ્ર ત્રિવેદી

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકે લાગ પાય।
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય॥

આપણી મુસીબતમાં જેટલી સહજતાથી, શ્રધ્ધાથી મંદિર જઈ, પ્રાર્થના કરીએ. ભગવાન આપણને વહેલાં કે મોડો પ્રતિભાવ આપે, પણ આપણા ગમતા શિક્ષક-ગુરુ પાસે જઈએ તો સહજતાથી આપણી મુસીબતનો તાત્કાલિક ઉકેલ શોધી આપે છે.

મારી વાત કરૂં તો, હું ધોરણ ૮ થી ૧૧ સુધી શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરામાં ભણી છું. ૧૨ થી ૧૫ વર્ષની ઉંમર, નિયમિત પ્રાર્થના પણ સ્ટેજ પર ઊભા રહીને કરવી, અનુકૂળતા મુજબ Sports માં ભાગ લેવો, વાર્ષિક ઉત્સવોમાં પણ ભાગ લેવો અને સાથે સાથે અભ્યાસ પણ કરવો. આ બધા વર્ષોમાં પૂ. શ્રી હિંમતભાઈ કપાસી સાહેબને અમારા શિક્ષક તરીકે, પ્રિન્સિપાલ તરીકે અને સંચાલક તરીકે પણ એમને જોયા છે. એ ઉંમરે મારી નજરે એમની ખાસ ખાસિયતમાં, એમને કદીય ક્યાંય સ્કૂલ સમય દરમ્યાન બેઠેલાં તો જોયા જ નથી, જાણે હરતાં ફરતાં શિક્ષક. ક્યારેય કદી ગુસ્સે થતાં પણ નથી જોયાં. હંમેશ પોતાની મસ્તી, સંગીતની ધૂનમાં અને દરેક વિદ્યાર્થીમાં ગુણો શોધતા જ જોયાં છે. પોતે ભાષા, સંગીત નૃત્યના સમન્વયની સાથે સાથે હંમેશા દરેકને મદદ કરવાનો તેમનો સ્વભાવ ક્યારેય ભૂલાય તેમ નથી.

મારો પોતાનો અનુભવ કહું કે નવી સ્કૂલ શરૂ થઈ ત્યારે મારા પપ્પાએ મને આવીને કહ્યું કે ઘરની નજીક જ શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ શરૂ થાય છે. અને હું તારૂં નામ રજિસ્ટરમાં પહેલું જ કરાવીને આવ્યો છું. પણ સ્કૂલ સમય દરમ્યાન હું એ પણ ભૂલી ગઈ, પણ ત્યાર પછીનાં વર્ષોમાં, જ્યારે મળું ત્યારે અન્યની હાજરીમાં મારી ઓળખાણ એમણે, વિદ્યાનગર સ્કૂલના પહેલાં વિદ્યાર્થી, સૌથી પહેલાં ડૉક્ટર તરીકે અવાર નવાર કરાવી. મને એમણે પોતાના પ્રથમ બાળક જેવો પ્રેમ ૬૦ વર્ષ સુધી આપ્યો છે. અને સંબંધો પણ એક પ્રેમાળ પિતા અને વડીલ જેવા રાખ્યા છે. ભલેને હું એમને ૧૦-૧૫ વર્ષે મળી હોઉં. ત્યારે પણ એમણે મને લાગવા નથી દીધું કે હું બહુ વર્ષોએ એમને મળી છું. એજ નાનપણની લાગણીઓ, પ્રેમ ભરી ઉષ્માથી મારામાં આનંદ ઉત્સાહ ભરી દે. આપણી મુશ્કેલીનો સામનો કરવા રસ્તો શોધી કાઢે. એવા ઉમદા વ્યક્તિત્વને જિંદગીભર ન ભૂલી શકાય તેમ છે.

જ્યારે હું ૧૧ માં ધોરણમાં આવી ત્યારે સ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક કોઈ નહોતાં મારે આઠમા વિષય તરીકે સંસ્કૃત રાખવું હતું. એમણે બધા વિદ્યાર્થીઓને સમજાવી દીધા પણ મારા પપ્પાએ મને ઠસાવી દીધેલું કે એ સ્કોરિંગ વિષય છે. એટલે આપણે લેવાનો જ. એટલે મેંય જીદ કરી કે મારે લેવું જ છે. એમણે બીજા જ દિવસે દર શનિવારે સંસ્કૃત શીખવવા માટે નવા શિક્ષકની વ્યવસ્થા કરી ને મારી સાથે આઠ-દસ વિદ્યાર્થીઓ પણ એ માટે તૈયાર કર્યાં.

ઘણાં વર્ષો પછી એકવાર અમારે મળવાનું થયું ત્યારે એમને મને ટકોર તો કરી કે તારે તો જો બંને છોકરાંઓને ગુજરાતી મીડીયમમાં જ ભણાવવાના હોય તો તારી સ્કૂલમાં જ મૂકવા જોઈએ ને ? ત્યારે મેં કહ્યું કે સાહેબ મારી તો ઈચ્છા હતી પણ મારા છોકરાંઓ જે સ્કૂલમાં કે.જી. થી ફોર્થ સુધી ભણ્યાં હોય તો એમના વાલી તરીકે અમારી સ્કૂલ તરફની ફરજ તરીકે એમને કેમ ધોરણ પાંચથી મારી સ્કૂલમાં મૂકાય? ત્યારબાદ કદીયે આ અંગે ચર્ચા કે અપેક્ષા કરી નથી. મારા બંને બાળકોને પણ તેઓના તે વિદ્યાર્થી નથી એવું લાગવા દીધું નથી. મારો દીકરો શારદામંદિર સ્કૂલમાંથી ક્રિકેટનો કેપ્ટન હતો. ત્યારે એમને દીવાન બલ્લુભાઈ ટુર્નામેન્ટમાં વિદ્યાનગરની ટીમ સામે Final માં રમવાનું હતું ત્યારે એણે મને કહ્યું કે મમ્મી તમારી સ્કૂલ સામે મારે Final મેચ છે. ત્યારે એમની સાથે વાત થઈ તો કહે અરે વાહ, ગુંજન તારો છોકરો છે ! ત્યાર બાદ જ્યારે મળે ત્યારે, એના વખાણ કરતાં કદી થાક્યા નહિ અને એને પણ જ્યારે કામ હોય ત્યારે એ એમની પાસે પહોંચી જતો. મારી દીકરીએ સંગીત શીખવાનું ચાલું કર્યું. એ મેડીકલમાં અભ્યાસ કરતી હતી ત્યારે એક જ વર્ષમાં Final MBBS અને સંગીત વિશારદની પરીક્ષા સાથે આવતી હોઈ એણે સંગીતમાંથી એક વર્ષ break લીધો કે Internship માં વિશારદ આપીશ. MBBS થયા પછી એના શિક્ષકે એને ના પાડી કે મને સમય નથી. ત્યારે હું કપાસી સાહેબને મળી કે ગમે તેમ કહી મને સંગીતના સાહેબની વ્યવસ્થા કરી આપો કે જેથી Internship દરમ્યાન એ વિશારદ કરી શકે. એમણે કહ્યું જરાય ચિંતા ના કરીશ, સમજ કે તારી છોકરી વિશારદ થઈ ગઈ અને શ્રી ખત્રી સાહેબને મોકલી આપ્યા, અને એમના આશીર્વાદથી જ એ વિશારદ કરી શકી એમ કહું તો કશુંય ખોટું નથી.

હા, મારો ભાઈ ઉમાકાન્ત પટેલ ધોરણ ૫ થી ૧૧ સુધી ૭ વર્ષ શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલમાં ભણ્યો. એ દરમ્યાન જ સ્કૂલમાં ક્રિકેટની પ્રવૃત્તિ પૂ. કપાસી સાહેબે જ શરૂ કરી અને સારા નસીબે એના નેતૃત્વમાં જ આપણી સ્કૂલને 'દિવાન બલ્લુભાઈ હાઈસ્કૂલ' નો ક્રિકેટ કપ મળ્યો. એ દિવસ તો આજે પણ અમારાથી ભૂલાય એમ નથી. એણે ધો.-૧૧ માં પછી ઝેવિયર્સ કૉલેજમાંથી B.Sc. કર્યું અને ૧૯૬૪માં Chemical એન્જિનીયરિંગમાં આગળ ભણવા ગયો અને ત્યાં જ રહી ગયો. પણ મારી માફક અનુકૂળતાએ જ્યારે ભારત પાછો આવી શક્યો ત્યારે સ્કૂલમાં પગ મૂક્યા વગર કે શ્રી કપાસી સાહેબને મળ્યા વગર પાછો ગયો હોય એવું મને યાદ નથી. છેલ્લે ૨૦૧૫ માં આવ્યો ત્યારે પણ ૨૦૧૭ માં કે ૨૦૧૮ માં પાછો આવીશ એમ કહીને ગયો પણ કુદરતે એની ઈચ્છા પૂરી ન કરી અને પૂ. કપાસી સાહેબ પણ આપણી વચ્ચે નથી. પણ ત્યાં રહ્યાં રહ્યાં એને આટલા લાંબા સમયના પ્રેમ સંબંધના તાંતણાને મજબૂત કરવાનો વિચાર એને આવ્યો અને મેં આનંદથી મારી સંમતિ દર્શાવી. એમાં પૂ. કપાસીસાહેબના કુટુંબના કુટુંબીજનોએ પણ એવો જ પ્રેમ, લાગણીને આદર મને આપ્યાં. એનો હું ભગવાન પાસે આભાર માનું તેટલો ઓછો છે.

અમે આવી શાળા અને આવા ગુરુ પાસે જે મેળવ્યું છે એનો આનંદ આજ સુધી રહ્યો છે અને રહેશે.

**શ્રી વિદ્યાનગર શાળાના સ્થાપનાકાળની પ્રથમ વિદ્યાર્થિની અને શાળામાંથી સિદ્ધિ મેળવી - પ્રથમ ડૉક્ટર થનાર**



# સ્વ. શ્રી કપાસીસાહેબની સ્મૃતિઓ....

– ડૉ. કીર્તિ એમ. પટેલ
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)

હું શ્રી હિંમતભાઈ કપાસીસાહેબને મારી આંખથી વેગળા કરી શકતો નથી. મારી સ્મૃતિ મંજૂષામાં તેઓશ્રી અકબંધ સચવાયેલા છે. આમ તો હું આજે ૬૮ વર્ષની વયે પહોંચ્યો છું, તેમ છતાંય એમ જ લાગ્યા કરે છે. - ગઈ કાલ સુધી તો વિદ્યાનગર સ્કૂલમાં હતો... અને પછી જાગ્રત થાઉં છું ત્યારે થાય છે.. આજે, એ સ્કૂલના કારણે જે કાંઈ છું તે છું.... એટલે હું હજુ પણ વિદ્યાનગરનો વિદ્યાર્થી છું.... તેવું સતત મારા ચિત્તમાં વિદ્યાર્થી અવસ્થાની સ્થિતિ રમમાણ રહ્યાં જ કરે છે.

એ દિવસો.... ઉસ્માનપુરા ગામ મારું વતન.... ધોરણ ૧ થી ૪.... પસાર કરી પાંચમા ધોરણમાં વિદ્યાનગરમાં પ્રવેશ મેળવ્યો તે છેક ધો. ૧૧ સુધી અભ્યાસ કર્યો. મારો રસનો વિષય અભ્યાસ. તેજસ્વી વિદ્યાર્થી તરીકેની કારકિર્દી રહી... પણ શાળામાં કપાસીસાહેબના નેતૃત્વ હેઠળ ક્રિકેટ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ વગેરેમાં સામેલ થવાનું બને અને આનંદ અનુભવાય. આજે પણ હું આ લખી રહ્યો છું ત્યારે દેખાય છે એ દિવસોમાં રમતના મેદાનમાં ક્રિકેટ રમાય અને કપાસીસાહેબ હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડે.

ઉસ્માનપુરા ગામના અનેક સાથીદારો સાથે શાળામાં જવાનું, ભણવાનું અને કપાસીસાહેબના ગુરુપણાનો ઔદાર્યપૂર્ણ લાભ મળી રહેતો. ગુજરાતી વિષય ભણાવે ત્યારે અમે વિદ્યાર્થીઓ તેમની વાક્છટા પર આફરીન થઈ જતાં. વિષયાંતર કરે પરંતુ તેમનાં વિષયાંતરના વિષયમાં મજા પડી જતી!

૧૯૫૯ થી ૧૯૬૫ સુધીના મારા અભ્યાસ કાળ દરમિયાન શ્રી ઓમપ્રકાશ મિશ્રા, શ્રી ભીખુભાઈ જોશી સાહેબ, શ્રી ધ્રુવ સાહેબ, શ્રી કાન્તિભાઈ સાહેબ, શ્રી મેરી બહેન, શ્રી કે. કે. પટેલ સાહેબ વગેરે કેટકેટલા અદ્ભુત શિક્ષકો.... પરંતુ તેમાં સહુના શિરમોર કપાસીસાહેબની વાત જ નોખી હતી. અમે અમારા સાથી મિત્રો- મુકેશ, રમેશ અને કોકો (હુલામણું નામ) વગેરે કપાસીસાહેબના પ્રિય વિદ્યાર્થીઓ હતાં.

મેં એમને શ્રેષ્ઠ શિક્ષક, આચાર્ય તરીકે જોયા છે. તેમનું આંતરિક વલણ, સહુ પ્રત્યે પૉઝિટિવ, જે મને સ્પર્શી ગયું છે. આજ દિન સુધી તેમના હકારાત્મક વલણને ભૂલ્યો નથી. મારી અભ્યાસકીય કારકિર્દી ઘડાઈ, પછી ડૉક્ટર બન્યો અને પ્રગતિના સોપાન સર કરતો આગળ ધપ્યો તેમાં તેઓશ્રીનું પ્રેરણાબળ રહ્યું છે. તેમના સંપર્કમાં અવારનવાર આવવાનું બન્યું ને સંબંધો ગાઢ બનતા ગયા. વિદ્યાનગરના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવાનું થતું. આમંત્રણ મળતું ને હું પહોંચી જતો. આજે પણ એ જ વિદ્યાનગર સ્કૂલ - પહેલાંની જેમ જ વહાલી લાગે છે, ગમે છે.

મારી ઈચ્છા હતી કે આજે હું જ્યાં પહોંચ્યો છું ત્યાં મારી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શ્રી કપાસીસાહેબ પણ સામેલ થાય અને જી.સી.એસ. મેડિકલ કોલેજ - કૅમ્પસમાં પધારે, સાથે ભોજન લઈએ અને ભૂતકાળના સંસ્મરણોને વાગોળી એ દિવસોને યાદ કરવામાં - નાના બની. ખોવાઈ જઈએ. આ મારી ઈચ્છાને કપાસીસાહેબે પૂરી કરી અને મેડિકલ કૅમ્પસમાં આવી મને ગૌરવાન્વિત કર્યો.

મારી પ્રગતિના સોપાનોમાં કૅન્સર જેવી ઘાતક બીમારીના દર્દને નિવારવા સફળ ડૉક્ટર બન્યો, પ્રતિષ્ઠા મળી અને હૉસ્પિટલમાં ડીન તરીકે સેવાઓ આપું છું. આ સમગ્ર પ્રગતિનો યશ શ્રી કપાસીસાહેબને જાય છે. તેઓશ્રીના સૂચનથી ભૂતપૂર્વ વિદ્યાર્થી ઍસોસિએશનનો વાઈસ પ્રેસિડેન્ટ બન્યો.

સમય પસાર થાય છે. સમય બદલાતો પણ જાય છે ત્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સાહેબશ્રીને મેં નવા જમાનાની તાસીરને ઓળખી English Medium School અંગે સૂચન કર્યું. સાહેબે સ્વીકાર્યું.... જે આજના સમયની તાતી માંગને એમણે વધાવીને તેના શ્રી ગણેશ કર્યા. તેઓશ્રીનો ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ અને ગુજરાતી માધ્યમ માટેની લાગણી પણ એવી જ રહી - જેના પરિણામે કેટલાંક વર્ગો ગુજરાતી માધ્યમના પણ રહેવા દીધાં.

આજે સાહેબ આપણી વચ્ચે નથી. પરંતુ તેમના પગલાંની છાપ શાળામાંથી ભૂંસાઈ નથી તેમ તેમની અનેકવિધ છાપ મારા ચિત્તમાંથી ભૂંસાઈ નથી. આદર્શ શાળા એટલે વિદ્યાનગર, તો અપ્રતિમ વ્યક્તિત્વ એટલે શ્રી કપાસીસાહેબ! તેઓ શ્રી મારી સ્મૃતિઓમાંથી કેમ છૂટા થાય! પ્રણામ, સ્વ. શ્રી કપાસીસાહેબને.

# સમયના વહેણમાં વહેતું આપણું પૂર્વ વિદ્યાર્થીમંડળ
# શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ

– આર. સી. પટેલ
(પ્રમુખ, પૂર્વ વિદ્યાર્થી મંડળ)




૨૬ મી ફેબ્રુઆરી, ૧૯૫૩ ઉસ્માનપુરા મધ્યે શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલનો પ્રારંભ, ચોતરફ ખુલ્લો વિસ્તાર, ધૂમ્રસેરો આકાશને આંબવાનો પ્રયત્ન કરતી દેખાય એ વેળાએ અમદાવાદ મધ્યે એના સ્વાભાવિક સ્વરૂપમાં જ સાબરમતી નદી વહેતી હતી. વર્ષો વીતી ગયા, સડસડાટ વીતી ગયા. આ મસ્તિષ્કમાં ભૂતકાળના અનેક સ્મરણો આજે છે એવા અકબંધ છે. શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલની ઈમારતે ૫૩ વર્ષની સોનેરી પ્રભાતો અને સલૂણી સંધ્યાઓ જોઈ નાંખ્યા છે. કેટકેટલાક વિદ્યાર્થી મિત્રોના કાફલા આ પટાંગણમાં છલકાઈ ગયા. આજે જ આ બધું ચાલી રહ્યું છે ઘડિયાળની જેમ. સેવકમિત્રો, કારકુનમિત્રો, શિક્ષકમિત્રો, આચાર્યમિત્રો, મસ્ટરમાં નોંધાયા અને વિસરાયા. વિદ્યાર્થીઓના હાજરીપત્રકોમાં કેટ-કેટલાય નામો લખાયા અને વિસરાયા. આજેય વિદ્યાર્થીઓનો અવિરત પ્રવાહ વિદ્યાનગરના વર્ગોમાંથી પસાર થઈ જાય છે. ઘણું બધું ભૂતકાળ થઈ ગયું છતાં એ બધું લીલુંછમ લહેરાયા કરે છે. મારા દિલોદિમાગમાં અહીંથી અભ્યાસ કરી ગયેલા ભાઈ-બહેનોએ સમાજના અનેકવિધ ક્ષેત્રોમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કર્યું છે એનું ગૌરવ મને અને સંસ્થાને હોય એ સ્વાભાવિક છે.

શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે મળી એક પરિવાર સ્વરૂપે સંગઠનમાં જોડાય એ ક્ષણે વિતેલા સમયના કેટકેટલા સંભારણાં સ્મૃતિપટ પર ઉભરી આવે છે. ઉત્તમ અભ્યાસની સ્પર્ધા, ક્રિકેટનો એ માહોલ, આપણો રસોત્સવ અને રમતોત્સવ. જ્ઞાન પરબ અને ચિત્ર ખંડની એ મજાઓ, પર્યટનો અને પિકનિકો, આ બધું એના એ જ રંગો સાથે આંખ સામે એક ચિત્રપટની જેમ તરોતાજાં થાય છે.

કોઈ એક ક્ષણે આપણા મિત્રોની સાથે મળી એકમેકની સાથે પરિચય તાજો કરી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાનો વિચાર આવે. સંગઠનસ્વરૂપે આપણે સૌ મળીએ અને કશુંક ઉપયોગી કાર્ય હાથ ધરીએ. શ્રદ્ધાથી થોડાક મિત્રોને આપણા સંગઠન વિશે વાત કરી અને સુખદ આશ્ચર્ય વચ્ચે જોતજોતામાં ૭૦૦ ની સંખ્યામાં મિત્રો મળ્યા. સૌની વિગતો એકઠી કરી જે તા. ૨૧-૧-૨૦૦૭ ના રોજ પ્રગટ

થયેલ આપણી પરિવાર પુસ્તિકામાં જોવા - જાણવા મળશે.

શ્રી વિદ્યાનગરની એક ખાસ ફ્લેવર છે, જે વિદેશો સુધી પ્રસરી જાય છે. અનેક નામાંકિત, સમર્થ, સફળ અને ઉચ્ચ સ્થાને જાહેર જીવનમાં આપણા મિત્રો બિરાજે છે અને કાર્યરત છે. આપણે સૌ આ સંગઠન દ્વારા કોઈ ને કોઈ રીતે એકબીજાનાં ખપમાં આવીએ. એકબીજાની નાનીમોટી મુશ્કેલીઓમાં સહયોગી બનીએ. એ દિશામાં આપણે આગળ વધવું છે. આનંદ એ વાતનો છે કે આપણે સૌ કોઈ આ પ્રકારના સંગઠનની પ્રતીક્ષામાં હતા જ. માત્ર પ્રારંભ થાય એની પ્રતીક્ષા હતી. આજે આપણા નાનકડા પ્રયત્નનું સફળ પરિણામ જોઈ શકીએ છીએ.

આપણે એકબીજા સાથે સંવાદ કરીએ અને આપણી સર્વશક્તિઓ આપણી શાળા અને સમાજને કોઈ ને કોઈ રીતે ઉપયોગી બને એ દિશામાં સક્રિય બનીએ. આપણા પરિવારમાં ડૉક્ટરો છે, ઈજનેરો છે, સી.એ. છે. વેપાર ઉદ્યોગોમાં સક્રિય અને સફળ મિત્રો છે. શિક્ષણ- ક્ષેત્રે, કલાક્ષેત્રે, રમતગમતક્ષેત્રે, સામાજિકક્ષેત્રે અને રાજકીયક્ષેત્રે આપણા કેટલા બધા મિત્રો છે, જેઓ પોતાનું પ્રદાન કરી રહ્યા છે. આટલી મોટી સંખ્યામાં એક જ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સફળ બન્યા હોય તેવું બહુધા બનતું નથી.

આ બધી સફળતાઓની ધરી હતા આપણા સહુના અતિ પ્રેમાળ આચાર્યશ્રી કપાસી સાહેબ. કેવું નિરાળું વ્યક્તિત્વ ! દૂરથી જ કોઈને ગમી જાય એવા સાફસૂથરા, નિર્મળ વ્યક્તિત્વ, સતત કંઈક નવું કરવાની ઈચ્છાપ્રેરક વ્યક્તિ હતા. સંગીતના શોખીન, શાસ્ત્રીય સંગીતની ઊંડી પરખ, વેસ્ટર્ન ક્લાસિકલ અને ઈન્ડિયન ક્લાસિકલ પરંપરાના જાણકાર. આથી જ આપણી વિદ્યાનગર સ્કૂલમાં વર્ગ બદલાય ત્યારે બેલ વાગવાને બદલે સંગીતના સૂરો રેલાતા. વિદ્યાર્થીઓને એ દિશામાં પ્રેરતા રહ્યા. કપાસી સાહેબ રમતગમતના પૂરા શોખીન. દરેક રમતમાં વિદ્યાર્થીઓ ભાગ લે એ હેતુથી ગૂજરાત વિદ્યાપીઠનું મેદાન ભાડે લઈ વિવિધ રમતો તરફ પ્રેરતા રહ્યાં. ક્રિકેટના ભારે શોખીન, તેથી જ તો વિદ્યાનગર સ્કૂલ 'હેડમાસ્તર ટૂર્નામેન્ટ કપ' હંમેશાં જીતતી રહી. આથી જ આપણા ખેલાડીઓ રણજી ટ્રોફી અને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન પામ્યા. નાટકની પ્રવૃત્તિમાં શિક્ષકોને સતત પ્રેરતા રહ્યા. નવા નવા નાટકો અને નાટ્ય પ્રયોગો કરાવે. આકાશવાણીથી રંગમંચ સુધી અનેક નાટકોમાં આપણી શાળાના વિદ્યાર્થીઓ આજે પણ છવાઈ ગયા છે.

આવું તો ઘણું બધું કપાસી સાહેબે એક પિતાની અદાથી આપણા સૌ માટે કર્યું છે. એથી જ એમની સ્મૃતિને તાજી રાખવા અને આ પરંપરાઓને જીવંત રાખવા આવો સાથે મળી વિદ્યાનગરના કૅલેન્ડરના વર્ષની ૨૬ મી ફેબ્રુઆરીને સ્થાપના દિવસ તરીકે આપણી વચ્ચે જીવંત રાખીએ.



# અભિજાત જોશી



" બી.બી.સી. નો કાર્યક્રમ જયારે શાળામાં ભણતો હતો ને સાંભળતો. એમાં – કાર્યક્રમ - 'જસ્ટ એ મિનિટ' એ સાંભળીને ખુશ થયેલો.

સર- આપે મને જિંદગીમાં જે આપ્યું છે એને લીધે હું અહીં બેઠેલો છું. આપે મને મુંબઈની ટેસ્ટમેચ જોવા મોકલ્યો 'તો અને કહેલું રજાઓ પડે એમાં વાંધો નથી. સ્કૂલ તો અહીં જ રહેવાની છે- કયાંય નથી જવાની પણ તું મેચ જોવા જા. 'ન્યુ ફિલ્મ સોસાયટી'માં ૧૮ વર્ષના હોવા છતાંય – તું ચિંતા ના કર, તું આવી જા. એટલે મારે ફિલ્મ્સ જોવાની જે શરૂઆત થઈ જે આપને લીધે થઈ. પછી મેં બે ફિલ્મ લખી. આપને અંજલિ આપી. એકમાં તો આપનું નામ વાપર્યું છે. 'સંજુ' નામની ફિલ્મ હતી. કમલેશ કનૈયાલાલ કપાસી એવું નામ છે કેરેકટરનું. કારણ કે જયારે ગુજરાતી કેરેક્ટર લખવાનું આવ્યું ત્યારે સૌથી પહેલાં આપની યાદ આવી અને આપને અંજલિ આપવાનું મન થયું. એટલે એ નામ વાપર્યું. મારી બહુ ઈચ્છા હતી કે આપ એ ફિલ્મ જુઓ. એ બન્યું નહિ આપ ચાલ્યા ગયા. એ પહેલા 'થ્રી ઈડિયેટસ' ફિલ્મ લખેલી . એમાં જે રેન્ચો નામનું કેરેકટર છે. આપનાં -- આપ જો મારા જીવનમાં ના આવ્યા હોય તો એ કેરેકટર કયારેય હું ના લખી શકયો હોત. કારણ કે જે તમારી ફ્રી થિંકિંગ , જિંદગીની મજા લેવાની એ જે વાત છે તે રેન્ચોના કેરેકટરમાં છે. અને એ બિલકુલ આપની પાસેથી શીખ્યો છું અને લોકો સુધી લઈ ગયો. અત્યારે પણ મને લેટર્સ આવે છે કે ' થ્રી ઈડિયટસ'માં જે વાત છે શિક્ષણ અંગેની – જેને ઈન્ડિયન જનરેશન કહેવામાં આવે છે – થેંકયુ સર , આ આપને આભારી છે. – ડ્યુ ટુ યુ. આપની પાસેથી સિનેમા ,ક્રિકેટ અને ખાવાનું આ ત્રણેય શીખ્યો. સંગીત નહિ શીખી શકયો. પરંતુ તમારી પાસેથી જિંદગી જીવતા શીખ્યો. થેંક યુ સર. છેલ્લે સૌમ્યના નાટકમાં મળેલો સાહેબને. '૧૦૨ નોટ આઉટ'માં ત્યારે કહેલું કે તેની અંદર મારામાં રહેલા ડાયલોગ્સ છે. લોસ એન્જેલીસમાં હું ફિલ્મ મેકર – હરઝોગને મળ્યો. તેની વાત સાહેબને કરી ત્યારે તેના વિશેની વાતમાં તેમનાથી ઉદ્ગાર નીકળ્યો ઓહોહો ... ઓહોહો.... અભિજાત અને સૌમ્ય જોશી સાથે બોલ્યાં કપાસી સાહેબ એટલે ઓહોહો..... ઓહોહો..

# સૌમ્ય જોશી



હું સ્કૂલમાં થોડો વધારે ઈન્ટ્રોવર્ડ હતો. શાળા પૂરી થયા પછી અભિજાતની જેમ સાહેબના સંપર્કમાં આવ્યો ને ઓળખવાનું બન્યું.

એ માણસ નહોતા, પણ આબોહવા હતાં. શહેરમાં બે કે ત્રણ માણસ એવા હોય છે – જેના વિશે વાત ચાલુ થાય તો ૧૨ થી લઈને ૩૬ કલાક સુધી એના વિશે બોલી શકાય. કપાસી સાહેબ એ એવાં વ્યકિત હતાં. તેમનું અગત્યનું પાસું – તેઓ મઝાને બહુ સિરિયસ લેતાં.

તમે કહો કે – મઝા પડી. એટલે એ પૂછવા માગતા હોય કે કેટલી! અને એકઝેટલી એને માપીએ તોલીએને કે તારો દિવસ સારો ગયો કે નહિ!

મારા નાટકમાં –'સૂરજ વાળી રાત' માં મિસીસ કપાસીનું કેરેકટર છે. અંદરથી લખતાં હોઈએ તો કપાસી સાહેબને યાદ કરીએ. કયારેક મારા નાટકમાં આવતાં . એમને ચાલતા જોઈએ તો એવું લાગતું કે કપાસી સાહેબ પોતાના નાટકમાં પ્રવેશ કરી રહ્યાં છે.

# સ્મૃતિ ....... સંભારણા ....... રહી ગયાં .......

નિર્ઝરી વસાવડા



મારી સ્મૃતિમાં શ્રી કપાસી સાહેબ એટલે......

ધોરણ-૫ ના નવા આવનાર વિદ્યાર્થીઓને મળ્યા, મને મળીને એટલું બોલ્યા, તું જો આવું બોલે છે તો તું ગાઈ શકે છે. અને મેં ત્યાંજ એમને બે શ્લોક ગાઈ સંભળાવ્યા. જે મે શ્રીમતી કેતાબેન ઠકકરના ભરતનાટયમ વર્ગમાં પ્રાર્થના સ્વરૂપે શીખ્યાં હતાં અને આ એમને મહાનતા હતી કે બાળકની નસને પકડી શકતાં હતાં, શાળા તરફથી પ્રોત્સાહિત કરતાં હતાં. એ સમયથી તો જાણે નિયમ બની ગયો કે પ્રાર્થનાસભાનો મ્હારાથી આરંભ કરવી. પછી તો સુગમસંગીતની માંગણી કરી તો એ પણ રજુઆત કરી , અને એમને
એવું લાગ્યું કે કોઈપણ શિક્ષા વગર જો ગાઈ શકે છે તો કેમ નહીં શાળા તરફથી ગાયનવર્ગમાં મોકલી શકાય ? એમણે સપ્તકમાં મારો દાખલો કરાવ્યો અને મા-બાપએ પણ એમનું માન રાખી બે વર્ષ તાલીમ અપાવી. સંજોગાવસાત્ સંગીતતાલીમ અધૂરી રહી, પણ સંગીત કદી ન અળગું થયું. સાથે સાથે ભરતનાટયમનું આરંગેત્રમ્ ધોરણ-૧૧ માં જ પ્રસ્તુત કર્યું અને વિશારદની પદવી લીધી.

એ દિવસોમાં આકાશવાણી પણ શાળાના વિદ્યાર્થીઓને આગવું સ્થાન આપતાં. એમાં પણ શ્રી કપાસી સાહેબે નામ આગળ આપ્યું અને કવિ શ્રી તુષારભાઈ શુકલના માર્ગદર્શન હેઠળ નાના મોટા ઘણાં કાર્યક્રમોમાં અવાજ આપ્યો. અને શાળામાં સારા સહપાઠીઓમાં એક અલગ આગવી પ્રતિભારૂપે ઓળખ આપી હોય તો એનો શ્રેય મુ. શ્રી કપાસીસાહેબનાા હસ્તે જાય છે.

આજે પાછું વાળીને જોઉં છું તો લાગે છે એક વ્યકિતના વ્યકિતત્વનો વિકાસનો આધાર ફકત પોતાના પરિવારમાંથી જ નથી થતો, શાળાના અનેક ક્ષેત્રમાંથી થાય છે . અમે અહોભાગ્યશાળી છીએ કે અમને આવા કલાપ્રેમી આચાર્યના સાનિધ્યમાં જીવનના પાયારૂપી વર્ષો પસાર કરવાનો મોકો મળ્યો.

આજે જયારે ૩૦ વર્ષ પહેલાં શાળા છોડી ત્યારે ન્હોતી ખબર કે એ શાબ્દિક પ્રોત્સાહન જીવન આટલું આગળ લઈ જશે. આજે જેટલાં પણ સ્તરે હું ભરતનાટયમ્ કલામાં આવનારી પેઢીને હું પ્રશિક્ષિત કરું છુ એ વ્યકિતત્વમાં મને હંમેશા કયાંક એવું લાગે છે કે મારા કલાગુરુ શ્રી કપાસી સાહેબ અને નૃત્યગુરુ શ્રીમતી કેતાબેન ઠકકરના આર્શિવાદથી આ શકય છે. અતિશકયોકિત નથી પણ જયારે તમારા હાથમાં ભોપાલ દૂરદર્શન તરફથી કોઈ પત્ર આવે, જે શાસ્ત્રીયનૃત્ય ભરતનાટયમ્ પરિક્ષણમાં ચયનકર્તા હેતુ હોય ત્યારે એક સામાન્ય વ્યકિતને આજ અનુભૂતિ થાય.

આ અનુભૂતિ થતી રહતી રહેવાને કારણે જ કદાચ હું અહોભાગ્ય ગણીશ મારી જાતને , કારણ ૨૦૧૭માં હું જાન્યુઆરીમાં ઈન્દોરથી અમદાવાદ બે દિવસ આવી અને કપાસી સાહેબને મળવાનો સમય ફાળવવો છે. જયારે એમને ઘેર મળવા ગઈ ત્યારે એમની પૌત્રવધુ ભૂમિકાએ બારણું ખોલતાં, મારી ઓળખાણ લેતાં જ બોલી પડી કે આવો આવો, અરે તમને તો ૧૫ દિવસ પહેલાં જ યાદ કરતાં હતાં. આજે આ લખતાં એ અનુભૂતિની ક્ષણ યાદ આવે છે કે એ પોતાના વિદ્યાર્થીઓને કેટલું પોતાના અંતરથી માનતા હતા. આજે ઘણાં સંસ્મરણો સંભારણા બની ગયા.

# પાર્થિવ પટેલ - (ક્રિકેટર)



કપાસી સાહેબ વિશે મારી ઘણી બધી યાદો જોડાયેલી છે. ધોરણ-૮ માં પ્રવેશ લીધો . તેમને મળ્યો, એમને સાંભળ્યાં ને મને ઘણું બધુ મોટીવેશન મળ્યું. ક્રિકેટની સાથે એજયુકેશન બાબતે સાહેબે ખૂબ જ ધ્યાન રાખ્યું હતું.

હું અન્ડર -૧૫ ઈન્ડિયા માટે સિલેકટ થયેલો ત્યારે હું ધોરણ -૧૦ માં હતો. એશિયા કપ રમવા જવાનું હતું. ત્યારે તેઓએ જે મને પ્રોત્સાહિત કર્યો – તે ભૂલી શકાય તેમ નથી.

હું રમીને આવ્યો ત્યારે સ્કૂલના બધચા ટીચર્સની એકસ્ટ્રા ડયૂટી ઊભી કરી અને મને શિક્ષણ આપ્યું.

હું જે સ્ટેજ પર પહોંચ્યો છું, તે તેમને આભારી છે. હું બધાને એક જ વસ્તુ કહું છું કે રાઈટ ટાઈમે જો હું આ સ્કૂલમાં ના પહોંચ્યો હોત અને કપાસી સાહેબનું માર્ગદર્શન ન મળ્યું હોત તો કદાચ, હું આ સ્ટેજ પર પહોંચી શકયો ન હોત.

# અનીલ પટેલ - ક્રિકેટર



હિંમતભાઈ કપાસી સાહેબ – જે કપાસી સાહેબના નામથી ઓળખાતા. મારા જીવનમાં તેમના ઘણાં અનુભવો અગત્યના છે.

કપાસી સાહેબ અમારી શાળાની મેચો, તેઓ જાતે જોવા આવતાં. ગ્રાઉન્ડ પર પૂરો સમય બેસતાં. દિવાન બલ્લુભાઈ શાળા સામે અમે હાર્યા ત્યારે એ શાળાના ખેલાડીઓની પ્રશંસા અને અમને ભવિષ્ય માટેની જે પ્રેરણા પૂરી પાડી તે બેનમૂન અને ખેલદિલીપૂર્વકની હતી. તેઓ શ્રી ડિસીપ્લીનના ખૂબ આગ્રહી હતા. દરેક મેચમાં ગ્રાઉન્ડ ઉપર હાજર રહી દરેક ખેલાડીઓની સાથે પાથરણાં ઉપર બેસી સાથે ભોજન કરતાં ને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા.

હું ગુજરાતમાંથી રમતો થયો, સ્કૂલ ટુર્નામેન્ટ S.S.C. પરીક્ષા માટે અવઢવ હતી. હું પાસ નહિ થઈ શકું. પરંતુ સાહેબે શિક્ષકોની વ્યવસ્થા દ્વારા એકસ્ટ્રા કોચીંગ અપાવ્યું. અને હું S.S.C માં ફર્સ્ટ કલાસ પાસ થયો. હું જે પદ પર છું તે પદને હું વિદ્યાનગર હાઈસ્કૂલ સાથે સાંકળું છું. તેમનો અમારા માથે ઉમદા હાથ છે અમે એમને પ્રેરણારૂપ માનીએ છીએ.

## Source of Inspiration

**Kiran Chudgar**
**(Old Student)**



In my 62 years of life, I have an association, with him for nearly 50 years. He was a source of inspiration in every path of life. We learnt from him how to enjoy life in all circumstances without any complaint. He was a personality with in depth knowledge of music and many other arts. Because of him, we had opportunities to meet various personalities of music world and number of Gujarati Literates. He will remain in our heart as our ideal for rest of the life.

Kapasi Saheb was not only an individual but he was an institution himself. He inspired the life of thousands of people.

I am sure, you and your family will maintain his legacy and take Vidyanagar High School to better heights in the field of education, ethical standards and extra curricular activities.

His absence will be felt throughout our life.

May his soul rest in eternal peace and guide us for a meaningful life.

# 'થ્રી ઈડિયટસ' ફિલ્મના રોન્ચોના પાત્રની પાછળ આનંદયાત્રી કપાસી સાહેબનું શિક્ષણદર્શન છે.

**– સંજય શ્રીપાદ ભાવે**

**પોંક ઓટલા પર બેસીને અને લાડુ હીંચકા પર બેસીને પડિયામાં લઈને ખવાય...**

અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં આવેલી વિદ્યાનગર સ્કૂલના અનોખા પ્રસન્નચિત્ત પૂર્વ આચાર્ય અને બહુવિધ કલાઓના અત્યંત રસિક જાણતલ હિમ્મતલાલ કપાસીનું ૮૯ વર્ષની ઉંમરે વૃદ્ધાવસ્થાને કારણે ૨૦ જુલાઈએ તેમના નિવાસસ્થાને અવસાન થયું. ગઈ અડધી સદીના અમદાવાદના ક્રિકેટ, ફિલ્મ, નાટક, સંગીત જેવા અનેક ક્ષેત્રોના સિતારાઓના કે શોખીનોના ઘડતરમાં કપાસી સાહેબનો અણદીઠ ફાળો હતો તે ડોકાઈ જતો. ક્યારેક તેમના ચાહકોના મોંએ વારંવાર સહેજ જુદી 'ગુનગુની' ઢબે બોલાયેલા કેટલાક શબ્દપ્રયોગોમાં - જલસો, આનંદ, મજો, ગમ્મત, અદ્‌ભુત, અલમસ્ત કૂવો, વાત એકદમ જામી ગઈ, ક્યા બાત હૈ....



અત્યારે અમદાવાદમાં અતિપ્રતિષ્ઠિત બની ગયેલી સંગીતસંસ્થા 'સપ્તક'ના તેઓ પાયાના પથ્થર હતા. આપણા શહેરના લોકોને દેશ-વિદેશની ઉત્તમ ફિલ્મો જોવા મળે તે માટે વર્ષો સુધી કાર્યરત રહેલી ફિલ્મ સોસાયટીના પણ તે સ્થાપક હતા. અમદાવાદીઓ ફિલ્મ ફેસ્ટિવલની મહત્તાથી વાકેફ થતા રહ્યા, તે પણ કપાસી સાહેબને કારણે, અલગ પ્રકારનાં નાટકો કરનાર 'આકંઠ સાબરમતી' નામની મંડળી શરૂ કરવામાં તેમની પહેલ હતી. તેમના વિદ્યાર્થીઓને સાહેબનાં જગજુદાં સંભારણાં માંડવાં ગમે છે. ડાબેરી કર્મશીલ હિરેન ગાંધી કહે છે : 'કપાસી સાહેબ કલાજગતના મહાનુભાવ માટે બોલતા 'બાકી જોવાલાયક જગ્યા'. મારી દૃષ્ટિએ કપાસી સાહેબ પોતે જ વાસ્તવમાં અમદાવાદની જોવાલાયક જગ્યા હતા.'

કપાસી સાહેબના આચાર્યપદ હેઠળનાં વર્ષોમાં તેમની નિશાળમાં ઘંટની જગ્યાએ સંગીત વાગતું. ક્યારેક શરણાઈ, તો ક્યારેક સારંગી, સિતાર ને સંતૂર, બાખ ને બીથોવન, અમદાવાદમાં ક્રિકેટની ટેસ્ટ કે કોઈ મહત્ત્વની મૅચ હોય ત્યારે સ્કૂલનું ટાઈમ-ટેબલ બદલાતું. સવારની સ્કૂલ પણ વહેલી છૂટી જતી-' બાળકોએ નેટ પ્રૅક્ટિસ જોવા તો જવું જ પડે નેં!' શાળાની મૅચો જોવા વિદ્યાર્થીઓ તો જાય, પણ કપાસી સાહેબ ગ્રાઉન્ડ પર ખેલાડીઓથી ય વહેલા પહોંચી જાય. શાળામાં ત્રણ દિવસ રમતોત્સવ અને ત્રણ દિવસ કલાઉત્સવ ઊજવાય. વાતો કરવાની સજા તરીકે શિક્ષકે જે વિદ્યાર્થીને વર્ગની બહાર ઊભો રાખ્યો હોય તેને કપાસી સાહેબ એમની ઑફિસમાં લઈ જાય અને તેની સાથે સિનેમા, ક્રિકેટ કે એવી કંઈ પણ વાત કરે. તેમની ઑફિસમાં રેડિયો હોય તેની પર બી.બી.સી. સંભળાવે. વિશ્વ સિનેમા પરનાં પુસ્તકોની લાઈબ્રેરી પણ ત્યાં જ.

શાળાનો પરિસર એટલે રાતદિવસ ધબકતું કલાનું ધામ. સપ્તકનું સંગીત અહીં સંભળાય. લાભશંકર ઠાકર, ચિનુ મોદી, સુવર્ણા, મધુ રાય વગેરે 'રે મઠ'ની સાહિત્યિક પ્રવૃત્તિ અને 'આકંઠ'ની પ્રયોગશીલ નાટ્યપ્રવૃત્તિ માટે અહીં

ભેગા થતા. લીલાનાટ્યો અને આધુનિક ગરબીઓ, માતબર સંગીત કલાકારોની બેઠકો અને કલાવિદોનાં વ્યાખ્યાનો, નાટ્યવાચન ને કાવ્યપઠન. વિદ્યાનગર શાળાની પ્રવૃત્તિઓનો ચિતાર આપીને રઘુવીર ચૌધરી 'તિલક કર' પુસ્તકમાં કપાસી સાહેબના વ્યક્તિચિત્રમાં બાલમુકુંદ દવેના શબ્દો ટાંકે છે : 'કોને કરું યાદ, કોને વિસારું, કિતાબ થાય.' કપાસી સાહેબની ઔપચારિક નિવૃત્તિ નિમિત્તે ઑગસ્ટ ૧૯૮૮માં લખાયેલા 'એક અનોખા ગુજરાતી' લેખમાં ઉમાશંકર જોશી કહે છે : 'એમનો ખ્યાલ કરું છું ત્યારે રાતે મોડે સૌ જંપી ગયું હોય ત્યારે બી.બી.સી. પરથી ભજવાતાં નાટકને ટગર ટગર સાંભળી રહેલા રંગભૂમિના રસિયા જીવની મૂર્તિ નજર આગળ ખડી થાય છે. બધાં ઈંગિતો અવાજ દ્વારા એમના કાન ગ્રહણ કરી રહ્યા છે.'

કાનસેન તરીકે કપાસી સાહેબ અસામાન્ય કોટિએ પહોંચેલા હતા. તેઓ પાશ્ચાત્ય સંગીત સહિત સંગીતના અનેક પ્રકારના રસજ્ઞ હતા. 'સ્વરલોક' પુસ્તકમાં તેમણે પોતાના સાંગિતિક ભાવજગતનાં સંભારણાં અને કેટલાક સંગીત કલાકારોનાં શબ્દચિત્રો આલેખ્યાં છે. પ્રતિષ્ઠિત સંદર્ભ ગ્રંથશ્રેણી જ્ઞાનગંગોત્રીમાં યુરોપીય સંગીત વિશેનાં પચાસ પાનાં તેમણે લખ્યાં છે. 'સંગીત એ મારા માટે પ્રથમ પ્રેમ છે. આ એક એવી કલા છે જેની પાસે જવાથી સદાય આનંદ જ પ્રાપ્ત થાય છે', આવું તેમણે મનહર મોદીને એક મુલાકાતમાં કહ્યું છે. આ મુલાકાત 'સિનેરાગ' પુસ્તકની શરૂઆતમાં વાંચવા મળે છે. આ સંગ્રહના ૧૩૨ લેખોમાં કપાસી સાહેબે હળવાશથી સિનેમાસંબંધી અનેક બાબતોની છણાવટ કરી છે. જેમ કે, દેશ અને દુનિયાની ઉત્તમ ફિલ્મો, ફિલ્મસર્જનની પ્રક્રિયા, ફિલ્મો જોવા-સમજવાની રીત, ફિલ્મ અપ્રિસિએશન, પ્રાદેશિક ફિલ્મો, રેડિયો-દૂરદર્શન-ચેનલોના સંદર્ભમાં સિનેમા, ફિલ્મોમાં સંગીત, ફિલ્મ સોસાયટી મૂવમેન્ટ અને બીજા ઘણા વિષયો, કપાસી સાહેબનો પાયાનો વિચાર આ છે : 'બધી કળાનો સામટો સરવાળો છે ફિલ્મ. ઉત્તમ ફિલ્મો જુઓ એટલે બધું જ આવી જાય. સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, તે ઉપરાંત જે કંઈ ઉત્તમ હોય તે બધું જ સાચી ફિલ્મમાં આવી જતું હોય છે.... ઈન્દ્રિયે ઈન્દ્રિયે આનંદ થઈ જાય.'

આ આનંદ કપાસી સાહેબનો સ્થાયી ભાવ હતો. એ આનંદ એમને ગમે ત્યાં મળી શકતો - પાન, પોંક, પુસ્તકો, પેઈન્ટિન્ગ્સ, દિલ્હીના પકોડા, ગાજરનો હલવો, સંગીત, મહેફિલો, ક્રિકેટ, મિત્રોનો સંગ. એમણે લખ્યું છે : 'ઉપરાઉપરી બે સુંદર કલાત્મક ફિલ્મો જોયા પછી હાઈ જમ્પ કરવાનું મન થઈ જાય', અથવા 'હૈદરાબાદમાં 'ડેસ્પરેટલી સિકિંગ સુઝાન' જોયા પછી એટલો આનંદ આવેલો કે ઉત્તમ પદાર્થ સાથે છએક માઈલ બસ ચાલ્યા જ કર્યું.'

કપાસી સાહેબ આચાર્ય હતા તે વર્ષોમાં અભિજાત જોશી વિદ્યાનગર સ્કૂલમાં પાંચમાંથી બારમા ધોરણ સુધી ભણ્યા હતા. 'ગાંધીગીરી' જેવો શબ્દ અને 'પીકે' જેવી ફિલ્મ આપનાર આ વિખ્યાત કથા-પટકથા લેખકે લાગણી અને કૃતજ્ઞતાના ભાવ સાથે કપાસી સાહેબનાં સંભારણાં કહ્યાં. તેમણે કહ્યું : 'કપાસી સાહેબે મારી જિંદગીને ઘણી રીતે ઘાટ આપ્યો છે. સિનેમામાં મને જે રસ છે તેનો શ્રેય હું કપાસી સાહેબને આપું છું.' કપાસી સાહેબના ખાવા-પીવાના શોખની કેટલીક ખાસ વાતો તે યાદ કરે છે. જેમ કે, કપાસી સાહેબ એમ માનતા 'પોંક ઓટલા પર બેસીને ખવાય, લાડુ હીંચકા પર બેસીને પડિયામાં લઈ ખવાય અને લસ્સી ઉત્તર ભારતના કોઈ ગામડામાં ઘોડાગાડીમાં બેસીને પીવાય.' અભિજાત કહે છે : 'નાની નાની વસ્તુઓમાંથી મોટો આનંદ મેળવવાની એમની ક્ષમતા બહુ અદ્ભુત હતી. વળી, એમના આનંદ ઍક્સપેન્સિવ કે ઍક્સ્ટ્રવૅગન્ટ, મોંઘા કે ઉડાઉ ન હતા.' કપાસી સાહેબના સંદર્ભમાં અંગ્રેજી-મરાઠી-ગુજરાતી સાહિત્યના મોટા વાચક અભિજાત જોશી મહાન મરાઠી લેખક-પરફોર્મર પુ.લ.દેશપાંડેને યાદ કરે છે : 'કપાસી સાહેબની આનંદ લેવાની ક્ષમતા પુ.લ. (દેશપાંડે) જેવી હતી. પુ.લ.ને 'આનંદયાત્રી' કહ્યા છે. કપાસી સાહેબ પણ આનંદયાત્રી હતા. સાધારણ માણસ પણ કેવી આનંદમય જિંદગી જીવી શકે એ એમના ટેમ્પરામેન્ટમાં હતું. એમણે ક્યારેય કોઈ ઍક્સપર્ટીઝનો, નિપુણતાનો ક્લેઈમ કહેતાં દાવો કર્યો ન હતો. એ જાણકારીનો દેખાડો ન કરતા, એની બડાશ ન હાંકતા, જજમેન્ટલ ન બનતા. એમનો ક્લેઈમ એ ક્લેઈમ ઓફ લવ હતો. લવ ફોર ફિલ્મ, લવ ફૉર મ્યુઝિક, ફૉર ક્રિકેટ, ફૉર ફૂડ.' અભિજાતની 'થ્રી ઇડિયટસ' ફિલ્મે શિક્ષણ તરફ જોવાનો અલગ નજરિયો ભારતના લોકોને આપ્યો. તેમાં કપાસી સાહેબ હતા. અભિજાત કહે છે : 'મારી 'થ્રી ઇડિયટસ' ફિલ્મમાં ફ્રી-થિન્કર રૉન્ચોના પાત્ર પાછળ કપાસી સાહેબનું શિક્ષણદર્શન છે. તેમના માટે શિક્ષણ બંને હતું - એન્જૉયમેન્ટ ઍન્ડ ઇનવૉલ્વમેન્ટ !'

## ડૉ. મહેન્દ્રભાઈ ભાવસાર



મુરબ્બી શ્રી કપાસીસાહેબ,

મારા જીવનમાં એક શિક્ષક તરીકે આવ્યાં. વડીલ તરીકે આવ્યાં. અને એક પેશન્ટ તરીકે પણ આવ્યાં.

વિદ્યાનગરનો અનુભવ ભણતર અને ગણતરના ડેવલપમેન્ટ માટે રહ્યો છે.

અહીં એવું વાતાવરણ છે જેમાં બી નાખવું ન પડે. ફૂલો એની મેળે જ ઊગી નીકળે. જેને સમગ્ર લોકો જોવા આવે.

તેમની યાદશક્તિ અદ્‌ભુત હતી.

મહિનામાં એકવાર સાહેબ મારા ક્લીનિકમાં આવે. દર્દીઓ પત્યા પછી જ આવે.

તેમની સાથેની વાતચીતમાં આખાં દિવસનો થાક ઉતરી જાય.

તેઓ આજ્ઞાંકિત વિદ્યાર્થીની જેમ આજ્ઞાંકિત પેશન્ટ હતાં.

## ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ



એમની સાથેનો મારો પરિચય ૫૦ વર્ષનો.

તેઓશ્રી બિલકુલ સીધા-સાદાને સિમ્પલ.

તેમની ક્લારસિકતા કોઈને પણ ઊડીને આંખે વળગે એવી હતી.

સાહેબ પિરિયડ લે ત્યારે ભણતાં હોઈએ તેવું લાગે જ નહિ. જોતજોતામાં સમય પસાર થઈ જાય.

આજે હું જે કાંઈ છું તેમાં તેમનું પરિણામ છે.

તેઓ અમને રિસ્પેક્ટ આપે—સહકાર આપે. દરેક વાતને - કાર્યને પોઝિટીવ લેતાં.

તેમનો , એક ક્લાસિક આત્મા હતો જેને કોઈ શત્રુ નહોતા. તેઓ અજાતશત્રુ હોય તેવું મને લાગે.

## ડૉ. કૌસ્તુભ પટેલ



"મારી તમામ ઓળખ ડૉક્ટર તરીકેની ખરી પરંતુ તેના કરતા વિદ્યાનગરના સ્ટુડન્ટ તરીકે અને કપાસી સાહેબના શિષ્ય તરીકેની આપવી ગમે છે.

બરોડાથી આ સ્કૂલમાં આવ્યા પછી ખબર પડી કે...

અહીં શું શીખવા મળવાનું છે.

'જેમાં - મોટું દિલ અને ઓપન માઈન્ડ'

જે મારે મન મહત્વનું રહ્યું.

મેં પહેલીવાર અનુભવ્યું . બે પિરીયડની વચ્ચે ઘંટ વાગવાને બદલે ક્લાસિકલ સંગીત વાગે.

ફ્રી પિરીયડમાં સાહેબ આવે ને મ્યુઝિક , સાહિત્ય , ફિલ્મની અવનવી વાતો જણાવે. અમને મઝા પડતી.

રોલર સ્કેટિંગમાં સાહેબનો સહકાર અદ્વિતીય રહ્યો. એક રમતવીરના ભવિષ્ય માટે .

આચાર્ય ,ટીચર્સ અને પેરેન્ટ્સ કાર્ય કરે. તે અદ્વિતીય રહ્યું.

એક ડૉક્ટર તરીકે અન્યો પાસેથી કપાસી સાહેબની વિશેષ વાતો કે વ્યક્તિત્વ અંગે જાણ્યું ત્યારે થાય કે લોકોની જિંદગીને તેમનું વ્યક્તિત્વ સ્પર્શી ગયું છે."

# Dr.Hetan C. Shah



- Female Interventional Cardiologist.
- Working as Associate Prof.-Seth GS Medical College & KEM Hospital.
- Attached to Jaslok ,SR Mehta Hospital as a consultant Interventional Cardiologist.
- PG teacher by MUHS for DM Cardiology University course & University Examiner too.
- Coronary, complex coronary interventions, Structural Heart & Congenital Heart Intervention with annual no. around 3000.
- More than 50 publications in National & International journals.
- We have our family trust-Chandrakamal Memorial Trust.
- We conduct every 3 monthly rural cardiac camp - Gujarat, Rajasthan, Maharashtra, Chitrakoot regularly.

I'm truly blessed by my school-Vidyanagar &
Kapasi sir's vision & moral support during my growth period as a curious school kid.

Thanking you
Regards
Dr.Hetan C.Shah
MD,DNB(Card),FACC,FESC,FSCAI
Associate Professor Of Cardiology
Consultant Interventional Cardiologist
Jaslok Hospital,Mumbai
PADAM HEART CLINIC





શ્રી વિધાનગર એજ્યુકેશન ટ્રસ્ટ,
ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪